The Persian Tales.

VOL. III.

Rendered into Gujarati.

BY

Jeejeebhoy Kharshedji Kapadya,

Author of "Why and Because
For the History of India."
"Rudiments of Geography"
And "Gujarati Version of
First Book of Poetry."

Bombay.
1875.

પરશીઅન તેલસ.

ભાગ ૩ જો.

ઈંગ્રેજી ઊપરથી ભાષાંતર કરનાર

જીજીભાઈ ખરશેદજી કાપડીઆ

તે

"વાહે એનડ બીકોઝ ફાર ધી હીસતરી આફ ઈંડીઆ નામની
આંગ્રેજી તથા "ભૂગોળ વિદ્યાના મૂળ તત્વો" અને "આંગ્રેજી
કવિતાના પેહેલાં પુસતકનું ગુજરાતી ભાષાંતર"
નામની ગુજરાતી ચોપડીઓના કર્તા.

મુંબઈ:
ય. સ. ૧૨૪૪
૯૬ નોધાવીઓછે.

આ વખતે મેં પાછો માહારા પેગમબરને આરાધીઓ, અને જાણે તેના આશરાની પકી ખાતરી હોય તે મીસાલે હું પેલા પાહાડમાં આગલ વધીઓ; તે પાહાડનો વીસતાર સુમારે તરણ ફરસંગનો હતો. એક સાએત મુસાફરી કરવા પછે એક મરવાતોલ જઈફ મરદને મેં દીઠો. તે એક ઓરકાં માથાં સાથ સફેત દાહાડી વાલો સખસ હતો અને તેની આંખમાં ખાગ પડેલા હતા. તેનો દમ સાસ તદન બંધાઈ ગયલો હતો. તે જઈફ એક નાહાની જુપડીના દરવાજા આગલ એક પથરા ઉપર હાથમાં એક નાંહાંની લાકડી પકડી બેઠો હતો. હું તે જઈફની નજદીક ગયો અને નમસકાર કરી તેને પુછવા લાગીઓ કે "અએ પીર મરદ, મેરબાની કરી માહારા જીગરની સંદુકમાં રમતા ભેદને ઊગાડવાને વાશતે એક ચાવી બખશ કે આ પાહાડની ચોકસ વેગલાઈએથી પસાર થતી કીસતીઓ કેઈ કરામતથી એ પાહાડ તરફ ઘશડાઈ આવેછે અને વલી કીઆ નેક મરદના બનાવેલા પેલા તલેશમથી તેઓ છુટકારો પામી પાછી દરીઆવમાં જઈ લાગેછે ?"

એ સ્વેસના શખુનો જેવારે તે જઈફ મરદે માહારે મોહોઉથી શાંભલીઆ તેવારે તે જેમ તેમ કરી લાકરી ઉપર ટેકાવ રાખી ઉભો થયો અને બોલીઓ કે "કીશતીઓ પાણીના જોશબંધ રોથી અતરે ગસડાઈ આવેછે, અનેકે નકાંરાં બાબેના તલેશમ વીશે જો તાહારે જાણવુંજ હોય તો અહીંઆંથી સીધો ને સીધો ચાલીઓ જા એટલે તુંને મારા એક ભાઈ સાથે મેલાપ થશે. તે ભાઈ માહારેથી ઘણોજ વડોછે વાસતે તે તને કદાચ એ તલેશમની ખબર આપશે." તે જઈફના કહેવાથી હું આગલ ચાલીઓ તો ખરેખર મને રાહામાં એક બીજો બુઘો મલીઓ. એ બુઘો હતો ખરો પણ પેલા પેહેલા કરતાં વધારે મંકમ કાથીનો દીશતો હતો, તેના બાલ પાકવા માંદતા હતા; તેથી કોઈ તેને પેલા પેહેલાનો ભાઈ નહીં પણ બેટો શમજીને ગફલત કરીઆ વના રહે નહીં. પેહેલાનીજ માફક આ બીજાને પણ પેલા તલેશમ બાબદ મેં શવાલ કીધો તેવારે તે

બોલીઓ "નહીં એ વાતની મને કંઈ ખબર નથી અને કોઇ પણ જાણતું હોએ તો તે માહરો વડો બાઇછે કે જે આગલ જતાં રસતામાં બેઠેલો તને મલશે."

એ સખુન સાંભલી હું આગલ ચાલીઓ એટલે થોડેક દુર એક માણસને કોહોદારી વતે જમીન ખોદતો દીઠો. તેના સરપર એકબી સફેદ બાલ હતો નહીં, અને તેનો બાંધો એટલોતો મજબુત હતો કે તે પેલા બે જઇફ મરદો કરતાં વડો હોએ એવું હરગેજ થઈ વીચારવામાં આવે નહીં. "બાવા (હું બોલીઓ) મને રાહામાં બે જઈફ મરદ સાથ મેલાપ થયોછે જેઓ આ પાહાડ પરનાં નગારાં વીશેના તલેસમથી તદન અંજાણ્યા હોવાથી તેઓએ મને અહીંઆ મોકલીઓછે કે તેઓના સઉથી મોટા બાઇના પુછીઆમાં લાગે." એ રવેશના શખુન સાંભલી તે જઈફ મરદ હશીઓ અને બોલીઓ કે "બેટા, તેઓએ તને શાચુંજ કહીઉંછે કે તેઓ બંધે માહાગ્ન કરતાં નાંહાનાંછે."

જો આ તરીજા શખશનો જવાબ ખરો હોય તો જે કંઈ હેવાલથી તેણે મને વાકેફ કીધો તેથી હું ઘણોજ અજબ થયો: "અમો (તે બોલીઓ) પાહાડ ઉપરના તરણ જઈફ મરદોને નામે ઓલખાઇએ છીએ. જે પેહેલા શખશ સાથ તને મેલાપ થયોછે તે અમારો શરવેથી નાહાનો ભાઈ છે અને તેની ઉમર ૪૦) વરશ કરતાં જીઆદા નથી; તોપણ તે એટલો બુધો અને મરવાતોલ લાગેછે તેનો શબબ એછે કે તે પોતાના બચ્ચાં છોકરાથી તથા એક ખરાબ ઓરતથી ઘણો બેજાર હતો. તેઓની જંજાલની જુશરીથી તે શદા દુખી રહેતો હતો. પેલા બીજા મરદની ઉમર ૭૫) વરશનીછે, અને તે પેહેલા કરતાં વધારે મજબુત અને જુવાન લાગેછે, તેને એક ભલી ઓરત મલી હતી અને બચ્ચાં છોકરાં થયાતાં નહીં; અને હુંએ જોકે દસ દાહેકા ગુજારીઆછે તોપણ તેઓ બંધે કરતાં હું વધારે મજબુત અને જોરાવર છું; શબબ હું પરણવાનો ઇરાદો હરગેજ થઈ કરીઆમાં લાવતો નથી." પેલા તલેશમ બાબે (વલી તે બો-

લીઓ) "મેં નાહાંનપણમાં એટલુંજ શમજીઊંચ કે તે એક હીંનદી પીર મરદે બનાવીઓ હતો." એ રવેશની તમામ હકીકત શાંભલી મેં તેને પુછીઊં કે "બાવા, અહીંઆં કેથે નજદીકમાં કોઈ વશતીવાલું ગામછે." "હા (તે બોલીઓ) તું એજ રશતે શીધો ચાલીઓ જા એટલે એક મેદાન આવશે તાંહાં બે રશતા જણાશે તેમાંનો તું જમનો રશતો પકડશે તો એક એવાં મોટા શેહેરમાં જઈ લાગશે કે જે પોતાના બંદર માટે વખણાયલું છે; પણ ખુબ હુશીઆર રેહેજે અને દાહાબે રશતે જતો ના કારણ કે તે રશતે એક એવું શેહેર આવેચ કે જાંહાંના લોક નામીચો શાબુ બનાવવાના હોનરને માટે પરખીઆતછે, પણ તેમના શેહેરમાં જો કોઈ પરદેશી જઈ લાગો તો તેઓ તેને શાબુ બનાવવાની ભઠીમાં હોમાવવાને જરા પણ આચકો કરતાં નથી."

આ ખબરને માટે મેં તે જઈફ મરદનો ઉપકાર માનીઓ અને તેની સલાહ પર અમલ કરવાનો કસદ કીધો. જેવારે મેદાન પસાર કીધું તેવારે બે રાહ હાથ લાગી તેમાં જમનો રસતો લીધો અને વસતી વાલાં એક આબાદ શેહેરમાં જઈ લાગો. બંદરમાં સેહેલ કરતો હતો એટલામાં એક માણસે માહારો હાથ પકડીઓ. તે પેલો માહારા પેદરનો સરનદીપ બેટ માહેનો આડતીઓ, હબીબ પોતે હતો. આ વખતે માહારા દેલમાં જે ખુશીના લશકરે ધસારો કીધો તેની અસરનો વીચાર કરવાને કોણ હીંમત કરી શકે! મને ગોદમાં દાબીઆ પછે તે બોલીઓ કે "અએ અબુલ ફુઉએરીસ, મને વગર જણાવવે સરનદીપ બેટ એકાએક છોરવાની તને શી જરૂર પડી હતી અને બોલ કે કીઆ રેશન તાલેથી તારો મુજ શાથ અતરે મેલાપ થઈ લાગોછે." એ ઉપરથી શાહાજાદી કનઝાદ અને માહારા દરમેઆનમાં જે કંઈ બનીઊં હતું તે અને તે પછેનો માહારો સઘલો હેવાલ અવલથી તે આજ લગી મેં બેઆન કરીને કહીઓ, જે સાંભલી તે ઘણોજ અજબ થયો. તે કીશતીમાં તે શરનદીપની તજ તથા બીજો મશાલો વીગેરે જીનસો લઈ આવીઓ હતો. સઘલો માલ વેચેઆ

પછે અમો સરનદીપ તરફ પાછા હંકારી ગયા. લંકાં તરફ પાછો જઈ લાગાથી માહારો ચેહેરો અતીશય ખીલીઓ અને તે કરતાં હજાર દરજજે વધારે ખુશી શાહાજાદી કનઝાદને માહારા આવી પોહોંચવાની ખબર ઉપર ઉપજી હતી એ તમારે નકી જાણવું.

શાહાજાદી કનઝાદની ખબર સાંભલવાને હું ઘણો ઇનતેજાર હતો તેણીએ માહારી શાથ ઘણી નાલાએક ચાલ ચલાવી હતી તોપણ માહરી મોહોબત તે ઉપર દોડીઆ વગર રહી નહીં. હું તેનીને વીસે ખબર કાહાડવા બજારમાં જતો હતો એટલામાં એક ગોલામે માહારો દસત પકડી મને ઉભો રાખીઓ; અને મને પુછીઊં કે "અએ દોશત, હું ધારૂં છું કે તું મુજને ઓલખતો હશે?" "નહીં, (મેં જવાબ દીધો) પણ તાહરો ચેહેરો માહારા ધીઆનમાંછે તેથી તારે વીશે હું વીચારમંદ છું." "હું તને ઓળખુછું (તે બોલીઓ) તું એક મુસલમાનછે, અને અબુલ ફઉએરીસ નામ ધરાવેછે. શાહાજાદી કનઝાદના મેહેલમાં હું તાહરો એક ખીદમતગાર હતો; હુંજ પોતે તે શાહજાદીના હુકમથી સેહર બાહાર જઈ ગોલામનો ધંધો કરનાર પેલા વેપારીને બોલાવી લાવીઓ હતો કે જેના હાથમાં તને વેચી નાખવામાં આવીઓ હતો."

ગોલામની વાત સાંભલીઆથી માહારૂં દેલ નરગેજના બાગની મીસાલે ખીલીઊ; તેથી તેને મારે આંગલેની હીરાની વીંટી આપી મેં શાહાજાદીના સમાચાર પુછીઆ તેવારે તે ગમગીન ચેહેરો કરી બોલીઓ કે "તે શાહાજાદીને તો પાદશાહે પોતાની દરબારના એક ઉમરાવ સાથ કદખુદાઈ કરવાને ફરજ પાડીછે. અફસોશ જેવી વાતછે કે તને આ વખતે અતીશય લાગતું હશે, પણ એમાં તારો તકસીરછે; અગર તાહરી જગાએ હું હતે તો જરાબી દરીઆફત કરીઆ વગર એકદમ તેણીના મતને હું મલતો થઈ જતે. તુંએ તારો ધરમ છોડવાને ના પાડીઊ ન હતે તો કેટલું નુકશાન થતું બનચતે કારણ કે તારા જવા પછે તે ઘણી બીમાર પડી; અને તે એટલે સુધી કે તેણીની મરવાની છેલી ઘડી સુધી જઈ લાગી હતી."

"હું ઘણો વીચારમાં છું (તે બોલીઓ) કે તેણીને તાહારા આવી પોહોંચવાની ખબર કરૂં કે નહીં પણ હું ધારૂંચ કે એથી કરી તેણીની નરમ પડેલી ગમગીની પાછી નવેસરથી તાજી થશે. આણીગમ તાહારી ઉપર નેધા કરતાં મને દયા આવેછે વાસતે, ખેર, જો બને તે ખરૂં પણ તેણીને તાહારા આવી પોહોંચવા બાબે ખબર પોહોંચાડીઆ વીના હરગેજ થઇ રેહેવશ નહીં. તેણીને ખબર કરાવશ કે તું ઘણો પસતાવો કરે છે અને કે તાહારો બાપીકો ધરમ તજવાને તું ખુશીછે." "નહીં, નહીં (હું વચમાં બોલી ઉઠીઓ) જો હું હરગેજ થઈ કરનાર નથી તે તાહારે તાંહાં જઇ કેહેવું નહીં પછી હજાર એવી શાહાજાદીઓ કાંએ નહીં મને મલે? તેણીને તું એટલુંજ કેહેવાડ કે તેણીની જુદાઈથી હું ઘણો પસતાવો કરૂંછું અને કે તેણીના બદ સમાચાર સાંભલી હું ઘણો દલગીરછું."

માહારા કેહેવા પરમાણે કેહેવાને તે ગોલામે કસમ લીધા તેથી ઘણોજ ખુશીમાં આવી હબીબના ઘરમાં (જાંહાં મેં તેને આવવા કહેઉ હતુ તાંહાં) હું તેની રાહા જોતો બેઠો. પણ કેટલાક હફતા ગુજરી ગયા તોપણ તે પાછો જણાયો નહીં. એમ કરતાં એક રોજે હું હબીબના ઘરથી તરણ ફરસંગ દુર એક મેદાનમાં ફરતો હતો એટલામાં જોઉં શું કે કેટલાએક મુરતી પુંજક જોગીઓ એક લાકરાંની ચેહ ઉભી કરતા હતા. તેઓને તેમ કરવાનું મેં કારણ પુછીઉં તેવારે તેઓ બોલીઆ કે "એ આદમી, તાહારા સવાલ ઉપરથી જણાએછે કે તું કોઈ પરદેશીછે કારણ કે આ મુરદાં બારવાની જગાથી તું અંજાણોછે. આજ રોજે અમારા પાદશાહની દરગાહનો એક ઉમરાવ મરણ પામીઓછે તેથી તેને તથા તેની વીધવા ઓસ્તને એકઠાં અતરે બાલવામાં આવનારછે."

કોઈ કાલે પણ એવી જાતની કીરીઆ માહારા દીઠામાં ન આવી આથી તે જોવા સારૂં તાંહાં ઉભો રહીઓ. આસતે આસતે લોકોનું એટલું ટોલું તાહાં જમાવ થયું કે ગોયા કીડીને ચાલવાની પણ તાંહાં જગા હતી નહીં. છેક સમીસાંજરે પેલી વીધવાની સવારી આવી લાગી. તેની

નજદીક એક પાલખી ચાલતી હતી કે જેમાં તેણીનાં ભરથારનું મુરદું હતું; અને જે ઉપર તે પોતાના હાથે ફુલોનો છંતાવ કરતી હતી. તેણીની સવારીની આજુબાજુએ ૧૨) સાહેલીઓ ભપકા બંધ પોશાકમાં ચાલતી હતી; તેઓના શરીર ઉપર ઘરેણાંનો તો સુમારજ નહીં હતો. તેઓની પછવાડે પેલી ભોગ થતી ઓરતની રામશગરો સરોદ ગાતી ચાલતી હતી; અને તે રામશગરોની પછવાડે તેના સગાં વાહાલાં નાંચતાં કુદતાં તથા મજાહ કરતાં ચાલતાં હતાં.

ચેહે આગલ ૨૦ જોગીઓ બેઠેલા હતા તેઓ માહેલા બે જણે વીધવાને ઘોડા પરથી ઉતારી, અને તેણીની પાસે નદીનાં પાણીમાં તેણીના ખાવીંદનું મુરદું ધોવારીઉં. પછે તે જોગીઓએ મુરદું પોતાને હસતક લીધું, અને તેને પેલી ચેહમાં ગંધક ઉપર ઘાંકેલી એક સાદરી ઉપર સુકીઉં; તેવાર પછે પેલી વીધવાએ પોતાના સગાં વાહાલાંને તથા સાહેલીઓને કોતી કીધી, અને તેઓને પોતાના આંગ ઉપરનું ઝવેરાત આપી દીધું; પણ અરે ઓદા! આ વખતે હું શું નજરે જોઉં કે જેવારે તે વીધવાએ પોતાના મોહો ઉપરનો બુરખો ઉઘાડીઓ તેવારે માહારી વાહાલી કનજાદ પોતે જણાઈ.

"બાહારે હકતાલા (હું મનમાં બોલીઓ) શું હું આ નજરે જોઉંચ તે ખરૂં છે? શું હું એ દેખાવ ઉપર શક નહીં લઈ જાઉં? અરે પણ આતો ખરેખર કનઝાદ જણાયછે! અરે હવે હું શું કરૂં! અરે પણ શું એણીની મુશીબતની કેતાબમાં આ રવેશનું મોહોત એણીને વાસતે લખાએલું હતું? અફસોસ! અફસોસ!" એ રવેશે મનમાં શોક કરતો શાહાજાદીનો એવી કમકમાત ભરેલી રીતે છેરો આવતાં નજરે નજર જોવાને નાખુશ હોવાથી હું હબીબના ઘર તરફ પાછો ફરીઓ, અને તેને માહારી સઘલી કેફીઅતથી વાકેફ કીધો; જે સાંભલી તે ઘણોજ દલગીર થયો, અને બોલીઓ કે અફસોસ જેવી વાતછે કે જે જઈફ ખાવીંદને તું કહેચ તેમ, કનઝાદ મુદલ ચાહાતી ન હતી તે ખાવીંદ સાથ

તેણીને જીવતી બાલીઆમાં આવે ! પણ આ અમારાં વતનમાં કંઈ એ-વી રસમ કંઈ ફરજ તરીકે નથી ; પણ એતો જે ઓરતો પોતાને બેહે-સતમાં મોકલવાની ઉમેદ રાખતી હોય, ઇઆતો એવો વીચાર ધરાવતી હોય કે, તેણીનું પુતલું બનાવી પરજા જાહેર રીતે તેણીને માન આપે તેઓજ એવી કંગાલ અને બુરી મુશીબત ઉપર સંતોષ પામવાને રાજી રહેછે.''

હબીબને મોંહોડેથી જેવારે એ તમામ સખુન સાંભલીઆ તેવારે ની-રાશ અને લાચાર બની બસરા તરફ પાછો ફરવાનો મેં કસદ કીધો, અને બંદરમાંથી ખબર લાવીઓ કે એક કીસતી શેહેરે સુરતથી પોતાનો માલ વેચી થોડા દીવસમાં પાછી ફરનારછે : તેથી કીસતીને ઉપરવાની રાહા જોતો રહીઓ પણ કનઝાદના મરણની યાદીથી માહરા દેલ માંહેલી ના-સીપાએસી અને ગમગીની મતાડવાને તરેહવાર રીતે માહારો હબીબ માહારૂં મન રીજવવાને ઉપાય કરતો, પણ તે ફોકત ; સબબ, તેથી મા-હારૂં દુઃખ મને વધારે લાગતું હતું. હવે એટલામાં કનઝાદનો પેલો ગો-લામ જે સાથ મને અવલમાં મેલાપ થયો હતો તે હબીબના ઘરમાં આવી લાગો ; અને મને એક ઠેકાણે લઈ જઈ બોલીઓ કે "અબુલ ફઉએરીસ, હું ઘણો દલગીરછું કે તાહારી આગલ પાછો આવવાને મેં ઘણી ઘીલ નાખી ; પણ એમાં કાંઇ માહારો તકસીર નથી સબબ તેમ કરવાને મને કનઝાદ તરફથી ફરમાસ થઈ હતી. તેણીનું શું થયું તે બા-બે મબાદા તું અનજાણો નહીં હોય કે તેણીની પોતાને અનગમતા ભર થારની લાશ સાથ જીવતી બલી મુઇછે, પણ હવડાં તે વીશે બોલવાની કંઇ જરૂર નથી. હું એક કારણસર આવીઓછું કે હાલમાં હું એક બીજી સાહેબજાદીનો ચાકરછું ; જેણીની કનઝાદ કરતાં કંઈ ઓછી સુંદર નથી. તે તને કનઝાદ કરતાં વધારે ચાહેછે વાસતે જે રોશન તાલે આપોઆપ તાહારી સનમુખ આવી ઉભું રહેછે તેનો લાભ લેવાને તું ચુક ના."

"માહારે કબુલ કરવું જોઇએ (તે બોલીઓ) કે મબાદા આ કો-

શેસમાં હું નીશફલ થાઉ તોપણ એટલું તો નક્કીછે કે અગર તું તેણીની સાથ જો જરાબી વાત કરવામાં લાવે તો જરૂર કરી તાહારૂં મન ફેરવાયા વગર હરગેજ થઇ રહેશે નહીં." "તું ભુલ કરેછે (હું બોલીઓ) જીગરના વીચારોની તને બરોબર તપાસ કરતાં આવડતી નથી. તું એવું સમજેછે કે તાહારી પેહેલી સેઠાણી મને ફકત જોવાનીજ કાલજી રાખતી હતી?" "હું કબુલ કરૂંછું (તેણે જુઆબ દીધો) કે તાહારો થપકો મને ઘટતોછે; પણ આ વખતે જે હું કહુંછું તે વીશે માહારી પુર અને ખરીજ ખાતરીછે, વાસતે મને રજા આપ કે આજ રાતરે હું આવી તને તે માહારી બીજી સેઠાણીને તાંહાં લઈ જાઉ.'" "નહીં, (હું બોલીઓ) નહીં; માહારૂં દેલ એ વાત કબુલ કરી શકતું નથી; હું અસતરી ચરીતર સારી રેવશે સમજુછું તેથી તેણીને કનઝાદ બરોબરની ગણનાર નથી." તે ગુલામે મને ઘણોબી સમજાવીઓ પણ સરવે ફોકત; કારણ મેં માહારા દેલમાં પકો ઠરાવ કીધો કે તે ઓરત વીશે પેલા ગોલામ સાથ હરગેજ થઇ ફરીથી વાત કરીઆમાં લાઉ નહીં; પણ તે ગોલામ તેજ રાતરે મને પાછો આવી મલીઓ. આ વખતે તેણે મને એક રોકો લાવી આપીઓ કે જેમાં આ મીસાલે લખેલું હતું:—

માહારા ગોલામ સાથ તને જે કાંઈ ગોફતેગો થઇછે તેથી મુજને દુ:ખને બદલે ખુશી ઉપજેછે; તને જોવાને વાસતે જે અધીરાઇ મને હતી તેમાં તે વધારો કરેછે, અને તાહારા દેખાવ પરમાણે જો તાહારૂં દેલ કનઝાદ ઉપરજ એ મીસાલે કાયમ હોયતો ખચીત આપણે બંધે એક એકથી વધારે સારી રેવશે સંતોષ પાંમશું.

આ ભેદી લખાણથી હું તરેહવાર વીચારોનાં વમલમાં પડીઓ; અને એ ભેદથી પોતાને ભોકલો કરવાને હું પેલા ગોલામની પછવાડે ગયો, જે મને એક સાદાં નાનકરાં ઘરમાં લઇ ગયો. ઓરડામાં બેસાડી તે તેની સેઠાણીને માહારી ખબર કરવા ગયો. થોડેક વારે એક ઓરત માહારી તરફ આવતી જણાઇ; પણ હવે આ વેલાએના માહારા ગભ-

સતનો તમારેજ વીચાર કરવો કે જેવારે મેં તેણીની ઉપર ખુબ સ્વેશથી નેગાહ કીધી તો માહારી આંખો શું ચમતકાર જોય કે માહારી વાહાલી માશુક અને શાહાજાદી કનઝાદના દરશન થયા.

હવે આણીગમ શાહા કોબાદ, વજીર અને માનીતો કનઝાદની હઇઆતી વીશેની વાત સાંભલી ઘણાંજ અચરત થયા, કારણ કે તેઓએ અબુલ ફઉએરીસને મોંહોડે સાંભલીઉં હતું કે તેણે તેણીને બાલવાની કીરીઆ પોતાની નજરે નજર દીઠી હતી. અબુલ ફઉએરીસ તેઓની અચરતી જોઇને હસીઓ અને પોતાની વાત પાછી ચાલુ કરવામાં લાગીઓ. અવલતો હું માહારી ચશમપર ભરોશો મુકી શકીઓ નહીં પણ પાછલથી માહારી ખાતરી થઈ; કારણ કે તે મને હેરત પામેલો જોઈ બોલી કે " અબુલ ફઉએરીસ, તને મલવાની મેં ઇચ્છા કીધીછે તે કાંઈ તને ચમકાવા ખાતર નથી; તું કહેચ તેમ કંઈ તું કનઝાદનો ઓલો જોતો નથી; પણ કનઝાદને પોતાને તેના ખરાં રૂપમાં તું જુએછે. તાહારી અચરતી વગર પાયાની નથી કારણ કે જે શખસને આપણે મુએલો દીઠો હોય તેને ફરીથી જીવતો દેખીએ તો અલબત આપણને અચરતી લાગીઆ વના રહે નહી; પણ હું તાહારી બીહીકને હવડાં શીકસતેહ આપશ, અને તને જણાવશ કે હું હજુર હઈઆતછું."

તેણીએ પોતાની નીઆતના વડા ગુરૂને લાંચ આપી અને તે ગુરૂએ તેણીને અગનીમાંથી પૈસા ખાતર કેવી તરેહવજનથી બચાવી તે વીશે મુજને જણાવીઉં; તે ગુરૂએ પોતાના ચેલાઓ પાસ જમીનમાં એક ભોંયરાંનો રસતો ખણાવીઓ. તે ખાડાના મોંહોંઢાં ઉપર લાકડાંની ચેહે કરવામાં આવી હતી. " પછે (તે બોલી) માહારા હાથે લાકડાં સલગાવીઆ બાદ પેલા ભોંયડામાં હું ઉતરી; અને માતર માહારા ભરથારનુંજ મુરદું આગમાં બલી મુઉં. આફતાબ ગુરબ થવા પછે અને સઘલું સુમસાન થવા બાદ તે ગુર મુજને બાહેર કાહાડી અતરે લાવીઓ."

" પણ માહારી શાહાજાદી (હું બાલીઓ) તને એવા ઢાંગ કરવાની

શી જરૂર પડી હતી ? તાહારા જઈફ ભરથાર સાથે ઘોરમાં જવાને કોઈએ તને બોહોંસ કરી હતી નહી ?" "નહીં (તે ઓરત બોલી) પણ માહારી મતલબ તાહારી સાથ એકજ ધરમ પાલી બશરા તરફ આવવાની હતી. લોકોનો એવો વીચારછે કે દેહરામાં દેવીઓની મુરતી આગલ માહારી મુરતી મુકાવવાને તથા પેહેલવાનદીમાં પોતાનું નામ ખપાવવાને હું માહારા ખાવીંદની લાશ સાથ બલી મુંઈ હતી ; પણ વહાલા, માહારૂં ખરૂં કારણ તો તાહારી તરફ દોડતી માહારી મોહોબત હતી."

"અને શું તીઆરે માહારી પાદશાહાજાદી (હું બોલીઓ) અબુલ ફુઉએરીસને ખાતર તુંએ આએ અજાએબ જેવી હીકમત કીધીછે ? શું માહારી સાથ રેહેવાને ખાતર તું આ બંકાની શરજમીન તજવા માંગેચ અને શું મુજના શુખમાં વધારો કરવા સારૂં-માહારા પેગમબરનો ધરમ કબુલ કરેચ ? ઓ માહાતાબને ચેહેરેની કનઝાદ ! તાહારીથી આ પલે મનખામાં સહુથી સુખી માણસ હું થયોછું." એ બોલો બોલતાં હું ઘુંટણીએ બેસી તેણીના પગને વલગી પડીઓ તેવારે તે બોલી "અબુલ ફુઉએરીસ ઉઠ, મને ભારે હાંદેસોછે કે પોતાને સુખી ગણવાને તાહારી પાસે પુરતાં કારણોછે. કનઝાદ આગલની મુઆફેક કીમતી શેકાર નથી. અફસોસ ! કે જે દોલતની હું આગલ માલેક હતી તે માંહેલી હાલ કંઈ માહારી પાસ રહી નથી ; સબબ તેમાંનો મોટો ભાગ પેલા ગુરૂને લાંચ દાખલ આપેઓછે, અને બાકીનો માહારા ખાવીંદની લાસ સાથ બલી મરવાને પરવાનગી મેલવવાને વાસતે સરકારને આપવો પડીઓછે."

તેણીના મોહોંમાંથી એ બોલો નીકલતાંજ હું તેણીને અતકાવી બોલીઓ કે "અએ ખુબ ચેહેરેની નાજનીન, હું ઘણો દલગીરછું કે તું મને પૈસાનો લાલચુ શમજતી હશે ; પણ વહાલી હું તેમ નથી ; જે વેલાએ હું તાહારા મેહેલમાં હતો તે વેલાએ જો કે તુંએ તાહારો સઘલો ખજાણો માહારા હાથમાં આપવાને કબુલ કીધું હતું તોપણ મેં તેની દરકાર કીધી નહીં, સબબ, માહારૂં ધીઆન ફકત તાહારા શરીરને માહારી મોહોબતની ચુંગાલમાં શેકાર કરવા તરફ ખેંચાયલું હતું."

એ અને ઈતીઆદી બાબદોથી એકમેકની મોહોબતની ખાતરી કરવા પછે અમો બંધે જણાએ બશરા તરફ જવાનો કસદ કીધો. માહારા બાપના આડતીઆની રજા લીધા બાદ અમો લોકો શાહાજાદીના કેટલાક વીસવાસુ ગોલામો સાથ બશરા તરફ જનારી એક કીસતી પર સવાર થયાં અને થોડીક મુદતે તાંહાં જઈ પુગાં. જેવારે માહારા પદરની નજર મુંજપર પડી તેવારે તેને કેટલો હરખ આવીઓ હશે તેનો વાંચનારે ઈઆ સાંભલનારે પોતાનેજ કરી લેવો. અરસ પરસ ભેટ થવા પછે તથા માહારી મુસાફરીના હેવાલ આપેઆ પછે શાહાજાદી કનઝાદની સઘલી હકીકત મેં તેને કહીં સમજાવી તેવારે તે અતીઅંત ખુશી થયો અને બોલીઓ કે નાખુદાએ માહારા બાગનાં મોતી તેને લાવી આપેઆં હતા.

શાહાજાદી કનઝાદને માહારો પીતા માહારી સાથ કાજીને ઘર લઈ ગયો કે જાંહાં તેણીને મહમદી ધરમમાં વતલાવેઆ પછે તેણીના માહારી સાથ નેકાહ બાંધી આપેઆ.

એ મીસાલે મેં તમને માહારી પેહેલી મુસાફરીના હેવાલથી વાકેફ કીધાછે પણ કાલરોજે જેવારે હું તમને માહારી બીજી મુસાફરીમાં માહારી પર ગુજરેલા બનાવોથી વાકેફ કરશ તેવારે તમારી ખાતરી થશે કે તેવા બનાવ હજુ સુધી કોઈ ઉપર બનેલા તમે જોયા તથા સાંભલીઆ પણ ન હશે. આ ઠેકાણે અબુલ ફઉએરીસે પોતાની વાત ખતમ કીધી કે પેલા તરણે સખશો શાહા કોબાદ, હીરો, અને માનીતો આરામ કરે. બાદ બારવને રોશન રોજ જાહેર થતાં તેણે કબુલાત મુજબ પોતાની બીજી મુસાફરીનો હેવાલ નીચે પરમાણે સરૂ કીધો.

અબુલ ફકીઓરીશ નામના મોટા મુશાફરનો હેરત ભરેલો કીસ્સો.

મુસાફરી બીજી.

કનઝાદ માહારા હાથમાં આવેઆ પછે અમો બધે માતી બઈઓર ખુશ ખુશાલીથી દીવસ ગુજારવા લાગાં. એમ કરતાં કેટલીક મુદત બાદ માહારા પદરે આ ફાની દુનીઆને લાત મારી અને પેલી મીનોઈ જ-હાનમાં પોતાનું સંસથાન કીધું; તેથી તેની માલ મીલકત મેં માહારા એક પુરા ભાઈ સાથ વેંહેંચી લીધી. તે ભાઈનું નામ અનાર કરી હતું. પોતાને મળેલી દોલતનો વીઆપારથી વધારો કરવાનો કસદ કરવાથી તે વાહાણમાં માલ ભરી પારકે દેશ લઈ ગયો; પણ માંઠાં ભાયગે તેનું વા-હાણ ઓરમઝ આગલ ભાગી ગયું; તેથી તે પોતાના શરીર શીવાએ કાંઇપણ બચાવી શકીઓ નહીં. જેવારે મેં તેને બરેહને તન પાછો આ-વેલો દીઠો તેવારે મને તેની પર રેહેમ આવી તેથી મેં તેને મારા ઘરમાં રાખીઓ, અને ફરીથી તેને વેપારી બનાવીઓ પણ બીજી મરતબેઆ આગલનીજ મુઆફેકજ રશતાએજ થઈ તે પાછો માહારી પાસે પોતાનું દુઃખ રડતો આવીઓ; જેથી મેં તેને દીલાશો આપી કહીઉં કે "ભાઇ, એ ઉપરથી તું જો કે આપણી નશીબની તખતી પર જે કાંઇ લખાયલું હશે તે હરગેજ થઈ બનેઆ વગર રેહેજ નહીં; તેથી તું પોતાને ભાય-ગવંત શમજ કે તે દાદગર દાવરે તને હજી શલામત રાખીઓછે, વાશતે વેપાર કરવાનું માંડી વાલ અને માહારી શાથ શુખથી રહે તને કશી ચીજની તંગી પડશે નહીં." માહારી વાત પસંદ પડીઆથી તેને વેપાર કરવાનું છોડી દીધું અને માહારી સાથ માહારા ઘર મધે રહેવાનો વી-ચાર કીધો. માહારૂં કામ ફકત કનઝાદનું દેલ હમેશા ખુશી રાખવાનું હતું; તેથી હું તેણીને તરેહવાર ગીતની રમુજ આપતો હતો.

એમ કરતાં ઘણી મોટાઈથી રેહેવામાં મારી બાપીકી શઘલી દોલત ખુટવા આવી, તેવારે બાકી રહેલી જુજ દોલતને વેપારથી વધારવાનો ઇરાદો કીધો તેથી શેહેરે ગોવલકનદાના એક તવંગર વેપારી શાથ ભાગ કરી તે તરફ માલ લેઈ જવાનો મેં કસદ કીધો; પણ જવા પેહેલા કનઝાદને માહારા ઇરાદાથી વાકેફ કીધી તેવારે તે અતીઅંત દલગીર થઈ અને માહારા ઠેરાવથી હાથ ખેંચવાને મને ઓહોંસ કરવા લાગી; પણ મેં તેણીને જલદી પાછો ફરવાની, અને દોલત મેલવીઆ પછે શુખમાં સાથે જીંદગી ગુજારવાની તથા ઈતીઆદી લાલચોથી સમજાવી; અને તેણીની સંભાલ લેવાને માહારા ભાઈ પાસેથી વચન લેઈ હુંએ ગોવલકંદા તરફ મોંહો ધરીઉં; જાંહાં હમોને શારો નફો હાંસેલ થવાથી અમો બશરા તરફ પાછા ફરવાને કીશતી પર ચઢેઆ અને પવન શારો હોવાથી ખુશી થતા આગલ દરીઆવ કાપી આવીઆ; પણ ઘડી પછી શું બનનારછે તેની તે દાદગર દાવર શીવાએ કોણને ખબર રહેછે? સબબ, થોડેક દુર કીસતી ચાલી એટલે એકાએક દરીઆવમાં જોસબંધ તોફાન થઇ આવીઉં. તેના સપાટાથી અમારી કીસતી ભાગીને કટકા થઇ અને તેપરનાં સઘલા માણસો, સીવાએ હું તથા માહારો ભાગીઓ, ડુબી મુઆં. પણ અફસોસ કે એ કરતાં વધારે જબરી મુસીબતને વાસતે અમો બંધે સલામત રહેઆ કે એક જીઆંગાર મગર મોંહોંડું વકાસી કીસતી તરફ આવેઉં અને માહારો ભાગીઓ જે આગલ હતો તેને ગરીને જતું રહેઉં. એવો મામલો જોઈ હું દરીઆવમાં ઝોકાવી પડીઓ અને તરીને એક બેટ નજદીક હતું તેપર જઇ લાગો. આગલ ચાલતાં એક પાણીનો ચશમો માલમ પડીઓ પણ તેમાંના પાણી દેખાવમાં ગોયા દુધ અને પીવામાં શરબત હતાં. કાંઇક પાલો ખાઈ તથા પાણી પીઈ બેતમાં આગલ વધીઓ અને જેવારે ઘણે દુર જઇ લાગો તેવારે જોઉં શું કે એક એવું તો ઝાડ જણાયું કે જેનું શીખર ગોયા આશમાન સાથ લાગેલું હતું, તથા તેની તલેતી આગલ એક ગંજાવર દેહેરો હતો કે

જેમાં કસબી કીનખાબના ગાલીચા સાથના એક બીસતરા ઉપર એક મરદે ખુઆબ કીધો હતો; તેનો જમનો હાથ એક સોનેરી દાબડા ઉપર તેકવેલો હતો; પણ તેની આગલ એક જીઆંગાંર અઝદા તેના નાખની નજદીક એક ફુલનો તોરો ધરી તેને સુંગાડીઆ કરતો હતો. અઝદાને જોઈ મનમાં હું વમાસવા લાગો કે "અફસોસ! જેવારે એવું જછે કે આ અઝદાના સપાતામાં માહારૂં સપડાવું થાય તો દરીઆવથી તથા મગરમછથી બચી નાહાસી આવેલું શું કામનું!" એ રવેશ મનમાં દર કરી હું લાગલોજ એક ઊંચાં ઝાડ પર ચઢી ગયો એટલે થોડેકવારે તે અઝદાં તંબુમાંથી બાહેર આવીઓ અને હવામાં એવો તો ઝડપબંધ ઊંચો ઉડી ગયો કે એક પલમાં તે માહારીથી ગુમ થઇ ગયો. તેના નાપેદ થવા બાદ હું હીંમત ધરી હેઠલ ઉતરીઓ અને તંબુમાં ગયો કે જાંહાં પેલો મરદ હજુર ઊંગેલો હતો. તે સવાસો વરસનો એક જઇફ જણાતો હતો અને જો કે મોંહોંતની નાશકારક ઊંગ તે જગામાં ઘણાક સાલ થયા તે ચાખતો હતો તોપણ તે ગોયા જીવતો હોય એ મીસાલ જણાતો હતો: તે જઈફ તરફ નેગા કરતો હું ઉભો અને પછે તેના હાથ તલેનો શોનેરી દાબડો ઊંચકી ઊઘાડીઓ તો તેમાંથી કાગલનો એક વીત જણાયો કે જે મધે આ મુઆફેક લખેલું હતું:—

"આ તંબુ તલે જઇફ મરદે આરાંમ કરેલોછે, તે બરકીઆનો દીકરો અને શોલેમનનો મોટો વજીર ખુસફછે. તે વજીરે પોતાની જીંદગીની દોરીનો અંત નજદીક આવેલો જોઈ, પોતાના બાકી હાડકાં મુકવાને આ વેરાન ટાપુ પસંદ કીધું: તેને આ મેદાનની વચોવચમાં આ દેહેરો ઉભો કીધો અને બીસતરા ઉપર પોતાનું શરીર ટેકાવીજી કે જાંહાં આ દાબડામાં મુકેલું કાગજ લખેઆ પછે તે મરણ પાંમીઓ. જે કોઈનું અતરે આવવું થાય તેણે જાણવું કે તે કદીપણ પોતાનું કુટુંબ તથા વતનને જોવામાં લાવશે નહીં; અને અગર ભયંકર ધાસતીની સાંમે થવાને જો તેનામાં પુરતી શકતી હશે નહીં તો તે થોડાક વખતમાં

આતરેજ મરણ પાંમવાનો. અગરચે જો કશાથી તે બીહે નહીં તો તેને મગરેબ તરફ જવું કે જાંહાં પાહાડમાં તેને એક ફાટ જણાશે તેમાં તેને હીંમત આબતીઆર કરી જાંહાં શુધી એક રલીઆમનું મેદાન જણાય તાંહાં શુધી ચાલવું એજ તેની મતલબની ઉચાઈ મેલવવાનો રસતોછે."

કાગજ પરના પવીતર કલામ પઢી પાકજદ મુસફના કદમ પર મેં બોસા લીધા અને પછે તે શરવે શકતીવાન સાહેબની મોનાજાત કરવા લાગો કે "ઓ સેનશાહોના સેનશાહ, હજુર તાહારા બાકી બંદા ગોલામ ઉપર તું તાહારી રેહેમનો છંતાવ કરેછે કે આવાં મોહોત-ના ઘરમાંથી મુજને છટકવાને રસતો સુઝ પાડેછે. આફરીન કરૂંછું ઓ બુલંદ કવી કે આગલ પણ તું સાહેબેજ ગંદાલ હઈઝુમબાલા મો-તીથી ભરપુર ખાડામાંથી માહારો છુટકારો કરીઓ હતો વાશતે ઓ માહારી મજબુત આસા, માહારા બંચાવના કીલબા, માહારા મુરબી માહારા ખાવંદ આ તકે પણ આ કદર બેહામણી ઓ જે માહારી સાંમે દોલા ગુરકવા લાગેચ, અને જે કાંઇજ નહીં પણ આ જીહાંનનાં દોજ-ખનો દરવાજો દીસેચ તેમાંથી પસાર થવાને, ઓ કીરતાર, મુજને હીમત અને કઉવત બખશ."

એ રવેશે બાહારે હુકતાલાની મોનાઝાત કરી હું મગરેબ તરફ ગયો અને સાંમે દેખાતી ફાતમાં પગ મુકીઓ અને ઠોકર ખાતો તથા સંકોચતો આગલ ચાલીઓ. જેમ જેમ આગલ જતો તેમ તેમ જાણે પાતાલમાં નીચે ઉતરતો હોય એવું જણાયું. એમ કરતા પંદર કલાક વેર તે અંધારા ગારમાં ગોતલીઆં ખાધા પછે તે સાહેબના હુકમથી એક મેદાનમાં જઈ લાગો જાંહાં માહારી ઉપર પરદો થઇ રહેલી સીહા રાત નાહાશી ગઇ અને તેને બદલે રોશન રોજ જણાયો તેવારે એક રલીઆ-મણું મેદાન ફુલફલાદી ભરેલું એકાએક મુજની નજરે પડીઉં. તેથી એક ઝાડ આગલ ગયો અને તે પરના કાંઇક ફલ ખાધા પછે તેની હે-ઠલમાં ખુઆબ કરવાને માહારૂં શરીર તેકવીઉં. ખુઆબથી બીદાર થયો

તેવારે માહારી અચરતીમાં સીહા મોંહોંની ૧૨) નાજુક જીનીઓ માહા-રી આસપાસ ફરી વલેલી જણાઈ. તેઓ ચેહેરાપરથી મરદ જેવી દેખાતી હતી; પણ કેટલીકને કપાલની વચોવચમાં એકેકું સીંગડું અને કુતરાની મુઆફેક પુછડી હતી, તથા કેટલીક જણીઓ કંમર થીતે નીચે શુધી ગ-ધેડીના આકારની હતી.

"એ આદમ બચા (તેઓમાંની એક બોલી) પટાલ માંહેલા જી-નીઓ મધે તાહારૂં કેમ આવવું થયું ?" એ ઉપરથી મેં તેઓને માહારો ખરો હેવાલ કહીઓ તેવારે તેઓ બોલી કે અમો તને દુખ દેનાર નથી તું બેલાશક અમો સાથ રહેજે, કેટલાક વરશવેર અમારી ચાકરી કરશે તો તેના બદલામાં દુનીઆના જે ભાગમાં તાહારી જવાની મરજી હશે તાંહાં અમો તને પોહોંચાડશું." મેં કબુલ કરીઉં નહીં એટલામાં તેઓ બોલી "બલાકાજે તું એ કબુલ કીધું નહી તો અમો તને ફરજ પાડી-આ વના રેહેતે નહીં, કારણ કે તું અમારી કુછ બીસાદમાં નથી." એટલું બોલતાંજ તેઓ મને ઊંચકીને હવામાં ઉડી ગઇ અને ઘણાએક ઓહો, પાહાડ, અને દરીઆવ ઓલંગીઆ પછે જીનોથી વસાયલાં એક શેહેરમાં લઇ જઇ લાગી ; કે જાંહાં કોઇ જીણીઓ પાહાડ પર તો કોઈ દરીઆવ પર અને કોઈ પાણીના ચશમાં તો કોઈ મેદાન ઉપર રહેતી હતી; પણ એ બાહારે જીણીઓ તો ઝાડીમાં રહેતી હતી. તેઓ સાથ મેં લગભગ એક આખું સાલ ગુજારીઉં. તેઓનો હંમેશનો ખો-રાક કંઈજ નહીં પણ આદમીઓએ માંસ સોહોરી નાંખી દીધેલાં હાડકાં હતાં. હાડકાંનું ખાવું તેઓ ઘણું તારીફ લાયક સમજતાં હતાં, તેથી આદમ-જાદને ગોસ પસંદ કરવાને વાસતે ધીકારતાં હતાં. દુનીઆના જુદા જુદા ભાગો પરથી તેઓને વાસતે હાડકાં એકઠાં કરી લાવવાને કેટલાક જીની-ઓનો હંમેશનો ધંધો હતો.

લાચારીએ તેઓનો આ નીચ ખોરાક ખાવાની મને ફરજ પડી હતી ; પણ મને તાંહાં મોટું દુખ લાગતું હતું કે તેઓ મને બંદગી ક-

રવા તથા કુરાન પઢવા દેતાં હતાં નહીં. તોપણ હું વારે ઘડીએ તક મેલવી હરૂસે તે ગરવે શકતીવાન શાહેબની મોનાજાત કરતો હતો. એક દીવસે જેવારે તેઓ બાહેર ગઇ તેવારે હું કોતરમાં બેસી ખોદાની બંદગી કરતો હતો એટલામાં એક ભારે ખુશાલીનો પોકાર ઉઠી રહીઓ અને કેટલીક ખુબશુરત પરીઓ પેલી સીહા મોહોડેની જીણીઓ સાથ લડવા લાગી. લડતાં કાલે મોહોડેની આજેજ થઈ, બાદ, સફેત પરીઓ ખોદાની બંદગીમાં મશગુલ થઇ, તેવારે હું પણ તેઓ સાથ સામેલ થયો, અને બોલીઓ કે "ખોદા શીવા બીજો ખોદા નથી."

ફતેમંદ જીણીઓનાં એક તોલાંએ જેવારે માહારે મોહોડેથી એ સખુન સાંભલીઆ તેવારે તેઓ માહારી આગલ આવી અને એકે મને પુછીઉં કે "તને એવું બોલતાં કોણે શીખવીઉં? અને તું પોતે કોણછે? અમને ખબર ન હતી કે અતરે કોઈ આદમ બચોછે, વાસતે જણાવ કે તાહારૂં કેમ અતરે આવવું બનીઉંછે?" મેં તેઓ આગલ માહારો ખુલાસો કીધો તેવારે તેઓ મને પોતાના પાદશાહ આગલ લઇ ગઈ; તેણે પણ મને તેવાજ સવાલો કીધા. અને મેં પણ તેને તેમજ જવાબ દીધા. પછે માહારૂં નામ મેં તેને જણાવીઉં તેવારે તે બોલીઓ કે "અબુલ ફૂઉએરીસ, ભલેકાજે અમારૂં લશકર તાંહાં આવી લાગું કે તાહારો છુટકારો થયો; નહીં તો તે ચંડાલ જીણીઓ તને કોઇ દાહાડે પણ મારી નાખેઆ વના રહેતે નહીં. કારણ કે તેઓ ખોદાને માનતાં નથી." હું કુરાણ સારી પેઠે પઢી જાણતો હતો તેથી પાદશાહે મને પોતાનો ઇમામ બનાવીઓ.

એક રાતરે જેવારે હું સુતેલો હતો તેવારે મેં એવો ખુઆબ જોયો કે શાહાજાદી કનઆદ ગુટણીએ બેસી ખોદાની પરારથના કરેછે કે ઓ ખુદરતના ખાવીંદ, એક લાચાર અને બેકરાર ઓરત તાહારી દરબાહમાં આજેજીથી અરજ ગુજારેચ કે માહારા જીવની પુતલી જે ગુમ થયલી લાગેછે તે મને હવે જલદી બખશ, સબબ, હવે મુજમાં તેની જુદાઇની

તાકાત નથી. તેને સેતાબ બશરા તરફ પાછો ફેરવ કે તે માહારા જીગરનાં એકીનપણાનો ઓસતવારીથી બચાવ કરે, કારણ કે તેનો હરીફ માહારૂં દેલ લુતવાની મતલબ રાખેછે.

એટલો આબ્બાબ જોતાં હું ચોકીને બીદાર થયો. વીચારોના શીહા લશકરે મારા મનપર આડા અવલા હુમલા કરવા માંડ્યા; તેથી હંમેશા હું ગમગીન રહેતો. જીણીઓના પાદશાહે મને ઉદાસ જોઈ પુછીઉં કે "ઓ ઈમામ તું એટલો ઉદાસ કેમ રહેછે? શું તને તાહારાં કુટુંબ પરીવાર અને વતન ઈઆદ આવીઆંછે; અથવા શું તું અતરે રહેવાથી કંટાલીઓછે?" અરે પાદશાહ (મેં જુઆબ દીધો) જે સઘલી મેરબાનીનો તું મુજપર વરસાદ વરસાવેછે તથા તાહારા જીનીઓ માહારી તરફ જે સઘલાં મોહોબતનાં ચીનહો બતાવેછે તે સઘલું માહારા જીગરને કારણ આપેછે કે તાહારી દરબાહ છોરવાનો વીચાર કરૂં નહીં; પણ ઓ બદેનવાજ એક બીજા કારણે માહારૂં દેલ અતરેથી ઉઠાવીઉંછે." એ પછે મેં માહારા ખુઆબની હકીકત તમામ કહી સંભલાવી. તે તેને ખરી લાગાથી તે બોલીઓ કે "અબુલ ફુઉએરીસ તને કંઈ વીચાર આવેચ કે અહીંથી શેહેરે બશરા કેટલી મંજલ દુરછે? જાણકે તે એટલીતો દુર દરાજની મુસાફરીછે કે જો તું ચાહેતો ૯૦) વરસ અતરેથી બસરા પુગતાં લાગે; પણ તે હસતીના ઇશારે આંધામાં આંધું દેશ પણ અમારે મનસે નજદીક કરી આપેઉંછે; વાસતે હું હવડાં એક માહારા જીનીને ફરમાઉં છુકે તે તને એક લેહેજામાં તાહારી ક૯ઝાદ આગલ લઈ જઈ મુકશે."

એટલું બોલી તે મને દરીઆવની વચમાનાં એક ખડક પર લઈ ગયો કે જાંહાં એક શખત પોલાદનો દરવાજો જણાયો, અને જાહાં સંખીઆંબંધ સીહા જીનીઓને મુસકાતાત કરી નાખેલા હતા. તેઓમાં એક અફરીતને મેં દીઠો કે જેને ખડકમાં બેરીઓ ઠોકી એવી રીતે બાંધેઓ હતો કે તેને જરા હીલવાની પણ તાકાત હતી નહીં. તેની આગલ જઈ પાદશાહ બોલીઓ કે "કેમ, ઓ ચંદાલ, તને ઈઆદછે કે તું

માહારો કેટલો આભારીછે?" "નામના ઉઠાવનાર પાદશાહ, (અફ્રીતે જુઆબ દીધો) મને તે સારીપેઠે રોશનછે; મેં હજાર વખત એવા ગુનાહ કીધાછે અને હજાર વખત તાહારી શીખશા દીઠીછે." "અને આ વખતે પણ (પાદશાહ બોલીઓ) તને છોરવાના વીચારમાંછું." "મેરબાન (અફ્રીત બોલીઓ) એવી એવી સખાવત તુંજ નામવરથી થઇ શકે એ કાંઇ નવાઈ જેવું લાગતું નથી." "હું તને તાહારૂં છુટાપણું બખશું છું (પાદશાહ બોલીઓ) તે એવી સરતે કે તું અવલમાં આ પરહેજગાર સખશને એને વતન શેહેરે બશરામાં પોહોંચાડ, અને બીજુંતો એ કે સેહેજ વખતમાં એ કામ કર." "હું એને તરણ કલાકમાં લઇ જઇશ (જીન બોલીઓ) અને એ તાહરો હુકમ દીલો જાણીથી બજાવવાને હું માહારો કોલ આપુછું." એ રવેશે અફ્રીત સાથ ગોફતેગો ચલાવીઆ બાદ પાદશાહે માહારી તરફ જોઈ કહીઉં કે "જાણ, ઓ અસો મરદ, કે આ અફ્રીત બરો ખુણી, પાપી અને દગલબાજછે વાસતે તેને હવાલે તને સોંપવાને હું હીંમત કરતો નથી; સબબ, તે તને કંઇપણ ઉલથાપ આપેઆ વના રેહેનાર નથી; પણ હું તને એક નીરંગ શીખવુંછું તે ઇઆદ રાખ કે "દુવાં હોજો તુંપર ઓ બુલંદ કવી, જે મીસાલે કે તાહારા બનાવેલાં સાત આશમાનો તાહારી કીરતી દેખાડેચ: આફ્રીન હોજો તુંપર ઓ ગેબી ભેદના જાણનાર સાહેબ, જે મીસાલે કે જમીન અને દરીઆવ તુંપર આફ્રીન ગાએચ: નમસકાર કરૂંચ તુંને ઓ બુલંદ મરતબાના ધણી, જે મીસાલે કે તાહારા પેદા કરેલા ફીરેસતા અને પેગમબરો તાહારી નમસકાર કરેચ."

જેવારે આ નીરંગ મેં મોહોડે ચહરાવી તેવારે પાદશાહે અફ્રીતને બંદથી ખલાસ કીધો, અને મને તેની પીઠપર પોતાને હાથે બેસાડીઓ; પછે માહારી આંખે તેણે પાટા બંધાવીઆ કે રાહામાં ભયંકાર દેખાવો જોઇને હું માહારા દેલમાં દરૂં નહીં. "અબુલ ફઉએરીસ, (પાદશાહ બોલીઓ) મેં તાહારી તરફ મેરબાની બતલાવીછે તેની અવેજીમાં હું તું

પાસથી એક મુરાદ ચાહું છું કે જેવારે તું બશરામાં જઈ તાહારા કુટુંબ કબીલાને મલે તેવારે માહારા નામમાં પેગમબરના દામાદને તથા કલીફાને મલજે અને તેમને જણાવજે કે જમીનના ભીતરમાં એવા લોકો રહેછે કે જેઓ બીસમીલ્લાહ બોલીઆ વગર ખાણાનો એકે નવાલો માંહોંપર મુકતા નથી."

પાદશાહનું કહેલું બજાવવાને મેં સોગન લીધા એટલે પેલો જીન મને લઈ ઊંચે ઉડીઓ. ઉડતી વખતે પાદશાહ મને પાછું યાદ દેવડાવી બોલીઓ કે "અએ જવાં મરદ, સંભાલજે અને નીરંગ માંહોપરથી કાહાડતો ના એ નીરંગ તું બોલશે એટલે આગે રીમન અફરીતનું સેતાનીઅતપણું સીકસતેહ થશે; પણ જો તું એ ભુલીઓ તો એમજ જાણજે કે તું જીવથી ગયો."

પાદશાહની આ ચેતવણી ખરીજ હતી, સબબ, જો એક પલ પણ હું તે ભણવાને વીલમ લગાડતો તો તે જીન પોતાના તરેહવાર કદરબીહામના પોકારથી મને ધ્રુજાવતો હતો; અને જેવો હું નીરંગ ભણીઆમાં લાવતો કે તે ચુપ થઈ જતો. કોઈ વખત તે જીન છેક ઊંચે જતો અને બાજેવખત છેક નીચે આવતો અને કેટલીક વખત દહશામણા પોકાર કરતો કે હું ગભરાઈને નીચે પડી જાઉં; પણ હું ઘણી ઓસતવારીથી તેની પીઠપર સવાર રહેલો હતો. એટલી બધી સાવચેતી છતાં હું એવો મુરખ બનીઓ કે માહારી આસપાસ દહશામણા પોકાર કોણ કરતું હતું તે જોવાને મેં એક હાથે માહારી આંખનો પાટો છોડીઓ, એટલે જોઉં શું કે બેહદ બદશુરત જીનીઓ માંહોમાંહે લડાઈ ઉડાવતા હતા. લડાઈ કરતી વખતે જે ગરજના તેઓ કરતા હતા તે ઉપર તથા એકેકપર જે તોંહોમત મેલતા હતા તે પર માહારૂં સઘલું ધીઆન રોકાયું જેથી નીરંગ ભણવાને હું ભુલી ગયો, અને પેલા નાપાક અફરીતે જે દરીઆવ પરથી અમો મુસાફરી કરતા હતા તે ઉપર મને નાખી દીધો. તરવે બહાદર હોવાથી અને કીનારો નજદીક હોવાથી હું જમીન પર પુગો અને

માહારા છુટકારાને માટે એક હજાર વખત ધરતીમાતાને બોસા લીધા. દરીઆવના તોફાની મોજાથી છુટકારો પામીઆ પછે હું જમીનપર આગલ વધીઓ; પણ એક એવાં જંગલમાં જઈ લાગો કે જાંહાંના દેખાવો જોઈ માહારા કુટુંબ કબીલાને મલવાની તદન આસા જતી રહી.

એ મીસાલે નીરાસ બની દલગીરમાં ગરકાવ હતો એટલામાં દરીઆવની સપાટી ઉપર એક નાહાનું પખશી માહારી તરફ આવતું જણાયું. તેના જેવું પખશી તો કોઈએ કોઇ કાલેપણ જોયું હશે નહીં. તેનું માથું આસમાની રંગનું બલું હતું તેની ચશમ લાલ હીંગરા જેવી હતી, તેની પાંખ પીલી અને બદન લીલું હતું. તે પખશીએ માહારી નજદીક આવી પોતાની ચાંસવતે માહારા મોહોડામાં કાંઈ મધુર સરાબ રેડીઓ; અને પછે તે આ મીસાલે બોલીઉં: "અએ પરેહજગાર, નીરાશ થઇશ ના. તાહારા નશીબમાં એવું લખાયલું છે કે સરવે મુસલમાંનો તાહારી તારીફનું બીડું ફુકશે અને માંહોમાંહે વાતો ચલાવશે."

તે પખશીને બોલતાં જોઇ હું બોલીઓ કે "અએ ખુશનુમાં પખશી એવું કેમ બનીઉં કે તને વાચા થઇ?" તેવારે તે બોલીઉં કે "હું ઈસાક પેગમબરનું પખશી છું અને આ દરીઆવની પાસબાની કરી જે કમનસીબ માણસ અતરે આવી ફસે છે તેને હું મદદ કરૂં છું; વાસતે હીંમત ધર કારણ કે તે શરવે શકતીવાન દાતાર નેક અને અશા માણસને તેઓનો બદલો પોંહોંચાડીઆ વના રહેતો નથી." એટલું કહેવા પછે માહારે ફીઓ રસતો વગર હાસતીનો લેવો તે તેને મને દેખાડીઓ.

પખશીએ દેખાડેલો રસતો મેં લીધો અને વચારે તાજુબી એકે ૪૦) દીવસ વગર ઓરાકે મેં આસાનીથી ગુજારીઆ. આકેબત એક પાહાડની તલેતી આગલ હું પુગો. તે પાહાડને મથાલે એક મેહેલ હતો કે જેનાં દરવાજા પીતલના હતા. દરવાજા બંધ જોઈ હું તાંહાં છાયામાં વીશામો લેવા બેડો એટલામાં એક પોકાર માહારા કાંને પડયો કે "અએ આદમ બચા, બોહત ખુબ થયું કે તાહારૂં આ જગોએ આવવું થયું.

એથી તને અને મને બંધેને ફાયદો હાંસલ થવાનો." તરતજ જે તરફથી અવાજ આવતો હતો તે તરફ નેગાહ દોડાવી તો માલમ પડયું કે એક અફરીત દેવ તાંહાં જમીન પર સુતેલો હતો. જે દેવે મને દરીઆવમાં નાંખી દીધો હતો તે દેવ કરતાબી આ નાપાક ઘણોજ જબરદસત અને બુલંદ કદનો હતો. "આવ, બેસ માહારી પાસ (તે દેવ બોલીઓ) અને હસાંથી તું ડરમા."

અફરીત પર કેટલો વીશવાસ મુકવો તે હું સારી પેઠે શીખીઓ હતો તેથી તેની વગર દરકાર કરવે હું માહારા કીરતારની મોનાજાત કરવા લાગો. એટલામાં તે પોતાના ખીસામાંથી સોસાંની ગોલીઓ કાહાડી અને માહારા હાથમાં આપી આજેજી કરવા લાગો કે અએ આદમી, આટલી મેરબાની મુજપર કરજે કે જેવારે તું મને બેસુધ પડેલો જોય તેવારે આ ગોલીમાંથી એક માહારી તરફ ફેંકજે." "તાહારી આ અરજ મેં બાહાલ રાખી (મેં જુઆબ દીધો) અને એ વાતની તું ખાતરી રાખ."

એ સખુન સાંભલી તે ઉઠીઓ અને પોતાના હાથમાં કેટલીક ગોલી લઈ માહારી બરોબર પેલા મેહેલ તરફ ચાલીઓ. દરવાજા ઉપર ગોલી ફેંકતાંજ દરવાજા ઉઘડીઆ. અંદર જતાં બે સીંહ જણાયા, જેઓ અમને જોતાંજ ગુરકવા લાગા; પણ માહારા સોબતીએ તેઓ તરફ અકેકી ગોલી ફેંકીઆથી તેઓ થમ થઈ ગયા. પછે અમો બીજા દરવાજા આગલ ગયા તે પણ પીતલનાજ હતા અને રૂપાંના કુલફથી બંધ હતા. તેઓ તરફ એક ગોલી ફેંકી એટલે તેઓ નીચે તુટી પડીઆ. હવે એક ગોકો અમારી નજરે પડીઓ કે જેની વચોં વચમાંથી કાલાં પાણીની એક નદી પસાર થતી હતી ને તેના કીનારા પર બે જીઆંગાર અઝદા બેઠેલા હતા. તેઓની નજર અમોપર પડતાંજ તેઓ સોહોર કરવા લાગા, અને મોંહોંમાંથી આતસના પરપોતા વરસાવા લાગા. તેઓ તરફ પણ તે અફરીતે ગોલી ફેંકી એટલે તેઓ પોકાર કરવાને બદલે ચુપ થઈ પડી ગયા, અને અમોને આગલ રસતો લેવા દીધો.

આગલ ચાલતાં એક ખુલ્લું ચોગાન જણાયું કે જેની દેવાલ સોનેરી ઈંતની બનાવેલી હતી, અને ભોંય રૂપેરી હતી. વચો વચમાં અગરના લાકડાંનો એક ગુંમબજ હતો, તેને ચીનઈ પોલાદના છ ઠાંબા આપેલા હતાં. તે ગુમબજની નીચે એક સોનેરી કોચ ઉપર જડાવની બનાવેલી મુરદાંની પેટી હતી. તે પેટીની નેગેહબાની વાસતે બે અઝદા રાખેલા હતા, જેઓ અમને જોતાંજ અમને દંખવા ધસારો કરી આવેઆ પણ ગોલીની અસરથી તેઓ પાછા હતીઆ, જેથી પેતીમાં શું હતું તે જોવાની અમને તક મલી. નેગાહ કરતાં એક પીરમરદ તેમાં સુતેલો હતો; તે જાણે જીવતો હોય એવું જણાતું હતું: અજલનો ફીરેસતો, જે દુનીઆ માંહેલી સરવેથી સોભીતી ચીજ પર પોતાની દહરામણી અસર પાંહરીઆ વના રેહેતો નથી તે જાણે પેલા પીરમરદને ઈજ્જત આપતો હોય એવું માલમ પડયું.

તે પીરમરદને આંગલે ઘણીએક વીતીઓ હતી, કે જે માંહેલી એક ઘણી મોટી હતી, તેની ઉપર હુકતાલાનું નામ કોટરેલું હતું. તે વીતી પેલો અફ્રીત પીરમરદને હાથેથી ખેંચી કાહાડતો હતો એટલામાં ગુમબજને મથાલેથી પાંખવાલો એક ઉડતો અઝદાં ઉતરી આવીઓ અને અફ્રીતને દંખ મારી બેસુધ કરી નાંખીઓ; જેથી તે જમીન પર અફડાઈ પડીઓ. એટલામાં અફ્રીતે જે કાંઈ મને કહીઉં હતું તે ઇઆદ આવીઆથી મેં તેના મોંહોંપર એક ગોલી ફેંકી જેથી તે પાછો હુશીઆર થયો, અને બોલીઓ કે "તુંએ આ કામ બરોબર બજાવીઉં છે અને અગર માહારી ફરીથી એવી અવસથા થાય તો એજ મુઆફેક મને હુશીઆર કરવાને ચુકતો ના." એટલું કહેવા પછે તે પાછો વીતી કાહાડવા મંડીઓ; પણ પેલા અઝદાએ પાછો તેને દંખ મારી બેસુધ કરી જમીન પર પતકીઓ, અને મેં તેને આગલની મુઆફેક પાછો સજીવન કરીઓ.

"વહાલા મરદ, (તે બોલીઓ) તાહારી આ રવેશની મેરબાની માટે

હું તાહારો ઉપકાર માનુંછું; અને જણાઉંછું કે આ પીરમરદ જે સુ- એલાછે તે સોલોમન પેગમબર પોતેછે; વાસતે માહારી એવી ખુશીછે કે એને હાથેથી એની મોહોર માહારા હાથમાં લાઉં, અને એ મોહોરની મદદથી હું પોતાને હકતે કેશવર જમીનનો પાદશાહ બનાઉં. તાહારે હ- મ્રએ તું નેહ રાખ કે હું તાહારી ચાકરીનો બદલો ભુલશ નહીં." "પણ (હું બોલીઓ) તાહારી ગોલી વતે આ અઝદાંને કાંએ નહીં આનેજ કરતો?" "એ ગોલીઓથી તે ઉપર કંઈપણ અસર થનાર નથી (તેણે જુઆબ દીધો) એથી માતર તેનું ઝેરવાલી શકાયછે." એટલું બોલતાં તેણે પેગમબરને હાથેથી અરધે આંગલે પેર વીતી એંચી કાહાડી એટલા- માં પેલા અઝદાંએ આવી તેને પાછો દંખ મારીઓ, અને હું તેને હુ- શીઆર કરવા જતો હતો એટલાંમાં તે અઝદાં બોલીઓ કે "અએ મુશ- લમાંન, આવા નેહેસત અફરીતને મદદ આપવાથી તાહારો હાથ પાછો એંચ, કારણ કે સોલોમન પાદશાહે જે સાત દેવોને તેઓના અજીમ ગુ- નાહને માટે જમીનની વચો વચમાં બંધ કીધાછે તેઓ માંહેલો આ એક દેવછે. એની મુરાદ સોલોમનને હાથની પેલી વીતી મેલવવાનીછે કા- રણ કે તેની ખુબીથી તે સારીપેઠે વાકેફછે, વાસતે એ કોઈ બીજાની મદદની રાહા જોતો દરવાજા આગલ બાહેર બેઠો હતો. એ દેવ એ વીતી મેલ- વવાની ખાલી ઉમેદમાં રમેછે; પણ એ શું કે એના પેલા બીજા છ બઈબંધ દેવો એકઠા મલે તોપણ તેઓ એ વીતીને જરાપણ કાહાડી શકે નહીં. હું સોલોમન પાદશાહનો વીસવાસુ જીન હતો વાસતે તે નેકજાદે મને એ બધા ઉપર સરદારી આપીછે. મર એ જાવેદાન સુધી એવી હા- લતમાં પડી રહે પણ હવેથી તું એને હુશીઆર કરતો ના નહીં તો કે હું તને પણ એવીજ હાલતે પુગાડશ."

એ રવેશના સખુન સાંભલી એકપણ શબદ બોલીઆ વગર હું પાછો ગુંમબજની બાહેર નીકલીઓ; અને એક રાહ મલી તે પર ચાલતો થયો. આગલ ચાલતાં એક ગોફો જણાયો કે જેના માંહેમાંથી આતસ

તથા ધું'વાલાના પરપોતા બાહેર નીકલતા હતા. વલી તેમાંથી લોખંડની બેરીના ખણખણાત અવાજ સાથ પોકાર, અને રડાકુતના સોહોર નીકલતા હતા. તે ગોફાના સર ઉપર એક રાખશી કદનો દેવ ઉભો હતો કે જેની બદસુરતી વીશે હું બરોબર બીઆન કરી શકતો નથી. તે દેવને એક ખડકમાં મેખ જડી બાંધેલો હતો. તેણે મને જોતાંજ પોકાર મારી પુછીઉં કે "અએ નોજુવાન મરદ, બોલ કે કીઆ દેશની સરજમીન તાહારા જનમનો દાવો કરેછે, અને કીઆ પેગમબરનો તું ચેલોછે." "હું શેહેરે બશરાનો વતનીછું (હું બોલીઓ) અને મહમદ માહારો પેગમબરછે." "મહમદ (તે બોલીઓ) શુ તે હજુર જીવતોછે?" "નહીં (મેં જુઆબ દીધો) તે પોતાનું રહેઠાણ બદલી આ જીહાંનમાંથી પેલી બીનોઈ જીહાંનમાં વાસો કરવા ગીઓછે અને તાંહાં અમર સુખ ભોગવેછે." એ રવેશ ઘણીએક ગોફતેગો થવા પછે હું તેની પાસે જઈ બેઠો જેથી તે ખુશી થઇ બોલીઓ "અએ નોજુવાન, મને તાહારા જેવા મરદની ઘણીજ જરૂરછે; કારણ, હું એક એવું કામ કરવા માંગુચ કે જે માહારા એકલાથી થઈ શકતું નથી; પણ હું ખુશીછું કે તે તાહારી મદદથી હું પાર પાડી શકશ, અને અગર હું માહારી મરજીએ પુગશ તો એમજ જાણ કે તું મોટી આબરૂં તથા દોલતે પુગવાનો." માહારે એ સઘલું કબુલછે, (મેં જુઆબ દીધો) પણ મને તાહારી દોલતની કંઈ હાજત નથી: માહારી મેહનતના બદલામાં હું તું પાસ એટલુંજ માગુંચ કે તું મને શેહેરે બશરામાં પોંહોંચાડ." "ઠીકછે (તે બોલીઓ) અને હું માહારા જીવના કસમ લેઈ કહુંછું કે હું એ કામ તાહારૂં બજાવશ." "બેહેતર ખુબ તેવારે, (મેં જુઆબ દીધો) હવે ફરમાવ, જોઉં શું કામછે."

જેવારે તે દેવે એ રવેશના સખુન માહારે મોંહોંડેથી સાંભલીઆ તેવારે તે એટલોતો ખુશીમાં આવી ગયો કે તેના બદન પરની બેરી તેને એક જોરથી તોડી નાંખી; પણ એટલામાં લીલા પોશાક પેહેડેલા બે

જીનીઓ તાંહાં આવી લાગા અને તેઓએ તેને મુસકાતાત કરી પાછો ઓસતવારીથી ખડક સાથે બાંધીઓ; બાદ, તેને જણાવીઉં કે, "અએ દેવ, હજુર તને છુટો થવાનો વખત આવી નથી પુગો વાસતે હોકમ થાય તાંહાંસુધી હઇઆંજ થોભ."

તેઓને મોંહોંડેથી એ મુઆફેકના જેવારે સખુન સાંભલીઆ તેવારે હું તાંહાંથી ચાલતો થયો અને એક મેદાનમાં જઇ લાગો કે જેની વચો વચમાં એક કીલો હતો. તેના દરવાજા પર આ મુઆફેક લખેલું હતું:—
"જે કોઈ હીઆં આવી લાગે અને દરવાજો ઊઘાડવાની ખાહેસત કરે તેણે જાણવું કે દરવાજા ઊઘાડવાને નીચે લખેલા એજમતી કલમો સીવા બીજી કોઇ ચાવી નથી.-ખોદા સીવા બીજો ખોદા નથી."

અને ખરેખર જેવા આ હરફો હું પઢીઓ કે દરવાજા તુરત ઊઘડી ગયા. અંદર દાખલ થયો કે તાંહાંની ચીજોની હું શું કહું તારીફ! એક મેહેલ નજરે પડીઓ કે તે બલુ ધાતુનો બનાવેલો હતો. ધાતુ ગમે એવી કીમતી હતી; પણ તેની કારીગરી તથા બનાવતનીતો હતજ થયલી. ઓરડાઓમાં તો સોનેરી તથા રૂપેરી કોચ, પલંગ, અને કસબી રેજાના ગાલીચા સીવા કાંઇ નજરે પડીઉં નહીં. ટુકમાં, જાંહાં જાંહાં નજર પુગે તાંહાં તાંહાં માહારી ચશમ દરેક આશચરીઅ કારક દેખાવ ઉપર ગોયા આશક પડી હોય તેમ બીજી ગમ ફરવાને તદન નાખુશ જણાતી હતી. આગલ ચાલતાં એક ચોકમાં હું જઈ લાગો પણ તાંહાંબી હું શું જોઉં કે તે ચોકનો છેરોજ હતો નહીં. બાગમાં ફરતો હતો અને સુગંધી ભાત ભાતના ફુલો સાથ હસતે મોંહોંડે ગમત મેલવતો હતો એટલામાં એક વગર દાહારીના નોજુવાન સખસ સાથ મેલાપ થયો. તેનો પોશાક હા! હા! એવાતો કીંમતી અને સોભીતો કે બરોબર તારીફ તેની માહારાથી ગવાતી નથી. તે સખસ મને જોઇ બોલીઓ કે "અએ નોજુવાન મરદ, શું તું શેહેરે બશરાનો વતનીઓ નથી?" "હા (મેં જુઆબ દીધો) તું ખરૂંજ કહેછે." તેણે જુઆબ દીધો તાહારૂં આવવું તને મુબારક હોજો. હું

અગાઉથીજ જાણતો હતો કે તાહારૂં અતરે આવવું થનાર હતું; વાસતે આગલ જા, અને તને એક માણસ સાથ મેલાપ થશે કે જે તને ખોરાક પુરો પાડશે, તે ખાવામાં લાવ.

બધી તરફ નેગાહ કરતો હું આગલ ચાલીઓ એટલે એક ગોકામાં બેસી બંદગી કરતા એક પહરેજગાર માણસ ઉપર માહારી નજર પડી. બંદગી પુરી કરેઆ પછે તે બોલીઓ કે "અએ મરદ, આ જગો કેઇછે તેની તને ખબર હશે નહીં વાસતે જાણકે પરેહજગાર માણસોને વાસતે ખોદાતાલાએ આ મુકામ કરી આપીઓછે તેથી તું આવ, હું તને તેઓની સફમાં લઇ જાઊં. હું તેની પછવાડે પછવાડે ગયો અને થોડેકવારે એક સુંદર મીજલસમાં જઇ લાગો કે જાંહાંના માણસોએ મને આદરમાન આપી પોતાની સાથ સુફરાપર બેસાડીઓ. ખાણું ખાઇ ફારેગ થયા પછે એક સુંદર ચશમાનું પાણી મને પીવા આપીઉં. તેના પાણી ગોયા મધુર શરાબ હોય એવા લાગાં.

તેઆર પછે એક મેદાન પર માહારો સોબતી મને ફરવા લઈ ગયો તાંહાં બેહદ સુંદર પરીઓ પણ ફરતી હતી. તેઓનો પોશાક ઘણોજ કીંમતી હતો તોપણ તેઓનો ખુદરતી ચેહેરો એવો શોભીતો હતો કે તેમને દાગીના તથા ઝવેરની કંઈ જરૂર હતી નહી. "નેગાહ કર અએ મુસલમીન, (માહારો સોબતી બોલીઓ) અને જો પેલી પરીઓ; એઓ અહીંના બધા પહરેજગાર માણસનું સુખછે. તને તેઓ તરફ માતર દુરથી જોવાનો હુકમછે; કારણ, મોહોંતનો ફરેસતો હજુર તને દુનીઆ પરથી લઇ ગયો નથી." એ પછે માહારો સોબતી મને પોતાના મુકામપર લઇ ગયો કે જાંહાં મેં કંઈક સાલ ગુજારીઆં. કનઆદની ઇઆદીએ માહારા મગજમાં એવો વીચાર બેસાડીઓ કે હું હજુર ફાની દુનીઆમાં હતો. મને વીચારમંદ જોઈ માહારો સોબતી પાંમી ગયો અને બોલીઓ કે, "અએ મુસલમીન હું જાણુંચ કે તું તાહારૂં વતન જોવા બાબે બેચેન થયોછે; વાસતે ખુશી થા કે હું તને તાંહાં પોહોંચડાવશ. એટલું બોલતાં

તેણે પોતાની નજર આસમાન તરફ કીધી અને એક વાદલ પસાર થતું હતું તેને હુકમ કરી નીચે બોલાવીઉં તે વાદલામાં એક જીન વીંટલાયલો હતો તેને સવાલ કીધો કે તે જીન કાંહાં જતો હતો. જુઆબ દીધો જીને કે તે ચીન તરફ જતો હતો. "જા તેવારે (માહારા સોબતીએ હુકમ કીધો) મને તાહારૂં કામ નથી."

એક પલ પછે એક બીજું વાદલ પસાર થતું જણાયું તેને પણ બોલાવી માહારા સોબતીએ પુછીઉં તેવારે તેમાંનો જીન બોલીઓ કે તે બગદાદ શેહેર તરફ જતો હતો. "જો એમજ હોય તો (સોબતી બોલીઓ) માહારી ઉપર એક ઉપકાર કર કે આ મુસલમાનને તેને શેહેર પોંહોંચાડ?" જીનીએ હા કહીઉ; બાદ માહારા સોબતીએ મને કાંઇ કલમો શીખવીઓ કારણ, તે પણ એક પેગમબર હતો. તેના હુકમથી જીન મને લઈ ઉંચે ચહડીઓ એટલે મેં કલમો પઢવાને ચાલુ કીધું; સબબ, જીનીઓ ઉપર કેટલો ભરોશો મુકવો તે હું સારી રવેશથી શીખીઓ હતો. પણ મેં નાહેક તે ભલા જીન વીશે ખોટો વીચાર બાંધીઓ કારણ ચાર સાઅતની અંદર તેણે મને માહારા ઘરના દરવાજા આગલ ઉતારીઓ; બાદ માહારી રૂખશદ લઈ જતો રહીઓ.

આ વખતે રાતનો સમય હતો. મેં માહારા ઘરના દરવાજા થોકીઆ; તો એક બાંદીએ ઉઘાડીઆ, પણ માહારો દેખાવ જોતાંજ તે બાંદીએ દરવાજા પાછા બંધ કીધા અને અંદરથી મને સવાલ કીધો કે હું કોણ હતો અને શું માંગતો હતો મેં જુઆબ દીધો કે હું ઘરનો ધણી પોતે હતો વાસતે તરત બારણું ઉઘાડીઆમાં લાવે. એ માહારા સખુન સાંભલતાંજ તે દાસી કનઝાદ આગલ દોડી ગઈ અને તેણીને બોલાવી લાવી; પણ તેણીની આટલી લાંબી જુદાઈ પછે માહારા મોટા હરખથી મુલાકાત લેવાને બદલે ઓર મને જોતાંજ એક ચીચીઆરી પાડી ઉઠી. "એમ કેમ વારૂં, (હું બોલીઓ) કનઝાદ, કે માહારો દેખાવ તાહારામાં દેહસત ઉતપન કરે! તાહારી ચશમ માહારે વીશે ભુલ કરે! શું

હું એટલો બંધો ફેરવાઇ ગયોછું ! અવરને માહારી નજદીક મોકલ કે તે ભાઈ સાથ હું વાત કરીઆમાં લાઉં. અવર પોતાની સાથ એક જુવાન મરદને લઈ આવીઓ અને મેં સવાલ કીધાથી તે બોલીઓ કે તે મને તદન ઓલખતો હતો નહીં. "અબુલ ફુઉએરીસ કંઇ તાહારા જેવો ન હતો (તે બોલીઓ) કારણ તે એક સુંદર નોજુવાન સખસ હતો અને તું તો ઘણોજ બદસુરત દીસેછે. તેનો તો બાંધો ઘણોજ મકમ હતો અને તું તો કોઈ મુરદાંશરીરોજ જણાયછે; વાસતે જા ઠગાઇનો પેસો કરવાથી પરેહજ રેહે કારણ, જો કે આજ સાત વરસ થયા અબુલ ફુઉએરીસ અમોથી દુર થયોછે તોપણ તેનો ચેહેરો અમારા મગજમાંથી હજુર ખસીઓ નથી; અને અમારી પુર ખાતરી થઇછે કે ગોવલકંદાની સફરમાં તે મરણ પાંમીઓછે."

એ રવેશના સખુન સાંભલી હું ઘણોજ અજબ થયો; પણ હું અતીશય વીચારમાં પડીઓ કે માહારો ભાઇ મને ઓલખી શકીઓ નહીં. "કેમ, કનઝાદ! (માહારી ઓરત તરફ જોઈ હું બોલીઓ) જે અબુલ ફુઉએરીસને એક વખત તું ચાહાતી હતી તેને તું ઓલખતી નથી? આહા ! કેવી માહારી આ અવસથા ! અફસોસ ! શું મને એવો વીચાર કદીપણ હતો કે માહારા પાછા ફરતી વખતે કનઝાદ માહારી આવી નીરદય રીતે મુલાકાત કરશે? અરે ! હું જમીનનાં ભીતરમાંજ રહતે તો કેવું બેહેતર થતે! તને પાછો મલવાને જે અધીરાઇ મેં રાખી હતી તેનો શું આ આવો બદલો!" "તાહારો અવાજ (કનઝાદ બોલી) અલબતાં અબુલ ફુઉએરીસના જેવોછે, અને જોકે તાહારો ચેહેરો તેના ચેહેરાથી તદન જુદોછે તોપણ માહારે કબુલ કરવું જોઇએ કે તાહારા બોલવા પર હું બેદરકાર નથી. પણ જો તું માહારો ખાવીંદજ હોયતો બોલ કે શા બનાવથી તાહારા રૂપમાં આટલો ફેરફાર બનીઓછે ? બસરા છોડી ગયા પછે તું કાંહાં કાંહાં ગયો હતો તથા તાહારી સીકલ એવડી બદલાઈ કેમ ગઇ તે વીશે મુજને જણાવ."

એ પછે મેં માહારી મુસાફરીનો હેવાલ તેમને અવલથી તે આ-ખેર લગી કહીઓ તેવારે માહારા ભાઇની સાથે જે જુવાન મરદ હતો તે ગુસામાં આવી બોલીઓ કે "તું ઠગારોછે, અને આ તાહારી હસવા સરીખી વાત કંઇજ નહીં પણ ફકત માહારા સુખમાં ખલલ કરવાને માટે તું એ જોડી કાહાડીછે; પણ એમાં તાહારી ભુલછે, કારણ, આજ દને હું કનઝાદ સાથ નેકાહ બાંધી ચુકોછું, અને હવેથી તે માહારાં સુખ દુખનો ભાગીઓ થઇછે."

આ તેના છેલલા સખુન સાંભલી મને ધુજરાં છુટાં; અને હું કનઝાદ તથા અન્વરના મોંહોડાં તરફ તગોતગ નજર કરવા લાગો. તેઓ બંધે ચુપ થઇ ગયાં અને ગભરાતમાં પડેલાં જણાયાં. "અરે! હું આ શું સાંભલું (હું બોલીઓ) કનઝાદ, કે જેણીનું એકીન મુજમુઆફેક સાબુત હતું તેણીનો આ બીજો ખાવીંદ!" હું આગલ બોલવા જતો હતો પણ બેસુધ બનવાને લીધે વધારે બોલવાથી અતકીઓ.

પેલા જુવાન મરદે અને મેં રકઝકમાં રાત ગુજારી. જેમ હું વધારે કહેતો કે તેમ તે વધારે ઉસકેરાતો હતો. કનઝાદ અને અન્વર તો મુગાં થઇ રહેઆ હતાં. બારવને અમો ચાહારે જણ કાજી પાસ જઈ ઊભાં; એટલે પેલો જુવાન મરદ બોલીઓ "સાહેબ, તું એ માહારા ગઈ કાલે આ ઓરત સાથ નેકાહ બાંધી આપેઆ પણ આ મરદે રાતના આવી અમારી ખુશીમાં ખલલ કીધીછે; કારણ, તે આ ઓરતનો ખાવીંદછે એવું દાવ ધાલેછે અને કહેછે કે એ અબુલ ફઉએરીસ પોતેછે."

એ વાત સાંભલી કાજીએ દોકુ ધુનાવીઊં, અને કહીઉં કે "હું અબુલ ફઉએરીસને સારી રવેશ ઓલખુછું. એ કાંઈ તે અબુલ ફઉએરીસ નથી. અને તું (કનઝાદ તરફ જોઈને પાછો બોલીઓ) આ માણસ વીશે શું વીચારેછે? તું માંનેચ કે એ અબુલ ફઉએરીસ પોતેછે?" "મેરબાન, (કનઝાદે જુઆબ દીધો) માહારી આંખ ઉપર ભરોસો રાખુતો એ કાંઈ અબુલ ફઉએરીસ નથી; પણ એનો અવાજ તેના જેવોજછે." "અએ

મુસલમાંનોના નીઆયાધીસ! (હું બોલાઓ) હું તને આજેજી કરૂંચ કે એ બાબદ ઉપર તું પુરતો વીચાર કરે અને બરોબર ઈનસાફ તોલે. માહારૂં રૂપ જમીનનાં ભીતર માંહેલી માહારી છેલી મુસાફરીથી બદલાઈ ગયુંછે." "શું (કાજી બોલીઓ) જીવતું માણુસ જમીનનાં પેતામાં જીવી શકે? આ કેવી નવાઈ જેવી વાત?" "બેશક, (મેં જુઆબ દીધો) અને જો તું મને રજા આપે તો માહારી મુસાફરીના સઘલા હેવાલથી તને વાકેફ કરૂં. તેવારે પેલો જુવાન મરદ વચમાં બોલી ઉઠીઓ કે સાહેબ, એ તને કાંઈ નવાઇ જેવી વાતો કહેશે પણ માહારી ખાતરીછે કે એવી વાતો પર તું હરગેજ થઈ તાહારૂં ધીઆન લગાડશે નહીં. "ચુપ? (કાજી બોલીઓ) મને એની વાત સાંભલવા દે."

એજ વખતે મેં માહારો હેવાલ સઘલો જણાવીઓ જેથી કાજી તેઓના મોંહો તરફ જોઈ બોલીઓ કે આ સખસનું બોલવું જોકે સઘલું ગલત લાગેછે તોપણ એમબી બની શકે કે એ સાચુંબી બોલતો હોય; વાસતે એ તમારો ઇનશાફ માહારાથી થઇ શકતો નથી, તમો મદીના તરફ જાઓ, તાંહાં પેગમબરનો દામાદ, અને કલીફો, તમારો બરોબર ઈનશાફ ચુકવશે.

કાજીનો એવો ચુકાદો જોઇ કનઝાદ અને અવર અમને શેહેરે મદીનામાં લઇ ગયાં, જાંહાં ઓમર કલીફાએ માહારો હેવાલ સાંભલતાંજ કહીઉં કે તાહારી વાત માહારા માનવામાં આવે એવી નથી; વાસતે તમે આહારે જણ માહારી સાથ મહમદના બાગમાં ચાલો, તાંહાં તે પેગમબરનો જમાઇ તમારો નીઆએ ચુકવશે. એ સાંભલી અમો રોજામાં મહમદના દામાદ આગલ ગયાં જેણે માહારૂં નામ સાંભલતાંજ આકાશ તરફ હાથ કરી કહીઉં કે "ઓ માહારા પેગમબર અંતે તાહારૂં કહેવું ખરૂં થયુંછે! (કલીફ તરફ જોઇને) મેરબાન, આ માણસનું કહેવું બોલે બોલ રાસતછે. એ અબુલ ફઉએરીસ જમીન નીચે મુસાફરી કરી તાંહાંની નવાઇ જેવી ચીજ તથા અસો મરદો, અને જીન દેવ, પરીઆં સાથ

મુલાકાત કરી આવશે એવું માહારા સસરાએ મને આગલથીજ કહીઉં હતું. વાસતે એનો હેવાલ સાંભળવાનું માહારૂં મન થાયછે."

એ ઉપરથી મેં માહારો સઘલો હેવાલ તેઓને કહી સંભલાવીઓ તેમાં અગત કરીને પેલા જીનીના પાદશાહે જે તેઓને કહેવાડીઉં હતું તે વધારે સરાધતથી તેઓને કહીઉં તેવારે તેઓ બંધે જણે ખુશી થઇ એકેક પછી મને ગોદમાં દાબીઓ અને કહીઉં કે આ દુનીઆમાં અબુલ ફઉએરીસ જેવો સુખી બીજો કોઇ નથી.

પરીનામ એ નીપજીઉં કે ઓમરે પેલા જુવાન મરદને કાહાડી મુકીઓ અને કનઝાદને પાછી માહારે હવાલે કીધી તથા પોતાના ખજાણામાંથી કેટલોક ગંજ અને ગોલામો મને અપાવીઆ જેથી હું કનઝાદ સાથ સુખમાં વખત ગુજારવા લાગો. કનઝાદને મેં જરાપણ તેણીની માહારી તરફની નીરદય ચાલને વાસતે થપકો આપીઓ હતો નહીં, સબબ, તેમાં તેણીનો તકસીર હતો નહીં. અવરે માહારી ઘેરહાજરીમાં માહારો વહીવત ઘણોજ ખરાબ રીતે ચલાવીઓ હતો; એટલે સુધી કે ખાવાના પણ વાખા પડીઆ હતા તેથી તેણે કનઝાદને બીજો મરદ કરી લાવવા ભલામણ કીધી હતી. મેં માહારા ભાઇને પણ થપકો દીધો હતો નહીં.

થોડેક દીવસે અમોએ એક ઘર વેચાતું લીધું જેમાં ખુદાના હુકમથી એક છુપું ધન હાથ લાગું તેથી માહારી દોલતનો તો પારજ નથી.

શાહા કોબાદ, અને માજીનાની દાસતાનનું સેવત.

જેવારે અબુલ ફઉએરીસ પોતાની દાસતાન તમામ કરી રહીઓ તેવારે શાહા કોબાદ બોલીઓ કે " અબુલ ફઉએરીસ, તાહારી ઉપર બેહદ સંકત ગુજરીઆં પછે તું હવડા પુરૂં સુખ ભોગવેછે; અને હું આજ કેટલાં કેટલાં વરસ થયાં કોઈ ખરાં સુખી માણસની જોસતેજોમાં શેહેરે શેહેર તથા ગામે ગામ રખડતો ફરૂંછું; પણ હજુર કોઇ તેવો મલી આ-

વીઓ નથી; લેકીન આજ રોજે તુંથી માહારી મુરાદ બર આવીછે. માહારા આ બંધે આસનાવોનો એવો વીચારછે કે હક્તેકેશવર જમીન ઉપર એવો કોઈ સખસ નથી કે જે કોઈપણ ચીજની તંગી રાખતો નહીં હોય; પણ એ વીચારમાં તેઓએ આજ રોજે પોતાની ભુલ જોઇછે."

"માફ કરો સાહેબ, (મુસાફરે જુઆબ દીધો) તેઓનો વીચાર ખોટો નથી, એતો તમારીજ ભુલછે. એક બાબદ જે મેં તમને જણાવી નથી તે તમારી ખાતરી કરી આપશે. કનઝાદ, જે જુવાન મરદને પરણી લાવી હતી તેને ખરી મોંહોંબતથી ચાહેછે. ઓરત તરીકેની ફરજ માહારી તરફ બસ કરતાં વધારે દેખાડેછે, તથા કંઇપણ દગો કરતી નથી; લેકીન એ છતાં પણ તે તેને વીસરતી નથી: અને એ મેં ઘણી વખત જોઇ લીધુંછે. એથીજ મોટો અંદેશો માહારા દેલમાં ઉતપન થયા કરેછે કે, જે ચીજને હું હાલમાં હંમેશ કરતાં જીઆદા ચાહુંછું તે ચીજ હવે માહારે વીશે બેદરકાર રહે!- પાદશાહ, એ ઉપરથી તું જોકે કનઝાદ તરફથી હું કેવું અને કેટલું સુખ હાંસલ કરૂંછું."

દમાસકસના પાદશાહથી જેવારે જુઆબ દેવાઇ શકાયો નહીં તેવારે એવું માનવા લાગો કે તેનો વજીર તથા માનીતો ખરા હતા ઇઆને તેણે એવું કબુલ કીધું કે દુનીઆમાં ખરો સુખી તો કોઈ હશે નહીંજ.

કેટલાક દીવસની મુસાફરી પછે તેઓ શેહેરે બગદાદ જઇ લાગા; અને અબુલ ફઉએરીસને તાંહાં કાંઈ કામ હોવાથી તે તાંહાંજ થોભીઓ અને પાદશાહ, વજીર અને માનીતાએ દમાસકસ તરફ કુચ કીધી. શેહેરમાં પોહોંચવા પછે પાદશાહે પોતાના રાજની લગામ પોતાને હસતક લીધી અને વજીર તથા માનીતાને પોતાની હજુરમાં બોલાવી કહયું કે "તમો તમારી જગાપર પાછા કાયમ થાવો; હું હવેથી તમારાં મતને મલતો થયોછું અને બેશક રીતે કબુલ કરૂંછું કે કોઈપણ મરદુમ કાંઈપણ સંકલથી મોકલો નથી. જેઓનાં ભીતરમાં આફત અને વીપતીનો મારો ચાલુ રેહેછે તેઓજ બાહેર ખાંણીથી ઘણાજ સુખી જણાયછે. ચાલો હવે

આપણે આપણા જીવને વધારે સતાવવાથી દુર રાખીને આરાંમથી વખત ગુજારીએ. આપણે સુખીતો નથી; ખેર! લેકીન, આ ફાની દુનીઆમાં કેટલાક એવા પડેલા હશે કે જે આપણ કરતાં જીઆદા બેચેન રહેતા હશે." "અલબતાં, (માનીતાએ જુબાબ દીધો) કાંહાંપનાહનું કહેવું બરહકછે અને હવે આપણે એવોજ વીચાર રાખવો કે આપણી મોહોબતની દેવીઓ ઇઆને જે ઓરતોની મોહોબતમાં આપણે જાબજા રખડીને થાકા છીએ તેઓને આપણી ઇઆદીમાંથી દુર રાખવી."

એ મીસાલે સતુલમીમ દાસીએ દામસકસના પાદશાહ તથા વજીરની વાત ખતમ કીધી એટલે આગલનીજ મુઆફેક ફરખુવાઝની દાસીઓએ તેણીને ઘણી સાબાસી આપી. તેઓએ આશકોના પોતાની ગાશુક ઉપરના પકકાં અને કાયમ એકીન બાબે તેઓની અતીઅંત તારીફ કીધી; પણ શાહાજાદી ફરખુવાઝ પોતાના રાબેતા પરમાણે તેઓની ખાંમીઓ કાઢીઆ વના રહી નહીં. દાસીએ પોતાના કામની મતલબ તજી દીધી નહીં, પણ શાહાજાદી પાસેથી બીજી વાત કરવાની પરવાનગી મેલવી, અને બીજે દીવસે પોતાની નવી વાત ચાલુ કીધી.

દાસતાને કુલુઝ અને સુંદર દાઈલેરા.

શેહેરે ડમસકસ મધે અબદલાહ નામે એક જઇફ વેપારી રહેતો હતો. તેણે હકતે કેશવર જમીનના ઘણાએક ભાગોમાં મુસાફરી કરી પુષ્કલ દોલત જમાવ કીધી હતી તોપણ તે તેથી સુખી રહેતો હતો નહીં; સબબ, તેની જીંદગીનું એત વેરાણ હતું; ઇઆને તેને કંઇ ફરઝંદ થયાં હતાં નહીં. તેથી તે પોતાના ખજાણામાંથી રોજ દરવીસોને મોટી મોટી ખેરાત કરતો હતો કે તેઓની દુઆથી તે શરવે શકતીવાન સાહેબ તેને ફરઝંદ આપે. એ વતરોગે એણે ધરમશાલા ઇસપીતાલો, નીશાલો વીગેરે બીજા ઘણાએક સદાવરત પણ ઉઘાડીઆં.

એમ કરતાં એક રોજે તેણે પોતાની નજદીક એક નામાંકીત વઇદને

બોલાવીઓ અને તેને પોતાની ખાહેસતથી જાણીતો કીધો તેવારે તે બો-
લીઓ કે " અએ મેરબાન, તાહારાં દીલની ઉમેદનો કંઈપણ ચારો ઈન-
સાનના હાથમાં નથી, એતો તે સરવે શકતીવાન શાહેબ ઉપર આધાર રાખેચ,
લેકીન તે બાબેના ઉપાયો શોધવાની તજવીજ કરવાને ઈનશાનને કશી
રૂકેશની મનાઈ નથી. વાસતે માહારૂં કેહવું ધીઆનમાં લે કે તું તાહારે
વાસતે એક બાંદી ખરીદ કર. તે બાંદીનું કદ સરવ સરખું ઊંચું અને
સીધું; તેણીનો ચેહેરો ખીલતાં ગોલાબ સરખો, રોખશારા ઉપસેલા, અને
હોત ગોહોટા તથા તેણીનો અવાજ નરમ અને મધુર, તુંકમાં તેણીનો
દેખાવ એવો હોવો જોઈએ કે તે તને દરેક રીતે પસંદ પડતી હોય.
તેણીની તરફ તાહારે ખરી મોહોબત દોડાવવી જોઈએ. વલી તેણીની
સાથ કાંઈપણ તાહારો સંબંધ થાય તે આગમચ તાહારે ૪૦) દીવસ
દુનીઆ સંસારથી પરહેજ રહેવું તથા એ ૪૦) દીવસમાં મજબુત ખોરા-
ક લેવો જોઈએ. અગર એ પરમાંણે તપાસ રાખે તો કદાચ તું એક
ફરઝંદ પાંમીઆ વના રહે નહીં.

હકીમજીની શીખામન માનીઅ કરી અબદલાએ એક બાંદી વેચાતી
લીધી અને તેના કહેવા પરમાંણે ચાલીઆથી ખરેખર તેણીની ગરભવંતી
થઈ. તેણીએ એક બેટાનો જનમ આપીઓ કે જેનું નામ તેણે કુલુફ
કરી રાખીઉં. જેવારે તે બાલક મોટું થયું તેવારે તેને શીખાડવાને માટે
ઉસતાદો રાખી તેને જુદી જુદી ઝબાનની તાલીમ અપાવી જેથી તે જે-
વારે જુવાનીમાં આવીઓ તેવારે ઘણોજ કાબેલ અને નામાંકીત શખ-
શ થયો.

આવા દીકરા તરફથી બાપને કેટલું સુખ હાંસલ થવું જોઈએ તેનો
કોઈપણ વીચાર કરે! અબદલા તે છોકરાને પોતાના જીવ કરતાં વધારે
પીઆરો ગણવા લાગો.

એમ કરતાં મોહોતનો ફરેસતો જે આ દુનીઆ માહેલા સરવેથી
સુખી આદમીને પણ પોતાની ઝેરી ચુંગાલમાં વીતાલી લઈ જયા વગર

રહેતો નથી, તેણે આ જઈફ અબદલાને મોંહોંતનો સમન પોંહોંચાડીઓ; અને ફુલફ તેની સરવે અસફીઆમતનો ધણી થયો. બાદ જે મીલકત તથા દોલત તેના બાપે ભારે મેહનત તથા દલદેશરીથી ભેગી કીધી હતી તે તેણે થોડીક મુદતમાં ઉડાઉ રીતે પોતાના લફંગા આસનાવો સાથ મોજમઝામાં તથા બીજી ખરાબ રીતે ઉડાવી નાંખી; જેથી તે સેવટે ભીખારી હાલતે પુગો, અને પોતાની બદ ચાલનો પસતાવો કરવા લાગો. આવી તંગ હાલતમાં મદદને માટે તેણે પોતાની સાથે ખાણા પીણારા તથા ફરનારા દોસતોને મદદકાજે અરજ કીધી પણ તેઓએ તેને જરાપણ કાંહું આપીઉં નહીં. કોઈક આસનાવ એમ કહેવા લાગા કે તેઓ તેની માઠી હાલત વીશે ઘણાજ દલગીર હતા અને કે ખોદા તેની ઉપર રેહેમ નજર કરે એવી તેઓ રાત દન પરારથના કરતા હતા. બાજે આસનવો તેની પર પીઠ મંદી ચાલી જતા અને તેને દીલાસાનું એક ટીપું પણ રેહેમ ખાતર નહીં દેતા.

અએ બે મરવત દોસતો (તે બોલીઓ) આ પોલાદ સરીખાં તમારા કઠણ દીલ જોઈ માહારા દુખમાં ઉમેરો કરવાનો મને સબબ મલેછે! અરે પેલો એક વખતનો હેમકઈ ભરેલો વીચાર કે, માહારા આસનાવો મને પોતાના ખરા જીગરથી ચાહેછે તેની આ વખતે ઈઆદી લેતાં અલબતાં ગોયા મને ઘટતી સજા થઈ હોય એવું દીસેચ! અને તેમાં ખરેજ કંઈ સંધે નથી.

અબદલાનો બેતો બીચારો આ મુઆફ્રેકની પોતાની દુર અવસથા થએલી જોઇ હાએ અને અફસોસ કરતો પોતાના શેહેરના બેહદ ઓલખાણવાલા લોકો જેઓ તેને મુરખના એલકાબથી પીછાણવા લાગા હતા તેઓને પોતાના વેલાત સાથ તજી જવાના એરાદાથી શેહેર બાહેર નીકલી બીજાં ગાંમની રાહ પર ચાલતો થયો. કીરીતીસ લોકોનો મુલક પસાર કરી તે કારકોરસની શર જમીન પર આવી લાગો કે જાંહાં તે વખતે કાલકન નામે પાદશાહ રાજ ચલાવતો હતો. શેહેર મધેની એક ધરમ-

શરા મધે તેણે ઉતારો કીધો અને જે કાંઈ પોતા પાસે જુજબી પઈસા બાકી રહેઆ હતા તેમાંથી પોતાને સારૂં પોશાક એક વેચાતો લાવીઓ; અને શેહેરનો દેખાવ લેવાને વાસતે રોશન રોજની વખતે ગામમાં આણીગમ પેલીગમ ભટકી રાતના પોતાના મુકામ પર પાછો ફરતો.

એ રવેશે જેવારે ઘણાક રોજ ગુજરી ગયા તેવારે કીરીતીસ લોકોના પાદશાહને ચોથઈ આપનારા રાજાઓએ તેને ચોથઈ આપવી બંધ કરી ઓર તેની સાંમે જંગ ઉઠાવી જેથી પાદશાહ કબલકનને તેઓ સાંમે લશકર મોકલવાની ફરજ પડી. આ વેલાએ અબદલાના બેટાએ લડાઈમાં જવા સારૂં પાદશાહ પાસેથી ચાકરી માંગી લીધી. એ લડાઈમાં કીરીતીસ લોકોએ શતરૂની ફોજને સીકસતે બખારી અને અબદલાના બેટાએ એવી અછી રીતે પોતાની હુશીઆરી દેખાડી કે પાદશાહની મેરબાની તેની ઉપર ખેંચઈ. બાદ કેટલેક દીવસે બીજા રાજાઓએ પણ કબલકન સાંમે જંગ મચાવી, અને તેઓએ પણ કીરીતીસ લોકોના હાથથી હાર ખાધી. આ વખતે પણ કુલુફની ધરપકડથી શાહાજાદા મીરજીહાનનું ધીઆન તેની તરફ દોડીઉં; અને તે એટલે સુધી કે તેણે કુલફને પોતાનો વીસવાસુ નેમીઓ.

હવે જેવારે કબલકનનો વખત ભરાઈ ચુકો અને તેની જગાએ મીરજીહાંન આવીઓ તેવારે તેણે કુલુફને પોતાનો પેહેલો માનીતો કીધો. એ રવેશે જેવારે પોતાનું તાલે રોશન થયલું જોઇ કુલુફ આદમજાદની ચઢતી પડતી વીશે તરેહવાર વીચાર કરવા લાગો, અને મનમાં વમાસવા લાગો કે "જેવારે હું દમસકસમાં હતો તેવારે મને કોઈ કાલે પણ એવો વીચાર નહીં આવીઓ હતો કે હું દલીદરી અવસથાએ પુગશ? અને જે વેલાએ હું શેહેરે કારકોરમમાં આવી લાગો તેવારે માહારી હાલની હાલતે પુગવાની મને જરાપણ આશા હતી નહીં; નહીં; આપણી જીંદેગાણીની સંઘલી ચઢતી પડતીની વાત મુદલ આપણા પોતાના હાથમાં નથી; અને જે બનવાનું હોય તે બનીઆ વગર રેહેતું નથી; વાસતે આપણા દીલની

ઉમેદપર આપણે રહેવું જોઇએ અને આપણા તાલેમાં જે લખાયલું હોય તથા જેનો આપણે અતકાવ કરી શકનાર નથી તેને આધીન રહેવું શજાવરછે."

એ રવેશ દરીઆફત કરતાં અને તે પર એકીન રાખી ચાલતાં તે વગર હરખતે પોતાના મનની ઇચ્છા પરમાણેજ ચાલવા લાગો. એક રોજને સમએ કુલુફ મેહેલ મધેથી બાહેર નીકળતો હતો તે વેલાએ એક બુધીઆ તેને સાંમે મલી કે તેણીના મોંહોંપર રેશમી બુરખો નાંખેલો હતો અને હાથમાં એક જડાવદાર લાકડી પકડેલી હતી; તથા તેણીની સાથ પાચ બુરખાદાર બાંદીઓ ચાલતી હતી. તે બુઢીઆની નજદીક કુલુફ ગયો, અને તેનીને સવાલ કીધો કે પેલી બાંદીઓને તે વેચવા લઈ જતી હતી કે ? એ ઉપરથી તે બુઢીઆએ હાનો જુઆબ દીધો, તેવારે તેણે તેઓના મોંહોંપરના નેકાબ ઉઠાવી તેમના ચેહેરા તરફ નેગાહ કીધી અને તેઓ મધે જે એક ઘણીજ ખુબશુરત હતી તે વેચાતી લેવા તેણે કહીઉં તેવારે પેલી બુઢીઆ બોલી કે અએ જુવાન, તું કોઇ આબરૂં અને લાયકીવાલો મરદ જણાયછે તેથી હું નહીં તને ભલામણ કરતી કે તું એને ખરીદ. માહારી પાસે યુનાની, સલેવાનીક, આઈઓનીઅન, ઇથીઓપીઅન, ચીનઈ, આરમીનીઅન, અને જીઆરજીઅન વીગેરે જાતની બેશુમાર બાંદીઓછે તે હું તને દેખાડું; વાસતે આવ તું મુજ બરોબર કે તું તેઓમાંથી એકને પસંદ કરીઆમાં લાવે. બુઢીઆના એ શખુન સાંભલી કુલુફ લાગલોજ તેણીની પછવાડે ચાલતો થયો.

એમ કરતાં રાહાના દરમીઆનમાં એક નીમાજ કરવાની જગા મલી તાંહાં કુલુફને દરવાજા આગલ ઉભો રાખી પેલી બુઢીઆ અંદર ગઈ, અને થોડેકવારે એક બાંદીને સાથે લઈ પાછી ફરી. તે બાંદીની બગલમાં કપરાંની એક ગાંસડી હતી: તેમાં એક બુરખો તથા એક જમો હતો, જે બાહેર કાઢી બુઢીઆએ કુલુફને આપીઓ અને કહીઉં કે "અમો ઊંચાં કુલની ઓરતો છીએ તેથી બેગાણા મરદોને અમારા કુટુંબમાં દા-

બલ કરવું એ બે આબરૂ ભરેલું છે વાસતે તાહારે આ જભો પેહેરવો પડશે અને આ બુરખો મોંહોંપર નાંખવો પડશે." કુલુફે તેણીનું કહેવું કબુલ કીધું, ઇઆને પેલો બુરખો અને જભો પોતાના પેહેરીઆમાં લાવીઓ; બાદ પેલી બુઢીઆ સાથ તે આગલ ચાલીઓ, અને સેવતે એક એવા મેહેલમાં તે તેને લઇ ગઇ કે જે જગાથી તે બીલકુલ અનજાણ હતો. મેહેલ માંહેલો એક સંગે મરમરની જમીનવારો ચોક પસાર કરી એક સુંદર દીવાનખાણામાં તેઓ જઇ લાગાં, તાંહાં વચોવચમાં એક મોટી હોજ બનાવેલી હતી, જે મધેનાં પાણીમાં ભાતભાતના નાહાનાં પખશીઓ ગેલ કરતાં હતાં. તેની આસપાસ સોનેરી તારના પીંજરાં હતાં કે જે માંહેલાં પખશીઓ મધુર સરોદ કાહાડતાં તે ઉપર કુલુફનું મન રોકાયું; એવામાં એક સુંદર નાજનીન તાંહાં આવી લાગી અને તેને ઘણી તાજીમ તવાજથી અને અદબ અંદાજાથી નમસકાર કરીઆ પછે તેણીએ પોતાની પાસેથી એક રેશમી રૂમાલ કાઢી તેનું મોહોડું લુછીઆ પછે પોતાની બગલમાં લઇ તેને એક ઊંચા ગાલીચા વાલી બેઠક ઉપર બેસાડીઓ, અને પોતે તેની બાજુએ બેસી નેણના અદા એવીતો મોહોબતથી ચલાવતી હતી કે તે તેણીની ઉપર તે મોહીત પડીઓ.

સારાઉંસ, જેવારે તે તેણીનેજ ખરીદ કરવાના વીચારમાં રોકાયલો હતો તેવામાં એક બીજી જુવાન ઓરત તાંહાં આવી લાગી, જે પેલી પેહેલી કરતાં વધારે સુંદર દેખાતી હતી. તેણીના પીરાં રંગેલાં જુલફાં તેણીના ખભાં ઉપરથી લટકતાં હતાં, અને તે ખભાં ખુલલાં રાખેલાં તેથી તેનો દેખાવ ઘણોજ અસરકારક લાગતો હતો. તેણીની અબદલાના છોકરા પાસે આવી અને મોહોબતના દેખાવથી તેનો હાથ પકડી બેસા લીધા પછે સોનેરી તસમાં તેના પગ ધોવા જતી હતી એટલામાં કુલુફે તેણીને અટકાવી. તે તેણીની ખુબશુરતીથી એવોતો હેરત થયો હતો કે પોતાનો વીચાર તેણીની ઉપરજ કાયમ કીધો પણ અરે ભોલો બીચારો કુલુફ! આ વખતે તેની શું હાલત! ચોટોપાટ બેભાન થઇ જમીન ઉ-

પર તુટી પડીઓ. તેનું કારણ કંઈ પેલી ઓરત નહીં હતી; પણ જેવારે તે તેણીની ખુબશુરતીના સેકંજામાં ગીરફતાર પડેલા હતો, તેવારે એકાએક તેણીની નજરે શું દેખાવ જુએ કે એકદમ ૨૦) સાહેલીઓ તેના દીઠામાં આવી; તેઓ ખુબશુરતીમાં એકકને હતાવે એવી જણાતી હતી. ટુકમાં, આ જમીનપર ગોયા આકાશ માંહેલાં પરીઆં ઉતરી આવેલાં હતાં. તેઓની હરોલમાં એક એવીતો ખુબશુરત નાજનીન ઠુમકતી ચાલે ચાલતી હતી કે તું કેહે ગોયા માહાતાબ તે વખતે સરવે સેતારાવો સાથ તે જગાનો પહરેણો થયો હતો.

કુલુફને હુશીઆર કરવાને સઘલી નાજનીનો લાગી ગઇ. અને જેવારે તે તેઓની મદદથી પાછો સુધીમાં આવીઓ તેવારે પેલી માહાતાબને ચેહેરેવાલી નાજનીન કે જેણીને જોઇ તે બેભાન થયો હતો તેણીએ તેને અવકાર દીધો, અને પોતાની પાસે બેસાડી પોતાની સાહેલીઓ પાસે સરબત મંગાવી અવલમાં પોતે નોશ કીધા બાદ કુલુફને પાયો. બાદ તેણીએ કુલુફને ગમગીન જોઇ તેનું કારણ પુછીઉં તેવારે તે બોલીઓ કે "અફસોસ શાહજાદી, તું મને એવો સવાલ પુછી વધારે દલગીર ના કર! શું તું માહારી અચરતીનું કારણ જાણતી નથી! આહા! હકીકતેકેશવર જમીન પરનો કીઓ શખસ તું જેવી નાજનીનનો ચેહેરો, બેભાન થવાની વગર ધાસતીએ, જોવાની હીંમત ચલાવી શકશે? આહા! એ પુનમના ચાંદ જાણુ કે જે પલથી હુંએ તાહારો ગોલાબી રૂખશારવાલો ચેહેરો દીઠોછે તેજ પલથી આ માહારૂ શર હાંદેશાંના વમલમાં ગોતા ખાતું થયુંછે!" "ધીરજ ધર, ખુશી થા (તે નાજનીને જવાબ દીધો) અને જાણ કે તું હીઆં એક નાજનીન ખરીદ કરવા આવીઓછે વાસતે હાલમાં આવ હમારી સાથ સુફરા ઉપર તને અગોથી બહુ ગમત મલશે.

એ રવેશની ગોફતેગો ચાલીઆ પછે પેલી ઉસતાદ નાજનીન કુલુફને હાથ પકડી જમવાના ઓરડામાં લઇ ગઇ જાંહાં કીસમ કીસમનું ખાણું ખાધા પછે સરાબ વાલા ઓરડામાં સરવે જણ ગયાં. સરાબમાં

ચકચુર થવા પછે દીવાનખાણામાં ગયાં કે જાંહાં કેટલીક સાહેલીઓએ વજનતર સાથ ખુશ હલકે સરોદ ગાવા માંડીઊં. જેવારે તેઓના દીલ પઝીર સરોદથી ફુલફને બેહેદ ખુશી થતો દીઠો તેવારે પેલી માહાતાબને ચેહરેની નાજનીને પોતાના હાથમાં એક સારંગી લીધી, અને તે વજંતર સાથ એવાતો એક મધુર રાગ ગાયો કે જેથી ફુલફનો હરખ દીલમાં શ-મઇ શકીઓ નહીં; તેથી તે ઉલતમાં આવી બોલીઓ કે "ઓ માહારી પાદશાહજાદી, બસ હવે તું એ માહારૂં દેલ ગરદાપેચ કરી નાંખીઉંછે, અને માહારા હોસ ઉડાવી મુકીઆછે; વાસતે મેરબાની કરી તાહારા બરફ જેવા હાથ પર મને બોસા લેવા દે અને મને તાહારી આગલ ગુંટણીએ પર-વા દે." એટલું કહેતાંજ મોહોબતમાં ચકચુર થયલા આ આશકે જમી-નપર પડી તેણીનો એક હાથ પકડીઓ અને તેપર બોસો લીધો. આ રવેશનો મામલો જોઇ પેલી નાજનીને ગોસામાં આવી જોરથી ફુલફને આચકો મારીઓ, અને બોલીકે "એ નીરલજ અને બે અદબ મરદ, ગમે એવો તું હોય, તોપણ તાહારી નીચ મુકતીને તું બેસાડી દે, અને સ-ભીઆતાની હદમાંથી હરગેજ થઇ બાહેર નીકલવાની હીંમત કર ના. હું એક ઊંચાં કુલની કુંવારી કનીઆછું; મને મેલવવાની ફોકત આશામાં મલકા ના; એ કદીપી બનનાર નથી. અને હવે ફરીથી તું મને હરગેજ જોનાર નથી." એટલું બોલીઆ પછે તે તાંહાંથી જતી રહી અને સરવે સાહેલીઓએ તેણીની પછવાડે ચાલતી પકડી.

અબદલાનો બેટો એખલો દીવાનખાણામાં રહી ગયો. તે પોતાની ચાલ વીશે પસતાવો કરતો વીચારમાં બેઠો પણ એટલા અડસતામાં પેલી બુઢીઆ જે તેને તાંહાં લાવી હતી તે તાંહાં આવી લાગી અને બોલી કે "અએ જુવાન મરદ, તેં આ શું કીધું? અરે તેં તાહારા દીલની ઉમે-દને અકલની હદ બાહેર કેમ કરી જવા દીધી? કબુલ કરૂંચ કે મેં તને વહમાવીઓ કે માહારી પાસે બાંદીઓ વેચવાનીછે તોપણ તાહારે દીલમાં દરીઆફત કરવો જોઈતો હતો કે આવું જાહોજલાલીવાલું તથા થાતમાત

ભરેલું મંદીર બાંદી ખરીદ કરવાની જગા હોય? જે નાજનીનને તું'થી અપમાન થયુંછે તેતો આ શેહેરના એક નામીચા દરબારીની બેટી લાગે-ચ : તાહારે તેણીની સાથે સલુખાઈથી કામ લેવું હતું."

બુઢીઆના એ રવેશના સખુનથી કુલુફના દેલમાં બેહોળતનો આ-તશ વધારે પજરીઓ અને તેની દલગીરી જીઆદા થઈ. તે નીચે સર નમાવી તેણીને પાછી જોવાની ના ઉમેદીમાં ગીરફતાર બેઠો હતો એટલામાં પેલી નાજનીન પોતે પાછી આવી. પણ આ વખતે તેણીનો પેહરવેશ મહલાજાસર ઘણોજ ફેરફાર ભરેલો હતો. અબદલાના બેટાને દલગીર અને બીચારમંદ જોઈ તેણીની મોહોટે હસી પડી અને બોલી કે "મને એકીનછે કે તું તાહારી ભુલને માટે બાહારે પસતાવો કરેછે; અને હું તને આ એક વખત માફી બખશુંછું, અને તે પણ એવી સરતે કે તું બીજી વખત ઘણો સાવધ રેહે; તથા તું કોણછે તે વીશે મને વીગત-વારે જણાવે."

કુલુફને એ રવેશે આવી ખુબ ચેહેરેની માશુક સાથ સલાહ કરવા કરતાં બીજું તે જીઆદા શું ભાવે? તેણે લાગલુંજ, પોતાનું નામ તથા પોતે રાજાનો માનીતો હતો, એ વીશે તેણીને જણાવીઉં; તેવારે તે ના-જનીન બોલી કે "સાહેબ લાંબી મુદત થઈ હું તમને તમારી લોકોમાં ગવાતી કીરતી તથા વાખવાખીથી ઓલખુછું. મેં તમારે વીશે તમારા લાભમાં ઘણું સાંભળેલુંછે અને તેટલાજ માટે હું તમને જોવાને એક કરતાં વધારે વખત આતુરવંત હતી; અને આજ રોજે માહારી ઉમેદ રવા થઈછે એ માટે તે દાદગર દાવરનો ઉપકાર માનુંછું. ચાલો (સાહે-લીઓ તરફ મોહોં ફેરવીને) સેતાબી અખતીઆર કરો અને આપણા આ માનવંત પરોણાને આપણા નાચ રાગથી ખુશી રાખો" તેણીના મોંહોંમાંથી એ રવેશના સખુન નીકલતાંજ નાચણીઓએ નાચવા માંડયું, અને ખુબ ચેહેરેની રામજગરોએ મધુર અવાજે સરોદ ગાવા માંડીઓ. એમ કરતાં જેવારે રાતનો સમઍ થયો તેવારે આખાં મેહેલમાં બતીઓ

રોશન કરવામાં આવી અને બાવરચીઓ ખાણાની તઈઆરી કરવામાં મશગુલ થયા હતા એટલામાં પેલી નાજનીન તથા તેણીના આશક કુલુફને એકએક સાથ ગોફતેગો ચલાવવાને નવરાશ મલી તેથી તે નાજનીને તે શેહેરના પાદશાહ મીરજીહાંન બાબે ઘણાક સવાલ કુલુફને કીધા, તે મધે એકમાં એવું પુછીઉં કે તે શાહાજાદાના જનાનખાણામાં કંઈક સુંદર નાજનીનો હતી કે નહીં. જવાબમાં તેણે તેણીને હા કહી જણાવીઉં કે "તે શાહાજાદો હાલમાં ગુલેઅનદામ નામની નાજનીનને પોતાના જીવ મુઆફીક ચાહેછે. તેણીની જુવાન પુર જોબનવાલી, અને નાજુક બદનની તથા સરમાં સરવના ઝાડ જેવી સીધીછે. અને અગર મેં તને જોઈ ન હતે તો હું એવુંજ એકીન ધરાવતે કે હકતેકેશવર જમીનમાં તેણીનો જોડા છેજ નહીં. માહારે કબુલ કરવું જોઇએછે કે તે ગુલેઅંદામ ગમે એવી ખુબશુરતછે તોપણ તેણીની ખુબશુરતી તાહારી આગલ કુછ બીસાદ ધરાવતી નથી." એ રવેશની પોતાની થતી તારીફથી દાઈલેરા (તે નાજનીનનું નામ) ની છાતીમાં તથા રગેરગમાં હરખની નેહેર ચાલુ થઈઆ વગર રહી નહીં. ફીરઈત શેહરનો એક આતબર ઉમરાવ કે જેનું નામ બાયરક કરી હતું તેની તે બેટી હતી. તે ઉમરાવને મીરજીહાંને તાતાર દેશના રાજાને તખતનશીન થતી વેલાએ મુબારકબાદી આપવાને કાજે તે દેશ તરફ મોકલીઓ હતો; તેથી પદરની ગેરહાજરીમાં દાઈલેરા પોતાના શેહેરના નોજુવાન મરદોને પોતાની ગમતને માટે ઘરમાં બેધરક બોલાવી મંગાવતી હતી તોપણ જેવારે તેઓ આડા ફાતતા અને આડું બેહેકવા માંડતા તેવારે તેઓને પાછા ઠેકાણે કેમ લાવવું તે તેણીની સારી રવેશ સમજતી હતી.

પોતે પાદશાહની માશુક કરતાં વધારે ખુબશુરત હતી, એ રવેશ કુલુફને મોંહોડે પોતાની તારીફ સાંભલી દાઈલેરાના દેલમાં ખુશીનો શોહોર મચી રહીઓ; અને બંધે જણા સુફરા ઉપર બેઠાં તેવારે દાઈલેરાએ બેહદ રસીઆમની અને હસવાની વાતો ચલાવી જેથી તેણીની ખુબશુર-

તીએ જેટલી અસર કુલુફના દેલમાં કરી હતી તે કરતાં ઝીઆદા આ વખત થઈ. કુલુફ પણ પોતાની ચાલાકી અને હોશીઆરીથી તેણીને ખુશી કરવામાં પછાત રહેતો હતો નહીં. એમ કરતાં જે વેલાએ એક પોહોર રાત ગુજરી તેવારે કુલુફે રૂખશદ થવાને અરજ કીધી અને તેણીના પગ આગલ પડી બોલીઓ કે "અએ દેલ આરામ મેહબુબ, અગર હું આ જગાપર બીજાં ૩૦૦ વરસ રેહું તોપણ માતર એકજ પલ થોભીઓછું એવું વીચારીઆમાં લાઉં; અને જો કે તાહારી જાદુઈ ભરેલી આંખે તથા તાહારી ખુબશુરતીએ માહારા ઝીગરમાં મોહોબતનો આતશ રોશન કીધો છે તોપણ તું જેવી માશુકને ખાબગાહમાં જતી અતકાવવાને ના દરૂશત ધારી હું તાહારી પાસથી રૂખશદ માંગુંછું. પણ અગર તાહારી મેરબાની હોય તો હું કાલરોજે અતરે પાછો આ જગાપર તાહારા દીદાંના દરશન કરવા ખુશીછું." "અલબતાં (તે નાજનીન બોલી) માહારી ખુશીછે કે તું કાલે સાંજરે પેલી મસીદના દરવાજા આગલ આવી ઉભો રહેજે તાંહાંથી તને અહીં આજની મુઆફેક લાવીઆમાં આવશે." એટલું કહી તેણીએ જર જવાહેરથી ભરેલી, પોતાને હાથે રેશમ તથા સોનેરી કસબથી ગુંતેલી એક કોથલી આપી અને બોલી કે "અગર તું મને ફરીથી મલવાની ઉમેદ રાખતો હોય તો આ ભેટ કબુલ કર." કુલુફે તેણીનો ઉપકાર માની તે ભેટ લીધી અને તેણીને સલામ કરી બાહેર ગયો; એટલે પેલી નેક બુઢીઆએ તેને પાદશાહના મેહેલ તરફ જવાની રાહા બતાવી.

જેવો તે મેહલમાં દાખલ થયો તેવો તે પોતાના ઓરડામાં જઈ બીછાણા પર સુતીઓ. સુતીઓ ખરો પણ તેણે ખાબ કીધો નહીં; સબબ, તેના મનમાં દાઈલેરા વીશે તરેહ તરેહવારના વીચાર રમતા હતા. બીજી સહવારે બામદાદમાં ઉઠીઓ અને પાદશાહને હાજરી આપવા ગયો. તે પાદશાહે તેને આગલે દીવસે દીઠો ન હતો વાસતે તે ઘણોજ બેચેન રહીઓ હતો; તેથી તેને જોતાંજ બોલીઓ કે "કેમ કુલુફ તું હવડાં કાંહાંથી આવીઓ, અને કાલરોજે કાંહાં ગયો હતો." "જાંહાંપનાહ (કુલુફે

જવાબ દીધો) અગર હું તને ગઈ કાલ દને માહારી ઉપર બનેલા બના-વથી વાકેફ કરીઆમાં લાવશ, તેવારે તું વધારે અચરત થશે નહીં." એટલું કહી તેણે દાઈલરા વીશેનો તમામ હેવાલ પાદશાહને અવલથી તે આખેર સુધી જણાવીઓ, જે સાંભલી પાદશાહ બોલીઓ કે "શું ખરે-ખર તે નાજનીન તું કહેચ તેમ ખુબશુરતછે?" "અરે મેરબાન (કુલુફ બોલીઓ) માહારાં કહેવામાં જરાક સંદેહ નથી. તેણીની ખુબશુરતીની માહારાથી બરોબર તારીફ થઈ શકતી નથી; અને અગર ચીન દેશનો પેલો નામીચો ચીતારો મેની તેણીની તસવીર લેવા માંડેતો તે, ખચીત કરી કહુંછું કે, હરગેજ થઈ નીશફ્લ થયા વના રહે નહીં." "બસ, બસ હવે ઘણું સાંભલીઉં (પાદશાહ બોલીઓ) જો એમજછે કે તેણીએ તને આજ સાંજરે બોલાવીઓછે તો હું પણ તાહારી સાથ આવીઆ વના રહેનાર નથી. તુંએ માહારા દેલમાં એવી ઈચછા ઉતપન કીધીછે કે હું તેણીનો મુખરો જોયામાં જરૂર લાવશ."

પાદશાહનો એ રવેશનો પકો વીચાર જોઈ કુલુફ અલીઅંત બેચેન થયો. તેણે પાદશાહને જણાવીઉં કે "પાદશાહ, જેવારે તાહારી એવીજ મરજીછે તો હું તને લઇ જાવશ ખરો; પણ, તે નાજનીન કેમ કબુલ કરશે અગર તે મને તાહારે બાબે પુછશે તો હું તેણીને શું જવાબ દેઇશ." તેવારે પાદશાહે જુઆબ દીધો કે "કુલુફ, તું કશી રવેશે એ બાબે ફંદેશો નો કર, હું તાહારી સાથ એક ગોલામના વેશે આવી તાંહાં કોઇ ખુણા-માં ભરાઈ બેશશ, અને બધો તમાસો જોયામાં લાવશ." કુલુફને પોતાના પાદશાહની મરજી મુઆફેક ચાલીઆ વના રહેવાયું નહીં; તેથી સાંજને વખતે બંધે જણા ઠેરવેલી મસીદ આગલ જાઇ ઉભા, જાંહાં તેઓને પેલી બુધીઆ સાથ મેલાપ થયો. તેણીએ કુલુફને પુછીઉં કે "કુલુફ, તને આ તાહારા ગોલામને સાથે લાવવાની શી જરૂર હતી?" એ ઉપરથી કુ-લુફે જુઆબ દીધો કે "અએ માએ, આ માહારા ગોલામને આપણી સાથ આવવા દે, એ ઘણોજ ચાલાક અને રમુજી મરદછે; અને એથી

આપણને ઘણીજ રમુજ મલશે તથા આપણી દાહાબેરા પણ ના કહેશે નહીં." બુંનીઆએ કાંઈ વાંધો લીધો નહીં તેથી તરણેડ જણા આગલ ચાલીઆં: કુલુફ એક ઓરતના લેબાસમાં અને પાદશાહ મીરજીહાંન ગોલામના.

હવે એ મુઆફીક જેવારે તેઓ દાઇલેરાના મેહેલમાં પુગાં તેવારે તે નાજનીને પાદશાહ બાબે કુલુફને પુછીઉં, કે "તું શાને વાશતે આ ખીદમતગારને તાહારી સાથ લાવીઓછે." કુલુફે જુઆબ દીધો કે "અએ શાહાજાદી, હું એને એટલાજ માટે લાવીઓછું કે એનેથી તને ગમત મલે; સબબ, એ કોઇ બરો ગમાર અને ગાવદી ગામરીઓછે." "ઠીકછે તીઆરે તો (તે નાજનીન બોલી) એને અતરે અવકાર દેવો જોઇએ. પણ જોજે (પાદશાહને) અતરે લાયકીથી ચાલજે અને મલાહાજાથી બાહેર જતો ના; નહીં તો કે તને એવું સોસવું પડશે કે જે તને ભાવશે નહીં. (કુલુફને) આજ રાતે આપણને એ ઘણોજ કામ લાગશે." "અલબતાં (કુલુફ બોલીઓ) એથી આપણને ઘણીજ ગમત મલશે; અને હવેથી એ તાહારોજ ગોલામછે, માહારો નહીં. (પાદશાહને) કલતપાન, હવેથી હું તાહારો ધણી નહીં, પણ આ તાહારી શાહેબજાદી ઉભી છે." એટલું કુલુફનું બોલવું કે પાદશાહ લાગલોજ પેલી નાજનીન આગલ દોડીઓ, અને તેણીના હાથને બોશો લઇ બોલીઓ અએ શાહાજાદી આજથી તું માહારી સાહેબજાદી થઇછે તે હું કબુલ કરૂંછું; અને મોટી ખુશીથી હું તમો લોકોની સેવા બજાવીશ.

તે નાજનીને મીરજીહાંનને પોતાના ગોલામ તરીકે કબુલ કીધો; પણ તેણીએ કુલુફને અરજ કીધી કે તે ગોલામને તે પોતાની સાથ રાખે અને દરરોજ જેવારે તે તાંહાં આવે તેવારે તેને સાથે લઇ આવે, કારણ કે એ આખી દુનીઆને મસહુર હતું કે તે કુલુફનો ગોલામ હતો; અને અગર તે એક બીજાને તાંહાં કાગલ પતર લાવતો લઇ જાતો લોકોને જણાએ તો તેઓને બીજો શક આવીઆ વગર રહે નહીં. એ રવેશ લાંબો વ-

અન સુધી ગોફતેગો ચલાવીઆ પછે કુલુફ અને દાઈલેરા સુફરા પર જમવા બેઠાં અને મીરજીહાંન પાદશાહ તેઓની હજુરમાં હાથ બાંધસ થઈ ઉભો. તે પાદશાહ દાઈલેરાને પોતાની રમુજી તથા ઘેંગથી ખુશી કરતો હતો તેથી તે નાજનીન કુલુફને અરજ ગુજારી કરવા લાગી કે તેને તેઓની સાથે ખાણાપર બેસાડ. "અમે દીલઆરામ મેહબુબ (કુલુફ બોલીઓ) એ ગોલામને માહારી સાથ જમવા બેસવાની આદત નથી." "નહીં, નહીં (તે નાજનીને જુઆબ દીધો) એટલો સખત દેલનો તું ના થા, અને એ ગોલામને આપણી સાથ જમવા બેસવાની રજા આપ, કે એથી એનું આપણી તરફ હેત વધે." "બેસ તેવારે (કુલુફ બોલીઓ) કલટાપન, અને અમારી સાથ જમ, જો એવીજ આ નાજનની મરજીછે તો તે સેતાબ કરીઆમાં લાવ."

પેલો ગોલામી વેશનો પાદશાહ, ફરીથી બોહોસ કરવાની વાત જોયા વગર લાગલોજ કુલુફ અને દાઈલેરાની વચોવચમાં બેસી ગયો, અને જમવા લાગો; પછે તે નાજનીને તેને એક સરાબની જામ ભરી આપી એટલે તેણે તે નાજનીનના લાંબા કરેલા હાથને બોસો લીધો અને તેણીની ઇઆદમાં નોશ કરી ગયો. બાદ તે નાજનીને એક બીજું જામ ભરી અને કુલુફ તરફ નેગાહ કરી બોલી કે "આ જામ મીરજીહાંન પાદશાહની ખુબ ચેહેરેની માનીતી ગુલેઅનદામની ઇઆદમાં હું પોતે નોશ કરૂં છું; અને તેપણ તાહારી પોતાની ખાહેસતથી." એ રવેશના સખુન સાંભલતાંજ કુલુફ ચોંકી ઉઠી બોલીઓ કે "નેકનામ બાનું, એવા વીચારથી તું હાથ ઉઠાવ: ખોદા મને માહારા નામવર શેહનશાહની માનીતી તરફ માહારા વીચારો દોડાવવાથી અતકાવે. હું તેણીને માટે સારૂં માન ધરાઉં છું." "હં, હં, (તે નાજનીન ઠણકો કરી બોલી ઉઠી) હવડાં તને દાહાપણ આવીઉંછે. કાલ રોજેતો તું તે બાનું વીશેતો એટલી મોહોબતથી બોલતો હતો કે તું તેણીની ઉપર આશક પડીઓ હતો. હું હીંમતથી કહું છું કે તું તેણીને દીલોજાણીથી ચાહેછે. જોઈએ એવું કબુલ કરની કે

તું તેણીને ચાહાતો નથી; અને કે જે મુઆફેક આ સમએ આપણે મજાહ કરીએ છીએ તેજ મુઆફેક તું અને તે ગુલેઅનદામ એકઠાં મજાહ ભોગવતાં નથી." દાઇલેરાના આ બોલોનું પરીનામ કેવું નીપજશે તે બાબે કુલુફે અગાઉથી સમજી લીધું; તેથી તે બોલીઓ કે "પીઆરી બાનું, એ બાબત ઉપર તું માહારી મશકેરી નો કર; સબબ, કોઈ કાલે પણ તે મેહબુબ સાથે મને ખાનગી વાત થઈ નથી."

કુલુફ જે ગભરાતમાં પડીઓ હતો તેથી દાઈલેરાના હસવામાં ઓર વધારો થવા લાગો. તે કલતાપાંન તરફ જોઈ બોલી કે "કેહે તાહારા સેઠને કે આપણાપર ભરોસો રાખી પોતાનો તે હેવાલ આપણને જણાવે. "મેરબાન (પાદશાહ બોલીઓ) તમારે ગુલેઅનદામ સાથનો હેવાલ આ નેક નાજનીનને જણાવી એની ઈચ્છા પુરી કરવી જોઈએ."

મીરજીહાંનના બોલવા ઉપરથી કુલુફ તુરત પાંમી ગયો કે દાઇલેરાની મસકેરીએ તે શાહના મનપર કેવી રવેશની ખરાબ અસર થઈ હતી. પાદશાહ શરાબ દમબદમ ઉઠાવતો હતો તેથી તેની બાહારમાં પોતે કેવો ઓધો બજાવતો હતો તે ભુલી ગયો અને બોલીઓ કે "માહારી શાહાજાદી માહારી એવી અરજછે કે તું માહારી સાંમે એક મધુર ગીત ગાએ; કારણ મને એવી ખબર થઇછે કે તને ગાતાં સરવે આવડેછે." મીરજીહાંનની મીલનસારી માંગણીથી દાઈલેરા અપમાન લેવાને બદલે ઓર ખુશી થઈ અને હસીને એક સીતાર મંગાવી તેપર એવાતો સરસ રાગ ઉતારીઆ કે પાદશાહ પોતે ઘણોજ ઉલતમાં આવી બોલીઓ કે અએ મેહબુબ તાહારે વીશે જેટલી કુલુફે માહારી આગલ તારીફ કરી હતી તે કરતાં ઘણીજ દરજજે ચાલતી તારીફને તું લાયકછે એવું હું જોઉંછું." આ વખતે કુલુફે તેને હુશીઆરી રાખવા ઈસારત કીધી પણ પાદશાહે કંઇ દરકાર કીધી નહી; અને તે બોલીઓ કે "નહીં, માહારો ઈબ્રાકમુસેલી નામનો નામીચો ગવઇઓ તાહારે અરધે હીસસે પણ બરોબરી કરી શકે નહીં." પાદશાહના આ શબ્દો ઉપરથી દાઇલેરા તુરત પાંમી ગઈ કે જે તેણીની આગલ ડોલીઆ તરીકે આવીઓ હતો તે કાંઈ ખરો ડો-

લાઓ અને ગોલામ ન હતો પણ પાદશાહ મીરજીહાંન પોતે હતો, તેથી તે સેતાબી કરતી પોતાના ઓરડામાં દોડી ગઈ અને મોંહોપર બુરખો નાંખી પાછી ફરી પાદશાહની સામે ઉભી રહી; ને ઉપરથી પાદશાહ બોલીઓ "નહીં, બાનું ઉભું રેહેવું તને સજાવર નથી. તું બેસ અને તાહારી હજુરમાં ઉભા રેહવાની માહારી ફરજછે. શું હું તાહારો ગોલામ નહીં? જો તું મુજને હોકમ આપતે નહીં તો હું હરગેજ થઇ બેસતે નહીં. એ સખુન સાંભલી દાઇલેરા રડી પડી અને પાદશાહના પગ આ-ગલ પડી બોલી કે "ઓ બુલંદ તાલેના પાદશાહ, બંદીનું એવું ચાહાવુંછે કે તું નામવર મુજપર તાહારી રહેમ વરસાવે; સબબ, હું એક કુમારીછું અને દુનીઆઇ અનુભવથી બેખબરછું. વાસતે એ રેહેમવંત પાદશાહ, હું ઘણીજ ઓજર ખુઆઇથી અરજ ગુજારૂંછું કે માહારી એબ જે તું એ જોઇછે તે બાબે તું મુજને માફ કરીઆમાં લાવે." પાદશાહે તેણીને જમી-નપરથી પોતાના હાથે ઉઠાડી દીલાસો આપીઓ અને કહીઉ કે "કસી રવેસનો તું દર કર નો; પણ સેતાબ જણાવ કે તું કોણછે, અને શું નામ ધરાવેછે?" દાઇલેરાએ તેને પોતાની ઓલખથી વાકેફ કીધો, બાદ પાદશાહ કુલુફને લઇ બાહેર નીકલીઓ અને પોતાના મેહેલ તરફ ગયો.

ગુલેઅનદામ બાનું બાબે કુલુફની મસકેરી કરવા શીવાએ દાઇલેરાના મનમાં બીજો કાંઇ વીચાર હતો નહીં; પણ કહેવત મુઆફેક તેણીના હસવાનું ખસવું થઇ ગયું; સબબ, મીરજાહાંનશાહને એવો શક ગયો કે કુલુફ અને તેની બાનું ગુલેઅનદામ વચે મોહબત અને મીતરાચારીનો છુપો શાંઠ બંધાયલો હતો, અને કે તે બાનુંએ કુલુફની સાથ પોતાની દામાનને અપવીતર કરી હતી. પાદશાહ કાચા કાનનો અને આછી કુઅલીનો તેથી સેતાબ વગર તપાસ કરવે બીજી સવારે કુલુફને એવું કહે-વું મોકલીઉં કે તેણે તેજ દનથી તેની હજુરમાં જવું બંધ કરવું; અને તુરતજ કારકોરમ છોડી દેશવટો લેવો.

નીરદોષ બીઆરા કુલુફને પોતાને મલેલા હુકમનું કારણ જાણવાની

કંઈ જરૂર નહીં તેથી તે ચુપચુપ અને ધીરજ ધરી, પોતાનો બચાવ કરીઆની રજા માંગીઆ વગર પોતાના શાહાના ફરમાનને માન આપીઆમાં લાવીઓ, ઇઆને તેણે દેશ છોડી પરદેશ તરફ મોંહો ધરીઉં. બાદ કેટલેક દીવશે એક વનજાર સાથ શેહેરે સમરકંદ તરફ જાઇ લાગો. સંકતની વેલાએ કેવી ધીરજ ધરી સાંમે થવું તે બાબે કુલુફની માફક થોડાકજ જાણતા હતા. તે છતાં આ આફત કંઈ પેહેલ વેહેલીજ એનીપર ગુજરેલી નહી હતી; એવાં એવાં ચોઘડીઆંતો એણે ઘણી ધીરજ અને સબુરીથી પસાર કરીઆં હતાં.

જાંહાં સુધી પોતાની સાથે લાવેલા પઈસા ચાલીઆ તાંહાંસુધી તો કુલુફ સારી રવેશ ફરીઓ હરીઓ; પણ જેવારે તદન સાફ થયો તેવારે એક મસીદના ખુણામાં જઇ બેઠો. તે મસીદના ઉપાધીઆઓએ જેવારે કુલુફને ઘણોજ પઢેલો અને ધરમના કામમાં ખબરદાર દીઠો તેવારે તેને તેઓએ રોજનાં બે નાંન અને એક કપ સુરબાનું લવાજમ આપતું કીધું, જે ઉપર કુલુફ ઘણો સંતોષથી રહીઓ.

એમ કરતાં એક દીવસના સમએ ઉપર મુઝાફર નામનો માતબર વેપારી તે મસીદમાં આવીઓ. તેની નજર કુલુફ ઉપર પડતાંજ તેને પોતાતાની હજુરમાં બોલાવીઓ કારણ કે તે તેને કોઇ પરદેશી લાગો. કુલુફને પોતાનો હેવાલ જણાવવાને અલતેમાસ થયાથી તે બોલીઓ કે "મેરબાન, હું શેહેરે દમસકસના એક નામીચા કુલનો સખસછું; મુસાફરી કરવાનો વીચાર થયાથી હું તાતાર દેશમાં ગયો; અને આગલ ચાલતાં શેહેરે સમરકંદથી કેટલીક મંજલ દુર ચોરોનાં એક તોલાં સાથ મેલાપ થયો જેઓએ માહારા નોકરોને મારી નાંખીઆ અને માહારી પાસે જે કાંઇ હતું તે લઇ લીધું; તેથી હું આવી હાલતે પુગોછું."

મુઝાફરે કુલુફનું બોલવું માનીઅ કીધું અને કહીઉં કે "એમજ ઇનસાનની ઉપર ચઢતી પડતી આવેછે. ખુશી થા કે હવે તાહારૂં સંકત દુર થયું; વાસતે આવ માહારી પછવાડે માહારે ઘેર. કુલુફ તેની પછવા-

ક ઘેર ગયો જાંહાં તેની સારી માવજત કરીઆમાં આવી. રાતને સમએ તેને વદીઆ કરતી વખતે મુઝાફરે તેને કીમતી નજરાણું આપીઉં. બીજે દીવસે તેજ મુઆફીક મુઝાફર તેને બોલાવી લઈ ગયો અને તેમજ તેની માવજત કીધી. પણ એ દીવસે તેના ઘરમાં એક વઈદ બેઠેલો હતો જેણે કુલુફને એક હલાએદી જગા ઉપર બોલાવી આ મુઆફીક કહીઉં કે "અએ જુવાન મરદ, આ ઘેરનો માલેક મુઝાફર તાહારી પાસ એક અગતનું કામ કરાવા માંગેછે; વાસતે આશાછે કે તું તેનું કામ બજાવવામાં ધીલ કરશે નહીં. તે કામ એ કે તેનો એક પુરો બેટો કે જેનું નામ થાવરછે તે એક પરદેશના નામીચા ઘરસથની બેટીને પરણી લાવીઓછે. હવે તે થાવરે પોતાની આ નવી પરણેલી ઓરત સાથ એવીતો ઘરસલુખાઇથી અને ઘાટકી રીતે ચાલ ચલાવી કે તેણીને તેની સાંમે થવાની ફરજ પડી જેથી તેણે તેણીને મુકી દીધી. પણ હાલમાં થાવર પોતાના દેલમાં ઘણો પસતાવો કરેછે અને તેણીની ઉપર પુર મોહોબતથી આશકછે તેથી તેણી-ને પાછી બોલાવવાની ઇચ્છા રાખેછે પણ અમારા કાનુન મુજબ જાંહાં-સુધી કોઇ બીજો મરદ તજી દીધેલી ઓરતની સાથ પોતાના નેકાહ બાંધે-આમાં લાવેઆ પછી તે નેકાહનો ગાંઠ તોરી તેણીને મુકી દે નહીં તાંહાંલગી તેણીની સાથ તેના પેહેલા ભરથારથી પાછું પરણાય નહીં. એટલાજ વા-સતે તને આ ઘરના માલેકે સોધી કાહાડીઓછે કે તું તેણીને પરણીને તેણીને બારવણે તજી દે તો થાવર તેણીને પોતાની ઓરત દાખલ પાછી કરી રાખે; વાસતે એવી મુઝાફરની ઉમેદછે કે તું આ કામમાં તેને મદદ કરશે અને તેના બદલામાં એક મોટી પુંજી હાંસેલ કરશે." "એ વાત માહારે કબુલછે (કુલુફ બોલીઓ) અને એના કસમ પણ લેઉંછું." "નહીં એટલુંજ નહીં (તબીબ બોલીઓ) પણ મુઝાફરની એવીબી ખાહેસતછે કે તું તેણીની સાથ કદબુદઇ કરેઆ પછે બીજે દંને તેણીને તલાક આપી તું આ શેહેર છોડી જાય." "અને તેમ પણ હું માહારાં ખરાં જીગરથી કરીશ" (કુલુફે જવાબ દીધો.)

જેવારે કુલુફે એ વાતના સોગંન લીધા તેવારે પેલા તબીબે મુસાફ-રને બોલાવીઓ, જેણે સેતાબ પોતાના એશ કબીલાની હજુરમાં કુલુફના લગન થાવરની ઓરત સાથ કરી આપેઆં. આ વખતે તે ઓરતના ચેહેરાપર બુરખો નાખેલો હતો કારણ, એ મુઆફેક થાવરની મરજી હતી કે તેણીનો ચેહેરો કુલુફના દીઠામાં ન આવેતો તેના સબબથી તે તેણીને તુરત બીજે દને તલાક આપેઆમાં લાવે.

એમ કરતાં હવે જેવારે રોશન રોજે પોતાની જગા સીહારાતને આપી તેવારે કુલુફને એક અંધારા ઓરડામાં લઇ ગયા કે જાંહાં એક ઓરત કસબી કીનખાબ વાલી તરઈના સોનેરી પલંગ પર સુતેલી હતી. અંધ-રાંમાં આંધરાની મુઆફેક આણીગમ પેલીગમ ફાંફાં મારીઆ પછે ઘણે-વારે કુલુફે પેલી માશુકનો પલંગ સોધી કાહાડીઓ અને તેણીની સોડમાં પડીઓ. આ વખતે તે નાજનીનનાં દેલમાં ભય અને ગભરાત જોસબંધ ચાલતા હતા; કારણ કે તેણીની આ બાબે અતીશય દલગીર હતી કે અનદીઠ સખસની સોડમાં પોતે આખી રાત ગુજારવાની હતી. અને હલાને ઘણું કરીને નીચ વરણના લોકોમાંથી ચુંટી કાહાડવામાં આવેછે તેથી કુલુફ ઘણીજ બદશીકલનો હશે એવું તેણીની સમજવા લાગી. બીજા હાથ પર કુલુફ પોતાની માશુકનો ચેહેરો જોવા બાબે ઘણોજ ઈનતેજાર હતો સબબ પેલા તબીબે તેની આગલ પેલી માશુકની ખુબસુરતી વીશે ઘણીજ તારીફ કરી હતી, તેથી તે તેણીને બોલીઓ કે "અએ નેક બાનું, આજની રાત ગમે એવી મુજને ખુશકારકછે તોપણ તાહારા રોશન દીદા જોવાની અધીરાઇને લીધે એ આજનું સુખ સમપુરણ ગણાય નહીં. તાહારી ખુબશુરતી વીશે મેં માહારા મનમાં એવોતો સુંદર ચીતાર ચીતારીઓછે કે તે જોવાને હું ઘણોજ ઈનતેજારછું તોપણ આવતી સહવારે તાહારી તુંક મુદતની સંગાત છોડવી પડવાની તેથી આશા રાખુંચ કે બીજી બધી રીતે માહારી આશા સંમપુરણ તુંથી બર આવશે."

એ રવેશે બોલીઆ પછે તે જવાબની વકી રાખી ખાંમોશ રહીઓ

એટલે પેલી નાજનીને પોતાની જુબાંન બોલી કહીઉં કે "અએ સખસ, તું, કે જેને થાવરે હલા તરીકે પસંદ કરીઓછે તે ગમે તે હોય, પણ પોતાનું નામ નીશાન મુજને જણાવ. મને એવું લાગેચ કે તાહારા અવાજથી હું અનજાણી નથી; અને તાહારા દરેક શબ્દુનથી માહારા દેલમાં અસર થયા વના રહેતી નથી." એ ઉપરથી કુલુફ ચોંકીને વચે બોલી ઉઠીઓ "પીઆરી બાનું, તીઆરેતો બેહેતર કે તુંજ મુજને તાહારાં ખાનદાંન વીશે જણાવ. સબબ તાહારા અવાજથી માહારી ઈંનદરીઓમાં બેભાનની અસર થાયછે. શું હું અવાજ જે સાંભલુંછું તે એક કીરાઈત લેડી તથા માહારી ઓલખાણવાલીનો અવાજ નથી સાંભલતો. અરે ખોદા! પણ શું તે તુંજ હશેની? અરે નહીં, શું આ વાતમાં જરાબી શક હશે કે તું બોઈરકની બેટીછે." "અરે કુલુફ (તે ઓરત બોલી ઉઠી) શું માહારી સાથ હવડાં વાત કરેચ તે તુંજ કે?" "હા, હુંજ, ઓ માહારી રાણી (કુલુફ બોલીઓ) અને કુલુફજ હજુર શક ધરાવેચ કે તે તેની દાઈલેરાજ સાથ ગોફતેગો કરેછે કે કોઇ બીજી સાથ!" "બેશક, (દાઇલેરા બોલી) અને બચીત કરી જાણ કે હું તેજ કમતાલે દાઇલેરાછું કે જેણીએ તાહારી તથા મીરજીઆનશાહની માહારા મેહેલમાં પરોણાગત કરી હતી; અને જેણીની અવીવેકી વાતચીતથી પાદશાહનો શક તાહારી પર આવીઓ હતો. હું તેજ દાઇલેરાછું કે જેણીને તાહારી ઉપર ગુજરેલા આ સઘલા હાંદેસાનું કારણ સમજી તાહારા એક દુશમેન તરીકે તાહારે ગણવી જોઈએ." "બસ દાઈલેરા બસ (કુલુફ બોલીઓ) તું તાહારી પર બદનામી ના લે. એતો સરવે માહારાં કીશમતમાં બનનાર હતું તે બની ચુકું; અને માહારા ગરેહને નેહસત સમજવાને બદલે ઓર હું નેક સમજુછું; કારણ કે તેની મદદથી આપણો અતરે પાછો સંજોગ બનીઓછે; પણ વારૂં દાઈલેરા એમ કેમ બનીઉં કે બોઈરકની બેટી થાવરની ઓરત થઈ આવી?" "એ વીશે (તે બોલી) હું તને જણાઉંછું."

"માહારો પદર જે વેલાએ મીરજીહાનશાહના કામે શેહેરે સમરકદમાં

આવીઓ તે વેલાએ તેણે મુસાફરના ઘરમાં ઉતારો લીધો હતો. તેઓ બાંધે જણે અમારાં કાજની ગોઠવણ કીધી હતી તે મુઆફક જેવારે માહારો બાપ ઘર તરફ પાછો ફરીઓ તેવારે તેણે મોટા રસાલા સહીત મુજને માહારી ખુશી ઉપરાંત અતરે મોકલી. માહારી ખુશી ઉપરાત, સબબ, માહારે હવે કબુલ કરવું જોઇએ કે માહારૂં દેલ તાહારી ઉપરની મોહોબમાં ચકચુર હતું. તાહારી ઉપર જે અણઘટતું અપમાન માહારીથી ઉતરીઉં તે માટે હું જારબેજાર હરરૂજ જારી કરતી હતી તેનો ખોદા સાહેદછે. થાવર સાથ માહારા નેકાહ બંધાયા તેથી તું માહરા મગજમાંથી દૂર થયો નહીં; પણ આ ઘાટકી ભરથાર જે રૂપનો પણ બેદોલ હતો તેની નીરલજ ચાલથી ઓર તાહારી ઈઆદી માહારાં મનમાં પકી બેઠી અને જાણે કે મોહોબત અને નસીબ આપણને એકઠાં મેલવશે એવી વકી આગલથીજ રાખી હોય તે પરમાંણે આપણો આ સંજોગ બનીઓછે: અને હવે માહારાં સુખમાં વધારો એથીજ બનીઓછે કે માહારે કપાલે ચોંતાડેલા ભારથારમાં હું માહારા હેતુ દીલદાર અને ખરા આશકને જોઉંછુ. ઓ અજાએબ જેવાં અને નહીં મનાએ એવાં સુખ."

એ રવેશે અરસપરસ મોહોબતની ગોફતેગો અને ખુશી ખુરમી વગેરેમાં આખી રાત ગુજારવા બાદ ફજર થતાંજ એક ગોલામે આવી બારણું ઠોકીઉં. ફરી જોરથી ઠોકીઉં પણ કુલુફ અને દાઈલેરા એકમેક સાથ એવાંતો મોહોબતમાં ગુતાયલાં હતાં કે ગોલામે તરીજી વખત બારણું ઠોકી બુમ પાડી કહીઉં કે "અએ હલા ઉઠો સાહેબ સહવારૂં પડી ચુકુચ;" તોપણ તેઓએ કાંઈ ધીઆન આપીઉં નહીં. અંતે કુલુફ ઉઠીઓ અને બોલીઓ કે "અએ ગનમોહન આએ હવડાં અફરાત અને પોકાર થાંના સંભલાયા! તેવારે શું આપણને જુદાં પડવાનો વખત આવીઓ કે! અરે તેવારે આપણું નશીબ પાછું ઉધું વલીઉં કે! અફસોસ; હવેતો, ઓ દાઈલેરા, માહારા દરેક સાંધા ધીલા થઈ પડીઆછે, કારણ થાવર તાહારા તલાક થવાની રાહા જોતો અને દરેક પલેપલ ગ-

ણુતો બેઠો હશે, તેથી હવે માહારે તને મુકી જવું પડશે, સબબ, મેં મુસાફરને વચન આપાંએછે." "અને તે વચનની શું તું દરકાર રાખેચ (દાઇલેરા ઝટ વચમાં બોલી ઉઠી) શું વચન આપતી વખત તું કાંઈ એવું જાણતો હતો કે તું તાહારી દાઇલેરા સાથ નેકાહ બાંધવા જાએછે અને તેણીને તલાક આપવાને તાહારો કોલ આપેછે? આહા! કુલુફ, તેવારે એવું દીસેચ કે તું મને મુદલ ચાહાતો નથી." "નહીં, નહીં બાનુ (કુલુફ તેણીને અતકાવી બોલીઓ) એવું બોલી મને સતાવ ના. મને કશી રવેશનો હાંદેશો નથી; લેકીન, એટલાજ હું વીચારમાંછું કે આ પારકા દેશમાં હું વગર ઓલખ પાલખનો તથા વગર ગરથનો કાંહાં જાઉ અને શું કરૂં તેની મને કાંઇ સમજ પડતી નથી. મુસાફરતો એક વગવાલો અને માતબર ઉમરાવજાદોછે તેથી હું તેની સાંમે શી રવેશે થાઉં!" "કાંઇ ફકર તથા અંદેશો તું કર ના, (દાઇલેરા બોલી) તું તારે મુસાફરની દરેક રવેશની ધમકી પર ધીકાર બતલાવ અને તેની લાલચ પર ફીતકાર નાખ; કારણ કાયદો તાહારી તરફેનમાંછે. જો તું પકકા વીચારનો અને એકજ ઠરાવ તથા એકીનવાલો ગરદ હશે તો આપણને છુટાં પાડવાની કોશિસમાં કોઇપણ શખશ હરગેજ થઈ ફાવી નીકલનાર નથી." "બસ, બસ માહારી શાહેબજાદી (કુલુફ તેણીને અટકાવી બોલીઓ) આ તાહારી સલાહ અમલમાં લાવવાને અગર માહારો જાન બરબાદ કરવો પડશે તો તે સેતાબ કરશ; પણ મુસાફરને આપેલા કઢંગા વચનની હું દરકાર કરનાર નથી. અને આ વાત તું નકી જાણજે કે મુસાફર તે શું પણ અગર હફતેકેશવર જમીનનું તમામ લશકર એકઠું થઇ આવે તોપણ કુલુફ પોતાની દાઇલેરાને છોડી જનાર નથી."

કુલુફ પોતાની માશુક આગલ એ રવેશના સોગન ખાતો હતો એટલામાં થાવર (કે જેને તે રાત એક વરસ જેટલી લાંબી લાગી હતી તે) પોતે વાર જોઈ બારણું ઠોકવા આવીઓ અને બોલીઓ કે "ઓ હલા, દીવસ ઘણો ચઢીઓછે, અને તને ઉઠવા કહીઉં તોપણ તું કેમ ઉઠતો

નથી અને અમોને મેહનતમાં કેમ નાંખેચ. અમો તાહારી રાહા જોયા કરીએચ કે તું બાહેર આવેતો તાહારો ઉપકાર માનીએ અને કબુલ કરેલાં નાણાં આપી તને વદેઆ કરીએ. હવડાં કાજી આવી લાગશે વાસતે કપરાં પેહેર ઉઠ." કુલુફે દરવાજા ઉગાડીઆ અને થાવરે તેને આબરૂંથી હમામખાણામાં મોકલીઓ કે જાંહાં કેટલાક ગોલામોએ તેને નવરાવી ઉંચા પોશાક પેહેરાવીઆ બાદ તેને એક મોટા દેવાનખાણામાં લઇ ગયા કે જાંહાં મુઝાફર થાવર અને પેલો તબીબ બેઠેલા હતા. તેઓએ તેને ભારે માન આપીઉં અને કુલુફે પણ તેમને જઇને સલામ કીધી બાદ તેઓ જમવાના ઓરડામાં ગયા. જમી રહયા પછે પેલો તબીબ કુલુફને એક ગમ લઈ ગયો અને તેને અસરફીની એક ઠેલી તથા ઉંચી કોસંબા પાગડી આપી બોલીઓ કે લે જવાં મરદ, જે મુઝાફર તાહારી ઉપર કેવો મેરબાનછે તુંએ જે તેનું કામ બજાવીઉંછે તે માટે તે તારો ઉપકાર માનેછે અને એવું ચાહેછે કે તું શેહેરે સમરકંદમાંથી તાહારૂં કદમ સેતાબ બાહેર કાહાડે; વાસતે લે આ શરવે લઇ અતરેથી વદેઆ થા અને કોઇ રાહામાં પુછે કે "તુંએ ઉંઠ દીઠું* તેવારે સાફના પાડજે."

કુલુફના હાથમાં નાણાંની ઠેલી અને પાગડી દપેતો મેલઆ પછે પેલા હકીમજીએ ધારીઉં કે હવે કુલુફ ચાલતી પકડશે પણ કુલુફ એ સરવે ફેંકી દઇ બોલીઓ કે આ શેહેરે સમરકંદમાં અદલ ઇનસાફ, અને ધરમનું છુટાપણું સરવેને મલેછે એવું હું ધારતો હતો પણ હવે મને ખુલલું માલમ પડીઉંચ કે હું માહારાં વીચારમાં ઠગાયોછું ઇઆતો રાજાને પોતે પોતાના શેહેરની બરોબર વીગત મલતી નથી. તેને ખબર નથી કે જે શેહેરમાં તે પોતે રહેછે, તે શેહેરમાં લોકોની ઉપર જફા ગુજરેછે. માહારા હેવાલનો કોઇને પણ ઇનસાફ કરવા દો; હું સમરકંદમાં આવીઓ; એક વેપારી માહારી સાથ કામ પાડવા આવેછે; તે મને પોતે પોતાની સાથ જમવાં બોલાવેછે; એક ઓરત સાથ કાયદાસર નેકાહ કરવા મારી

---

* ઉગમ તરફના લોકોની બોલવાની ધપછે કે જેની મતલબ ભેદ અથવા ભરમની વાત થાયછે.

પાસથી વચન લીએછે; હું માહારાં ખરાં જીગરથી અને ભોલાપણાથી કબુલ કરૂંછું; અને તે ઓરતને માહારી મોહોરદાર તરીકે કબુલ કીધા પછે તે મને તેણીને તલાક આપવા ફરમાવેછે ! ! બસ, મેરબાન તબીબ, બસ, હવે મને વધારે બોહોસ ના કર કારણ એક આબરૂદાર માણસને ન છાજે એવું કામતો હું હરગેજ થઇ કરનાર નથી; હા, હું માહારૂં સર ખાકમાં નાંખશ ઇઆને ઉસબેકખાન પાદશાહ આગલ જઇ તેના કદમને બોસા લેવશ અને તેની પાસથી ઇનસાફ ચાહાવશ."

એ રવેશે કુલુફની હાજર જુઆબી જોઈ તબીબ મુઝાફરને એક ગમ લઈ ગયો અને તેને સરવે વાતથી વાકેફ કીધો અને કહીઉં કે "તને કોઇ બીજો શખસ નહીં મલીઓ હતો કે આવા એક ખબરદાર મરદને હલા તરીકે પકડી લાવીઓ. એ પોતાના લાભના સરવે રસતાથી માહીતગાર દેખાએછે વાસતે બેહેતર એજ ધારૂંછું કે વધારે લાલચ દેખાડવી." જો એમજ હોયતો તેમ કરી જો (મુઝાફર બોલીઓ) અને આ બીજી ઠેલી તેને આપ." "નહીં, નહીં, (કુલુફ હરૂસે સાંભલી બોલીઓ) એમાંનું કાંઈ વલનાર નથી. એ તે શું પણ અગર તાહારો બધો ખજાનો મને આપવા કહે તોપણ જે નેકાહ બાંધી આપવામાં તુંએ તાહારી સખાવત બતલાવીછે તે નેકાહ હું હરગેજ થઈ તોડનાર નથી." એ ઉપરથી તે તબીબ બોલીઓ કે "અએ જુવાંન મરદ એમાં કાંઇ તું તાહારૂં દહાપણ જણાવતો નથી. વાસતે હવે સમજ અને જે આ સંઘલું મલીઉં તે લઈ ચાલતી પકડ. તે કરતાં જો તું નહીં સમજશે ને આ સઘલી ચરચા જાહેરમાં લાવવા જશે તો ઉલતું તનેજ ખમવું પડશે." "તમો લોકની ધમકીની હું થોડીજ દરકાર કરૂંચ (કુલુફે જવાબ દીધો) વાસતે ઇઆદ રાખજો કે જે ઓરત કાયદાની રૂહે માહારી થઇ ચુકીછે તે ઓરતથી હું હરગેજ છુટો પડનાર નથી." "બસ, બસ (થાવર ગુસસામાં આવી વચે બોલી ઉઠીઓ) હવે મેં ઘણું સાંભલીઉં. ચાલો એ મુજીને આપણે કાજી પાસ લઈ જાઇએ અને એની એંટાલીના ફલ એને ચ-

ખાડીએ." મુઝાફર અને તબીબે કુલુફને પાછો સમજાવીઓ પણ સરવે ફોકત ગયાથી તેઓ તેને કાજી પાસ લઈ ગયા અને તેને સરવે વાતથી વાકેફ કીધો.

કાજી કુલુફ તરફ દોલા ગુસ્સી બોલીઓ "અએ બેગાણા જવાન, તું જાણેચ સારી પડે કે તું આ શેહેરમાં કોઈ સાથ ઓલખ ધરાવતો નથી અને તે સાથ તાહારૂં પેત ભરવાને વાસતે તને ભીખ માંગવી પડતી હતી. શું તું ચરી ગયોચ ઈઆ તાહારી અકલ ગુમ થઇછે કે જે નાજનીન થાવરની ઓરત હતી તેણીની સાથ નચીંતથી રહેવાના ખીઆલમાં રમેછે. શેહેરે સમરકંદના સરવેથી માતબર વેપારીનો બેટો પોતાની ગોહોરદારને તું જેવા એક નીચની બગલમાં વગર બોલવે કેમ જોઈ શકશે? વાસતે તું તાહારી પોતાની તોખમ વીશે વીચાર કર અને સમજ કે તે નાજનીન તું જેવા એક નીચને મુદલ છાજે નહીં. એકબારગી તું થાવર કરતાં ઊંચા કુલનો હોતે તોપણ એક આબરૂદાર કબીલાનું ગુજરાણ ચલાવવાને તાહારામાં મુદલ તાકાત નથી તેથી હું હરગેજ તાહારે સવાધીન એ ઓરત કરનાર નથી; વાસતે તું સમજ અને જે આશામાં તું રમેછે તે આશા તદન છોડી દે અને મુઝાફર સેઠ જે કાંઈ આપેછે તે કબુલ રાખી જતો રેહ નહીંતો એક સો કુતકા ખાવા તાહારો બરડો તઈઆર કર.

કાજીનો આ રવેશનો અભીપરાએ જોકે એક નીઆયાધીસની સતા સાથનો હતો તોપણ તેથી કુલુફનો વીચાર ફેરવાયો નહીં. તેણે ૧૦૦) કુતકા પીઠપર આશાનીથી ખાધા એટલે કાજીજી બોલીઆ કે આજતો એને એટલુંજ બસછે પણ કાલરોજે જો એ પોતાની ઝીટ છોરશે નહીં તો એથી બેવરી સજાએ એને પોંહોંચાડશું; અને તથીબી જો એ નહીં સમજશે તો એ પર ભારી ઉપાય લેવામાં આવશે. આજની રાત એને એની ઓરત સાથ રેહેવા દેવો અને એની ખાતર જમા થઈ ચુકીછે તેથી આશાછે કે કાલરોજે એ ઠેકાણે આવશે. થાવરનો એવો વીચાર હતો કે

હલલાની ઉપર સજા ચાલુ રાખેઆમાં આવે ઈઆને તેને જરા આસા-એસ આપે નહીં; પણ કાજીએ કબુલ કીધું નહીં તેથી મુઝાફર અને થાવર કુલુફને લઈ પાછા ઘર તરફ ફરીઆ. કુલુફનો બરડો જોકે લોહીથી ઝરતો હતો તોપણ બાતેનથી ઘણોજ ખુશી હતો સબબ તેને દાઈલેરાને મલવાની પાછી પરવાનગી મલી હતી.

મુઝાફરે કુલુફને સમજાવવામાં કાંઈ બાકી રાખીઉં નહીં તેણે નવી લાલચ દેખાડી પણ કુલુફનો ઠરાવ તેના મનપર ગોયા જમીનપર પાહા-ડની મુઆફેક ચોંતેલો હતો. તે તેને એ રવેશે સમજાવતો હતો એટલામાં થાવર દાઈલેરાના ઓરડામાં ધસાઓ ગયો એટલે તેણીના ગભરાતનો કાંઈ સુમારજ નહીં રહીઓ.

કાજીની કચેરીમાં શું ચુકાદો થયો હતો તે જાણવાને તે ઘણીજ આધીરી બની હતી તેથી દરપલે કુલુફના આવી મલવાની તે વકી રાખતી હતી; અને દેલમાં ફીકરબી કરતી હતી કે રખેને કુલુફ પોતાની મતલબ તજી દે. એમ કરતાં તેણીએ જેવારે થાવરને દીઠો તેવારે તેનીએ નકી માનીઉં કે ખરેખર તેણે તેમજ કીધુંછે. થાવરને જોતાંજ તે ધ્રુજવા લાગી અને બેસુધ થઈ જમીનપર પડી ગઈ સબબ તે એવું સમજી કે તે તેણીને નાખુશ ખબર આપવા આવીઓછે. એ ઉપરથી થાવર એવું સમજીઓ કે પેલો હલલા તેણીને તલાક આપવા ના પાડેચ એ વાતની કોઈએ તે-ણીને આગમચથી ખબર આપીછે માટે તે નાખુશ થઈછે એવું સમજી તે તેણીને હુશીઆર કરી બોલીઓ કે " પીઆરી બાનું, એવડી ગમગીન નો થા એકદમ નીરાશ થવાનું કાંઈ કારણ નથી. પેલો ચંદાલ હલા તને તલાક આપવા ના પાડેછે પણ તેથી તું ઉદાશી નો પકડ: આજેતો તેને ફકત ૧૦૦) ઝપેનાજ પડીઆછે પણ કાલરોજે તો તેની પુરી ખા-તરજમા થશે કારણ જો તે તને તલાક ન આપશે તો કાજીએ નકી ઠ-રાવ કીધોછે કે તેને જતો મેલવો નહીં પણ બીકતમાં બીકત જફા તેની પર ગુજારીઆમાં લાવવી, વાસતે ઓ માહારી સુલતાનજાદી આજની

રાતતો તને જેમતેમ એની સાથ ગુજારવી પડશે તેથી તું દલગીર નો થા; અને જાણ કે કાલરોજે તાહારો છુટકારો થશેજ થશે." "ઠીક સાહેબ (દાઈલેરા ખેદમાં બોલી) માહારી જીંદગીનું સુખ માતર તેજ ઉપર આધાર રાખેછે અને મને દેલમાં દર લાગેછે કે એ કામ માહારી મરજી મુઆફેક બાર ન ઉતડશે." "અએ માહારી ગુલે ગુલાબ મેહેબુબ (થાવર બોલીઓ) ધીરજ ધર અને તાહારા જીગરના હાર અને તાહારા દીલદાર થાવર સાથ પાછી મલવાની કાલજીમાં જરા ઘટારો કર. ખુશી થા કે કાલરોજે તે તાહારો થાવર તને જલદી મલશે, શું કરવા એટલી બેચેન થાયછે! એટલું કહી તે તેણીની આગલથી જતો રહીઓ.

હવે જેવારે અબદલાનો બેટો દાઈલેરાના સનમુખ આવી ઉભો તેવારે તેણીની ખુશી થઈ બોલી કે "અએ માહારા પીઆરા ખાવીંદ, ચાલ અને તાહારી એકીનદારીનો બદલો ચાખીઆમાં લાવ; કારણ આજ દને જે કાંઇ કાજીની કચેરીમાં બનીઉંછે તેનો વીગતવાર હેવાલ થાવરે પોતે આવી મને જણાવીઓછે વાસતે હવે વધારે સાંભલવાની કાંઈ જરૂર નથી. દલગીર એથીજછું કે મને થાવર કહી ગયોછે કે આવતે રોજે કાજી તાહારી ઉપર વધારે અપમાંન ભરેલી સજા ગુજારવાનોછે. "નેક બાનું, (કુલુફે જુઆબ દીધો) એ વાતનો તાહારે કશો દર કરવો નહીં એતો માહારા નસીબમાં જે બનવાનું હશે તે બનશે. પણ એ સઘલું બનવા દે અને જો કે કુલુફ પોતાની દાઈલેરાને કેવો વલગી રહેછે." "આફરીન તાહારી હીંમત પર (દાઈલેરા બોલી) પણ વહાલા ખાવીંદ શું તુંએ કાજીને તાહારી ઓલખ આપી હતી કે તું મીરઝાંહાંશાહાનો માનીતો હતો." "નહીં બાનું નહીં (કુલુફે જુઆબ દીધો મેં એવું કાંઈએ કહીઉં નથી." "તો ઠીક તેવારે (દાઇલેરાએ જુઆબ દીધો) હું તને એક તાલ બતાઉંછું તેમ કર. કાલરોજે જેવારે તને કાજીની સનમુખ ઉભો રાખે તેવારે તું એટલું કહેજે કે "હું મશાઉદનો બેટો બાગુંછું." તે મશાઉદ શેહેરે બોઝીંદનો એક માતબર વેપારીછે. જે પોતાની અતીઅંત દોલત માટે હફતેકેશવર જમીન ઉપર ઘણો વખણાએલોછે.

એ રવેશનો ઠરાવ કરીઆબાદ બે આશક માશુકોએ બાકીનો દીવસ અને તે રાત ખુશ ખુશાલી અને એશ આરામમાં ગુજારેઆ પછે જેવારે આફતાબે પોતાના કીરણ દુનીઆની ઉપર ફેંકીઆં તેવારે થાવરના શીપાઇઓ કુલુફને ઉઠારવા આવીઆ. તે ગબારાતમાં ઉઠીઓ અને પોતાની માશુકને ગોદમાં દાબી બોલીઓ કે "અએ દીલનવાજ, આપણો જુદાઇનો વખત નજદીક આવીઓછે વાસતે તું બેચેન નો થા. (તેણીને રડતાં જોઇ) તું એવડી જારી શું કરવા કરેછે. શું તું એમજ સમજેછે કે આ ફરતો આશમાન આપણી ઉપર રૂથીઓછે. તું એવું સમજેછે પણ મનેતો એવી આગાહી લાગેછે કે આકેબત એ આશમાન આપણી તરફેનમાંજ પોતાની રાહા ફેરવશે; વાસતે ધીરજ ધર અને તે દાદગર દાવરનું નામ જુબાનપર રાખી માહારી રાહા જોતી બેસ. તે સાહેબનું ચાહાવુંછે તો હું ચંદ વખતમાં તને પાછો આવી મલશ."

એટલું કહેવા પછે તેણે પોતાના આંગપર કપરાં પેહેરીઆં અને ચોબદારો સાથ કાજીની દરબારમાં જાવું કીધું. જેવારે કાજીની નજર કુલુફ ઉપર પડી તેવારે તે બોલીઓ કે "અએ હલબા, કેમ તુંએ તાહારો ઠરાવ ફેરવીઓછે કે નહીં? હું તો એવું ગુમાન રાખુંછું કે તુંએ બેશક બેહદ વીચાર તાહારી ઓરતને તલાક આપવા માટે કરીઓછે, અને હવે તું વધારે ખમવાની મરજી ધરાવતો નથી. એ ઉપરથી કુલુફ બોલીઓ કે "અએ ખાવીંદ, તું જેવો કોટવાલ અમારા લોકના સરપર કાએમ હોજો; તું ધારેચ તેમ હું કાંઈ એક હલકો માણશ નથી, પણ હવે તને જણાવવાની તક લઉંછું કે હું શેહેરે બોઆજીંદના એક વેપારીનો બેટોછું. મારા બાપનું નામ મસાઉદ કરીછે. તેને જો માહારી તંગ હાલતની ખબર પડશે તો સેતાબ સોના રૂપાં તથા જર ઝવેરાત લાધેલાં બેસુમાર ખચરો માહારે વાસતે મોકલી દેશે કે જે જોઈ આ શેહેરની સરવે નાજુક અને ગુલ બદનની અબલાઓ દાઈલેરાની અદેખાઈ કરેઆ વના રેહેશે નહીં. શું થઇ ગયું કે આ શેહેરથી થોડીક મંજલપર રાહામાં

પીંડારાઓએ મારો સરવે અસબાબ લુટી લીધો અને માહારા માણસોને મારી નાખીઆં તેથી તું મને એક નીચ માણસ તરીકે ગણેછે. હવડાં હું માહારા પીતા ઉપર એક રોકો મોકલુંછું જેથી તે તુરત માહારે વાસતે અતરે હુંડી બીરી મોકલશે."

એ રવેશની કુલુફની વાત સાંભલી કાજીનો વીચાર બદલાઈ ગયો. તે બોલીઓ "તેવારે તુંએ ગઈ કાલે શું કરવા એ બાબે મને જણાવીઉં નહીં અગર જણાવતે તો હું તાહારી ઉપર હરગેજ થઈ એવી સીખશા ગુજારતે નહીં. (મુસાફર તરફ ફરીને કાજી પાછો બોલીઓ) મુસાફર મીઆં આ જવાન મરદે જે કાંઈ જણાવીઉંછે તેથી માહારી આગલનો તમારો ફેસલો બીજું રૂપ પકડેછે; કારણ એ મરદ શેહેરે બોગ્દાદના નામીચા વેપારીનો એકપુરો બેટોછે તેથી કાયદા પરમાંણે જોતાં એની ઓરતને તલાક આપવા હું એને ફરજ પાડી શકતો નથી." "અફસોસ ! કાજી (થાવર વચમાં બોલી ઉઠીઓ) અફસોસછે કે તું એના કહેવાને વજન આપી શકેછે. એ ઠગારો કાયદાના સપાતામાંથી છુટવાને વાસતે એવું બાહાણું શોધી કાહાડેછે." "અને (કાજી બોલીઓ) એ વાતની હું એની પાસેથી સાબેતી માંગુંછું." "અને એટલો ખરચબી હું કરીશ (મુસાફર બોલીઓ) હું તે મસાઉદ વેપારીને ઓલખુંછું, તેથી હું તેની ઉપર નામું આપી એક કાસદને મોકલુંછું." "પણ તે પેહેલાં (થાવર વચે બોલીઓ) એ બંધે જણાને જુદાં પાડવાં જોઈએ." "નહીં, થાવર (કાજીએ જુઆબ દીધો) આપણા કાયદા અને રેહવાજ પરમાંણેતો માતી બઈએરને હરગેજ થઇ જુદાં પાડી શકાય નહીં; વાસતે હવડાં એટલું કરવું જોઇએ કે સેતાબ શેહેરે બોગ્દાદ તરફ એક કાસદને રવાનાં કરવો જોઇએ. તે શેહેર અતરેથી સાત દીવસની મંજલ ઉપરછે તેથી આપણને બે હપતાની અંદર જે તે વાતનો ખુલાસો થશે. અગર એ શખસ મસાઉદ વેપારીનોજ બેટો હશે તો દાઇલેરા એનીજ કહેવાશે અને અગર એનું કહેવું જુઠું પડશે તો પછે એને ભારી શીખશાએ પોંહોંચાડીઆમાં આવશે."

એ મુઆફેક કાજીનો ઠરાવ થયાથી મુઝાફર અને થાવરે શેહેરે ખોજંદ તરફ એક કાસદને મોકલીઓ અને સરવે પોત પોતાના ઉતારા પર ગયા. દાઈલેરાને કુલુફે સરવે હકીકત જણાવી તેથી તે અતીઅંત ખુશી થઈ; પણ કુલુફ દલગીર હતો તેથી તે બોલી કે તું કશી રીતે ગમગીન નો થા; કાસદ પાછો આવશે તે આગમચ આપણે અતરેથી વંજો માપી શેહેરે સમરકંદ તરફ જતાં રહીશું. તાંહાં મુઝાફર તથા થાવરનું કાંઈ ચાલનાર નથી. કુલુફ એ વાત સાંભલી ખુશી થયો પણ તે બોલીઓ કે આપણી ઉપર આ ઘરમાં મજબુત ચોકી પેહેરોછે વાસતે આપણી કોશેસમાં આપણે અતરે રહી પાર પડી શકનાર નથી તેથી આપણે બીજું ઘર ભાડે લઇએ અને તે વીશે મુઝાફરને જાણ કરીએ." એટલું કહી તે મુઝાફર પાસે ગયો અને પોતાની મતલબનો ખોલાસો તેની નજદીક કીધો જે વીશે તેણે વાંધો ઉઠાવીઆથી વાત પાછી કાજીની કચેરીમાં ગઈ. કાજીએ સરવે નવા વાંધાની હકીકત સાંભલી લઈ કુલુફને સવાલ કીધો કે તું મઝાફરનું ઘર છોડવાનો શું સબબ ધરાવેછે. કુલુફે ઉતર દીધો કે મને માહારા પીતા મસાઉદથી એવી શીખામણ મલીછે કે જો આપણે આપણા દુશમન સાથ રેહેતા હોઇએ તો સેતાબ તેમનાથી દુર રેહેવાના ઉપાય અજમાવવા એજ વાસતે હું માહારૂં રેહેઠાણ બદલવાનો વીચાર રાખુંછું અને તેમ કરવામાં માહારી ઓરતની પણ રાજી ખુશીછે." "અએ જુઠા ઠગ (થાવર ચીરડાઇને બોલી ઉઠીઓ) આવું તાહારૂં બેહુદું બોલવું ખતમ કર, સબબ દાઇલેરાએ માહારી જુદાઇને લીધે જારબેજાર જારી અને શોક કરવું હજુર ખતમ કીધું નથી તેટલાં તું એમ સમજાવી તેણીને નાહેક વધારે પીડા કરેછે?" "અલબતાં, (કુલુફ બોલીઓ) અને બેશક કરી જાણ કે તેણીની મનેજ ચાહેછે: એ બાબે સોગન લઈ કહુંછું કે જો તેણીની માહારીથી જુદાઇ રાખવા ખુશી હોયતો અબઘડીજ હું તેણીને તલાક આપવા તઈઆરછું." એટલું સાંભલતાંજ થાવર ઝટ બોલીઓ કે "મેરબાન કાજી આ સખસની સરત ધીઆનમાં લે

અને અતરઘડી ગાહારી વાહાલી ઓરતને બોલાવું મોકલ અને તેણીનો વીચાર લે." "બરોબરછે (કાજી બોલીઓ) નાયબ, સેતાબ મુશાફરને ધરજન અને દાઇલેરાને બોલાવી લાવ. હું જોઉં કે તેણીની શું ઈચછાછે. અગર તેણીનો વીચાર હલબાના બોલવાથી ઉલટો હશે તો હું ખચીત કરી કહુંછું કે હું એને તલાક આપવાની ફરજ પાડશ."

તરતજ દાઇલેરાને કચેરીમાં લઇ આવીઆ ઉપરથી કાજીએ તેણીને સવાલ કીધો કે તેણીની હલબાને થાવર કરતાં વધારે ચાહેછે કે નહીં તથા કે તેણીની મુશાફરના ઘરમાં રહેવાને રાજીછે કે નહીં ? કાજીનો હુકમ સાંભલતાંજ દાઇલેરાને દીલાસો આપી થાવર બોલીઓ કે પીઆરી બાનું, હવે દલગીર નો થા અને તાહારા મનમાં જે કાંઇ હોય તે બેલાશક આ ઈનસાફના ખાવીંદની સનમુખ બોલ કે તે તને તાહારાં દુખમાંથી મોકલી કરે.' એ ઉપરથી દાઇલેરાએ જુબાન ચલાવી કહીઉં કે જીઆરે તમો લોકોની માહારો વીચાર સાંભલવાનીજ ખુશીછે તો તે જણાવવાની હું તક લઉછું. આ વખતે થાવર એવું ખુશીનું દીલ ઘાલતો હતો કે ગોયા તેની ખાતરીજ હતી કે તે ફેસલો જીતવાનો અને કુલુફ હારવાનો; પણ જેવારે દાઇલેરા બોલી કે તેણીની મરજી તદન કુલુફ સાથે થાવરથી એક અલાહેદાંજ ઘરમાં રહેવાની હતી તેવારે તેને ઘણુંજ દુ:ખ લાગીઉં અને તે ઘણો ફીકો પડી ગયો. તે બોલીઓ—અરે ચંડાલ દગલબાજ ઓરત ! ફકત એક રાતમાંજ એ બદલાઇ ગઈ. "હું ઘણોજ દલગીરછું (કાજી બોલીઓ) કારણ કાયદા મને એવું ફરમાવેચ કે એઓને પસંડ પડે એવાં મકાનપર જઈ રહેવા દેવાં." "પણ તીઆરે શું એ પરદેશી માહારી ઉ-પર અતીઆરથીજ ફાવી જાએ કે? હજુર આપણી કાંહાં ખાતરી થઇછે કે એ મસાઉદનોજ બેટોછે." "નહીં, નહીં (કાજી બોલીઓ) એવું બનનાર નથી : પણ બીજા હાથ ઉપર જો એનું બોલેલું ખોટું પડશે તો હું એને ગરદન મરાવશ." "પણ શું એ એવડો મુરખ હશે (થાવર બોલીઓ) કે આપણો કાસદ આવી પુગે તે અગાઉ આ શેહેરમાં ઉભો રેહેશે ? એમ

કદી બને નહીં. મને તો એવું લાગેછે કે એઓએ નાહાશી જવાનો ઠરાવ કીધોછે અને તેટલાજ માટે એઓ માહારૂં ઘર છોડી જવા માંગેછે."
"એ ખરૂં (કાજી બોલીઓ) પણ હું એવો બંદોબસત રાખુછું કે એઓ જાંહાં રહે તાંહાં એઓ ઉપર ખુબ તકેદારી રાખીઆમાં આવશે કે જેથી એઓની હીલચાલ વીશે મને વખતે વખત ખબર મલતી રહેશે."

સારાંઉસ, કુલુફ અને દાઈલેરા એક જુદા મકાનમાં જઈ રહીઆં કે જાંહાં તેઓને કસી રહેશની તંગી પડી નહીં સબબ દાઇલેરા પોતાની સાથ પોતાનું પલલું લઇ આવેલી હતી. તેઓએ પોતાની ખીદમત માટે કેટલાક ગોલામો ખરીદ કરીઆ; અને તેઓની અરસપરસની આવી અજાએબ જેવી મોહોબતને માટે તેઓ ઉપર આખા શેહેરનાં લોકો ચરચા ચલાવવા લાગાં, તથા હરરોજ તેઓ તેમની મુલાકાતે આવવા લાગાં.

એમ કરતાં એક રોજે તેઓને તાંહાં કોઇએક ભપકાવાલો અને માતબર પોશાકવાલો શખશ આવીઓ. તેણે એવું જણાવીઉં કે તે પાદશાહનો એક અમલદાર હતો; અને કે તે તેઓની વાતથી જાણીતો હતો. તેણે તેઓ સાથ એટલાતો મીલનસારી કરી નાંખી કે તેઓએ તેને પોતાની ટેબલ ઉપર બોલાવીઓ અને જમતી વખત દાઇલેરાએ પોતાના મોહોપરથી બુરખો ઉઠાવીઓ જે જોઈ તે અમલદાર કુલુફને કહેવા લાગો કે તું એ કાજીની કચેરીમાં આ ઓરત બાબે જે દેખાવ કીધોછે તે માટે આ ઓરતની ખુબશુરતી જોતાં હું અજબ થતો નથી! ખાણું ખાઈ ફારેગ થયા પછે શરાબનો દોર ફરવા લાગો; બાદ, દાઇલેરાએ એક સીતાર લઈ તે ઉપર એવાતો રાગ વજાડીઆ કે તે સાંભલી પેલો પાદશાહનો અમલદાર હેરત અને ખુશી થયો. એ પછે તેણીએ એક ગીત ગાયું જે ગીત તેણીએ કારેકોરમ મધેથી કુલુફના દેશનીકાલ થવા બાદ તેણીની તેની તરફની મોહોબત બતાવા જોરીઉં હતું, અને હરરોજ ગાયું હતું, તે ગીત ગાજતી વખતે કુલુફની આંખમાંથી આંશુની નેહેર તેના રોખસારા ઉપર તપકતી હતી.

એ રવેશનો કુલુફનો મામલો જોઈ પેલો પાદશાહી અમલદાર અચંબો પાંમીઓ અને તેણે તેમ કરવાનું કારણ પુછીઉં જે ઉપરથી કુલુફ બોલીઓ કે "અએ મેરબાન, એ આંસુ તપકાવાનું કારણ જાણીઆમાં તમારે શું લાભછે. એ વીશેની માહીતગારી જેમ તમને નકામીછે તેમજ તમને કહેવામાં બીન હાંસલકારકછે. હું માહારી પર પડેલી મુશીબતો વીશે હાલમાં વીચાર કરૂંછું અને જેવારે જે આફતો હજીતો મુજપર આવવાનીછે તે વીશે હંદેસો કરૂંછું તેવારે માહારૂં જીગર ગમગીનીથી ચાક થાયછે." પાદશાહી અમલદાર આ રવેશના જુઆબથી બેસબર બનીઓ અને કુલુફને કહેવા લાગો કે "અએ નોજુવાન પરદેશી, તે સરવે શકતીવાનની બનાવેલી સરવે પવીતર જીણસના તને કસમ આપુછું કે તું મને તાહારા સઘલા એહવાલથી વાકેફ કરીઆમાં લાવે. ફકત સાંભલવાનીજ ઈનતેજારીને લીધે હું તને બોહોસ કરતો નથી લેકીન કંઈપણ રીતે તને ઉપયોગી થઈ પડવાનો માહારો વીચારછે; વાસતે મને સેતાબ જણાવ કે તું કોણછે કારણ કે મને એવું ગુમાનછે કે તું કંઈ હલકાં લોહીનો નથી. બેફીકરથી બોલ અને મુજપર વીસવાસ રાખ." "પણ સાહેબ (કુલુફ બોલીઓ) માહારો હેવાલ લાંબોછે અને તે તમને કંતાલો ઉપજાવશે." "કંઈ ફીકર નહીં (અમલદારે જુઆબ દીધો) જે હોય તે બોલ; હું તને અરજ કરૂંચ કે જરાકપણ માહારીથી છુપું રાખતો ના." અબદલાના બેટાએ પોતાનો સરવે ઈતીહાસ તે અમલદાર આગલ કહીઓ અને તેમાં એવું પણ જણાવીઉં કે તે ગસાઉદનો બેટો પણ નહીં હતો; પણ તેણે તેવી હીકમત ફકત પોતાની પીઆરી માશુકની સોબત ન છોડવા માટેજ કરી હતી. વલી તેણે એવું કહીઉં કે હવે ફકત ૩) દીવસ બાકી રહેઆછે અને પેલો કાસદ પણ એટલામાં આવી લાગશે, કે જે વેલાએ જાલમ જુદાઈ તેઓને એક બીજાથી એવાતો વીખેરી નાંખશે કે પાછો મેલાવડો પેલી ઝાંહાંન શીવાએ તેમનો થનાર નથી.

કુલુફનો એ રવેશનો તમાગ હેવાલ સાંભલી પેલો પાદશાહી અમલદાર

બોલીઓ કે "અએ સુખી જોડું, તમારી વીપતીથી હું ઘણોજ દલગીરછું મગર માહારાથી બનતેતો હું તમને મદદ કરવામાં દીલોજાનીથી રોકાતે લેકીન હું તદન અશકતછું અને તે કરતાં પેલો કાજી ઘણો ખબરદાર અને અપખશપાતછે નહીંતો કે તેને લાલચ બતલાવીને તમારો છુટકારો કરતે વાસતે ઉપાય એજછે કે તમો લોકો તે હસતીના ધંઆરનું નામ જુબાન ઉપર રાખી તે સાહેબની ઉપર તમારા છુટકારા વીશે ભરોશો રાખો કે તે સાહેબની મેરબાનીથી તમારો છુટકારો થશે. એટલું બોલી તે અમલદાર રૂખસદ લઈ પોતાના મુકામપર ગયો તે ઉપરથી બાઇરકની બેટી બોલી કે દુનીઆની અંદર એોર તરેહના માણસો હોયછે જેઓ પોતાની મતલબ સાંધવાને કાજે કામ કરી આપવાની કબુલાત આપેછે, અગર આપણી ઉપર કાંઇપણ અડચણ આવી પડી હોય તો તેઓ આપણને પોતાની મદદ આપવા કહી આપણો હેવાલ જાણી લેછે અને તીઆર પછે આપણને દીલાસો આપી ધીરજ રાખવા કહી ચાલતી પકડેછે, તેજ મુઆફક આ મરદ હવડાં આપણ સાથ કરી ગયોછે." "નહીં નહીં પીઆરી (કુલુફે જવાબ દીધો) તું એને ઠપકો ના આપ, આપણ એની પાશ શું કરાવાના હતાં. આપણી મુશકેલઇજ એવીછે કે તેમાંથી છુટાં થવું અથવા કરવું બીકત કામ ધરાવેછે : પણ જેવારે ફકત તે દાદગર દાવરનોજ હાથ સરવે કામમાં મદદગારછે તો બીજા ઉપર આશા રાખવાની શી જરૂર."

એમ કરતાં જેવારે પેલો પંદરમો દીવસ આવી પુગો તેવારે બરી બામદાદમાં કુલુફ ઉઠીઓ અને પોતાની માશુકને ગોદમાં દાબી બોલીઓ કે "છેલી સલામ; હું માહારા નશીબમાં લખાયલા લેખને તાબે થવા જાઉંછું અને માહારૂં સર કાજીને હસતક કરૂંછું : અને તું, અએ વાહાલી માશુક, જાંહાંસુધી જીવે તાંહાંસુધી જે સખસને તું ચાહાએછે તે સખસને તાહારા મગજમાંથી દુર કાહાડતી ના." "અરે કુલુફ (દાઇલેરા જારી કરતી બોલી) તીઆરે શું તું મરવાજ જાયછે, અને મને જીવવા

ઉસકેરેછે ! તું એવું વીચારેચ કે જીંદગીમાં માહારે માટે કાંઇપણ સુખછે. ઘાટકી અને બેમરવત ! તું શું મને માહારા દીવસ દુઃખ અને બળા-પામાં ગુજારવા મને જીવતી રખાવેચ ? નહીં, નહીં અંત ઘડીવેર હું તાહારી સાથ રેહશ, અને જે ગોરમાં તું તાહારો વાસો કરશ તેજ ગો-રમાં હું પણ પડશ. થાવર પેલો નીચ થાવર, જેને ચાહુંછે અને જેને ધી-કારેછે તેમને જુદાં પડેલાં જોય એવું હું કરનાર નથી : તેને તાહારા મરણથી ફતેહ મલવા દેનાર નથી. પણ તું મરીજ જશે એ શા ઉપરથી અને શા કારણસર તું બોલેચ ; એ શીખશાતો મને એખલીનેજ ઘટેછે; તને તો તાહારી બોરતેજ વચન તોરવા અને જુઠા સોગન ખાવા ઉસકેરીઓછે; અને તેણીએજ તને જુઠું બોલવા કહીઉં છે ; વાસતે ખરો ભોગતો મા-હારો થવો જોઇએ. ચાલ તીઆરે તને ગરદન મારવા જે જગા તઇઆર રાખીછે તાંહાં આપણ જઇએ. હું દુનીઆના લોકને એવું દેખાડવા તા-હારી સાથ આઉંછું કે તાહારી પછવાડે જીવવા કરતાં તાહારી સાથ મરવાને વધારે ખુશીછું."

અબદલાના બેટાએ તે નાજનીનના ઠરાવની સાંમે ઘણી રકજક કરી : તેણે તેણીને સોગન આપીઆ કે તેણીની પોતાની મોહબત બતા-વવાને આવું નાશકારક કામ કરે નહીં; પણ દાઇલેરાએ ગરવા બાબેની પોતાની ઝીટ મુકી નહીં ; અને તેને અરજ કીધી કે તે તેણીના દીલની ખાહેસત પાર પાડવામાં અટકાવ કરે નહીં. તેઓએ ઘણોવાર સુધી એકમે-ક સાથ રકઝક ચાલુ રાખી એટલામાં મોહલામાં તેઓના દરવાજા આ-ગલ એક ભારે પોકાર સંભલાયો ; અને તુરતજ કાજી પોતે મુઝા-ફર તથા કેટલાક માણસ સાથ અંદર દાખલ થયો, થાવર પણ સાથે આવેલો હતો. તેમને આવતા જોઇ દાઇલેરાનાં દીલમાં જબર ધાસતી પેઠી, જેથી તે બેસુધ થઇ જમીન પર પડી; અને કેટલીક બાંદીઓ તેણીને હુશીઆર કરવા ગુંતાયાં તેટલો કુલુક સાંગો કાજીને મલવા દો-રીઓ : તે કાજીએ તેને ગરદન મારવાની જગાપર ચાલવા ફરમાવવાને

બદલે ઓર તેને નમીને સલામ કીધી; અને હસતે મુખડે તેને કહીઉં કે "ગેરબાન, જે કાસદને શેહેરે બાગ્દાદ તરફ રવાનાં કીધો હતો તે અંતરે પાછો ફરીઓછે તેની સાથ તમારા બાપનો એક ગોલામ પણ આવીઓછે. તમારા પીતાએ તમારે માટે ૪૦) ઊંઠ ઊંચું કાપડ તથા ખજાનો લાદીને મોકલીઆંછે. હવે અમારી ખાતરી થઈછે કે તમો મસાફરનાજ બેટાછો; તેથી અમો વીનંતી કરીએ છીએ કે જે અપમાન તમને અમોથી મલીઉંછે તે માટે તમો દરગુજર કરશો."

જેવારે કાજી પોતાની અરજ ખતમ કરી રહીઓ તેવારે મુઝાફર અને થાવરે પણ પોતાની આડી ચાલને માટે કુલુફ પાસથી માફી માગી. થાવરે કબુલ કીધું કે દાઈલેરા ઉપર માહારો દાવો મુદલ નથી. હું એણીને આજ ઘડીથી તલાક આપુછું પણ એવી સરતે કે જો થોડા વખતમાં તમારો તેણીને તલાક આપવાનો વીચાર થાય તો મુજને તમારા હલલા તરીકે તમો પસંદ કરશો. કુલુફ આવો દેખાવ જોઈ વીચારમાં પડીઓ અને એવું સમજીઓ કે થાવર અને કાજી તેની મસકેરી કરવા આવીઆ હતા; પણ એટલામાં એક ગોલામે આવી તેના હાથને બોસો લઈ તેને એક રોકો આપીઓ અને તેને કહીઉં કે "શેઠ, તમારા માંએબાપ સારી તંનદરોસતી ભોગવેછે; અને તમોને પાછા ફરવાની રાહા જોતાં બેસબર બેઠાંછે."

એ રવેશનાં બોલો સાંભલતાં કુલુફના રોખચારા ઉપર રતાસ ખીલવા લાગી; તેણે પેલો રોકો ફોડીઓ તો તે મધે અવલમાં હકતાલાની ઇઆદ પછે આ મુઆફેક તેણે વાંચીઉં:-માહારા વાહાલા બેટા, જે વખતથી તુંએ માહારી ચશમને સુખ આપવાનું બંધ કીધુંછે તે વખતથી હું દીસે ભુખ તથા રાતે ઉંઘ જાણતો નથી; પણ બેચેનીના કાંટા ઉપર પડી રહુંછું; તાહારી ઘેર હાજરીનું ઝેહેર માહારાં જીગરનો શેકાર કરી જાયછે. મુઝાફર તરફથી આવેલા કાસદે મને તાહારા સરવે હેવાલથી વાકેફ કીધોછે; અને વગર ઘીલે ૪૦) ઊંઠ ઝર ઝવેરાતના તથા કાપડનાં

લાયી તું તરફ રવાના કીધાછે. વાસતે તે સરવે સરનજામ તને મલતાંજ તુરત તાહારા સારા સમાચાર લખજે કે જેથી અતરે અમારા જીવને ધીરજ આવે; અને અમો પાછી તંનદરોસતી ભોગવીએ.

અબદલાનો બેટો હજુર કાગલ વાચવું બરોબર પુરૂં ન કરી રહયો હતો એટલામાં તેણે ઉપર પરમાણે ૪૦) ઊંઠ પોતાના ઘરના ચોક આગલ આવી પુગેલાં દીઠાં. તે જોઈ તે પોતાના મનમાં કહેવા લાગો કે અરે એ બધાંની શું મતલબ હશે; હું તો કંઈ અજાએબ ચમતકાર જોઉં છું! ઊંઠોનો રખેવાલ જીઓહર ગોયા મને સારી પેઠે ઓલખતો હોય તેમ મુજને નમીને સલામ કરેછે: અને કાજી તથા મુસાફર એ સરવે દેખાવ ખરાજ સમજેછે. ગમે તે બનો તીઆરે, પણ આપણે તો એનો લાભ જેમ લેવાય તેમ લેવાને ચુકવું નહીં; કદાચ તે શાહેબની મરજી મને બચાવવાની હશે તેથી તે દાતાર એવો ચમતકાર દેખાડતો હશે. એ રવેશનો પોતાના મનસે એખાલ કરી તેણે પોતાનો દેખાવ ફેરવી નાખીઓ અને સમએ સુચકતા રાખી એવો હુંકમ કરીઓ કે તે સરવે ઊંઠો ઉપરથી ગાંસડીઓ ઉતારી એક વખારમાં ભરે અને તે ઊંઠોની ખુબ તકેદારી રાખઆમાં આવે. જીઓહર (તે બોલીઓ) માહારો એસ કબીલો કેમછે, તે મને જણાવ; કેમ માહારા સરવે દોસત આસનાવો સારી પેઠે છેકે નહીં?" "બેરખાન, (જીઓહર બોલીઓ) દરેક જણ સારી પેઠેછે મગર તાહારો પીતા તાહારા દીદા જોવાને ઈનતેજાર અને બેચેન બેઠોછે. તેની એવીજ મરજીછે કે તું ઘર તરફ સેતાબ પાછો ફરે."

જીઓહરને એ રવેશનું બોલતાં સાંભલીઆ પછે પેલો કાજી, મુસાફર, તથા થાવર કુલુફની રજા લઈ ઘર તરફ પાછા ફરીઆ. કાજીએ જતી વખત કુલુફની તકેદારી માટે રાખેલા શીપાઈઓને રજા આપી. એમ કરતાં જેવારે તેઓ સરવે રવાના થયા તેવારે કુલુફ દાઈલેગાના ઓરડામાં ગયો. તેણીની પોતાની દાસીઓની મદદથી હુશીઆર થઈ હતી. કુલુફે તેણીને સરવે હકીકત કહી સંભલાવી પેલો મસાઉદ તરફથી આવેલો શેઠો

તેણીને દેખાડીઓ જે જોઈ તે ખોદાની પરારથના કરવા લાગી કે " ઓ દાદગર દાવર, આમો અજાએબ રીતના અમારા થયલા છુટકારાને માટે માતર અમો તું સાહેબનાજ આભારી છીએ, અને અમો બંધે જણાની ઉપર તુંજ ખાવરે તાહારી મેહેર વરસાવીછે."

" નેક બાનું (કુલુફ બોલીઓ) ખુશબખતી દેખવાનો હજુ આપણો વખત આવીઓ નથી આપણા સંકતનો છેડો આવીઓ નથી : છેડો ? હું શું બોલુંચ ? નહીં, નહીં માહારા દેલની ધાસતી દનપરદન જીઆદા થતી જાયછે. તુંએ માહારી પાસ એવા સખસનું નામ ધારન કરાવીઉંચકે જે સખસ બેશક આ શેહેરમાં હોવોજ જોઇએ. તેની ઉપર આ કાગલ તેના પેદરે લખેલુંછે અને તેનેજ વાસતે જીઓહરની સાથે આ ૪૦) ઊંઠ મોકલાવીઆંછે. એ જીઓહરે કોઇ દનપણ મસાઉદના બેટાને દીઠો ન હશે તેથી તણે એવી ભુલ કીધીછે. મને લાગેછે કે કોઇદન પણ સાચું જણાઇ આવશે વાસતે બેહેતરછે કે આપણે નાહાસીં જવું જોઈએ; અને તે આપણે સેહેલાઇથી કરી શકશું સબબ, આપણી ઉપર કોઇ ચોકી પોહોરોછે નહીં. આ ખજાણો લાધેલાં ઊંઠોને આવી પોંહોંચવાની ચરચા આખા શેહેરમાં ચાલશે અને મસાઉદના બેટાના કાનપર જશે તો તે કાજીને તુરત ખબર કરીઆમાં લાવશે તો કામ બગડી જશે. અને કદાચ કાજી હવડાંજ આપણને પકડવા આવતો હશે તે કોણુને ખબર. એ સ્વેશના ભય અને ગભરાતમાં કુલુફ હતો એટલામાં વલી પેલો પાદશાહી અમલદાર તેમને તાંહાં આવીઓ. તણે કુલુફ પાસેથી તેના ગયા પછે તેની ઉપર ગુજરેલો સરવે હેવાલ જાણવા માંગીઓ. કુલુફે તેની ઈચ્છા પુરી કીધી એટલે તે બોલીઓ કે તેવારે માહારી આગલ તાહારૂં નામ નીસાન ઉલતાવાની શું જરૂર હતી ? "નહીં, નહીં (કુલુફે જુઆબ દીધો) હું જુઠું બોલીઓ નથી, અને ફરી કહુંછું કે હું મસાઉદનો બેટો નથી." " જો એમજ હોયતો (અમલદાર બોલીઓ) મસાઉદનો ખરો બેટો આજ શેહેરમાં આવેલો જોઇએ ; તેને જો ખબર પડશે તો તે તમને પા-

છાં ઉઘાડાં પાડશે વાસતે હવે વગર ઢીલ કરેં આજના આજ આતરેથી નાહાશી જાઓ નહીંતો કે વલી નવાં આફતના વમલમાં સપડાઇ જશો." એટલું કહી તે તેઓને વલી દીલાસો આપેઆ પછે પાછો પોતાને ઠાંહાં રવાનાં થયો. દાઇલરાએ વલી તેને આગલની મુઆફેક તાણાજણીના સખુન ઓઆરીઆ અને કુલુફે તેણીને અટકાવી.

એમ કરતાં જેવારે રાતનો વખત થવા આવીઓ તેવારે તેઓ નાહાસી જવાની તઇઆરી કરતાં હતાં એટલામાં તેઓના ઘર આગલ એક ભારે પોકાર ઉઠેલો તેઓએ સાંભલીઓ અને તેઓએ જોયું તો કેટલાક ઘોડેસવારો તેઓના ઘરના કમપાઉનડમાં દાખલ થયલા. પાછાં આ બીઆરાં ખરાં આશક માશુકના જીગર થરથરવા લાગાં; તેઓની પકી ખાતરી થઇ કે કાજી તેમને પકડવાને માટે આવી લાગો; પણ તેઓનો ગભરાત થોડાજ વખતનો હતો. તેઓ તો પાદશાહી સવાર હતા; અને તેઓનો વડો ઘોડા ઉપરથી ઉતરી જે ઓરડામાં કુલુફ અને દાઇલરા હતાં તે ઓરડામાં ગયો, અને કુલુફના હાથમાં એક કાગલ મુકીઉં. તેણે તેઓ બંઘેને ઘણીજ નમીને સલામ કરેઆ પછે ભરથારને આ મુઆફેક કહીઉં, "મેરબાન સાહેબ, હું મોટા ઉસબેકખાનશાહાના હોકમથી અતરે આવીઓછું: સબબ તેનો વીચાર મસાઉદના બેટાને મલવાનો થયો છે. તે નામવરને તમો લોકોના હેવાલની ખબર પડીછે; પણ તે તમારે મોહોંડેથીજ સાંભલવાની ઈચ્છા ધરાવેછે. તે ખાવીંદે તમારે માટે આ સરપાવ મોકલીઓછે કે લાયક પોશાકમાં તમો તેની હજુરમાં જઈ શકો." કુલુફે પાદશાહની હજુરમાં જવાને ઘણી આનાકાની બતાવી પણ પેલા સવારે તેને ઘણી બોહોસ કરી પાદશાહી હુકમને માંન આપવાની ફરજ જણાવીઆથી કુલુફે પેલા જમાં પેહેરીઓ. બાહેર નીકલીઆ પછે તેને માટે ખાસ તઇઆર રાખેલાં એક જરીન જીન સાથનાં ખચર ઉપર તેને બેસાડીઓ; એટલે ઘોડાવાલાએ તેના રેકાબને બોસા દઇ લગામ તેના હાથમાં આપી, બાદ પાદશાહી મેહેલ તરફ તેઓએ ઘોડા ચલાવીઆ.

જેવો કુલુફ મેહેલમાં જઈ પુગો તેવોજ પાદશાહી આમલદારોએ તેને

આવકાર દીધો અને આબરૂથી તેને એક ઓરડામાં લઇ ગયા જાંહાંથી પાદશાહનો વડો વજીર તેનો હાથ ધરી તેને એક બીજા ઓરડામાં લઇ ગયો. તાંહાં એક સોનેરી અને જડાવદાર તખત ઉપર ઉસબેકખાનશાહ પુર દમામથી બેઠેલો હતો. તેના પોશાકનો રોબ તથા ઝલકાટ જોઈ કુલુકુની આંખ દીપવા લાગી તેથી તે નીચે સર નગાવી ગાભરો બનીઓ, એટલે પાદશાહે તેને હીંમત આપી કહીઉં કે "અએ મસાઉદના બેટા, મને એવી ખબર મલીછે કે તાહારી ઉપર ઓર તરેહેનો બનાવ ગુજરીઓછે, તેથી માહારી એવી મતલબછે કે તું મને તાહારી સરવે હકીકતથી વાકેફ કરીઆમાં લાવે." કુલુકે આએ અવાજ સાંભલતાંજ ઊંચે નેગાહ કીધી અને જોયું તો જે સખસ પાદશાહી અમલદારને નામે તેને બે વખત મુલાકાત આપી ગયો હતો, અને જેની આગલ પોતાનો ભરમ તેણે બેઆન કરી ઊઘાડીઓ હતો તેજ હતો; તેથી તે જમીન ઉપર પડીઓ, અને જારી કરવા લાગો. વજીરે તેને ઉઠાડીઓ, અને હીંમત આપી કહીઉં કે અએ મરદ કશી રોશનો હંદેશો નો કર અને હીંમત રાખી ઝાંહાંપનાહના તખતને બોસો લે. કુલુકે તેમ કીધું, અને પછે ૪) દગલાં પાછો હતી સર નગાવી ઉભો. શાહે તેને વધારે વાર તેમ રેહેવા દીધો નહીં; પણ પોતે તખત ઉપરથી નીચે ઉતરી તેને એક બીજા ઓરડામાં લઇ ગયો અને તેને આ મુઆફેક બોલીઓ, "કુલુક, હવે તું તાહારા મનને ખુશી રાખ, અને હવે કાંઈપણ નવી આફતની ભય રાખ ના: હવે તું દાઈલરાથી જુદો કદી પડનાર નથી. તું તેણીની સાથ હવેથી માહારી કચેરીમાં આવી રહે અને જે પડવી તું મીરજીહાંનશાહની દરબારમાં ભોગવતો હતો તેજ પદવી માહારે તાંહાં ભોગવજે. તાહારી ઓરત તરફ જે એકીનદારી તુંએ બતાવી હતી તે મારા કાનપર આવીઆથી તને મલવાનો માહારો સોખ થયો હતો તેથી હું તાહારે તાંહાં આવીઓ હતો. હું તાહારીથી ઘણોજ ખુશી થયો હતો, અને તુંએ જે માહારી ઉપર વીશવાસ મુકી તાહારો ભરમ મને જણાવીઓ હતો તે માટે તાહારો જીવ

બચાવવાનો અને તમારૂં જોરૂં કાયમ કરી આપવાનો મેં તેજ વખત ઠરાવ કીધો; અને તુંએ દીઠુંચ તે સરવે મેં કીધુંછે. પેલા ૪૦) સોનઈઓ મેં માહારા તબેલામાંથી કરાવીઆં અને જીઓહરને હવાલે કરી તાહારી તરફ મોકલીઓ. તે જીઓહર કદીપણ માહારા અએવાનમાંથી બાહેર જતો નથી. તને મળેલું કાગલ પણ મેંજ લખાવીઉં હતું; અને રખેને પેલા મુસાફરનો કાસદ આવી પોંહોંચે અને સઘલું ઉઘાડી પડી આવે એવી ધાસતીથી ગઈ કાલે મેં માહારા માણસને બોગ્જીંદની રાહાના નાકા ઉપર કાસદને અહીંઆ બોલાવી લાવવા ઉભો રાખીઓ અને તેની મારફતે પેલા રોકો તાહારી ઉપર મોકલીઓ હતો.

કુલુકે પાદશાહને મોહોડેથી તમામ હેવાલ સાંભલીઓ, અને પછે તેના પગ આગલ પડી તેનો ઉપકાર માની કહીઉં કે-ગેરબાન પાદશાહ, આ તાહારો ઉપકાર હું મોહોત સુધી વીસરનાર નથી. તેણે તેજ દીવસથી પોતાની દાઈલેરાને પાદશાહી મેહેલમાં લાવી રાખી. ઉસબેકખાને તેમને માટે એક ઓરડો સનગાર કરાવી તેમાં તેઓને ઉતારો આપીઓ, અને તે સાથ તેઓને મોટો પગાર કરી આપીઓ. સેવટે એક ચાલાક નવી સનદાને બોલાવી પાદશાહે તેને એવો હુકમ ફરમાવીઓ કે આ બંધે વફાદાર અને ખરાં આશક માશુકોનો કીસસો હવે પછીની ઓલાદો માટે સારી એબારતમાં નોંધી રાખે.

જેવારે ફરખુનાઝ શાહાજાદીની દાસીએ કુલુકની વાત તમામ કીધી તેવારે તેણીની ચુપકીદી પકરી રહી કે તે શાહાજાદી શું વીચાર આપેઅ. તે જોઈ તેણીની દાસીએ કુલુકની તારીફ ગાવા માંદી તે ઉપરથી તે શાહાજાદી બોલી ઉઠી કે જે વેલાએ કુલુકને કારકોરમમાંથી દેશનીકાલ કીધો તે વેલાએ તે દાઈલેરાને મલવા તથા જણાવીઆ વગર તે શેહેર છોડી ગયો. હું સારી પેઠે સમજીઅ કે તેને પાદશાહ તરફથી તેમ કરવાને એકદગ હુકમ મલીઓ હતો તોપણ મોહોબતની વાત ઓરછે જો તેની મોહોબત દાઈલેરાપર ખરીજ હતે તો કંઈબી કરી તેણીને મલીઆ વગર

આસતે નહીં. પણ એટલોજ તકસીર તેની ઉપર મુકવાને બાસ નથી. જો તેની માહોબત દાઈલેરા ઉપર ખરીજ હતે તો જેવારે તે સમરકંદમાં હતો તેવારે તે થાવરને હલકા તરીકે રહેવાને કબુલ થતે નહીં. અને વલી જેવારે તેણે પેલી સુંદર નાજનીનને ઓલખી તેવારે તે પોતાના વચનને વલગી રહેવાને કેટલી ખુશી બતલાવતો હતો. જો તેણીની તેને સમજાવતે તથા બોહોસ કરતે નહીં તો તે પોતાનો વચન પાર પાડીઆ વગર કદીબી રહેતે ? એક ખરો આશકકે જેના જીગરમાં માહોબતનો આતશ સલગતો હોય તે એટલો દામાદોલ શી રવેશે રહે." પણ શાહાજાદી (સતુલમીમ બોલી) જુવાન મરદમાં આતો ગુણ પેહેલો હોવો જોઈએ કે પોતાના કોલને ઓસતવાર વલગી રહેવું અને તે ઉપરથી એવા ગુણવાલો આશક વખાણને લાયકછે. પણ શાહાજાદી તાહારો જેવારે એવોજ વીચારછે તો હું તાહારી પાસથી એક બીજી વાત કરવાની પરવાનગી માગી લઉંછું કે જે વાત આગલી સરવે વાત કરતાં સરસ જણાશે. જેવારે ફરખુવાઝની સરવે સાહેલીઓએ એ સખુન સાંભલીઆ તેવારે સરવે એ ખુશીનો પોકાર ઉઠાવીઓ જે ઉપરથી ફરખુવાઝને રજા આપવાની ફરજ પડી. પરવાનગી મલતાંજ દાસીએ નીચે મુઆફેક સરૂં કીધું.

શાહાજાદો કાલાફ તથા ચીનની શાહાજાદીની દાસતાન.

શાહાજાદો કાલાફ નોગઈ જાતના તાતાર લોકના ખાનનો બેટો હતો. જેવારે તે ૧૮) વરસની ઉમરે પુગો તેવારે તે એટલો ચપલ બુધીનો અને બાહોસ જણાયો કે સભામાં જેવારે તે ભાશાણ કરતો તેવારે મોટા મોટા પંડીતો અને પરધાનો તેના ઉમદા વીચાર ઉપર આફ્રીન કરતા. તે પોતાના બાપ તેમુરતશનો જીવ હતો. વલી જો લડાઈની અંદર એને જોયો હોય તો તે રાજના લશકરને માંથે રહીને ખુબ ધરપકડ કરતો જણાતો હતો. તેણે અતીઆરમાંજ કેટલીક લડાઈઓ મારેલી હતી; અને

આસપાસની કોમોમાં એની ફતેહથી એવોતો તહેગાસ બેઠો હતો કે તેઓ તેમના દેશપર હુમલો કરશે એવીતો ધાસતી તેમને હતીજ નહીં. ખાનના રાજનો મામલો એ મુઆફેકનો હતો તેવારે તેની કચેરીમાં કેરીઝમી લોકોના સુલતાન તરફથી એક એલચી આવી પોંહોંચીઓ અને એવું કહેવા લાગો કે હવે પછી નોગઇસ તાતાર લોકો પાસેથી તેના પાદશાહને ચોથઇ ગલવી જોઇએ; અને કે નોગઇસ લોકો આપવાને ના પાડશે તો તેનો સુલતાંન પોતે બે લાખ માણશનું લશકર લઇ આવી તેમને ફરજ પાડશે. કાશદને ગોહોડેથી એ રવેશના સખુન સાંભલી ખાને એકદમ પોતાની કચેરી ભરી તે મધે એવા સવાલ મુકીઆ કે આવા જબરદસત દુશમનની સાંમે થવાને બદલે તેને ચોઠાઈ આપવી ઇઆ તેની આ ધમકીની દરકાર નહીં કરવી. કાલાકુ અને કેટલાક દરબારી પાછલા વીચારને મલતા આવીઆ તેથી ખાને કાસદને નકારવાચક જુઆબ આપી પાછો ફેરવીઓ.

કાસદના જવા પછે તુરત આસપાસના શેહેરોમાં લશકરની મદદ માંગવા ખાને પોતાના દરબારીઓ મોકલીઆ જેઓ પોતાની કોશેસમાં ફતેહ પામીઆ; તેમાં શીરકેશીઅન લોકોને પણ સમજાવી પોતાની બાસદુમાં લાયા. એ રવેશે લશકર એકઠું કરવામાં જેવારે નોગઇઝ લોકો રોકાયલા હતા તેવારે પેલી તરફ કેરીઝમીના પાદશાહનું બે લાખ માણશનું લશકર દમબદમ કુચ કરતું નોગઇઝ તરફ પાણીના રેલા મુઆફેક ધસારાબંધ ચાલી આવતું હતું. ખાન જેવારે પોતાનું લશકર જમાવ કરી રહયો તેવારે તેણે તે લશકરને કાલાકુની સરદારી તલે આપી શેહેરે કેરીઝમી તરફ જોસબંધ જવાને ફરમાન દીધું.

બંધે લશકર એકેકની સનમુખ આવી પોંહોંચતાં સંખીઆનો સુમાર બંધે બેરદુ ઉપર એક સરખો દીસતો હતો. બરી બામદાદમાંજ લડાઈ સહેરૂં થઈ તે છેક રાત સુધી બંધે બેરદુ ઉપર એક સરખાં જોસથી ચાલીઆ પછે રાતના સબબને લીધે મોકુફ કરવામાં આવી. એ રા-

તના દરમીઆનમાં કાલાફની ફ્રુમકે આવેલાં સીરકેશીઅન લશકરનો સરદાર કેરીઝમીઅન સરદાર નજદીક ગયો અને એવી ખાતરી આપી કે અગર કેરીઝમીન લોકો સીરકેશીઅનો સોડેથી ભવીશમાં કંઈપણ ચોઠાઇ અથવા કર લે નહીં તો તે લોકો નોગઇઝ લોકોની બોરદુમાંથી નીકલી જાય. સુલતાને એ વાતનો મનજુરીઆત વચન આપીઆ ઉપરથી સરદાર પાછો પોતાના તંબુમાં ગયો અને સહવાર પડતાં જેવારે બંધે લશકર સફ સમારી ઉભાં તેવારે સીરકેશીઅન લશકર પોતાના વતન તરફ મોંહો ફેરવી જતું રહેવા લાગ્યું.

શાહાજાદો કાલાફ આવો મામલો જોતાંજ ગાભરો પડી ગયો ; અને લડાઈથી હાથ ઉઠાવવાના વીચારમાં ગુંતાયો-વીચાર કરેશું કે સેતાબ દુશમન લોકો તેની ઉપર હુમલો લઇ આવીઆ. તેથી, જોકે તેના ચુન-નદાં ભાડે મંગાવેલાં લશકરે તેને દગો કીધો હતો તોપણ, લડાઇ કરીઆ વગર છુટકો જણાયો નહીં; તેથી તેના લશકરે મારવું ઈઆ મરવું એવો ઠરાવ કરી દુશમન ઉપર એકદમ હુમલો કીધો. પણ દુશમનનું લશકર તેઓ કરતાં ઘણુંજ બેસુમાર હોવાને લીધે કુલુફને પોતાના માતપીતા તથા બાકી રહેલાં જુજ લશકર સાથ નાહાસી જવાની ફરજ પડી તેથી તેઓએ પોતાનું પાએતખત શેહેરે આસતરાખાન છોડી કેટલોક કીમતી અજાણો લઈ કોહેકાફ પરવત તરફ નાહાસવા માંડીઉં. તાંહાં જઈ પુગતાં તે ઉપર વસતાં ચોરોનાં તોલાંઓ કે જેઓની સંખીઆ ૪૦૦૦) માણસની હતી તેઓએ એકદમ એ કમનસીબ અને વાખાના મારેલાં બાદશાહી કુંટુંબ ઉપર તુટી પડી તેઓની મુસીબત પુરી કરી ઈઆને કે તેઓ સાથ જે આસરે ૪૦૦) સવાર આવીઆ હતા તેઓને મારી નાંખી શાહાને તથા તેની રાણીને તથા કાલાફને તદન નાંગા કરી તેઓનો સરવે સરનજામ લુટી લઈ તેમને પાહાડ ઉપર એખલાં હેરાન અને પરેસાન હાલમાં મુકી જતા રહીઆ.

આ રવેશે પોતાની હાલત થયલી જોઈ એક વખત જાહોઝલાલી

ભોગવેલા શાહાને કેવું અતીઅંત દુઃખ લાગ્યું હશે તેનો વીચાર કોણ કરે! વલી પાદશાહજાદી પોતાના કલાપીતના રડનથી તે પાહાડ ઉપર જે શોહોર મચાવતી અને તેથી જે પાછો અવાજ થતો તે સાંભલી કાલાફનું જીગર ચાક થતું હતું. એ સરવે છતાં પણ કાલાફે હીંમત છોડી નહીં. તે તેઓને હીંમત આપી કહેતો કે રે માહારા પીતા! રે માહારી માતા! આવી મુસીબતની વખતે નાસીપાસ ના થાવો, અને ઇઆદ કરો કે આ ફરતા આસમાનની મરજીથી આવી રીતની જફા આપણ પર ગુજરવા લાગીછે વાસતે કરમનાં લખાયલા લેખ હરગેજ થઇ આપણાથી ફેરવાઇ શકનાર નથી અને તે બનીઆ વગર રહેનાર પણ નથી. આપણે શું પેહેલાજ પાદશાહ છેઇએ કે જેઓ ઓદાઈ લાકડીથી કચડાઈ ગયાચ? આપણી આગમચ એવાતો ઘણા પાદશાહ થઈ ગયાછે કે જેઓને પોતાના રાજમાંથી હાંકી કાહાડવાથી તેઓ જંગલે જંગલ અને શેહેરે શેહેર રજડી રખડી આખરે તે શરવે શકતીવાન દાતારની મદદથી પાછા પોતાનાં રાજ હાથમાં લાવી શકીઆછે? જો આ ફરતા આશમાનમાં રાજાઓને રાજપરથી બરતરફ કરવાની શકતીછે તો તેમજ તે તેઓને પોતાના રાજ પાછા આપવાની પણ શકતી ધરાવેછે; વાસતે આપણે સબર રાખી રેહેવું જોઈએ કે તે દાદગર દાવર આપણી આ મુસીબત અને મુશકેલાતનો બદલો સારી રવેશે પોંહોંચાડીઆ વના રેહેશે નહીં.

કાલાફના આ રવેશના દીલાશા ભરેલા ભાષાનથી તેના માબાપનાં મન ઉપર નેક અસર ઉતપન થઇ તેથી તેઓ પોતાની મુસીબતની બાતી ઉપર તેઓને માટે નોંધાયલા લેખો ઉપર સબર રાખી તેઓ પર ગુજરતી ચહડતી પડતી વગર બોલવે ખમવાને દરૂસત વીચારી બીનમાંથી જે કાંઈ ફલ મલી આવતાં તે ખાતાં આગલ વધીઆં પણ અફસોસ! પાહાડના તપવાથી બીચારાં ઉગાડે પગના આ માનવીઓ ઉપર વધારે સેતમ આવી પડીઓ. શાહાની ઉપર ઘડપણ દારા ગુલકતું હતું તેને લીધે આ રવેશનો જમાનાનો ઘેર ખમવાને અશકત હોવાને લીધે તે બીચારે,

વારેઘડીએ બેશુધ થઇ પડતો અને તેમજ પેલી તેની અબળા નાર કે જેણીનું બદન નાજુક હોવાને લીધે ગરમ પાહાડો પર ઊંચે નીચે ચાલવાને અશક્ત હતી. એ સબબ ઉપરથી પેલા તેમના ફરઝંદ બાહાદુર પણ નબાઇ ગયલાં ઉપર બેવડી મેહેનત આવી પડી; એટલે તે તેઓને વારા ફરતી પોતાની બાંધપર ઊંચકી ચાલતો હતો.

એ રવેશ બગી મુશકેલીથી તેઓ આગલ વધીઆં પણ થોડીક મંજલપર આ મુસાફરો ગયા નહીં એટલાગાં તેઓ પાહાડ તથા ખોહથી ભરેલાં એક દહરાંમનાં જંગલોમાં જઈ લાગાં કે જાંહાંથી આગલ વધવાની રાહા તેમને સુજ પડી નહીં. જેવારે બાદશાહજાદીની નજર તે દહરામના ગુફાઓ ઉપર પડી તેવારે તેણીની ભયથી એટલીતો ગાભરી પડી કે તેણીની ફોકે ફોક રડવા મંડી. અને ખાને પોતાની આ રવેશની મુસીબત જોઈ તેવારે તેણે પોતાની સબુરી મુકી અને આંખમાં આંસુ લાવી આ મુઆફિક પોતાના બેટાને કહીઉં કે માહારા પીઆરા બેટા, માહારી ઉપર પડતાં દુઃખો ધીરજથી ખમવાને હવે માહારામાં તાકાત નથી તેથી મેં એવો ઠરાવ કીધોછે કે આ બીહામની એકુ ખોહોમાં પડીને માહારી જીંદગીનો અંત લાવવો, અને માહારી ખાતરીછે કે તે દાદગર દાવરે એ ખોહો માહારેજ વાસતે રાખી મુકીઆછે તેથી બેહેતરછે કે નસીબના જુલમી પંજામાંથી હું મોકલો થાઉં.

ખાનને મોહોંડથી જેવારે તેના બેટાએ આ રવેશ બેસબુરીના સખુન સાંભલીઆ તેવારે તે તેને દીલાસો આપી બોલીઓ કે અએ મારા પીતા આ તું શું કરવા માંગેછે? શા માટે તું તાહારો નાશ કરવા ઇછેછે? આકાશી લખને તાબેદાર થવાની તું આ રવેશનો પુરાવો રાખેછે? દલમાં દરીઆફત કર અને તે ખોદાઈ મરજી તરફ બંડખોર બેસબુરી દેખાડવાને બદલે આપણને એવું કરવું સજાવારછે કે જે કરવાથી આસમાન તરફથી મેહર અને દયાનું આપણી ઉપર ઉતરવું થાય. બેશક આતો ખચીતછે કે આ પાહાડો ઓલંગવા ઘણું મુશકેલ કામ રાખેછે લેકીન

મને એવું ગુમાન આવેછે કે પેલી તરફનાં મેદાનમાં જવાની અતરે કોઠે રાહા હશેજ વાસતે તમો લોકો સબુરી અખતીઆર કરી અહીંઆજ ઉભાં રહો તો હું આણીગમ પેલીગમ ફરી કોઈ રાહાની જોસતેજુઈ કરી સેતાબીથી પાછો ફરૂં. ઠીક માહારા બેટા (બાપે જુઆબ દીધો) તું જા અને માહારી નાસીપાસીની હવે કાંઈપણ તું ધાસતી રાખ ના જાંહાંસુધી તું પાછો ફરે તાંહાંસુધી હું માહારી ગમગીનીને માહારી હદમાં રાખશ.

જેવારે પોતાના પીતાને મોંહોંઉથી એ રવેશના સખુન સાંભલીઆ તેવારે તે શાહાજાદો આગલ વધીઓ અને જાબજા ફરી પુશકલ થાકી ગયો પણ આગલ જવાની રાહાની કાંઇ નીશાન પાંમીઓ નહીં તેવારે નીરાશ થઇ જમીન ઉપર પડીઓ અને તે શરવે શકતીવાન શાહેબની મોનાજાત કરવામાં મશગુલ થયો. બંદગીમાંથી ફારેગ થઇ તે પાછો રાહની તલાસમાં ગયો પણ આ વખતની તેની કોશેસ ફોકતમાં ગઈ નહીં; સબબ તેની નજરે એક મોહોટાં દરખતથી ઢકાઇલી એક રાહા જણાઈ. એટલુંજ નહી પણ તે સાહેબની મેરબાનીથી તે દરખતની નજદીક એક પાણીનો ચશમો પણ તેની નજરે પડીઓ જે જોઈ તે અતીઅંત ખુશી થયો અને સેતાબીથી પોતાના સોબતીઓને તે તરફ લઇ ગયો.

આ ચશમાંની નજદીક તરણ દાહાડા ઝાડપરનો મેવો તથા ચશમાંનું પાણી પીઇને આશાએશમાં ગુજારીઆ પછે તેઓએ આગલ રાહા તરફ મોંહોં ધરીઉં અને કેટલેકવારે એક મોટા શોભઈતાં શેહેરના કીલલા આગલ સમી સાંજે જઈ પુગાં અને તેઓ રાહાની ગીરદથી ભરાઈ ગયાં હતાં માટે તેઓ દીવસ તમાંમ થતાં સુધી શેહેરમાં દાખલ થવાને લજવાંયા તેથી તે કીલાની બાહેર ગાંસની ઉપર બેઠાં. એ પછે થોડેક વખતે એક જઇફ મરદ હવા ખાવાને વાસતે ફરતો ફરતો તાંહાં આવી લાગો અને તેઓને સલામ કરી તેમની પાસે બેઠો. જઈફને પાછી સલામ કરીઆ પછે તેઓએ તેને તે શેહેરનાં નામ બાબે પુછીઉં જે ઉપરથી તે પીરમરદ બોલીઓ કે તમો લોકો પરદેશી જણાવોછો કારણ કે આ શેહેરનાં

નામથી તમો ઓળખાણીઆછો. તેઓએ હા કહેવા ઉપરથી તે પીર બોલીઓ કે શેહેરનું નામ જઇકછે અને કે ઉરતક નામે રાજા રાજ ચલાવેછે. એ બાદ તેઓનું તાંહાં કેમ આવવું થયું તે પીરે પુછવા ઉપરથી બાંને જવાબ દીધો કે "શેહેરે કેરીઝમાનો હું એક વેપારીછું અને વેપારને અરથે વંજાર સાથ બાહેર દેશાવર બાતે રવાંનાં થતો હતો એટલે રાહામાં ચોર લોકોની એક તોલીએ અમારી વંજાર ઉપર છાપો નાખી અમને લુટી લીધાં અને આ રવેશની અમારી હાલત કરી નાખી. અમો કોહેકાફનો પાહાડ ઓલંગી આવીઆં છઇએ અને હવે આગલ કાંહાં જઇએચ તેની અમને ખબર નથી."

પેલા જઈફ મરદે જેવારે બાનને મોંહોંડેથી એ રવેશનાં સખુન સાંભલીઆ તેવારે તેને તે લોકો ઉપર દયા આવીઆથી તે તેમને પોતાને ઘર લઈ ગયો જાંહાં તેમની તે અછી માવજત કરીઆમાં લાવીઓ. એગ કરતાં તેઓ સરવે સુફરા ઉપર બેઠાં અને સારી પેઠે ખાણું ખાધા પછે સરાબ નોશ કરવા લાગાં. સરાબની અસરથી પેલો જઈફ ઘણો લહેરમાં આવી ગયો અને તેણે પોતાના પરોણાઓને ખુશી કરવાને અનેક પરકારના ઉપાયો લીધા તોપણ તેથી તેઓનાં મોંહોંપરની ગમગીની સોકસત થયલી તેણે દીઠી નહીં; તે જોઈ તે તેમને કહેવા લાગો કે અમે મેજબાનો તમારૂં મન રીજાવવાને હું અનેક કોશેસ કરવામાં લાવીઓ પણ તે સરવે ફોકત ગઇછે. ઈનસાન પેદા થયું તે આવી રીતનાં તથા એ કરતાં જીઆદા દુ:ખો ખમવાને માટેજ પેદા થયુંછે વાસતે તે વાતનો અફસોસ કરવો એ ઈનશાનને સજાવર નથી તેથી બેહેતરછે કે તમારે તમારી હાલની હાલત બાબે નાસબર થવું જોઇએ નહીં. તે કરતાં માહારા પોતાના ઉપર એક વખત કેવો બારે ગજબ પડયો હતો તે જેવારે હું તમારી જાણમાં લાવશ તેવારે અલબતાં તમો તમારૂં દુ:ખ વીસરીઆ વના રેહેશો નહીં. એ રવેશના સખુન કહેવા પછે તે જઈફ મરદ નીચે મુઆફેક તેમને કીસસો જણાવીઓ.

મોજલના રાજા, બીન ઓરતોકના બેટા, ફદલલાહ શાહાજાદાની દાસતાન.

મોઝલના છેલા રાજા બીન ઓરતોકનો હું બેટો થાઉંછું. જેવારે હું ૨૦) વરસની ઉમરે પુગો તેવારે માહારા પીતાની એવી ખાહેસત થઈ કે માહારા નેકા કરીઆમાં આવે. એ ઉપરથી તેણે મુજને બેહદ ખુબશુરત બાંદીઓ દેખાડી પણ તેઓમાંની કોઇ પણ માહારૂં દીલ લુતી શકી નહીં; અને એ ઉપરથી માહારો પીતા મુજપર ગુસસે થાય નહીં માટે મેં તેને એવું જણાવીઉં કે માહારો શેહેરે બગદાદ તરફ જવાનો ઇરાદો હતો કે બનેતો તાંહાંથી માહારે દીલપસંદ કોઇ નાજનીન સાથ નેકાહ કરીઆમાં આઉં. એ રવેશનો માહારો ઇરાદો જોઈ માહારા બાપે મુસાફરીને માટે પાદશાહી લાયક સરનજામ સરવે પુરો પાડીઓ એટલે મેં બગદાદ તરફ એક મોટા રસાલા સહીત કુચ કીધી. કેટલાક દીવસ સુધી તો રાહામાં અમને કશી રવેશની અડચણ નડી નહીં પણ એક રાતરે અમો સરવે એક મેદાનમાં પડાવ નાખી ખાબમાં પડીઆ હતા એટલામાં બેદુઇન આરબોની એક તોલીએ અમોપર સબેખુન મારીઉં અને મને ખબર પડે તેની આગમચ માહારા બેહદ શીપઈઓ મારીઆ ગયા હતા એટલે હું પણ બાકીનાઓ સાથ તેઓના હાથમાં કેદ પકડાયો. તેઓએ અમને મારી નાખવાનો ઈરાદો કીધો અને જેવારે સઘલાઓને તેઓએ કાપી નાખીઆ પછે માહારો વારો આવીઓ તે જોઈ હું ગભરાતમાં પડીઓ અને પોતે કોણ હતો તે તેઓને જણાવીઉં તેથાતો તેઓ ઓર ખુશી થયા અને મને પોતાના સરદાર આગલ ઘસડી લઇ ગયા. તે સરદાર પડોસમાંના એક જંગલમાં હતો જાંહાં બેહદ તંબુઓ મારેલા હતા. સરદારનો તંબુ વચોવચમાં હતો. તેઓએ મુજને સરદારના તંબુમાં આખો દીવસ રાખીઆ પછે રાતે એક ઝાડ સાથે બાંધીઓ અને એ અવસથામાં મુજને આખી રાત રાખીઓ. બીજે દાહાડે સહવાર પડતાંજ એક જાસુસે આવી તેમને ખબર આપી કે એક મોટી વંજાર થોડેક માઇલ દુરના

એક જંગલમાં તે રાતે ઉતારો લેનાર હતી. એ ખબર સાંભલતાંજ સરવે ચોરોએ સરદારના હુકમથી તે તરફ કુચ કીધી. અને મુજને ઝાડ સાથ બાંધી રાખીઓ. એમ કરતાં જેવારે રાતનો વખત થયો તેવારે તે કરી-મેકારસાજે પેલા ચોર સરદારની ઓરતના દેલમાં દયા વરસાવી તેથી તે માહારી નજદીક આવી અને બોલી કે અએ જવાંમરદ મને તું જપર દયા આવેછે તેથી તને છોડવા માટે અતરે આવીછું; પણ આગર હું તને છોડું તો નાહાસી જવાને તાહારામાં સામરથછે કે નહીં? તેવારે મેં તેણીને જુ-વાબ દીધો કે જે સરવે શકતીવાન સાહેબે તાહારા દેલમાં માહારે વાસતે રેહેમ મુકીછે તેજ સાહેબ મુજને નાહાસી જવાની શકતી પણ આપશે. એ ઉપરથી તેણીએ મુજને છુટો કીધો અને કાંઇ ખાવાનું તથા રાહાની નીશાન આપી મુજને તાંહાંથી વદીઆ કીધો. હું નાહાસતો ભાગતો જતો હતો એટલાગાં જોઉં શું કે માહારી આગલ થોડેક દુર એક સખસ ખ-ચર પર કાંઇ માલ લાદી જતો હતો તેને મેં પકડી પાડીઓ અને તે કાંહાં જતો હતો તે પુછીઆથી તે બોલીઓ કે તે શેહેરે બગદાદ તરફ પોતાનો માલ વેચવા જતો હતો અનેકે તે શેહેર બે દીવસની મંજલ ઉપર હતું. હું તેની સાથે રહયો અને બગદાદ પુગા પછે તે પોતાને કામસર ગયો અને હું એક મસીદમાં જઇ રહયો. ભુખે મુજપર ગલબો કીધો હતો તેથી રોટલો માંગી લાવવાની મુજને ફરજ પડી હતી. બીજે દીવસે રસતે રસતે ભીખ માંગતો જતો હતો એટલે એક મોટું ભપકાદાર ઘર આવીઉં તાંહાં હું ઉભો અને રોટલી સારૂં બુમ પાડુંગ એટલાગાં એક બાંદીએ મુજને કાંઇ ખાવાનું લાવી આપીઉં તે ખાઇને ઉપર નજર કરૂં શું કે એક ખુબસુરત નાજનીન બારીએ ઉભેલી નજર પડી. પવનના સપાતાથી તેણીના મોંહોંપરનો બુરખો ઉચકાઈ ગયો તેથી તેણીનો ચેહેરો માહાતા-બના સરખો જણાયો. તે પરી રૂએનો ચેહેરો જોતાંજ મુજની સુધ ઠેકાણે રહી નહીં અને દેવાણાની મુઆફેક તેણીના મોંહોં તરફ તગોતગ જોવા લાગો. એજ હાલતમાં આખો દાહાડો તાંહાં રહીઓ અને રાતના વખતે

તાંહાંથી આગલ ચાલીઓ. પણ તે પેહેલાં મેં એક જઈફ મરદને તે કોણનું ઘર હતું તે બાબે પુછીઉં તેવારે તે બોલીઓ કે તે અદબાનીના બેટા મુઆફકનું ઘર હતું. મુઆફક તે શેહેરનો એક પરબીઆત, આબરૂદાર, અને માતબાર સખસ હતો તથા તે એક વખત તે શેહેરનો હાકમ હતો પણ તાંહાંના કાજી સાથ કાંઇ અનબનાવ થયાથી તે કાજીએ કલીફ આગલ વગ પોંહોંચાડી તેને પોતાના ઓદ્ધાપરથી બરતરફ કરાવીઓ.

પેલી નાજનીનના વીચારમાંજ હું આગલ વધી બેખબર રીતે શેહેરની બાહેર જતો રહીઓ, અને એક કબરસથાન આવીઉં તાંહાં એક પથરપર માથું તેકવી જમીનપર સુતો. બરોબર ખાબ કીધો નહી એટલામાં એક ગોરની અંદરથી એક બુલંદ આવાજ નીકલીઆથી હું ચોંકી ઉઠીઓ અને તાંહાંથી નાહાસવાની પેતરણમાં હતો એટલામાં કબરશથાનના દરવાજા આગલ મને બે માણસોએ પકડીઓ અને તેઓએ માહારૂં નામ પુછવાથી મેં જણાવીઉં કે હું તે શેહેરથી બેગાણો હતો અને કે મુસીબતથી ભીખારી હાલતમાં આવીઓ હતો. એ ઉપરથી તેઓ બોલીઆ કે ઠીકછે જેવારે તું ભીખારીજછે તેવારે તને અતરે ઠીક ખાવાનું મલશે એટલું કહી તેઓ મુજને ગોરની અંદર લઇ ગયા જાંહાં બીજા ચાર સખસો ખજુર તથા શરાબ ઉપર જપોજપ હાથ ચલાવતા હતા.

તેઓએ મુજને પણ પોતાની સાથ સામેલ કીધો. તેઓ ચોર હતા એવો વીચાર મને તુરત આવીઓ અને તે વલી ખરોજ હતો. તેઓએ મને પોતાની તોલીમાં દાખલ થવાને એલતેમાસ કીધી. જો કે ચોર સાથ સામેલ થવાને માહારી બીલકુલ મરજી હતી નહીં તોપણ તેઓનો સખુન ન માનીને તેમને ગુસસે કરવાને પણ માહારી હીંમત ચાલી નહીં, તેથી વીચારમાં હતો કે શું જુઆબ આપવો એટલામાં સારે નસીબે શેહેરનો કોટવાલ પોતાની સાથ કેટલાક સીપાઇઓ લઇ તાંહાં આવીઓ અને તે ચોરોને તથા મુજને પકડી લઈ ગયો. બીજે દાહાડે અમને કાજી આગલ ઈનશાફને વાસતે ઉભા કીધા. ચોરોને પોતાનો વાંક કબુલ કરીઆ વના

રહેવાયું નહીં, અને માહારે વીશે તેઓએ ખરેખરૂં જણાવીઉં કે હું નીરદોશ હતો. એ ઉપરથી કાજીએ મને પોતાનો હેવાલ પુછીઓ ને મેં અવલથી તે આખર સુધી જણાવીઓ; પણ હું રાજાનો છોકરો હતો એ મેં તેને કહીઉં નહીં. મુઆફૂકના ઘરની પેલી નાજનીન બાબે પણ મેં તેને જણાવીઉં, કે ભીખ માંગતાં માહારી નજર તેણીની ઉપર પડી હતી અને જોતાંજ હું તેણીની ઉપર આશક પડીઓ હતો. એ સરવે હકીકત મેં તેને ખાનગી રીતે જણાવી હતી. માહારો હેવાલ સાંભલી કાજી હસતે મોહોડે બોલીઓ કે અએ જવાં મરદ, તે નાજનીન સાથ જો તું કદખુદા કરીઆમાં નહીં લાવેતો તાહારી મોટી ભુલછે. માહારી ખાતરીછે કે તે મુઆફૂકની બેટીછે અને ઘણીજ ખુબશુરતછે. એક બારગી તું તેમ કરવાની કોશેશમાં પછાત પડે તોપણ હું તને તે અપાવીઆ વના રહેનાર નથી. એટલું કહી તેણે મને પોતાના આગાની પછવાડે પોતાના ઘરમાં મોકલીઓ જાંહાં હમામખાનામાં જવા પછે મને સુંદર પોશાક પેહેરાવામાં આવીઓ. મને એવી રીતની મદદ કરવામાં તેની શું મતલબ હતી તે હું સમજી શકીઓ નહીં.

માહારા જવા પછે તેણે બે ચોબદારો મોકલી મુઆફૂકને બોલાવી મંગાવીઓ. કાજી તેને જોતાંવાર તેને સામે એસતેકબાલ લેવા ગયો અને આબરૂ આપી પોતાની ગાદમાં પુશકલ વખત દાખીઆમાં લાવીઓ. એ રવેશની કાજીની ચાલ જોઈ મુઆફૂક ઘણોજ અચરત થયો. તે મનમાં વીચારવા લાગો કે એ કેમ બને કે કાજી મારો કતો દુશમન થઈ માહારી સાથ આવી સલુકાઇની ચાલ ચલાવે! મને લાગેચ કે એમાં તેની કાંઈ મતલબ હોવી જોઈએ. એ વીચારમાં હતો એટલામાં કાજી પોતે બોલીઓ કે મુઆફૂક, એવું દેખાયછે કે આ કરતો આશમાન આપણને દુશમનઈમાં વધારે વખત રાખવાને નાદરૂશત વીચારેછે તેથી તે આશમાને આપણને આ તક આપીછે કે હવે આટલા બધાં વરસનાં વેરનો અંત આવે. માહારે તાંહાં શેહેરે બશરાનો શાહજાદો મેહમાન તરીકે આવીઓછે. તે

પોતાના બાપની રજા લીધા વગર બસરા છોડી આવીઓછે. તેણે તાહારી બેટીની ખુબસુરતી વીશે પુશકલ સાંભલીઉછે અને તેથી તે તેણીની સાથ પોતાના નેકાહ બાંધવા અતરે આવીઓછે. એમ જો બનેતો તેમાં મને પણ ઠીકછે કે આપણા વચેના મીનાકેસાનો અંત આવે. આ સખુન સાંભલી મુઆફેકે જુઆબ દીધો કે એ ઘણી તાજુબી ભરેલી વાતછે કે શેહેરે બશરાનો શાહાજાદો મુજની બેટી કમરૂદની સાથ નેકાહ પારવા માંગે અને કે એ કામને માટે જે સખસ માહારૂં હમેશાં બુરૂં ઇચેછે તે-નેજ વચમાં નાખે! (કાજી બોલીઓ) હું તને અરજ કરૂંચ કે હવે ગઇ-ગુજરી વીસરવામાં લાવે અને શાહાજાદા સાથ તાહારી બેટીની શેહાદીની ઇઆદગારીથી આપણે બંધે જણા આપણી બાકીની જીંદગી સલાહસંપ અને સુખમાં ગુજારીએ.

મુઆફેક બીચારો ભોલો ને નેક સખસ હતો અને તેનો દુશમન કાજી લુચો અને નુકસાનખોર હતો. તેઓ બંધે જણા દીવાનખાણામાં એકમેક સાથ દોસતીના ગાંઠથી બંધાઇ કોતી કરતા હતા એટલામાં આગા મને તાંહાં લઇ ગયો. માહારા આંગ ઉપર પાદશાહી દબદબાનો પોશાક હતો. મને જોઇ પેલો કાજી બોલીઓ કે એ ખાવીંદ શાહાજાદા, માહારા મુકામને તાહારા પગલાંથી તેજ આપવામાં તુંએ જે મુજપર મેહેરબાની કરીછે તે માટે તાહારો ઉપકાર માનવાને મુજપાસ પુરતા લફઝ પણ નથી. આ આપણા મુઆફેક તરફ નેગાહ કરીઆમાં લાવ; એને મેં તાહારી આતરેની મુસાફરીના કારણથી વાકેફ કીધોછે અને એ પોતાની માહાતાબને ચેહેરેની બેટીનો હાથ તાહારા હાથમાં આપવાને કબુલ પણ થયોછે. મેં મુઆફેક તરફ નેગાહ કીધી એટલે તે મને નમન કરી બોલીઓ કે ઓ મોટા માનવંતા રાજાના બેટા તેં માહારી બેટી તરફ જે મેરબાની ભ-રેલી ચશમ કરીછે તે માન માટે હું ગભરાતમાં પડેઓછું. તેણીની ફકત તાહારા જનાનખાનામાંની શાહાજાદીઓની બાંદી તરીકે રેહેવાને લાયકછે.

આ રવેશની ગોફતેગોથી હું કેવો ઓચંબામાં પડીઓ હોવશ તેનો

તમો સરવે વીચાર કરજો. તોપણ શું જવાબ આપવો તે જાણીઆ વગર મેં મુઆફેકને ચુપચુપ સલામ કીધી. કાજીએ મને જેવારે ગાભરો પડેલો જોયો તેવારે તેણે વીચાર કીધો કે માહારાથી કદાચ એવી રીતેશનું બોલાય કે જેથી તેની હીકમતમાં તે નીશફલ થાય તેથી તે સેતાબીથી વચમાં બોલી ઉઠીઓ કે જો લગનનું ખત શાહેદીઓની સનમુખ કરવામાં આવેતો તેથી તમને બંધેને ફાયદોછે. એટલું બોલતાંજ તેણે પોતાના આગાને સાહેદીઓને બોલાવા મોકલીઓ અને પોતે ખત લખવા બેઠો.

જેવારે આગા સાખસીઓને લઈ આવીઓ તેવારે કાજીએ લખેલું ખત તેઓની નજદીક વાંચીઉં; બાદ મેં અને મુઆફેકે તે ઉપર સહી કીધી અને તે પછે કાજીએ પોતાની સાખ કીધી. પેલા સાહેદીઓને તેણે રૂખસદ આપી અને મુઆફેકને જણાવીઉં કે મોટા માણસોના કામ કાંઈ હલકા પુરશોના કામ બરોબર ગણાતા નથી વાસતે ખુબ સંભાલજે. એને તું તાહારે ઘર લઈ જા; હવેથી એ તાહારો જમાઇ થયોછે વાસતે ઘર જાઈ સેતાબીથી સેહાદીનો સામન તઈઆર કરાવ. કાજીની રજા લઈ મુઆફેક માહારી સાથ બાહેર નીકલીઓ. દરવાજાની આગલ બે ખચર તઈઆર સનગારેલાં રાખેલાં હતાં તેમાના એક ઉપર મુજને મોટા માન સાથ કાજીએ તથા મુઆફેકે બેસાડીઓ અને મુઆફેક પોતે મને નમન કરી બીજા ઉપર બેઠો. જેવારે તેના ઘર આગલ અમો જઇ પુગા તેવારે મુઆફેક પોતે પેહેલો ખચર પરથી ઉતરીઓ અને માનની નીશાની તરીકે માહારા ખચરની રેકાબ ધરી ઉભો; અને માહારો હાથ પકડી મને પોતાની બેટીના ઓરડામાં લઇ ગયો જાંહાં પેલા કાજીના ઘરમાં બનેલા સરવે બનાવથી તેણીને વાકેફ કરીઆ પછે અમને એખલાં મુકી મુઆફેક બાહેર ગયો; અને લગનની તઈઆરી કરવા લાગો.

ઝમરૂદતો એવુંજ સમજી કે તેણીના પેદરે તેણીનું કાજ બસરાના શાહાજાદા સાથે ખરેખર કીધું હતું કે જેથી તે કોઈ દાહાડે તખત ઉપર આવવાની વકી રાખતી હતી. અને આનીગમ હું તેણીની બગલમાં તે-

ણીની પાસ બેસી તેણીને નરમ શબ્દોથી ખુશી કરતો હતો પણ તે કરતાં માહારા ચેહેરાએ અને માહારી જુવાનીએ તેણીના મન ઉપર ગોહોબત-ની અસર વધારે કીધી અને બરેબર જેવારે એ હું સમજીઓ તેવારે હું કેવો અતીઅંત ખુશીમાં આવીઓ! એટલામાં મુઆફેક પોતાની બેટીની શેહાદીની ધામધુમમાં રોકાયલો હતો. તેણે ઘણાએક માણસને લ-ગનનું ઈજન કરી બોલાવીઆ હતા. શેહાદીની વખતે માહારી કમરૂદ પોતાના સુંદર પોશાકમાં એવીતો દીપી નીકલી હતી કે ગોયા તે જગાપર જાણે કોઈ પરીઓની સરદાર આકાશપરથી ઉતરી આવી હતી. જે માં-હોબતથી તેણીને મેં ઉસકેરી હતી તેથી તેણીનો બાહાર જીઆદા ખીલી નીકલીઓ હતો.

લગણની કીરીઆ અને જમન પુરૂં થયા પછે નાચ રંગ ચાલુ થયો. રામસગરોના મધુર અવાજથી તમામ મીજલસ ખુશીમાં આવી હતી એ-ટલામાં મુઆફેક આવી માહારો હાથ પકડી મને એક સુંદર ઓરડામાં લઈ ગયો જાંહાં કસબી ગાલીચાનો એક પલંગ મુકેલો હતો. કમરૂદના તેની માદર તથા બે બાંદીઓએ કપરાં કાહાડી તેણીને પેલા પલંગપર સુ-વાડેલી હતી. તાંહાં માહારા જવાથી સરવે કોઈ તાંહાંથી બાહેર નીકલી ગયાં અને અમો તમામ રાત એસ અસરતમાં મસગુલ રહીઆં.

સહવારનો પોહો ફાટતાં માહારા ઓરડાનું બારણું જોરથી ઠોકાવાનો મેં આવાજ સાંભલીઓ: હું જલદીથી ઉઠીઓ અને બારણું ઉગાડી જોઉં શું કે પેલા કાજીનો આગા પોતાના હાથમાં કાંઈ બંદલ લઈને ઉભેલો. હું પેહેલાં એવું સમજીઓ કે તે કાજી તરફથી માહારે તથા મા-હારી ઓરતને વાસતે ઉમદા પોશાકની ભેટ લાવીઓ હશે પણ હું તેમાં ઠગાયો હતો. તે મને જોતાજ બોલીઓ કે કાજીએ તને બશરાના શાહાજા-દાનું દોલ લેવાને જે પોશાક ઉછીનો આપીઓ હતો તે લાવ; અને આએ તાહારાં ફાતાં તુતાં કપરાં તું લે અને એ પેહેરી જેવો તું આગલ હતો તેવો ફકીર પાછો થા. હું આથી અતીઅંત ગાભરો પડીઓ અને કા-

જીની બધી હીકમત સમજી ગયો, મેં તેને કાજીના કપરાં પાછા આપેઆં અને પોતાનો ફાતો ચીથરે હાલ પોશાક પાછો પેહેરીઓ. ઝમરૂદે પેલા આગાને મોહોડેના કાંઇક શબદો સાંભલીઆ હતા તેથી મને ચીથરે હાલ પોશાકમાં જોઇ તે બુમ પાડી ઉઠી "અરે આ તાહારામાં આવો ફેરફાર કેમ થઇ ગયો; અને પેલા આગો હવડાં જે કાંઇ તને કહેતો હતો તેની શું મતલબ?" નેક બાનું, (મેં જુઆબ દીધો) કાજી એક લુચો માણુસછે; પણ તે પોતાના કાવાદાવામાં પોતેજ સપડાયલોછે. તે એમ સમજેછે કે તને કોઇ નીચ મરદ સાથ પરણાવીછે પણ જે સખસને તુંએ તાહારો હાથ આપીઓછે તે કોઇજ નહીં પણ એક શાહાજાદોછે. જે શાહાજાદા સાથ તું પોતાને પરણેલી સમજેછે તે શાહાજાદાથી હું કાંઇ ઉતરતો નથી હું મોઝલના રાજાનો એક પુરો બેટોછું અને ફદલલાહ નામ ધરાવુંછુ. એટલું કહેવા પછે મેં માહારો તમામ હેવાલ તેણીને કહી સમજાવીઓ. જે ઉપરથી તે ખુશી થઇ અને પોતાની બાંદીને બોલાવી તેણીને પેસાની એક ઠેલી આપી બજારમાંથી મરદનો એક ઊંચો લબાશ ખરીદ કરી લાવવાને ફરમાવીઉં જે હુકમ બર લાવવાને તે દાસીએ વીલમ લગાડીઓ નહીં-જેવારે મેં પોતાને ઊંચા લબાસથી શીનગારીઓ તેવારે ઝમરૂદ બોલી કે કેમ સાહેબ હવે પેલા કાજીને ખુશી થવાનું કારણ મલશે કે? તે પોતાના મનમાં એવો હરખાતો હશે કે હવડાં માહારા કુટુંબમાં તેના કાલાં કરતુકથી રડાકુટ ચાલતી હશે; પણ માહારે તો તેનો ઉપકાર માનવો જોઇએ કે તેણે માહારે માટે માહારે દીલપસંદ ભરથાર શોધી કાઢીઓછે; અને તે પણ વલી એક શાહાજાદોછે. પણ માહારા કુટુંબને નામોસી લગાડવાને તેણે જે દગો કીધો હતો તેનો કીણો લેવાનો ઉપાય શોધુંછું. આપણા શેહેરમાં એક રંગારી રહેછે તેની બેટી દેખાવમાં ઘણીજ કદરબીલમનીછે-પણ નહીં: હું શું કરવાનીછું તે વીશે મને આગમચથી બોલવાની કાંઇ જરૂર નથી. એટલુંજ તું જાણ કે હું કીનો લેવાની હીકમત લગાડુંછું; અને તે પણ એવી રીતનો કે જેથી કાજીને કલજે તીરની મા-

ફક જખમ લાગશે, અને તેની આખી કચેરી તથા શેહેરમાં ઠેકરી બનશે.

હું માહારાં મન સાથ એવું સમજતો હતો કે મુઆફૂકની બેટી સાથ માહારા નેકાહ બાંધવામાં કાજીને પોતાને પુરતી સજા થઇ હતી અને કે હું કોણ હતો તે જણાવીઆથી તેના દુખનો પાર હતો નહીં; પણ ઝમરૂદનો વીચાર ફક્ત ફીનો લેવાનોજ હતો. તેણીએ એક સાદા પોશાકમાં પોતાને સીનગારી અને મોંહોંપર એક જારો નેકાબ નાંખીઓ. બાદ માહારી રજા લઇ તે કાજીની કચેરીમાં જાઈ એક ખુણામાં જઇ ઉભી; જાંહાં લોકોની મોટી ઠઠ મલી હતી. જેવારે કાજીની નજર તેણીના સીધાં સરવ સરખાં કદ ઉપર પડી તેવારે તેણે પોતાના અમલદારને મોકલી તેણીને પોતાની હજુર બોલાવી. સવાલ ઉપરથી તેણીએ જુઆબ દીધો કે તેણીની કાજી સાથ એક ખાનગી બાબદ ઉપર વાત કરવા માંગતી હતી. એ ઉપરથી કાજીએ તેણીને પોતાની શાથે એક ખાનગી ઓરડામાં જવાનો હુકમ કીધો, કે જાંહાં એક કોચ ઉપર કાજીની નજદીક બેઠા પછે તેણીએ પોતાના મોંહોં ઉપરનો નેકાબ ડોરો ઊંચકીઓ. કાજી તેણીની ખુબસુરતી જોઈ તેણીની ઉપર મોહીત પડીઓ અને તેણીને આવવાનું કારણ પુછીઉં; જે ઉપરથી તે બોલી કે "અએ મેરબાન કાજી, તાહારો ઇનસાફ એવો અદલછે કે તવંગર તેમજ ગરીબ તાહારો ઇનસાફ જોઈ ખુશી રહેછે. વાસતે માહારી એક અરજ ઉપર તાહારા કાન બોલ અને માહારી હાલત ઉપર દયા કર!" "તાહારી ઉપર (કાજીએ જુઆબ દીધો) શું દુઃખ ગુજરેછે તેનું બીઆન કર, હું શોગંદ લઇ કહુંછું કે તાહારૂં કામ પાર ઉતારી આપશ."

જેવારે કાજીના મોંહોંડેથી એ રવેશના શખુન ઝમરૂદે સાંભલીઆ તેવારે તેણીએ પોતાના મોંહોં ઉપરનો બુરઓ તમામ ઉઠાવી નાંખીઓ અને બોલી કે મેરબાન, જો કે આએ માહારા ચેહેરાની ખુબસુરતી કેવીછે! આ માહારા રૂપેરી બાલના જુલફા તરફ જો કે તે કેવાં પેચદાર માહારાં ખભાં ઉપર લટકેછે. નહીં એટલુંજ નહીં પણ માહારો ચેહેરો સરવે તરફથી

તપાસ અને કહે કે એમાં કાંઈ ખાંમી દીસેચ? આ સવાલથી કાજીને હીંમત આવી અને ચુપકીદી છોડી બોલીઓ કે અરફૂતગીરીના કસમ ખઈ કહુંછું કે તાહારા ચેહેરામાં એક રતીભાર ખાંમી દીસતી નથી. તાહારૂં કપાલ ગોયા રૂપેરી ધાર ચહડાવીએ હોય એવું દીસેચ! તાહારાં કમાંનદાર ભવાંની તો કાંઈ તારીફજ નહીં, તાહારા રેખશારા ગોયા ગોલાબની કલીછે. તાહારી આંખ હીરાના ચલકાટ કરતાં જીઆદા તેજ આપેછે! તાહારૂં મોંહ ગોયા લાલ તથા માણકની દાબડી માલમ પડેછે અને તેની અંદર તાહારા દાંત મોતીની માળા સરખા દીસેછે.

મુઆફેકની બેટી આ વખતે કાંઈ બેસી રહી નહીં પણ કાજીને પોતાની મોહોબતના શીકંજામાં શીકરવાને વાસતે ઓરડામાં નાજ નખરાંથી ચાલવા લાગી. તે બોલી મેરબાન કાજી નેગાહ કર ને તપાસ કે માહારા કદમાં કાંઇ ખોડછે. બોલ કે માહારી અદા કરવામાં કાંઈ ખાંમી છે. તાહારાં મનને માહારા ચાલવાથી ખુશી ઉપજતી નથી શું? કાજીએ જુઆબ દીધો, તાહારાં આખાં શરીરથી માહારૂં દેલ એવું લુતાયુંછે કે માહારી સુધ ઠેકાણે રહેતી નથી. "અને (પોતાના હાથ ઉંઘાડા કરી દેખાડી અમરૂદ બોલી) આએ માહારા હાથ વીશે શું કહેછે. શું તેઓ શફેત અને ગોલ નથી." અએ નીરદય, (કાજી મોહોબતથી ઉશકેરાઇને બોલી ઉઠીઓ,) તું માહારૂં મોંહોત નીપજાવેછે, તું મને તાહારી મોંહોબતના મુંગા મારથી મારેછે! બસ, જલદી કર, અને હવે વધારે જે કાંઈ કહેવું હોય તે સેતાબીથી કહી દે; કારણ તાહારી ખુબશુરતીની શાંમે ઉભો રહેવાની માહારામાં તાકાત નથી: માહારા હોશકોસ તમામ જતા રહીઆછે.

મેરબાન (અમરૂદ બોલી) તેવારે જુઓ કે ખોદાની બખશીસ એટલી ખુબશુરતી છતાં હું એકલી એકાંત જીંદગી ભોગવુંછું. માહારા ઘરમાં જાંહાં હું રહુંછું તાંહાં કોઈ મરદને તો નહીં પણ ઓરતનેબી આવવાની રજા નથી. ઘણેક સારે ઠેકાણેથી માહારૂં કાજ આવેછે, પણ માહારો પીતા

એટલાતો બાટકીછે કે તે સરવેને તે ના પાડેછે: એકને સમજાવેછે કે હું મુરદાં પીરોજ જેવીછું ઇઆને કે આખા શરીરે હારકાં શીવાએ બીજું કાંઇ જણાતું નથી; બીજાને કહેછે કે માહારૂં આંગ ઘણુંજ ફુલાઇ જઇ ફાતી જાએછે; તરીજાને સમજાવેચ કે હું એક પગે લંગરીછું; ચોથાને સમજાવેછે કે માહારો એક હાથ નથી; પાંચગાંને કહેછે કે હું એક બુણ-બછું. ટુંકમાં તે માહારે વીશે લોકોને એવું સમજાવેછે કે જેથી કોઇ માહારૂં નામ નહીં લે. એટલુંજ નહીં પણ ઓરતના નામને નામોસી લાગે એવું એવું તે લોકોને સમજાવતો ફરેછે. આ ઠેકાણે પોતાનું બોલવું ખતમ કરી તે એવીતો ફોકેફોક રડવા મંડી કે કાજીના મનપર ઘણીજ મજબુત અસર થઈ. તે બોલીઓ કે રે નીરદય પીતા તું પોતાની આ રવેશની બેટી બાબે શી રવેશે કઠણ દીલ રાખેછે; શા માટે તું એવું સમજતો હશે કે તાહારી બેટી બોહોળતનું અને ફરજંદનું ફલ ચાખીઆ વના મરણ પાંમે! પણ નહીં, હું તેમ થવા દેનાર નથી. પણ અએ માહારા ફરેસતા, બોલકે એમ કરવાનું તાહારા બાપને શું કારણ હોશે? અરે સાહેબ (વધારે ગોટેથી રડીને) ખોદા માલુંમ હું શું જાણું! ગમે તે હોય પણ હવેતો હું કંતારી ગઇછું. આજ રોજે મને લાગ ફાવીઆથી અતરે હું નાહાસી આવીછું કે તાહારી મોદનો આશરો લેઉં. વાસતે માહારી ઉપર દયા કર ને મને ઈનસાફ આપ નહીંતો હવે હું જીવ પર આવીછું તેથી માહારા હાથે માહારૂં ખુન કરીઆમાં લાવશ.

ઝમરૂદે આ રવેશના છેલા બોલાથી કાજીનું દેલ પીગલાવીઉં. "નહીં, નહીં (તે બોલીઓ) તું હવે આ રીતે તાહારી જીંદગી ગુજારનાર નથી. હું આજ રોજે તને એ રવેશના બંધીખાનામાંથી બાહેર લાવવાનો હુકમ કરશ અને હું પોતે તાહારી સાથ માહારા નેકા તાહારી પોતાની મરજી હશે તો ખાશો આમની ભારી થથમાં બાંધીઆમાં લાવશ." "અએ કાજી (ઝમરૂદ બોલી) માહારૂં કાંહાં ભાયગ બીલે કે તું જેવો મરદ માહારો દસત પકડે. પણ માહારી પુર ખાતરીછે કે માહારો પદર એ વાત

કબુલ કરશે નહીં. તે તને કાંઈપણ નવા બાહાણા કારી ઉલથાપ આપીઆ વના રહેશે નહીં." "તે વાતની તું ફીકર કર ના (કાજી બોલીઓ) ગમે એવી યુકતી તે શોધશે પણ માહારા મન ઉપર તેના કહેવાથી અસર થ- નાર નથી. બસ મને તાહારા બાપનું નામ આપ. હું તેને અતરે બોલા- વી મંગાઉંછું." "તેનું નામ ઉસતા ઓમર કરીનેછે (કમરૂદ બોલી) અને તે દીજલા મોહોલામાં રંગારીનું કામ કરેછે. અમારા ઘરની સાંમે એક ખજુરીનું ઝાડછે." એટલું બસ (કાજી બોલીઓ) હવે તું તાહારે ઘર જા આ માહારો વચનછે કે હું તને જલદી બોલાવી મંગાવશ.

કમરૂદે કાજી તરફ મમતાની નજરે જોઈ મોંહોંપર બુરખો નાંખી માહારી પાસે માહારા ઓરડામાં આવી તમામ હેવાલ મને જણાવીઓ અને ખુશી થતી બોલી કે હવે આપણા દુશમનને તેના કરતુકના ફલ ચાખવાં પડશે. કમરૂદના જવા પછે કાજીએ એક ચોકીદારને મોકલી ઉસતા ઓમરને બોલાવી મંગાવીઓ; અને તેને એક ઊંનચા કોચ ઉપર બસાડી ઘણીજ નમનતાઈથી કહેવા લાગો કે "અએ ઓમર તાહારે વીશે મેં ઘણુંજ શારૂં સાંભલીઉંછે. મને એવી ખબર પડાછે કે તું ઘણોજ પરેઝગાર મરદછે અને દરરોજ પાંચો વખત ખોદાની બંદગી કરેછે. વલી હું એવું જાણુંચ કે તું સુવરનું માસ પણ ખાતો નથી; અને શરાબ મુદલ પીતો નથી. એટલુંજ નહીં પણ વધારે તાજુબી ભરેલું એ સાંભ- લીઉંચ કે જેવારે તું કામમાં રોકાયછે તેવારે તાહારો ખીદમતગાર તાહારી આગલ કુરાન વાંચેછે." "એ તમામ ખરૂંછે (ઓમર બોલીઓ) અને ૪૦૦૦) હદીત પણ માહારે મોંહોંડેછે. વલી હું મકેહેજ કરવા પણ જવા- નોછું." "વારૂં, પણ મેં એવું સાંભલીઉંછે (કાજી બોલીઓ) કે તને એક બેટીનું ફરજંદછે કે જે હવડાં પરણવાને લાયકની થઈછે. નહીં વારૂં?" "હા મેરબાન (ઓમરે જુઆબ દીધો) પણ તે બેટી એક મુગાં હેવાન કરતાં નપેતરછે. તેણીની ઘણીજ બદશુરતછે. તે લંગરીછે, લુલીછે, ગાંમ- તછે, અને એવીતો બેશીકલછે કે જોતાંજ લોકો ચોંકીને નાહાસેછે જેથી

કરીને તેણીને એક ઓરડીમાં બંધ રાખવાની મને ફરજ પડીછે." "બસ, બસ, (કાજી હસતો બોલીઓ) મને છેતરવાની પેતરન ના કર-મને અગાઉથીજ ખબર હતી કે તું તાહારી બેટી વીશે એ માફક મને જણાવશે પણ જો ભાઈ સાહેબ તે લંગરી હોય, લુલી હોય, ગેલી હોય, ગાંમત હોય, ઇઆ સાહા મોંહોંડનો ભુત પણ હોય તોપણ તેણીને એક શખસ પોતાનાં ખરાં જીગરથી ચાહેછે; અને તે શખસ હું પોતેછું, હું પોતે તેવી ઓરતની મોહોબતની ચુંગાલમાં ફસેલોછું."

પેલા રંગારી કાજીના એ રવેશનાં શખુન સાંભલી એવું સમજીઓ કે કાજી તેની મશકેરી કરેછે; પણ કાજીએ તેને ઓલાસો કીધો કે તે કાંઈ મશકેરી કરતો ન હતો અને કે તે તેની બેટીનો ખરો આશક હતો. આ શખુનથી રંગારીને હસવું આવીઉં અને તે સોગંદ લઈ બોલીઓ કે "મેરબાન કાજી, કોઈ તાહારી ઉપર દગો રમેછે કારણ કે હું તને ફ-રીથી જણાઉંચ કે માહારી બેટી લંગરી લુલી અને"-"બસ બસ (કાજી વચમાં બોલી ઉઠીઓ) તેજ, તેજ લંગરી લુલીનેજ પરણવાનો માહારો ઇ-રાદોછે. અને હવે તે હું ફેરવવાનો નથી અને ખબરદાર હવે તું તે માહારી મોહોબતની દેવી તાહારી બેટી વીશે કાંઈપણ હલકુ બોલે નહીં."

રંગારીએ જેવારે જોયું કે કાજી ઉપર કોઈ જબર દગો રમી ગયુંછે તેવારે તે પણ વીચાર કરવા લાગો કે બીચારા ભોલા કાજીને આપણે શું કરવા જતો મુકીએ. તે બોલીઓ પણ મેરબાન કાજી હું માહારી બેટીને એવા શખસ સાથ પરણાવવાનો વીચાર રાખુંછું કે જે કોઇ તેણીની રીતમાં લગણની આગમચ ૧૦૦૦) સોનાના સીકવીન આપે. "અને તેપણ માહારે કબુલછે (કાજી બોલીઓ) જો કે એ તાહારી માંગણી ઘણી મોટી અને મને ઉડાવવાનીછે." એટલું બોલતાંજ તેણે પોતાના ખજાણચીને હોકમ કરી રંગારીને ઉપલું નાણું અપાવીઉં. કાજીએ લગનખત લખાવી રંગારીને તે ઉપર સહી કરવા કહીઉં; પણ તેણે તેમ કરવા ના પાડી અને કહીઉં કે તે ખત સારાં માણસોની હજુરમાં થવું જોઇએ. એ

ઉપરથી કાજીએ કેટલાક હકીમ, અલફકીર, મુલાં વગેરે તમામ કચેરીનાં અમીર ઉમરાવોને બોલાવીઆ; અને થોડાક વખતમાં લગભગ સો માણસ તાંહાં ભેગાં થયાં.

જેવારે પુષકલ લોક તાંહાં જમાવ થયું તેવારે રંગારીએ તેમની હજુરમાં બાગેબુલંદ આવાજે કાજીને આ પરમાંણે કહીઉં કે મેરબાન કાજી, જેવારે તાહારી એવીજ ગરજછે કે તું માહારી બેટી સાથ તાહારાં લગન કરે તેવારે હુંપણ માહારી રાજી ખુશીથી કબુલ થાઉંછું: પણ તે એવી સરતે કે તેણીને દીઠા પછે જો તે તને પસંદ ન પડે અને તું તેણીને તલાક આપવા ઈચ્છે તો તું તેણીને બીજા ૧૦૦૦) સોનાના સીકવીન આપી તેણીને તલાક આપે. કાજીએ જુઆબ દીધો કે એ પણ માહારે કબુલછે અને આ તમામ લોકોને માહારા શાખસી રાખુંછું. કેમ હવે પરામો? રંગારી હા કહી પોતાને ઘર ગયો એટલે તમામ મીજલસ ખલાસ થઈ અને કાજી એખલો પોતાના ઘરમાં રહીઓ. કાજી બે વરશની વાત ઉપર બગદાદ શેહેરના એક વેપારીની બેટી સાથ પરણીઓ હતો જેણીની સાથ તે હગણાં સુધી સલાહસંપથી રહેલો હતો. કાજી બીજી ઓરતને પરણેછે એવી ખબર પડતાંજ તેણીની તેની પાસ ગઈ, અને બોલી કે કેમ એક મીઆનમાં બે તલવાર? એક તોપીમાં બે માઠાં? એક ભાજામાં બે હાથ? અને એક ઘરમાં બે બઈરી? જા વગર ઘરાના મરદ, જો એમજછે કે મુજ સરખી એક જુવાન અને ખુબશુરત નાજુક નારની ગોદથી તાહારૂં દીલ બે એકીનવાલું થતું હોય તો માહારી જગા હું માહારા હરીફને રાજી ખુશીથી આપુછું વાસતે મને તલાક આપવામાં સેતાબી કર. માહારી રીત મને પાછી આપ એટલે તું મને ફરીથી તાહારા દીઠામાં લાવશે નહીં? કાજી ખુશી થઈ બોલીઓ કે ઠીકજ થયું કે તું પોતે માહારી વાત અગાઉથીજ સમજી. હું પોતે તને તે શી રીતે જણાઉં તેના વીચારમાં હતો. એટલું કહી તેણે તીજોરીમાંથી ૫૦૦) સોનાના સીકવીન આપીઆ અને તેણીને કહીઉં કે જા અને તાહારૂં જે કાંઈ

હોય તે તું સાથ લેતી જા હું તને તલાક આપુછું ? એકવાર નહી પણ બેવાર, તરણવાર અને ચારવાર. આ તલાકનાંમાં ઉપર માહારી તથા માહારા નાયબની કાયદાસર સહીછે તે પણ લેતી જા કે તાહારા માબાપને તે તું દેખાડે. એ ઉપરથી તેણીની પોતાને ઘર ગઈ.

પોતાની પરણી ઓરતના જવા પછે કાજીએ નવી ઓરતની મુલાકાત સારૂં ધામધુમથી તૈયારી કરી રાખી એક મેહેલ તેણીને વાસતે આરાસતા કરાવીઓ. જમીન ઉપર મખમલના ગાલીચા પાંથરીઆ હતા; દેવાલ ઉપર જડાવદાર નકસો ચીતરાવીઆ હતા. તેણીના ઓરડામાં સુંગંધી અતરના સીસા મુકેલા હતા. સરવે ચીજની તૈયારી થવા પછે કાજી પોતાની નવી માહાતાબને ચેહેરેની માશુકને આવવાની રાહા જોતો બેઠો. તેણે પોતાના વીશવાસુ આગાને પોતાની હજુરમાં બોલાવી કહીઉં કે માહારી એવી મરજીછે કે માહારા દીલની પુતલી અતરે આ વખતે હાજર થવી જોઇએ. તેણીને પોતાના બાપના ઘરમાં આટલો બંધો વખત શા માટે બોતી રહેવું જોઇએ. આ વખતે દરેક પલ એકેકાં વરશ જેવી લાંબી મને લાગેછે. કાજી પોતાની મનમોહન માશુક, રંગારીની બેટીની આવી પોંહોંચવાની ઉમેદમાં એટલોતો અધીરો બનીઓ હતો કે તે પોતાના મેહેલના દરવાજા પર જઇ ઉભો કે તે રંગારીની પરીચેહેરેની બેટીને જોતાં વારજ તેણીને ગોદમાં દાબીઆમાં લાવે. એમ કરતા થોડેકવારે એક હેલકરી પોતાના સર ઉપર સનોબરના લાકડાંની એક લાંબી સંદુક ઉચકી કાજીની સનમુખ આવી ઉભો. સંદુકની ઉપર રેસમી કપડું ધાંકેલું હતું. સંદુક કાજીની નજદીક નીચે મુકીઆમાં આવી. તે જોઇ તે બોલીઓ કે કેમ ભાઇ આ તું શું લાવીઓછે ? "મેરબાન સાહેબ (હેલકરીએ જુઆબ દીધો) એમાં તાહારી મનમોહન નવી માશુક પેલા રંગારીની બેટીછે; વાસતે મેરબાની કરી એ સંનદુક ઉપર ધાંકેલું કપરૂં તાહારા હાથે ઉઠાવ અને તાહારી માશુકને જોઇ લે." કાજીએ તુરતજ ધાંકેલું કપરૂં ઉઠાવીઉં અને જોતાંવાર ગભરાતથી ચોંકી તે પાછો હતીઓ. સંદુકમાં કાંઈ જનાવર સરખું સુવાડેલું હતું. તે ઇનશાનના રૂપમાં જણાતું હતું. તેણીના પગ

સાહાડાતરણ હતા, અને તેના દરેક ભાગમાં એબ અને ખામી હતી. કાજીએ ખીહીને તરતજ પરદો પાછો નાખી દીધો અને હેલકરીને પુછીઉં કે તું માહારી પાસે આ જનાવરને શું કરાવા માંગેચ? "મેરબાન સાહેબ (હેલકરી બોલીઓ) એજ ઓરત પેલા રંગારી ઓમરની બેટીછે. તે રંગારીએ મને એવું કહીઉંચ કે તું એણીની ઉપર અતીશય મોહીત પડીઓ હતો, અને કે એણીને પોતાની મોહોરદાર દાખલ તાહારા ઘરમાં લાવવાને બહુ ઉતાવલો અને આકરો બનીઓ હતો." તોબા! તોબા! (કાજી બોલીઓ) ઓ દયાલુ દાતાર! હું આ રાખશ શાથ માહારાં લગન કરૂં! તોબા! તોબા! શું આવી જાતની ઈનશાનરૂપી દેવજાદી શાથ નેકાહ બાંધવાને મેં આટલી દીલાજાની બતલાવી હતી? રે! શું મેં. માહારી પરીરૂએ, નેક, અને વફાદાર ઓરતને તલાક આપીઆ તે આ જેવાં બદશુરત ઢોર સાથ નેકાહ બાંધવા કે? અફસોસ! અફસોસ!

કાજી એ રવેશે અફસોસ કરતો હતો, એટલામાં પેલો રંગારી તાંહાં આવી લાગો. તેને જોઈ કાજી બુમ પાડી બોલીઓ કે અરે ઓ નીચ, તું મને કોણ સમજેછે કે આ મુઆફીક મુજની મશકેરી કરેછે; રે ચંડાલ શું તને નથી માલમ કે હું ચાહું તેને બેડીમાં ઠીકારૂં? વાસતે ઈઆદ કર અને હજુરથી કાંઇ શમજ અને તાહારી પેલી ખુબશુરત બેટીને અનરે લાવ, નહીંતો કે શરવેથી ભારી શીખશા હું તું પર કરીઆમાં લાવશ. મેરબાન કાજી (ઓમર બોલીઓ) તાહારે ગમે એવો કોફ મુજપર ઉતાર; પણ હું ખોદાના સોગન લઇ કહુંછું કે માહારી બેટી આ એકજછે. મેં એણીને પેટીમાં મુકી તાહારી હજુરમાં મોકલી છે. મેં તને ઘણીવાર સમજાવી કહીઉં હતું કે એ બેટી ઘણીજ બેડોલ અને ખોડ ખાપણ વાલીછે; હવે એમાં માહારો તકશીર કાંહાંથી આવીઓ?

આ રવેશના ઓમરના બોલવાથી કાજી થંડો પડીઓ અને તેને સમજાવી બોલીઓ કે "જો ભાઈ આજ સહવારે એક ખુબશુરત ઓરત માહારી આગલ આવી હતી, જેણીએ એવું ડોલ ઘાલીઉં કે તું તેણીનો

બાપ હતો અને કે તું એવો પાજી હતો કે તેણીની તું સરવે આગલ એબ કાહાડતો હતો કે તે કાણીછે, લંગરીછે, લુલીછે—એટલુંજ નહી પણ કે તું તેણીને નહીં પરણાવાના વીચારથી તેણીને નાહેક એક અંધારી કોઠડીમાં બંધ રાખતો હતો."

"મેરબાન સાહેબ (ઓમર બોલીઓ) આ તમામ તાહારા બોલવા ઉપરથી માલમ પડેચ કે તાહારા કોઈ દુશમને તું પર ફાવવાને આ રવેશની નીચ છુકતી કામે લગાડીછે" કાજી પોતાનું સર નીચું રાખી વીચારમાં બેઠો અને થોડેકવારે બોલીઓ "પણ વારૂં ઓમર તું એટલું તો કર કે આ તાહારી બેટીને અતરેથી તાહારે ઘેર ગુપચુપ મોકલ"—"પણ સાહેબ (ઓમર બોલીઓ) જો કે કબુલાત પરમાણે તો બીજા ૧૦૦૦) સોનાના સીકવીન તેણીને આપીને તાહારે તેણીને તલાક આપવી જોઈએ; એટલું છતાં હું એજ માંગુંચ કે તું તેણીને કાયદાસર તલાકનામું લખી આપે." કાજીએ તેમ કરીજ એટલે ઓમરે પોતાની બેટીને પોતાને ઘર મોકલી.

કાજીની આ રવેશની ફજેતીની ચરચા આખાં ગામમાં ચાલી, અને દરેક જણ સાંભલીને બહુ ખુશી થતું. તેની ફજેતી એટલે સુધી અટકી નહીં; પણ મુઆફેકના કહેવા ઉપરથી હું ખલીફ પાદશાહ આગલ ગયો અને તેને માહારા હેવાલથી વાકેફ કીધો; જે શાંભલી તે મને સાલેસાઇથી ધમકાવી બોલીઓ કે "શાહાઝાદા, તું માહારી આગલ શાથારૂ નહી આવીઓ ? શું તાહારી હલકી હાલતથી તું શરમાયો હતો ? પણ એમાં સરમાવા જેવું કાંઈ હતું નહી. કદાચ તું એમ સમજીઓ હશે કે હું તને આવકાર દેવશ નહી; પણ તાહારા બાપ સાથની માહારી દોસતીથી તું કાંઈ અણજાણો નહીં હતો." એટલું કહેવા પછે તેણે મને ગોદમાં દાબીઓ અને પોતાને આંગલની બેમુલા હીરાની એક વીટી મને પેહેરાવી. બીજું તેણે એ કીધું કે મુઆફેકને પાછો બગદાદનો હાકેમ બનાવીઓ અને કાજી ઝમરૂદ શાથ જે ઠગાઈ રમીઓ હતો અને જેમાં તે નીશફલ થયો હતો તે વાસતે તેને સદાના કેદખાનાની શીક્ષા કીધી, અને વધારે તેને દુઃખ

બગાડવાને સારૂ તેને પરહેજ રહેવાની ઓરડીમાં ઓમરની બેટીને તેની હકદાર ઓરત તરીકે રાખવાનો ખલીફે હુકમ કીધો.

એ રવેશના કામમાં થોડાક દીવસ ગુજરી ગયા પછે મેં માહારા પેદરની ઉપર એક રોકો લખી એક કાસદને મોઝલ તરફ મોકલીઓ. તે રોકામાં મેં માહારો તમામ હેવાલ લખીઓ હતો. થોડેક દીવસે તે કાસદ પાછો આવી પોહોંચીઓ અને એવી ખબર લાવીઓ કે—રાહામાં માહારી ઉપર જે ચોરોનાં ટોલાંએ હુમલો કરી માહારાં માણસોને મારી નાખીઆં હતાં તે ટોલાંથી હું પણ બનચીઓ ન હતો, એવી ખબર માહારા બાપને પડવાથી તે સદા ગમગીન રહી વીલાપ અને શોકમાં મરણ પાંમીઓ. બીજી ખબર એ મલી કે માહારા બાપની ગાદીએ માહારો પીતરાઈ ભાઈ બેઠો હતો, અને કે તેને તથા સરવે રઈએતને હું જીવતો હતો એ સમાચાર મલવાથી અતીઅંત ખુશી ઉપજી હતી. તેઓએ કાસદ પાસે મને પોતાને વતન જઈ રાજ ગાદી ઉપર બેસવાને ઈનતેજારી બતલાવી હતી.

એ રવેશનો પેગામ સાંભલી ખલીફ તથા મુઆફેકની રજા લઈ હું ઝમરૂદની સાથ માહારે વતન ગયો; કે જાંહાં લોકોએ તથા માહારા પીતરાઈએ મને સારો આવકાર આપી ગાદી ઉપર બેસાડીઓ અને એક હફતા વેર શેહેરમાં ખુશાલીની જીઆફત ચાલી. રાજની લગામ હાથમાં લીધા પછે કેટલેક દીવસે માહારી દરબારમા એક દરવીશ આવી લાગો; તેણે માહારા એક દરબારીની મારફતે મુજ સાથ ઓલખ પાડી. તેની વાત ચીત મને એટલીતો ખુશકારક લાગી કે તેથી હરરોજ હું તેને દરેક ઠેકાણે માહારી શાથે લઈ જતો હતો. એમ કરતાં એક દાહાડે જેવારે અમો શેકારગાહે ગયા હતા, તાંહાં રાહામાં તે માહારી આગલ એવું બોલીઓ કે તે એક છુપી વીદીઆથી માહીતગાર હતો; એ ઉપરથી હું સમજીઓ કે કદાચ તે કીમીઆંનો હુનર જાણતો હશે; પણ એ કરતાં વધારે નવાઈ જેવી વાત તેણે એક એવી મને કહી કે જેથી તે હુનર શીખવાનું માહારૂં દીલ થયું. તે દરવીશ મુરદાંને જીવતું કરી શકતો હતો, અને તે

હુનર તેણે મને ફરી પણ બતાવીઓ; કારણ એક દાહાડે શીકારથી પાછા આવતાં રાહામાં એક હરણનું ખોખું પડેલું હતું તેને સજીવન કરવાને મેં તેને ફરમાવીઆથી થોડીક પલમાં તેણે તેમ કીધું, ઇઆને કે પેલા દરવીસનો જીવ તે હરણનાં ખોખાંમાં ભરાયો અને દરવીશનું શરીર જમીન ઉપર પટકાઇ પડીઉં. હરણ થોડો વખત અહીં તહીં માહારી આગલ નાચીઆ પછે પાછું જમીન ઉપર મુએલાંની માફક પડીઉં, એટલે તુરત દરવીશનું શરીર સજીવન થઇ પાછું ઉભું થયું. આ બનાવથી હું તદન અચંબો પામીઓ અને બેહદ મીનત ગુજારી પેલા દરવીશ પાસેથી મેં પેલો હુનર શીખી લીધો. શીખીઓ એટલે તરત તે અજમાવી જોવાને હું ઉતાવલો થયો. મેં તરતજ માહારો જીવ પેલાંજ હરણના ખોખાંમાં મોકલીઓ. એટલે માહારૂં શરીર જમીન ઉપર પડીઉં અને હરણ જીવતું થઇ ફરવા લાગ્યું. એ જોઇ હું બહુ હરખાયો. પણ એ ખુશીની કીમત મને બહુ મોંઘી જણાઇ, અને તેનું સેવટ બહુ દુખદાયક નીપજીઉં; કારણ કે જેવો માહારો જીવ પેલાં હરણનાં ખોખાંમાં ભરાયો તેવોજ પેલા દગલબાજ દરવીશે પોતાનો જીવ માહારાં કાલબુદમાં મોકલાવીઓ, અને માહારી કમાનપર ચીલસો ચહડાવી માહારીજ તરફ તીર તાંકીઓ અને પોતાની કોશિસમાં તે ફતેહ પણ પાંમીઓ હતે; પણ તેની મતલબ હું તુરત ચેતી જઇને સેતાબ જંગલ તરફ નાહાસી ગયો.

એ મુઆફેક જંગલમાં ભટકી હું વીલાપમાં દાહાડા ગુજારતો હતો, તેવારે પેલો દરવીસ માહારાં તખત, તાજ અને માહારી કમરૂદનો ધણી થઇ બેઠો હતો. એટલું છતાં તે માહારીથી બીહીતો હતો; તેથી તેણે ગામમાં એવો હુકમ ફેરવીઓ કે જે કોઇ તેની આગલ હરણ મારી લઇ જશે તો તેવાં એકેકાં હરણના બદલામાં લાવનારને મોટું ઇનામ આપીઆમાં આવશે. લોકો મોટાં ઇનામથી ઉશકેરાઇ જંગલે જંગલ હાથમાં તીર લઇ નીકલીઆ; પણ હું તેઓના હાથમાંથી છટકી ગયો; સબબ, રાહામાં એક બુલબુલ મુએલું જણાયાથી મેં માહારો જીવ

તેમાં મોકલીઓ અને પછે તાંહાંથી ઉડીને ઝમરૂદ રાણીના મેહલની સાંમનાં છાપરાંપર ઉતરવું કીધું. જેવારે ઝમરૂદે મને છાપરાંપર બેસી મધુર રીતે ગાતાં સાંભલીઓ તવારે તેણીએ પારધીઓ પાસ મને પકરાવીઓ. મને પણ એવુંજ જોઈતું હતું તેથી પકડાતાં મેહેનત આપી નહીં. રાણીના હાથમાં જવાથી તેણીએ મુજને એક સોનાના પીંજરાંમાં રાખીઓ; બાદ તે ખુબ રવેશથી પોતે માહારી માવજત કરતી. દરરોજ સવારે જીઆરે તે ઉઠતી તીઆરે હું તેણીની આગલ સુંદર ગીત ગાતો જેથી તેણીની મુજ પરની મોહોબત અતીઅંત વધી પડી, અને તેપણ એટલે સુધી કે તેણીની એક દન આ મીસાલે બોલી કે જો ખોદા ન કરે ને તે બુલબુલ મરણ પાંમેતો તેણીની પણ ઝુરીઆ કરે.

રાણીના ઓરડામાં રાણીની આગલજ રેહેવું એ ગમે એવું ખુશકારક લાગતું હતું તોપણ જેવારે પેલો ફકીર તેણીની આગલ તેણીને મલવા જતો તેવારે મને અતીઅંત દુઃખ લાગતું. તેને જોતાંજ હું ચીરડાઈને પાંખ ફફરાવતો, પીછાં ઉભાં કરતો, અને ફીનો લેવાને આકાશ તરફ મોંહોં કરતો; પણ અફસોસ માહારા એ રવેશ ફીનો લેવાના પછાડાથી ઓર તે બંધે જણાને વધારે ગમત મલતી હતી.

ઝમરૂદના ઓરડામાં એક બીલાડી હતી, તે પણ તેણીને માહારા જેટલીજ પીઆરી હતી. એક દાહાડે તે બીલાડી બચાંને જનમ આપતાં મરણ પામી. તે લાગ જોઈ હું માહારો રૂહ તેના કાલબુદમાં લઈ ગયો, એટલે બુલબુલ પાછું મુવેલી હાલતમાં પડીયુ. બુલબુલને મુવેલું જોઇ ઝમરૂદ ફોકફોક રડવા લાગી. તેણીને સાહેલીઓએ ઘણી સમજાવી પણ ફોકટ. દરવીશને તેણીની ખબર પોંહોંચતાંજ તેણે પણ આવી તેણીને સમજાવી અને તેથી પણ તેણીની ઉપર કાંઇ અસર થઇ નહીં. સેવટે દરવીશે તેણીને કબુલાત આપી કે તે તેણીનાં બુલબુલને સજીવન કરશે, અને તેથી તે એવું સમજી કે તે તેણીને રાજી રાખવા અમથું બોલેછે; પણ તેણીને તેણે ખાતરીથી કહીશ કે મુએલાંને સજીવન કરવાની વીદી-

આ તે સારી રંવેશ ભણેલોછે, તેથી તે પેલાં બુલબુલને સજીવન કરી શકશે' "તેવારે જો એમજછે (ઝમરૂદ બોલી) તો કાંએ નહીં તું મને ખુશી કરવા એને હવડાંજ સજીવન કરતો ?" ઘણી આંહોંસ પછે દરવીશ એક કોચપર લેટીઓ અને કાંઇક બોલ ભણીઆથી પોતાનો રૂહ પેલાં બુલબુલમાં લઇ ગયો એટલે બુલબુલ પાછો નાચવા મંડીઓ, તે તક જોઈ તરતજ હું પેલી બીલાડીનાં શરીરમાંથી નીકલીઓ અને પાછો માહારાં અસલી શરીરમાં ભરાયો. એ કરવા પછે, હું પીંજરાં આગલ સેતાબ ગયો, અને હાથ અંદર ઘાલી બુલબુલની ડોક મંડી તેને મારી નાખીઉં. તે જોઈ રાણી બુમ પાડી બોલી કે "અરે બેરબાન, માહારાં બુલબુલને શામાટે તેં મારી નાખીઉં ? જો તું મારીજ નાખવાનો હતો તો શા માટે તેં તેને પાછું જીવતું કીધું." તેણીનો આ ઘભરાટ જોઈ મેં તેણીને સમજાવી તમામ અહેવાલ તેણીને કહીઓ, તેથી તે અતીઅંત ગમગીન થઇ બેસુધી હાલતમાં પડી. સુધીમાં આવવા પછે તે રડતી અને બાલ પીખતી બોલી કે "રે ખોદા ! શું તીઆરે હું અતીઆર સુધી એક નીચ સખસની સાથ રહી કે ? ! અરે માહારા પીઆરા શું તીઆરે એમ બનીઉં કે એક હલકી તોખમના મરદે માહારાં શરીરની લંપત ચાખી ?" મેં તેણીને એ ઉપરથી ઘણી સમજાવી કે તેમાં તેણીનો કાંઇ વાંક નહતો, અને કે તેણીની તદન નીરદોશ હતી; પણ તે સમજી નહીં અને આકેબત દલગીરીમાં ગરકાવ રહી કેટલેક દીવસે મરણ પામી. તે નેકજાદ બાનુંના મરણ પછે મેં માહારી આગલ માહારા પીતરાંઇને બોલાવીઓ અને તેને કહીઉં કે ભાઈ, મને કાંઈ ફરજંદ છે નહીં તેથી હું રાજી ખુશીથી માહારૂં રાજ તને સોંપુંછું; કારણ હવે મોતાજ અને એલકાબની હું દરકાર રાખતો નથી. ખુશી અને ખુરમી હવે માહારે મનશે માહારી પીઆરી ઝમરૂદની શાથ ગોહરમાં દટાઇછે. રાજપાટની ફકરમાંથી ફકીરી વેશ હું એક જંગલમાં જઈ આશાએશ લેવશ, અને માહારા દીવસ માહારી ઝમરૂદની ઈઆદમાંજ ગુજારશ, અને એક વખત અમો કેવા

સુખથી રહેતાં હતાં તે વખતને ઈઆદ કરી માહારાં દેલને ખુશી રાખશ.

માહારા પીતરાઇએ મને એ વાતથી હાથ ઉઠાવવાને ઘણો સમજાવીઓ, પણ તે સરવે ફોકટ. મેં તેને માહારો નકી ઠરાવ જણાવીઓ અને તેને ગાદીપર બેસાડી કેટલાક ગોલામ શાથ બગદાદ તરફ ચાલતી પકડી, અને મુઆફેકને ઝમરૂદના મોહોંતથી વાકેફ કીધો; જેથી તે અને તેની બઈરી બંધે બીચારાં શોક કરતાં રહીઆં. હું બગદાદમાં લાંબો વખત રહીઓ નહીં; પણ એક વનજાર સાથ અતરે આવી લાગોછું, અને આ શેહેરમાં એક પરદેશી અને અસલી વેપારી માફક ઓલખાઊછું. ઝમરૂદની ઈઆદ માહારાં મગજમાંથી દુરી પકડતી નથી, અને હું હમેશાં તેણીને ઈઆદ કરી પોતે ખુશી મેલવુંછું.

શાહાજાદા કાલાફ અને ચીનની શાહાજાદીની દાશતાનનું શાધન.

ફદલલા જેવારે પોતાનો કીસસો તમામ કરી રહયો તેવારે તેમુર તશ, એલમાઝ, અને કાલાફે તેની બહુ તારીફ કીધી; બાદ, તેણે તેઓને એક અલાહેદાં શોભીતાં મકાનમાં ખાબ કરવા મોકલીઆં. જેવારે દરેક જણ સહવારનાં ખાબથી ફારેગ થયાં તેવારે ફદલલાએ પેલાં પાદશાહી પરોણાઓને ખબર કીધી કે તમો એખલાં કમનશીબ નથી. જુઓ કે આજ સહવારે કેરીઝમીના પાદશાહ તરફથી અતરેના ખાન તરફ એક કાશદ આવીઓછે તે એવો પેગામ લાવીઓછે કે નોગઈ લોકોનો ખાન પોતાનાં કુટુંબ સહીત નાહાસી ગયોછે, તેને અતરે આશરો લેવા દેવો નહીં; પણ ઓર તેને તથા કુટુંબને પકડી કેરીઝમી તરફ બંદીવાન તરીકે મોકલવાં. એ સખુંન સાંભલતાંજ તેમુરતશ તથા તેનાં કુટુંબનાં મોહોનો રંગ ફીકો પડી ગયો, અને એલમાઝ બેસુધ થઈ જમીન ઉપર પડી તેથી ફદલલાને તેઓ વીશે શક ગયો, એટલે તેણે તેઓને સવાલ કીધો કે અએ નેક પરોણાઓ તમારો હમણાનો દેખાવ તથા

તમારૂં રૂપ ગવહી આપેછે કે તેમુરતાશના તમો કોઈ એશીછો, ઇઆતો જે કુટુંબની શોધ થાયછે તે તમો પોતેછો. તેમુરતાશે જેવારે જોયું કે ફદલલા તરફથી તેની તથા તેના કુટુંબની આ રંવેશે પરોણાગત થઈછે તેવારે તેને નેક અને ઈમાનદાર મરદ સમજી પોતાનો સરવે ભરમ જણાવીઓ; જે ઉપરથી ફદલલાએ તેમનાં ભલાં ખાતર તેમને મુસાફરીનો સરવે સરનજામ તથા પેસાની એક ઠેલી આપી તરણ ચાલાક ઘોડા ઉપર સવાર કરી તેમને બીજે ગામ નસાડી મુકીઆં. કેટલાક દીવસે તેઓ શેહેરે બેરલાસ તરફ જઈ લાગાં, જાંહાં તેઓએ એક મકાનમાં ઉતારો લીધો. જેવારે તેઓ પાસના પેસા તમામ થઈ ચુકા તેવારે કાબાફ કાંઈ ચાકરી શોધવા લાગો; પણ ચાકરી ન જડવાથી લાચારીએ પોતાનાં માબાપનાં પેટ ખાતર તેને ભીખ માંગી લાવવાની ફરજ પડી. અફસોસ! બીચારા જાહોજલાલી ભોગવેલા પાદશાહની કેવી માઠી હાલત! જીઆરે તેઓને ખબર પડી કે તેઓનું ફરજંદ તેમના ગુજરાન સારૂ ભીખ માંગેછે, તીઆરે તેઓ આંખમાંથી નવધાર આંશુના રેલા ચલાવવા લાગાં; પણ કાલાફે તેમને દીલાસા આપી નરમ પાડીઆં. તે બોલીઓ મેરબાન પાદશાહ ધીરજ ધર અને ખુશી થા કે મને નેક ઉપાય સુજ પડીઓછે; તે એછે કે કાલ રોજે શેહેરના ચઉટાંમાં હેલકરીની સંકુમાં હું જવશ, અને મજુરી કરી આપણું ગુજરાણ ચલાવવાને પેસા પેદા કરી લાવશ. તેજ મુઆફેક તેણે બારવણે કીધું, પણ અરધો દાહાડો એક દમડી પણ કમાયા વગર ગુજારીઓ. મધીઆંન બપોરે નીરાશ થઈ એક મેદાનમાં જઈ જાહાડ તલે લેટીઓ, એટલે થોડેક વારે એક બાજ તેની નજરે પડીઓ કે જેના માથાં ઉપરનાં પીછ તરેહવાર રંગથી રંગેલાં હતાં, તેની ડોકમાં એક સોનાની જડાવદાર કલી હતી. કાલાફે તે પક્ષીને તુરત પકડી લીધું અને તેના દેખાવ તથા તે ઉપરના સીનગાર ઉપરથી તેણે અટકલ બાંધી કે તે પક્ષી તે શેહેરના ખાનનું હોશે, અને ખરેખર તેની આ અટકલ ખરી હતી કે તે પક્ષી તાંહાંનાં ખાનનુંજ હતું, અને

તે ઓવાઈ ગયાથી તેણે પોતાનાં માણસોને હુકમ કીધો હતો કે તે પક્ષીને પકડીને તેમની નજદીક લઈ જવામાં આવે; અને કે જો તેઓ તે પક્ષી ન મેળવી આપેતો તેઓને મોટી શીક્ષા કરવામાં આવે.

શાહાજાદો કાલાફ પેલાં પક્ષીને હાથમાં પકડી શેહેર તરફ પાછો ફરતો હતો, એટલામાં લોકો પેલું પક્ષી તેના હાથમાં જોઇ બુમ પાડી બોલીઆં કે "લેવો, લેવો, પેલું આપણા ખાનનું પક્ષી પેલો માણસ પકડી લાવીઓ, ધનછે એને પકડનાર ઉપર કે હવે આપણા ખાનની ખુશીનો પાર ન રહેશે." કાલાફ તે પક્ષીને ખાન પાસે લઈ ગયો, જે જોતાંજ એટલોતો ખુશી થઇ ગયો કે કાલાફ તરફ જોઈ તે બોલીઓ કે અએ મરદ મેં એવો વચન આપીઓચ કે જે કોઇ માહારાં એ પક્ષીને પકડી લાવે તો તે લાવનારને ગમતી તરણ ચીજ તેને બખશવી; વાસતે તું મુજ પાસેથી તરણ ચીજ માંગ, હું તે તને બખશશ. કાલાફે જુઆબ દીધો કે મેરખાન જો એમજ તાહારી મરજીછે તો પેહેલું એ માંગુંચ કે માહારાં માબાપને તાહારી દરબારની પડોસમાં એક તંબુમાં રાખી તાહારા ખરચે તેમનું ગુજરાન થાય; અને તાહારાં માણસો તેમની હજુરમાં રહી તેમની ચાકરી બજાવે. બીજું એ કે તાહારા ઘોડામાંથી એક નામીચો ઘોડો જીન સાથ મને મલે. તરીજું એક પાદશાહી પોશાક અને સોનાની એક થેલી માહારા મનમાં કરવા ધારેલી એક મુસાફરીમાં કામ આવે એવી મને આપે. "કબુલછે (ખાને જુઆબ દીધો) તાહારાં માબાપને અતરે લાવ હું તેમની સંભાલ લેવશ, અને કાલ રોજે તું એ કરવા ધારેલી મુસાફરીનો સરવે સરનજામ તને મલશે. કાલાફે પોતાના માબાપને ખાને કરાવેલા નવા તંબુમાં લઈ જઇ રાખીઆં અને ખાન તેમની સંભાલ લેવા લાગો.

બીજે દને કાલાફને ખાન તરફથી મુસાફરીનો સરવે અસબાબ મલીઓ એટલે તે પોતાનાં માબાપની રાજી ખુશીથી ચીન તરફ રવાનાં થયો. પીકીનમાં પુગા પછે એક બુઢીઆ ઓરતના ઘરમાં

તેણે ઉતારો લીધો, એક રોજ જેવારે તે બુઢીઆ શાથ વાત કરતો બેઠો હતો તેવારે તેણે તે શેહેરના પાદશાહ વીશે તેણીને કાંઈ પુછીઊં, જે ઉપરથી તે બુઢીઆએ અજબ થઈ જુઆબ દીધો કે અએ નેક મરદ, અજબ છે કે તું આ શેહેરનાં પાદશાહાના નામથી તથા તેના નેક કામ અને અદલ ઇનશાફથી અણજાણોછે. હફતેકેશવર જમીનનો કોઈ ભાગ પણ તેના નામથી બેખબર નથી; ઇઆને કે તેના નામની કીરતી નવખંડમાં મશહુરછે; એટલું છતાં તે એક વાતથી સદા ગમગીન રહેછે, કારણ તેને કાંઈ બેટાનું ફરજંદ નથી. તેની એકપુરી બેટીનું નામ તુરાનદોકતછે; પણ તેણીની ગોયા તેના સર ઉપર એક મોટી બલાછે; તેણીથી તે પાદશાહનું દેલ હમેશાં તુટેલું રહેછે. તુરાનદોકતની ઉમર ૧૯ વરશનીછે. તે એટલીતો ખુબશુરતછે કે તેણીનો જોડો હફતેકશવર જમીનમાં મલવો મુશકેલછે. તેણીની ખુબશુરતીનો પોકાર ગામેગામ ફેલાવાથી ઘણાક મોટા મોટા પાદશાહજાદાઓએ તેણીની સાથ સેહાદી કરવાને પોતાનું કાજ મોકલીઊંછે; પણ તે સરવેને તેણીએ નાપાડીઊંછે. થોડાક દીવસની વાત ઉપર તીબેત દેશનો એક એલચો પોતાના પાદશાહ તરફથી તેના શાહાજાદા વીશે તેણીની માંગણી લઇ આવીઓ હતો. તે પાદશાહ મોટો હોવાથી તુરાનદોકતના બાપે તેણીને શાહાની માંગણી કબુલ કરવા સમજાવી, પણ જેવારે તે ન સમજી તેવારે તેણીને તે ફરજ પાડશે, એવી તેણે ધમકી બતાવી, જેથી તે ધાસતીથી તેણીની ઘણીજ બીમાર થઇ પડી. નામીચા તબીબોએ તેણીને સારી કરવાને સંખીઆબંધ ઉપાયો અજમાવીઆ પણ સરવે ફોકટ. સેવટે તબીબોએ પાદશાહને જણાવીઊં કે જો તુરાનદોખતને તીબેતના શાહાજાદા સાથ પરણાવાની બોહોસ તે ચાલુ રાખશે તો ખચીત તેણીની મરણ પાંમીઆ વગર રહેશે નહીં.

પાદશાહે જેવારે એ રવેશે પોતાની એકપુરી બેટી વીશે બદ સમાચાર સાંભલીઆ તેવારે તે ગાભરો પડીઓ, અને તેણીની આગલ જઇ તેણીને સમજાવી બોલીઓ કે "પીઆરી બેટી, જો એમજછે કે તાહારી

મરજી તીબેતના શાહાજાદા સાથ લગન કરવાની નથી તો હું તેના એ-લચીને પાછો ગોકલુંછું." "નહીં પાદશાહ (તુગાનદોકતે જુઆબ દીધો) એટલાંથીજ માહારો જીવ બચવાનો નથી; જો તાહારી મરજી મને જીવતી રાખવાની હોય તો એટલું કર કે માહારાં લગન બાબે માહારી મરજી ઉપરાંત તાહારે કાંઈ કરવું નહી, અને કે તું શેહેરેશેહેર એટલું આશકારા કરે કે જે શાહાજાદો માહારી શાથ લગન કરવાનો ઈરાદો રાખતો હોય તે શાહાજાદાએ મોટા મોટા વીદવાનોની હજુરમાં માહારા સવાલોના જુઆબ આપવા, અને જો તેમાં તે ફતેહ પામે તો માહારો ખાવીંદ થાય; પણ બીજા હાથ ઉપર જો તેમાં તે પાર ન ઉતરે તો તેનું ડોકું કાપી નાખવામાં આવે."

પાદશાહે જોયું કે તેણીની મરજી ગમે એવી નુકશાનકારક હતી તો, પણ તે જીવ ઉપર આવેલી હતી તેથી તેણીની મરજી પરમાણે ચાલવાને તેણે સોગન લીધા. એ છતાં પણ તેણીની ખુબસુરતી તરફ ઘણાએક શાહા-જાદાઓ લલચાઈને તેણીના સવાલના જુઆબ આપવા નીકલીઆ અને તે સરવે શાહાજાદાઓએ પોતાના જીવ બરબાદ કીધાછે. પાદશાહને તેઓની મુશીબતથી ઘણું લાગેછે અને પોતે સોગન લીધા તે માટે પોતા-ના દેલ શાથ બહુ પસતાવો કરેછે. જીઆરે કોઈબી સખસ તેણીની ખુબશુરતીની જાલમાં સપડાઈ તેણીના સવાલના જુઆબ આપવા તઈ-આર થાયછે તીઆરે પાદશાહ તેને અનેક રીતે સમજાવી પાછો ફેરવવાને વેતરણ કરેછે; પણ કમનશીબે તેમ કરવામાં તે ફતેહ પામતો નથી. તે એટલોતો કંટાલીઓછે કે પોતાની બેટી મરેતો સારૂં, એવી કહવા માંગેછે.

આણીગમ જો કે પાદશાહનું દેલ આવા કમકમાટ ભરેલા બનાવથી સદા ધ્રુજતું રહેછે, તોપણ તેની ઘાતકી બેટી શાહાજાદાઓના મરણથી બહુ ગમત મેલવતી જણાયછે. વધારે દલગીરી ભરેલી વાત એછે કે આ રીતીએ સંખીઆબંધ શાહાજાદાઓના શર જલાદના છુરાથી દડીની માફક ઉડી જાયછે, તોપણ તેણીની મોહોનીથી લલચાઈ દનપરદન નવા

શાહાજાદાઓ દેશદેશથી તેણીના સવાલોના જુઆબ આપવાનું ગુમાન રાખી આવતા જાયછે, અને આજ રાતે પણ એકનો ભોગ થવાની વકાછે.

એ રવેશની તેઓ બંધે દરમીઆન ગોફતેગો ચાલતી હતી, એટલામાં ખાણું તૈયાર થવાથી તેઓ સુફરા ઉપર બેઠાં. ખાણું ખાઈ ફારેગ થયા પછે કાલાફે એક પોકાર સાંભલીઓ; તેથી તે પોકાર શામાટે હતો તે બાબે તેણે પેલી બુઢીઆને શવાલ કીધો. જુઆબમાં બુઢીઆએ દલગીરી સાથ જણાવીઊં કે એક શાહાજાદાને હવડાં શીર છેદ કરવા લઇ જાયછે. એ શબ્દ્ંન શાંભલતાંજ કાલાફ રસતે ભેગાં થયલાં ટોલાં સાથ બુઢીઆની રજા લઇ તમાસો જોવા ગયો. જોય શું કે એક શાહાજાદો, ઘણોજ ખુબશુરત અને આશરે ૧૮ વરશની વયનો, એક પાદરી અને એક જલાદની શાથે ચાલીઓ જાયછે. કાલાફ તેમની પછવાડે પછવાડે ગયો. થોડેક દુર ગયા પછે એક મેદાંન આવીઊં તાંહાં તેઓ અટકીઆ. તે મેદાનમાં શેહેનશાહના બાર શવારો નાગી તલવાર લઇ ઉભા હતા. મસાલ પુર ઝલકાટથી બલતી હતી. વચોવચમાં એક માચડા જેવું કાંઇ કીધું હતું. તે ઉપર પેલા શાહાજાદાને ઉભો રાખીઆ પછે પેલો ચીનાઈ પાદરી આ પરમાણે તેને બોલીઓ કે શાહાજાદા, હવડાં તને જે તાહારો જીવ આપવો પડેછે તેમાં બીજા કોઇનો વાંક નથી, પણ ફકત તાહારીજ ભુલથી તને તાહારો પીઆરો પ્રાણ છોડવો પડેછે. ચીનશાહે તાહારા વીચાર ફેરવવાને, ઇઆને શાહાજાદી તુરાનદોકતથી તાહારો હાથ ઉઠાવવાને તને સમજાવવામાં કાંઇ બાગી રાખીઊ હતું નહીં. પાદશાહની એટલી ચેતવણી, તથા આજેજી છતાં તુંએ તાહારી મમત છોડી નહીં; પણ તાહારી હટીલાઇને તું વલગી રહીઓ, તેથી તને તાહારો જીવ આપવો પડેછે અને એમાં ચીનશાહ તથા તેની બેટીનો કાંઇ તકશીર નથી, એવું તું કબુલ કરશે. "હું તેઓને બદનામ કરતો નથી (શાહાજાદો બોલીઓ) પણ એોર કબુલ કરૂંચ કે એ મોત હું પોતે માહારી ખાંમાથી માહારી ઉપર લાવીઓછું."

એટલું તે બોલી રેહયો નહીં એટલામાં જલાદે અંચીતું એક સમશેરના જરબે તેનું શર દડીની માફક ઉડાવી નાખીઉં. પછે તે શાહાજાદાનાં મુરદાંને શેનશાહી મેહેલના ચોકમાં લઈ ગયા, જાંહાં તેની લાસને દફનાવી. શેનશાહે શાહાજાદીની મોહોબતનાં ભોગ થતા દરેક શાહાજાદાનાં માન ખાતર પોતાના મેહેલનો ચોક તેઓને દફનાવાની જગા તરીકે વાપરવાનો હુકમ કર્યો હતો.

પેલા શાહાજાદાને ગરદન મારીઆ પછે જમાવ થયલું ટોલું પોતપોતાને ઘેર તરફ ગયું. તે ટોલાંની વચમાં એક જુવાન મરદ હતો જે તે શાહજાદાના મરણ પછે અતીઅંત શોર અને વીલાપ કરતો તેને ગરદન મારવાની જગા આગલ બેઠો હતો. તેને એ રવેશે વીલાપ કરતાં જોઇ હું મનમાં સમજીઓ કે તે કોઈ પેલા શાહાજાદાનો શગો હશે તેથી તેની પાસ ગયો અને એ રવેશે શોક કરવાનું કારણ પુછીઉં? તેવારે તેણે જુઆબ દીધો કે જે શાહાજાદાને હવડાં ગરદન મારીઓ તે શેહેરે સમરકંદનો શાહાજાદો હતો અને કે તે પોતે તેના પરધાનનો પુત હતો. એક દીવસે ચીનની શાહાજાદીની તસવીર એક ચીતારાએ તેને દેખાડી, જેથી તે શાહાજાદી ઉપર એ આશક પડીઓ અને તેણીનો દસત મેલવવાને તે અતરે આવીઆ પછે શાહાજાદીથી હાથ ઉઠાવવાને શેનશાહે તથા તેના પરધાનોએ તેને ઘણો સમજાવીઓ; પણ તે કાંઇ સમજીઓ નહીં, અને શાહાજાદીની ઘાતકી સરતો કબુલ કરીઆમાં લાવી તેણીના સવાલનો જુઆબ આપવા તેયાર થયો અને તેમાં નીશફલ થવાથી પોતાની હુજતનો ભોગ થઇ પડીઓ. તે શાહાજાદાએ જતી વખત મુજને પેલી ઘાતકી શાહાજાદીની આ તસવીર (તશવીર દેખાડી) આપી હતી, અને મને કહીઉં હતું કે એ તશવીર તેના પીતાને દેખાડ કે જેથી તેના મુઆ પછે તે તેને હુલગાઇનો બટો લગાડે નહીં, પણ (તશવીર જમીનપર ઉડારી નાખી) ધુલ પડજો એ તસવીર ઉપર કે એ નેહસત તસવીરથી શાહાજાદાને પોતાનો પીઆરો જાન આપવો પડીઓ હતો. હું

તેના પીતાને શીરેથી ગોંહ દેખાડું; બેહેતરછે કે જે શાહાજાદો મને પી-આરો હતો તેની યાદમાં બાહેર ભટકી માહારી જીંદગી બરબાદ કરૂં. એટલું બોલી તે પરધાન પુત તાંહાંથી ચાલતો થયો.

શાહાજાદા કાલાફે પેલી તસવીર ઊંચકી લીધી અને તે ઉપર ખુબ રવેશે નેગાહ કરવા પછે પોતાનાં ખરાં જીગરથી તે શાહાજાદી ઉપર ગો-હીત પડીઓ. આ વખતે તેના મન ઉપર ભમતા વીચારોનો સુમાર નહી. તે પોતાના ઉતારા તરફ ગયો, અને બહુ વીચારમાં બેઠો. કાંઇક વખત સમરકંદના શાહાજાદાની મુશીબતથી પોતાનો વીચાર ફેરવતો, અને બીજી વખત તેણીની ખુબશુરતીનો વીચાર લાવી તેણીને પોતાના હાથમાં લાવવાનો ઠેરાવ કરતો. આકેબત છેલા વીચારનો તે શીકાર થયો. તેણે પોતાની ઘરધણીઆનીને પોતાના ઇરાદાથી વાકેફ કીધી. તેણીએ તેને ઘણો સમજાવીઓ કે એ ઠરાવથી પોતાનું ધીઆન ફેરવે; પણ તેનાં મનમાં શાહાજાદીની તસવીરે એવીતો માઠી અસર બેસાડી હતી કે તે કાંઇએ સમજીઓ નહી. બીજે દને તેણે પોતાની પૈસાની થેલી પેલી વીધવાને આપી કહીણ કે આ થેલી તું રાખ એ તને કામ લાગશે અને માહારો ઘોડોછે તે તું વેચી તેના પૈસા લેજે; કારણ એ કસાંની મને જરૂર નથી.

વીધવાએ પેલી કોથલી લઇ તેને જણાવીઉં કે જેવારે તું કાંઇ સ-મજતો નથી તેવારે આ પૈસા લઈ હું એનો ધરમ કરીઆમાં લાવશ અને શેહેરના પાદરીઓ પાસ તાહારે બાબે બંદગી કરાવશ કે ખોદા તને તાહારાં ધારેલાં કાંમમાં ફતેમંદી બખશે. બાદ તેણીની આગલથી તે પા-દશાહી મેહેલ તરફ ગયો; એક અમલદારે મેહેલમાં દાખલ થવાનો સ-બબ પુછીઆથી તેણે જુઆબ દીધો કે તે એક શાહાજાદો હતો અને કે શેહેનશાહ પાસે એટલી અરજ કરવા માંગતો હતો કે તે શાહાજાદીના સવા-લના જુઆબ આપવાને તેને પરવાંનગી આપે. એ ઉપરથી અમલદારે તેને જણાવીઉં કે શાહાજાદા તાહારામાં અકલ હોયતો તે સઘલી આ

વખતે કામે લગાડ, અને વીચાર કરી પાછો ફર; નહીતો એમજ જાણ કે તું અતરે શાહાજાદીને લેવાને વાસતે નહીં, પણ મોહોંતને તાબે થવા આવીઓહે. તું ઘણો ભણેલો હઆને મોટો પુરવીન હશે તોપણ તેના ભેદી સવાલોનો જુઆબ આપનાર નથી. "હું તાહારી સલાહને માટે તાહારો ઉપકાર માનુંછું; પણ હું અતરે આવીઓછું તે કાંઇ પાછો ફરવાની મતલબથી નથી આવીઓ." જા તેવારે (અમલદારે જુઆબ દીધો) મર, કારણ કે તું કસાંથી પાછો ફરતો નથી."

કાલાફ અંદર ગયો, અને ઘણાંએક દીવાનખાના પસાર કરવા પછે એક મોટાં દીવાનખાનામાં ગયો; જાંહાં સરવેની ફરીઆદ શાંભલીઆ પછે પાદશાહની નજર કાલાફ ઉપર પડી તેવારે તેને પોતાની નજદીક બોલાવી મંગાવીઓ અને તેની શું ફરીઆદ હતી તે જાણવા માંગી? કાલાફે જણાવીઉં કે મેહેરબાન શાહા, હું એક રાજ પુતરછું અને તુ નામવરનો દામાદ થવાનું માન મેલવવાની કોશેશ કરવા અતરે આવીઓછું. અલતુનખાનશાહે જેવારે તેને મોહોંડથી એ સ્વેશના શખુન શાંભલીઆ તેવારે તે ગભરાયો અને તેહેનો ચેહેરો મરવાતોલ ફીકો પડીઓ. તેણે પોતાની નજદીકના સરવે જણને બાહેર જવા ફરમાવીઆ પછે કાલાફને પોતાના નાદાન વીચારથી હાથ ઉઠાવવાને અતીશય સમજાવીઓ; પણ તે ફોકટ. ફરીથી શાહે તેને સમજાવીઓ; પણ જેવારે તે ફરીથી નીશફલ થયો તેવારે તેણે શાહાજાદીની નાશકારક શરતની ધમકી આપી, પણ તેથીબી તેનું કાંઈ વલીઉં નહીં; તેવારે શાહા પોતાના દીલશે હાય મારી બોલીઓ કે અફસોસ જેવી વાતછે કે એક શાહાજાદાને ગરદન મારવાને લાંબો વીલમ જતો નથી એટલાં બીજો આવી ઉભો રહેછે. એ કેવો અંધાપો! એ કેવો કમકમાટ ભરેલો દેખાવ! વીચાર કર શાહાજાદા અને તાહારાં લોહીનો એટલો તરસીઓ નાંથા. આજ સુધી જેટલા શાહાજાદા અતરે મારીઆ ગયાછે, તે સરવે કરતાં હું તને વધારે ચાહુંછું; તેથી તને બચાવવામાં માહારાથી બનતા તમામ

ઉપાયો કામે લગાડસ; વાસતે પાછો ફર અને તાહારાં રાજમાં જઈ નીરાં-તથી રહે. "નાગવર અને મેરબાન પાદશાહ (કાલાફે જુઆબ દીધો) માહારે બાબે તને એટલો દલગીર થવાની કશી જરૂર નથી. શું તું નકી જાણેછે કે જે શવાલ મને પુછવામાં આવશે તેના જુઆબ હું બરોબર નહીં આપશ? તું કેમ જાણે કે હું મારીઓ જવશ? જો બીજાઓ તુરાનદોખતના ભેદી સવાલોના જુઆબ રાસત ન આપી શકીઆ તેથી શું તું એમ સમજેછે કે હું પણ તે ન આપી શકશ? નહીં, મેરબાન તેઓના દાખલા ઉપરથી તું એમ ના સમજ કે તાહારો જમાઈ થવાનું માન હું જવા દેવશ." "અએ કંગાલ શાહઝાદા (શાહ બોલીઓ) શું આ જીંદગીથી તું અતીઆરથીજ ધરાયો? જે શાહાઝાદાઓ આજ શુધી માહારી બેતીને મેલવવાની ઉમેદમાં મારીઆ ગયાછે તેઓ પણ એજ રીતે બોલતા હતા; અને જેવારે માહારી બેટીએ તેમને સવાલ પુછી-આ તેવારે તેઓ એક પણ જુઆબ આપી શકીઆ નહીં તેથી સરત મુજબ તેઓ પોતાનાં સર જલાદના છુરાને સોપીઆમાં લાવીઆ. હવડાં જા અને કાલ રોજે વીચાર કરી મને તાહારો છેલો ઠરાવ જણાવજે. એટલું કહી શેનશાહ તાંહાંથી જતો રહીઓ અને કાલાફ દલગીરી સાથ પોતાના ઉતારા ભણી ગયો. જેવારે તેણે પેલી વીધવાને પોતાનો તે દીવશનો તમામ હેવાલ જણાવીઓ તેવારે તે પણ પાછી તેને સમજાવવા લાગી અને તે પાછુ ફોકટમાં.

બીજે દીવસે તે પાછો શાહાનો પાસે ગયો. પાદશાહ તેને જોઈ બોલીઓ કે શાહાઝાદા તું પાછો આવીઓછે ખરો, પણ તાહારા આવ-વાથી હું ખુશી થવશ કે વલી કાલ મુઆફેક દલગીર? મેરબાન, હું હજુર એકજ વીચારનોછું અને તે કાલના વીચારમાં. જે મોહોતે માહારા હરીફો મુઆછે તેજ મોહોતે હું પણ મરવા ઈચ્છુંછું. આ જુઆબ ઉપર-થી પાદશાહ ઘણો દલગીર થયો. તે બોલીઓ કે બીજાઓ વીશે મને હવડાં-નાં જેટલું લાગતું નહીં, મને લાગેછે કે જે ફટકાથી તાહારૂં સર ઉડારવામાં

આવશે તે માહારે કલેજે જખમ લગાડશે વાસતે માહારી બેટીને મેલ-
વવાની ઉમેદ બાંધના; તને બાહેર બીજી ઘણી ખુબશુરત શાહાઝાદી
મલી શકશે, વાસતે જે તાહારા હાથમાં ન આવે એવી નીરદય ઓરતનો
દસત મેલવવામાં તું એટલો ખંતી ના રેહે. જો તાહારી ખુશી હોયતો
માહારી દરબારમાં રેહે, તુને માહારાથી ઉતરતી પદવી મલશે, તને તાહારી
ખુશી પડતી બાંદી સાથ પરણાવશ, એટલુંજ નહીં પણ હું તને માહારા
બેટા મુઆફેક ગણુશ. વાસતે વીચાર કર અને તાહારા નાશકારક ઠરાવથી
પાછો ફર.

શેનશાહાના છેલ્લા બોલવાથી કાલાફના મન ઉપર થોડી અસર
થતી જણાઈ તોપણ તે બોલીઓ કે મેરબાન શાહા, મેરબાની કરી તું
મને અટકાવ ના, એથીતો માહારૂં મન વધારે લલચાયછે; વાસતે ખોદા
ખાતર તું મને ખલલ કર ના. આ શખુનથી અલતુનખાન શાહે જોયું
કે તેની સરવે કોશેસ ફોકટ ગઈ તેવારે તે બોલીઓ કે અએ હુનર જુવાન
તું કોઇ રીતે તાહારૂં મન ફેરવતો નથી તો બેલાશક માહારી બેટીનાં
સવાલ આપવા તૈયાર થા; પણ જો હું તુંને જણાઉંચ કે તે આપવામાં
તું નીશફલ થયો તો તાહારૂં શર જલાદના છુરાથી ઉડારી નાખવામા
આવશે, અને તેમ કરવામાં કોઇનો નહીં પણ તાહારો પોતાનોજ તકશીર
ગણાશે. બાદ તે શાહે એક મોટા પંડીતને બોલાવીઓ અને તેને ફરમા-
વીઉ કે કાલાફને સમજાવે. પંડીતે ઘણોવાર સુધી તેને ફોકટમાં સમજા-
વીઆ પછે તેની સાથ જુદી જુદી બાબદો વીશે ગોફતેગો ચલાવી અને
પછે પાદશાહને જણાવીઊ કે શાહા, આ જવાન શાહાઝાદાને પોતાના
વીચારથી ફેરવવું બહુ મુશકેલછે. એ કોઇ બરો ખબરદાર દેખાયછે; તેથી
એકીનછે કે તેણીને મેલવશે.

અએ પંડીત (શાહા બોલીઓ) તાહારા આ શખુનોથી મુજને જે
ખુશાલી ઉપજેછે તેનો કાંઇ પાર નથી. હું ખોદા પાસ એવું માંગુચ કે
એ શાહાઝાદો માહારો દામાદ થાય. અલતુન કાલાફને વાસતે ખોદા પાસ

દુવા માંગી ધરાયો નહી; પણ તેણે સરવે પાદરીઓને હુકમ કીધો કે દેહેરામાં જાઇ કાલાફની ફતેહ વાસતે ખોદાની બંદગી કરીઆમાં લાવે.

બીજે દને બામદાદમાં કાલાફ જેવારે ખાબથી ફારેગ થયો તેવારે તેણે ગંતોના તથા નગારાંના અવાજ સાંભલીઆ; તેથી તે એવું સમજીઓ કે તે માતર શેહેરના અમીર ઉમરાવ તથા પંડીતોને પોતાની તથા શાહાઝાદી વચે થાતા સવાલ જવાબની વખતે હાજર રહેવાને ચેતવણી આપવા સારૂં હતા. એ ઉપરથી તેણે પોતાને સુંદર પોશાકમાં તૈયાર કીધો; અને તે બાહારે હકતાલાની મોનાજાત કરવા પછે શાહાના મેહેલ તરફ ગયો, જાંહાં અમીર ઉમરાવોએ તેની બાઆબરૂથી મુલાકાત લીધી; પણ સરવે કોઈ ચુપ બેઠા હતા. કેટલેકવારે શેનશાહ પોતાની શાહાઝાદી તુરાનદોકતને લઈ તાંહાં આવીઓ એટલે તાંહાં હાજર થયલા તમામ લોકોએ ઉભા થઈ તેને સેઝદો કીધો. શાહ એક સોનેરી ભપકાદાર તખત ઉપર બેઠો, અને તેની પડોશમાં એક બીજાં તખત ઉપર શાહાજાદી બેઠી. બાદશાહે સરવે લોકોને પોતાની જગા ઉપર બેશવાનો હોકમ કીધો, એટલે એક મોટા ઉમરાવે ઉઠી એક રોકો બાંગે બુલંદ અવાજે શાહાની નજદીક વાંચીઓ. તે રોકા મધે શાહાઝાદાએ તુરાનદોકત શાથ પોતાની શેહાદી કરવાને જે માંગણી કરી હતી તે લખેલું હતું. એ પછે શરવેથી મોટા વજીર ઉઠીઓ અને કાલાફ આગલ મોટે અવાજે એક ખરડો વાંચવામાં લાવીઓ, તેની મતલબ એ હતી કે જે શાહાજાદો તુરાનદોકત શાથ નેકાહ બાંધવા માંગે તે જાંહાં સુધી તેણીના સવાલોના ખરા જુઆબ આપે નહીં તાંહાં શુધી તેમ કરી શકે નહીં, અને જો તે શાહાજાદો સવાલના ખરા જુઆબ આપવાને કબુલ કરીઆ પછે તેમાં નીશફલ થાય ઈઆને કે જો ખરા જુઆબ આપી ન શકે તો તેને ગરદન મારવામાં આવે. વજીરે ખરડો વાંચી રહેવા પછે શાહાઝાદાને જણાવીઉ કે "અએ શાહાજાદા, જે સરતે શાહાજાદીનો હાથ મેલવી શકાય તે સરત તુંએ સાંભલીછે; વાસતે જો ભયની કાંઈ પણ અસર તાહારાં મન ઉપર

થતી હોયતો હજુરથી તું પાછો જાયતો તે કાયદાસર કહેવાશે." "નહી, નહીં (શાહાજાદાએ જુઆબ દીધો) ઈનામ જે મેળવવા ચાહું છું તે એટલું કીમતી અને કીરતીવાનછે કે જરા પણ ધાસતી મને લાગનાર નથી."

તુરાન દોકતના સવાલોનો જુઆબ આપવાને કાલાફને તૈયાર થયલો જોઈ શાહે પોતાની બેટીને કહીઉં કે "બેટી, હવે બોલવાની તાહારી વારીછે વાસતે આ નોજુવાન શાહાઝાદાને જે સવાલ કરવા હોય તે કરીઆમાં લાવ; અને જે શાહાઝાદાઓ આજ સુધીમાં તાહારે લીધે ખુવાર થયાછે તેઓના પાક રૂહ એ શાહાઝાદાને તાહારા સવાલના ખરા જુઆબ આપવાને મદદ આપે." "આપણો પેગમબર જતમોની માહારો ગવાહછે (તુરાનદોકત બોલી) કે એટલા બધા શાહાજાદાઓને મરતાં જોઇ હું ઘણીજ દલગીર રહુંછું; પણ સવાલ એછે કે તેઓ શા માટે માહારોજ હાથ પકડવાની મમત રાખેછે? શા માટે તેઓ મને માહારા મોહેલમાં આરામથી રહેવા દેતા નથી? અને માહારા છુટાપણાની ઉપર શું કરવા તેઓ પોતાની કોસેસ ચલાવેછે? જાણ તીઆરે અએ શુરા નોજુઆન (કાલાફ તરફ જોઇને) કે જો બીજા તાહારા હરીફોની માફક તુંને પણ તાહારો જાન આપવો પડેતો તેનો દોષ માહારે સર નહી; પણ તાહારા હીચકારાપણાને લાગે. હું કાંઈ તને આ મુઆફેક કહેતી નથી કે તું માહારી માંગણી કરે; વાસતે તાહારો જો નાસ થાયતો તેનું કારણ તું પોતેજ ગણાય."

"અએ ખુબશુરત શાહાજાદી (કાલાફ બોલીઓ) એ બાબદ વીશે શું કહેવાશે તે હું સારીપડે સમજુછું, તને બોલવાની કાંઈ જરૂર નથી; વાસતે મેરબાની કરી તાહારા જે કાંઈ સવાલ હોય તે મુજને જણાવ અને હું તેના જુઆબ આપવાની તજવીજ ચલાઉ." "ઠીકછે (તુરાણ દોકત બોલી) તેવારે બોલ કે એવું તે કીઉં જનાવરછે કે જે હકુતેકેશવર જમીનના તમામ મુલકો સાથ તાલુકો રાખેછે, અને કીરતારની તમામ પેદાશમાં તે બીમીસાલ અને બીનમુનછે?" "નેક શાહાજાદી (કાલાફે

જુઆબ દીધો) એ તાહારા સવાલનો ખુલાસો આફતાબછે." સરવે પંડીતો ખુશી થતા બોલીઆ કે શાહાજાદાનો જુઆબ ખરોછે. કેઇ માતા (શાહાજાદીએ પુછીઉં) પોતાના બચાંને જનમ આપીઆ પછે જે-વારે તેઓ મોટાં થાયછે તેવારે તેમને ખાઈ જાયછે? 'સમુદર' (શાહા-જાદાએ જુઆબ દીધો) કારણ કે જે નદીઓ સમુદરને મલેછે તેઓ પોતાનું મુલ તેમાંથીજ લીએછે.

જેવારે તુરાનદોકતે જોયું કે શાહાજાદાએ તેણીના સવાલોના જુઆબ ખરા આપીઆ તેવારે તે ગાભરી પડી ગઈ અને તેનો નાસ કરવાને પોતાથી બનતી તમામ તજવીજ કરવાનો ઠરાવ કીધો. "એવું કીઉં ઝાડછે કે જેની એક બાજુનાં તમામ પાંદડાં ધોલાં અને બીજી બાજુનાં કા-લાંછે?" તેણીની એ સવાલ કરી સંતોષ પાંમી નહી, પણ દીલમાં કપત રાખી પોતાના મોંહોં ઉપરનો બુરખો ઉઠાવી નાખીઓ કે પોતાની ખુબશુરતીના તેજથી શાહાજાદાને દીપાવી નાખી ગભરાટમાં નાખે. તેણીના કપટપણાં અને શરમે તે એટલીતો લજવાઇ કે જેથી તેણીની મોહેની જીઆદા દીપી નીકલી. તેણીનું સર ખુદરતી ફુલોગાં ઉમદા કારીગરીથી સનગારેલું હતું, અને તેણીનાં બંધે નેણ આફતાબના તેજને સરમાવતાં હતાં. તેણીની એ રવેશની ખુબશુરતી જોઈ શાહાજાદો તેણીની મોહોબતમાં ગીરફતાર થઈ પુતલાંની મુઆફીક થમ થઈ ગયો, તે ઉપરથી આખી મંડલીનાં દીલમાં ભય ઉતપન થઇ કારણ કે તેઓએ શાહાજાદાની આશા મુકી; પણ કાલાફ અચરતીને શીકસતેહ આપી અને હુશીઆરી અખતીઆર કરી બોલીઓ કે આ રવેશ બેભાન થઈ પડીઓ તે માટે હું માફ માગુંછું કારણકે જેવારે શાહાજાદીનો ચેહેરો મારી નજરે પડીઓ તેવારે ગોયા નેક અને અશો લોકોને માટે બેહેસતમાં જે બદલો તૈયાર રાખવામાં આવેછે તે માહારી નજરે પડીઉં. શાહાજાદીની આ રવેશની હદથી જીઆદા મો-હેની હું વગર ગભરાતે જોઇ શકીઓ નહી, વાસતે મેરબાની કરી શાહાજાદી પોતાનો સવાલ મને ફરીથી સમજાવે. શાહાજાદીએ તેણીનો

સવાલ પાછો કહીઓ એટલે તેણે જુઆબ દીધો કે તે ઝાડનો ખુલાસો વરસછે કે જે દીવશ અને રાતનું બનેલુંછે.

સઘળા દીવાનોએ આ જુઆબની બહુ વખાણ કીધી, અને શાહાજાદાના હકમાં તમામોએ હજારેહજાર દુવા ગુજારી. પછે અલતુનખાન બોલીઓ કે આજ બેટી, હવે કબુલ કર કે તું હારી, અને સેતાબીથી તને જીતનાર સાથ નેકાહ બાંધવા કબુલ થા. બીજા શાહાજાદાઓતો તાહારા એક સવાલનો જુઆબ આપી શકીઆ નહીં અને આ શાહાજાદાએ તો બધા જુઆબ આપીઆછે. "તોપણ એને ફતેહ મલેલી કહેવાય નહીં (શાહાજાદી પોતાનો ગભરાટ અને આંખમાંથી ટપકતાં આંશુ છુપાવવાને મોહોંપર બુરખો નાખી બોલી) માહારે બીજા સવાલો એને પુછવાછે; પણ તે હું આવતી કાલે એને પુછશ." "ના, ના, (શાહ બોલાઓ) એમ કદી બનનાર નથી; જે હું હવે કરી શકશ તે એટલુંજ કે જે પુછવું હોય તે તું આજ વખતે અને આજ જગે પુછવામાં લાવે ?" શાહાજાદીએ જુઆબ દીધો કે "માહારી પાસ હવડાંતો એજછે, વાસતે અએ પીતા, મેહરબાની કરી મુજને એટલી પરવાંનગી બખશ." "હું એ કદી કબુલ કરનાર નથી (શાહે ચીરડાઈને જુઆબ દીધો) તાહારી મતલબ આ શાહાજાદાને ગભરાટમાં નાખવાનીછે, અને હું એવી ઉમેદ રાખુંચ કે મુરખાઈથી જે ભયંકાર વચન મેં આપીઓછે તેમાંથી હું પોતાને છુટો કરૂં. તું કેવી નીરદય દેખાયછે કે ફકત લોહીજ તું દમમાં લેછે અને જે શાહાજાદાઓ તાહારા આશક થાયછે તેઓનો જાન લેવામાં તું ખુશી મેળવેછે. તાહારાં કમકમાટ ભરેલાં અને ચંડાલ કામથી માહારી રાણી તાહારી માં પણ મરણ પાંમી; કારણ કે તેણીની તું જેવા ઘાતકી ફરજંદને જનમ આપીઆથી બહુ ગમગીન રહી મનમાં બલાપો કરતી અને હું પણ એજ રવેશે સદા બેચેન રહુંછું; વાસતે હવે હું દેવોનો ઉપકાર માનુંચ કે હવે પછી માહારા મેહેલમાં કદી પણ ખુંન થાશે નહીં; કારણ કે આ શાહાજાદાએ તાહારા તમામ સવાલોના જુઆબ આછી

રીતે આપીઆછે, તેથી હું આ સરવે મીજલશને પુછું છું કે આ શાહાજાદો તાહારો ખાવીંદ વાજબી રીતે ગણાય કે નહીં ? સરવે અમીર ઉમરાવોમાં ગોંઘાટ ઉતપન થયો અને તે તમામ તરફથી વડો વજીર ઉભો થઈ બોલીઓ કે શાહ, જે પાપી સોગન તું એ લીધા હતા તે સોગનથી હવે પછે તું બંધાયલો કહેવાય નહીં. હવે શાહાજાદીની ફરજછે કે પોતાની કબુલાત મુજબ પોતાનો હાથ આ શાહાજાદાના હાથમાં આપે. તેણીએ પોતાનો વચન પાલવો જોઈએ, ઈઆતો બેવચની માટે આકાશી દેવોના કોપની ધાસતી રાખવી જોઈએ.

તુરાનદોખત પોતાના ગુરૂણ ઉપર માથું મુકી મુંગી મંતર થઈ વીચારમાં બેઠી. તેણીને એ રવેશ ગમગીન અને ઉદાસ જોઈ કાલાફ ઉઠીઓ અને શીજદો કરવા શાહાના તખત આગલ નીચે પડી બોલીઓ કે નામવર પાદશાહ, હું તું પાસ એક અરજ ચાહુંછું ! શાહાજાદીના સવાલોના હુંએ જે જુઆબ આપીઆછે તેથી તે અતીઅંત ઉદાસ થયલી જણાયછે, તેણીની મરજી બચીત કરી મને મુએલો જેવાની લાગેછે; કારણ કે એટલો તેણીનો મરદ તરફનો ધીકારછે; વાસતે હું તાહારો એક કમીનો એવું ચાહુંછું કે તેણીની ઉપરનો માહારો હક જવા દઊંછું પણ તે એવી સરતે કે તેણીની માહારા એક સવાલનો ખરો જુઆબ આપીઆમાં લાવે.

કાલાફના આ રવેશના બોલવાથી આખી મંડલી અચંબો પામી. તેઓ બોલવા લાગા કે આ શાહાજાદો કોઈ દેવાનો દેખાયછે કે પોતાના જીવને જોખમે જે મોટું ઈનામ મેલવીઊછે તે જતું મુકેછે. શું તે પોતાના મનમાં એમ સમજેછે કે તે શાહાજાદીને માહાત કરી શકશે ? ખરેખર તેનું ધીઆન ઠેકાણે નથી ! શાહા પણ અચરત પામીઓ હતો તેથી તે બોલીઓ કે શાહાજાદા, શું તુંએ પુરતો વીચાર કરી આ રવેશની માંગણી કરીછે ? "હા મેરબાન (કાલાફે ઉતર દીધો) અને હું ચાહુચ કે એટલી ગાહાંરી અરજ તું કબુલ કરે." "માહારે કબુલછે (શાહા બોલીઓ)

પણ હું ખુલું જણાઊંચ કે આજ પછે હું કોઇપણ રીતે માહારા કોલથી બંધાયલો નથી, અને હું કોઈપણ શાહાજાદાનો ભોગ લેવા દેનાર નથી" '"અએ દેવરૂપી તુરાનદોકત (શાહાજાદો બોલીઓ) જો કે આ વીદવાન લોકોના વીચાર પરમાણે, તું ઉપર માહારો દાવો વાજબી ઠરીઓછે; જો કે તેઓનાં મતમાં તું માહારી થઇ ચુકીછે; તોપણ તું ઉપરનો માહારો હક જવા દેઊંછું, હું તને પાછી છુટી મુકુંછું, દુનીઆ ઉપરની તમામ ખુબશુરત શાહાજાદીઓની સરદારને માહારા કબજામાંથી જતી મુકુંછું, અને તું જેવો કીમતી ખજાંનો માહારા હાતમાંથી લુટાવા દેઊં છું; તે એવી સરતે કે તું માહારા એક સવાલનો જુઆબ રાસત આપે. પણ તે આગમચ તું સોગન લીએ કે જો તું રાસત જુઆબ ન આપે તો તું માહારા સુખ અને મોહબતનો સીણગાર થવા દીલો જાણીથી કબુલ થાય." "અજાણતાં શાહાજાદા, (તુરાનદોકતે જુઆબ દીધો) હું તમામ મીજલસની નજદીક તમામ પવીતર ચીજોના સોગન લઇ તાહારી સરત કબુલ કરૂંછુ" "સાંભલ તેવારે (શાહાજાદો બોલીઓ) 'એક શાહાજાદો હજારો આફતના મારાની સાંમે થઇ, તથા ભીખ માંગી પેટ ભરી આખેરત આ ઘડીએ કીરતી અને ખુશાલીની ઉંચાઇએ પોતાને પુગેલો જોયછે, તે શાહાજાદો શું નામ ધરાવેછે ?"

શાહાજાદીએ થોડોક વખત વીચાર કરવા પછે જુઆબ દીધો કે આવા સવાલનો એકાએક જુઆબ આપવો મુશકેલ કામ રાખેછે; પણ તે શાહાજાદાનું નાંમ હું તને કાલ રોજે આપશ. "શાહાજાદી (કાલાફ બોલીઓ) સવાલ ઉપર વીચાર કરવાને મેં કાંઇ વખતની બોલી કરી નથી અને તે તને બખશવો વાજબી કહેવાય નહીં ; તોપણ હું તને એટલી વધારે સગવડ બખશુંછું, કે એ ઉપરથી તું પણ માહારે વીશે વીચાર કરે અને મુજને પરણવાની આણાકાની કરે નહીં" "અને તેણીએ (શાહા વચમાં બોલીઓ) આ ઠરાવ કરવો જોઇએ કે જો તેણીની આ સવાલનો જુઆબ ન આપેતો બીમારી ઇઆ કાંઈ પણ એવાં બીજા

બાહાણુ ઉપર તને ઉડાવે નહી. જો હું વચનથી બંધાયો ન હતે અને કાયદાની રૂહે તાહારો હક એણીની ઉપર ન હતે તો તું જેવા શાહાજાદાને એ વગર પાછો ફેરવવાને બદલે એ મરે તો સારૂં એવું સમજતે. શું એ એવું ગુમાન રાખેછે કોઈ બીજો શાહાજાદો વધારે સરસ એણીને મલી શકશે? એટલું બોલવા પછે તે ઉઠીઓ અને મીજલશ બરખાસત થઇ. સર્વે લોકો કાલાફને તેની હુશીઆરી માટે મુબારકબાદી આપવાગાં લાવીઆં. કાલાફને માટે પાદશાહે પોતાના મેહેલમાં એક સુંદર ઓરડો તૈયાર રાખીઓ હતો તાંહાં તે ગયો; અને તેની હજુરમાં ઘણાએક ખીદમતગારો હાજર થઇ ઉભા.

જેવારે રાતનો વખત થયો તેવારે કાલાફ પોતાની ખાબગાહમાં ગયો; તાંહાં જોએશું કે એક શુંદર નાજનીન સોલેસનગાર કરેલી તેની નજરે પડી. કાલાફને જોતાંજ તે બોલી "અએ શાહાજાદા, તું અતરે એક બેગાણી નારને આવી રાતને વખત તાહારા ઓરડામાં જોઈ અચરત થતો હશે. તું સારી રવેશે જાણતો હશે કે આ જનાનામાં મરદ તથા ઓરતને ભેગા મલવાનો હુકમ નથી; તોપણ જે કાંમસર હું અતરે આવીછું તે તું તાહારી જાણમાં લાવશે તેવારે તુંને અચરત થવાનું કારણ રેહેશે નહી. તાહારી હજુરમાં બોઠી રહેલા તમામ ખીદમતગારોને મેં એવી રવેસે સમજાવીઆછે કે જેથી તેઓએ મને કશી અડચણ કીધી નહી. હું એક ખાનની બેટીછું, માહારો બાપ અલતુનખાનશાહને ચોથાઇ આપતો હતો. એક દીવસે તેના વીચારમાં એવું આવીઉ કે શાહને ચોથાઈ આપવી નહી, અને તે પરમાંણે શાહાને રાખેતા મુજબ ચોથાઇ આપવાનો ઇનકાર બતલાવીઓ, તેથી શાહે એક મોટા પેહલવાનના હાથ તલે એક મોટું લશકર મોકલીઉ. એક નદી આગલ લડાઇ થાઈ તેમાં માહારો બાપ મારીઓ ગયો; મરતી વખત તેણે પોતાના એક વીસવાસુ સરદારને એવું ફરમાવીઉ કે મને તથા માહારી માતાને નદીમાં હોમાવી દે કે જેથી દુશમનના હાથમાં ગુલામ તરીકે જઈએ નહીં. તેના

કહેવા મુજબ અમને નદીમાં નાખવામાં આવીઆં; પણ એટલામાં પેલા ફતેહમંદ ચીનાઈ સરદારનું તાંહાં આવવું થયું; તેને ખબર પોહોંચતાં નદીમાં માણસો ઉતરાવી અમને બાહેર કાહાડીઆં; પણ મારી મા મરણ પાંમી હતી, અને હુંજ જીવતી રહી હતી. મને લઈ તે સરદાર અલતુન ખાનશાહ પાસે આવીઓ, અને તેને તમામ હકીકતથી વાકેફ કરવામાં લાવીઓ. અલતુનખાને મને પોતાની બેટી સાથ મેહેલમાં રાખીછે. તુરાણદોખતને માહારી રીતભાત ઘણીજ પશંદ પડવાથી તેણીએ મને તથા માહારા જેવીજ મુસીબતની એક બીજી બાનુંને પોતાની વીસવાસુ દાખલ રાખીછે. શાહાઝાદા, જે વાતને માહારાં આતરે આવવાનાં કામ સાથ કાંઈ સંબંધ નહીં તે વાત તાહારી નજદીક કહી તાહારો વખત રોકતાં હું દરગુજર ચાહુંછું. હું ઉંચા કુલનીછું એ જણાવવાની માહારી મકસુદછે તેથી આશા રાખુંચ કે માહારી ઉપર તું વધારે વીશવાસ રાખે. હું તને જે કહેવા માગુંછુ તે એવુંછે કે જે કદાચ તાહારા ધીઆનમાં પણ નહીં ઉતરે, પણ હું તને તુરાણ દોખત વીશે કહેવા આવીછું તે સચાઈથી જરા પણ દુર નથી. શાહાઝાદી તુરાણદોખતે તને મારી નાખવાનો ઠરાવ કરીઓછે."

આ રવેશના છેલા સખુનથી શાહાઝાદો અચરત થયો, અને ગાભરો થઈ આ મુઆફેક બોલીઓ શું એ બને એવુંછે કે ચીનની શાહાઝાદીથી આવાં કાલાં કરતુકને જનમ મલે ? એવો ચંડાલ વીચાર તેણીના દીલમાં શાકારણસર મુલ લે. "શાંભલ શાહાઝાદા (તે પાછી બોલી) જેવારે શાહાઝાદી પોતાના ઓરડામાં તાહારા સવાલ બાબે વીચાર કરતી બેઠી હતી અને હું તથા બીજી માનીતી તેની નજદીક ઉભાં હતાં, તેવારે હમોએ તેણીને ગમગીન થવાનું કારણ પાંમી જાઈ તાહારી હુશીઆરીની તથા ખુબશુરતીની તેનીની આગલ બહું તારીફ કીધી અને તેણીને સમજાવીઉં કે દલગીર થવાને બદલે તેણીએ તો તું જેવો ભરથાર મેલવી પોતાની ખુશીની ઉંચાઈએ ચહડવું જોઈએ; પણ તે કસાંથી સમજી નહી, અને ઓર

ચીરડાઈને ગરદ તરફના પોતાના ધીકારના આતશને તેણીએ જીઆદા રોશન કીધો, એટલુંજ નહીં પણ વધારે તે એ બોલી કે સરવે મરદો કરતાં તું તેણીને અતીશય અનગમતો હતો; અને કે મોંકોંત શીવાય તાહારીથી તેણીનો છુટકારો થવો અશકીઅ હતો તેથી તેણીએ પોતાનો નકી અને સેવતનો વીચાર મગને જણાવીઓ કે તને મારી નાખવો, અને એ કામ પોતાના વીસવાસુ સીપાહોને તે સોંપી પણ ચુકીછે, કે જેવારે કાલરોજે દીવાનખાનામાં તુંને લઈ જાય તેવારે લઈ જતી વખતે તુંને ઠાર કરવામાં લાવે. મેં તથા બીજી માનીતીએ તેણીનો આ વીચાર ફેરવવાને તેણીને ઘણું સમજાવીઊં પણ તે સરવે ફોકટ, તેથી હું તને ખબર કરવા આવી છું."

"રે બેવફા તુરાણદોકત (નોગઈનો શાહાઝાદો હાય મારી બોલીઓ) તેમુરતશના કંગાલ બચાની તું પરની ખરી મોહોબતનો તું આ રવેશે અવેજ વાલેચ કે? શું કાલાફ તાહારી ચશમમાં એ મુઆફેક ભયંકાર જણાયછે? માહારૂં અને તાહારૂં નસીબ એક કરવાને બદલે ગુનાહ ભરેલી રીતે દુરી આપવાની વેતરણ કરેછે? રે ખોદા માહારી જીંદગી કેવા અચરત સરીખા બનાવોની બનેલીછે: કોઇ વખત સુખની દેવી મુંજપર એટલી મેરબાન થઇ જાયચ કે સરવેથી સુખી માણસ માહારી તરફ અદેખાઈની નજરથી જુએછે, અને બાજે વખત તે મુજશે એટલી રૂઠેછે કે કંગાળમાં કંગાળ સખસ પણ માહારી ઉપર દયા લાવેછે."

"મેરબાન સાહેબ, આ રવેશે દલગીર થવાનું તને કાંઈ કારણ નથી, કારણકે જે આફતનું વાદલ તું ઉપર વરસનારછે તેની તને આગમચથી ખબર પડી ચુકીછે, વાસતે સોકર ખોદાના કે તેણે મુજને તું જતણા બચાવના ઉપાય કરી રાખવાને આગમચથી ચેતવણી આપીછે, તેથી સાંભળ કે મેં કેટલાક ચોકીબાનોને માહારા હાથમાં રાખીઆછે તેઓ આપણને આશાનીથી બાહેર નીકલી જવા દેશે. બાહેર બે ઘોડા પવનની ચાલના તૈયાર રાખીઆછે તે ઉપર આપણે સવાર થઇ સહવાર પડતામાં

દુર મંજલ કાપી જશું. હું બરલેસ જાતના લોકોના રાજાની સગી લાગુ છું; તેથી આપણે તાંહાં જશું તો તે અલબતાં આપણને આશરો આપશે, અને પછે તાહારે લાયકની કોઈ શાહાઝાદી શાથ તાહારા નેકાહ બાંધજે."

"સુંદર શાહાઝાદી (કાલાફ બોલીઓ) જે ધાસતીમાં હું આવીઓછું તે ધાસતીથી મોકળો કરવાને તુંએ જે મેરબાની બતલાવીછે તે માટે તાહારો ઉપકાર માનુછું; અને એવો વીચાર રાખુંછું કે તને ગોલાગગીરીની જુસ(ી)ગાંથી છોરવી તાહારા સગા આલમગીર રાજાના અસતકમાં આપુ, કે જેથી મુંજ ઉપરનો તાહારો ઉપકાર ફેરવું. પણ અલતુનખાન સાહે આજસુધી મુજ તરફ જે ગમતા બતલાવીછે તે ખાતર તેને મલીઆવના એકાએક તું સાથ કેમ નીકલી જાઉં તેનો ભારે હાંદેશો લાગેછે. તે કદાચ એવું ગુમાન લઈ જશે કે હું આતરે તેની દરબારમાં તને કાહાડી લઈ જવા આવીઓ હતો. એટલુંજ નહીં પણ શાહાઝાદી ગમે એવી મુજ તરફ ધાટકી દેલ રાખતી હોય તોપણ માહારૂં જીગર એટલું નબલું છે કે તેણીને કદી ધીકારનાર નથી. હું તે માહારી મોહોબતની દેવીની પુજા કરૂં. તેણીની એવુંજ ચાહાતી હોય કે માહારે પરાણુ લે તો તેણીને ખુશી કરવાને હું માહારો જીવ પણ આપશ."

જેવારે શાહાઝાદીએ કાલાફનો વીચાર મરવા બાબે ઓસતવાર દીઠો તેવારે તે બોલી "મેરબાન, એક શાહાઝાદીને બંદમાંથી ખલાસ કરી તેણીને ઉપકારથી લાધવાના કરતાં બીજી શાહાજાદીને ખુશી કરવાને વાસતે મરવાનું તું વધારે પશંદ કરેછે, એ અફસોસ જેવુંછે. જો તુરાણ દોખત માહારા કરતાં વધારે ખુબશુરતછે તો માહારૂં દેલ તેણીના દેલ કરતાં વધારે સફાછે. અરે જેવારે તું આજ સહવારે દીવાનની નજદીક આવીઓ તેવારે માહારૂં બદન તું બાબે ખુદરતી રીતેજ કેવું કાંપતું હતું, અને તે એજ ધાસતીથી કે રખેને તું તુરાણદોખતના સવાલનો જુઆબ આપે નહીં, અને જેવારે મેં જોયું કે તું ફતેહમંદ નીકલીઓ તેવારે માહારા ધીઆન ઉપર બીજી તરેહેના વીચાર ઉતપન થયા; અને તે

બેશક કાંઈજ નહીં પણ એક આગમ ચેતવણી હતી કે તને ઠાર કરાવા વના શાહાઝાદી રહેશે નહીં. અએ વાહાલા શાહાજાદા, હું તને અરજ ગુજારૂંચ કે તું એ બાબે પુખત વીચાર કર, અને મોહોબતની ચુંગાલમાં સપડાઈને નાહેક પોતાના પીઆરા જીવને બરબાદ કરવા તૈયાર ના થા, અને માહારા જીવને તું ઉપર રડન અને બલાપો કરવા ના બેસાડ. માહારી તું બાબેની ખરેખરી ધાસતી બાબે તું દરીઆફત કર, અને સેતાબ આ મેહેલરૂપી ગંજાવર કબરશથાનમાંથી મુજ સાથ બાહેર નીકલી ચાલ."

"નેક બાનું (કાલાફે ઉતર દીધો) અતરે મુંજ ઉપર જે મુસીબત ગુજરશે તે હું નચીતાઇથી શોસશ. તુગણદોખતના એ રવેશના મુજ તરફના દવેશ છતાં હું તેણીને જીગરથી ચાહુંછું, અને તેજ વાસતે હુ આતરેથી નાહાસી જનાર નથી; કારણ કે તે શાહાજાદીથી દુર રહી જીંદગી ગુજારવી એ ગોયા માહારે મનસે મોહોંત કરતાં વધારે બુરૂંછે." "બસ બસ, શાહાઝાદા (શાહાઝાદી બોલી) હું તને હવે વધુ બોહોશ કરનાર નથી તેથી જે મેહલમાં તાહારૂં લોહી છંતાવવાનુંછે તે મેહેલની મજામાં બેલાશક રેહ. તને એક ગોઝારાની શાથ નાહાસી જવામાં કાંઈ ફકરતો નથી? તું માહારાં જીગરની વાત સમજી ચુકો તો હું પણ તાહારૂં જીગર છેક તલીઆં શુધી પામી ગઈછું. જેટલી અતીશય મોહોબત તું તુરાન દોખત તરફ ધરાવેછે તેટલોજ અતીશય ધીકાર તું મુજ વીશે રાખતો જણાયછે." એટલું બોલી તે મોંહો ઉપર બુરખો નાખી ચાલી ગઈ.

તેણીના જવા બાદ કાલાફે તરેહવાર વીચારોમાં બાકીની રાત ગુ-જારી. બીજે દને તેને એસતેકબાલ લેવાને વાસતે છ માદરીન (પાદરીઓ) આ વીઆ, તેમને જોઇને તે સમજયો કે તેઓ તેને ગરદન મારવા લઈ જવા આવીઆછે; તોપણ તે ધીરજ રાખી તેઓ સાથ ગયો. એક ચોક આવીઓ તે જોઈ તે સમજીઓ કે પેલી શાહાજાદીએ જે કહીજ હતું તે ખરેખરૂંજ હતું; તેથી તે અંચીતા કારી જરબની વકી રાખતો

ચાલીઓ; પણ તેણી તે પસાર કરી ગયો, એટલે મોટા દીવાનનો ઓરડે આવીઓ. તીઆં શાહ તથા શાહાજાદી પણ થોડે વારે આવી લાગાં. તે જોઈ તે મનમાં બોલીઓ કે શું શાહાજાદી એટલી ઘાતકીછે કે મને પોતાની નજર આગલ જબે કરાવેછે, અને શું પોતાને શેનશાહોનો શેનશાહ કહેવાડનાર પણ એવાં પાપી કામમાં શાંમિલ હોય? એ રવેશનાં શકમાં કાલાફ ગુતાયલો હતો, એટલામાં મોટો દીવાન ઉઠીઓ અને કાલાફ તરફ નજર કરી બોલીઓ કે શાહાજાદા, તને શારી પેઠે ઈઆદ હશે કે જો શાહાજાદી તાહારા સવાલનો જુઆબ રાસત આપેતો તેણીની ઉપરનો તાહારો તમામ હક તાહારા વચન મુઆફેક રદ થયલો કહેવાય. કાલાફે હા કહેવા ઉપરથી તે દીવાન શાહાજાદી તરફ ફરી બોલીઓ કે અએ નામદાર શાહાજાદી, તને પણ રોશન હશે કે જો તું શાહાજાદાનો જુઆબ રાસત ન આપેતો જે કસમ તુંએ ગઈ કાલે લીધાછે તે સોગન મુઆફેક અમલ કરીઆમાં લાવે. શેનશાહ પોતાના મનમાં એવો ખુશી હતો કે કાલાફના સવાલનો જુઆબ શાહાજાદી કદી પણ આપનાર નથી: તેથી તે તેણીની તરફ નજર કરી બોલીઓ કે શાહાજાદી, હું ધારૂંચ કે તુંએ તને મળેલો તમામ વખત વીચારમાંજ ગુજારીઓ હશે; પણ હું સમજુંચ કે તું તે સવાલનો જુઆબ પામવા સારૂ વરસ દાહાડો અભીઆસ કરે તોપણ તે મલવો તને મુશકેલ પડે; વાસતે જીઆરે એ ન બની શકે એવુંજ છે તો સેતાબ તું માહારાં જીગરમાં રમતી ઉમેદને ફલદરૂપ થવાદે, ઈઆને કે તું આ જેવા હુશીઆર શાહાજાદાના દસતમાં તાહારો દસત આપ; કારણ એ શાહાજાદો તને, તથા માહારા મુઆબાદ, આખી ચીનાઈ રઈઅત ઉપર તાહારી બરોબર રાજ ચલાવવાને, લાયકછે.

“વાહાલા પીતા (તુરાનદોકતે જુઆબ દીધો) આ શાહાજાદાના સવાલનો જુઆબ માહારાથી ન અપાશે એવું ગુમાન લાવવાનો સબબ તું શા ઉપરથી ધરાવેછે? તું ધારેછે તેમ એ શવાલ કાંઈ બીકટ નથી. જો એમજછે કે ગઈ કાલે મુજ ઉપર નાગોશી ઉતરીછે તો ઈઆદ રાખ

કે આજ રોજે હું તેનો બદલો લેવશ; ઇઆને કે આ હુનર શાહાજાદાને માહારી હુશીઆરીનો ચમતકાર દેખાડશ. એને એનોસવાલ ફરીથી મુકવાદે એટલે હું તેનો જુઆબ આપશ." "મેરબાન શાહાજાદી (કાલાફ બોલાઓ) હું એ જાણવા માંગુંચ કે કીઓ શાહાજાદો હજારો શંકટ ખમી તથા ભીખ માંગી પેટ ભરીઆ પછે આકેબત આએ પલે પોતાને ખુશી અને કીરતીની ઊંચાઇએ પુગેલો જુઓછે ? "તે શાહાજાદો કાલાફ નામ ધરાવેછે (શાહાજાદીએ જુઆબ દીધો) અને તે તૈમુરતશનો બેટો કહેવાયછે" શાહાજાદો પોતાનું નામ સાંભલતાંજ બેસુધ થઈ તુરત જમીન ઉપર પડીઓ, તેથી સરવે મીજલસીઓના ચેહેરા ફીકા પડી ગયા અને ગમગીન થઈ કહેવા લાગા કે શાહાજાદીએ રાસત જુઆબ આપેલો જણાયછે. શાહે પોતે અને બીજાઓએ શાહાજાદાને ઘણી મેહેનતે હુશીઆર કીધો; એટલે તે શાહાજાદી તરફ જોઇ બોલીઓ કે અએ શાહાજાદી જો તું તાહારા મનમાં એ રંચશનું ગુમાન લાવતી હોય કે માહારા શવાલનો જુ-આબ રાસત આપીઓછે તો તેમાં તાહારી ભુલછે; સબબ, તૈમુરતશનો બેટો કાંઈ આ પલે ખુશીની અને કીરતીની ઊંચાઇએ પુગેલો પોતાને જોતો નથી." "હું કબુલ કરૂંચ (શાહાજાદી બોલી) કે તું આ પલે તેમ નથી; પણ જે પલે તેં સવાલ કીધો હતો તે પલમાં તું તેવી હાલતમાં હતો, વાસતે રે શાહાજાદા હવે તું હાલાં બાહાનાં બતાવી ઉડાવ ના; પણ કબુલ કર કે હવે તાહારો મુજપર આપણી શરતની રૂએ કાંઈ દાવો ચાલે નહીં. હું તને હવે માહારો હાથ ચાહુંતે આપી શકું નહીં, અને તે બોલવાને માટે તને બલાપો અને દલગીરીમાં નાખી શકું; તોપણ હવે હું તને વધારે ટલવલાવનાર નથી તેથી તને તથા તેમજ તાહારે માટે દલગીર થતી આ તમામ માજલશને જણાવુંછું કે તું બાબે મેં માહારો વીચાર ફેરવીઓછે. તું તરફની માહારા પાદશાહ પદરની ખાશ મમતા કાજે તેમજ તાહારી પોતાની હુશીઆરી માટે હું તને માહારા ભરથાર તરીકે કબુલ કરૂંછું.

શાહાઝાદીના આ સખુનથી તમાંમ મીજલસના ચેહેરા ગુલે ગોલાબ

માફક ખીલી નીકલીઆં; અને પાદશાહની ખુશાલીનો તો પારજ રહીઓ નહીં. તે પોતાની બેતીને ગોદમાં દાબી બોલીઓ કે બેતી તાહારી તરફથી આજ રોજે મને જે ખુશાલી ઉપજીછે તેવી ખુશાલી મને કોઇ કાલે પણ મલી નથી. મરદ તરફના તાહારા ધીકારને તું એ જે તાહારાં દેલમાંથા સીકસતેહ આપીછે તેથી હું ઘણો ખુશી છું; પણ બેતી હું જાણવા માગુચ કે જે શાહાઝાદાને તું ઓલખતી ન હતી તે શાહાઝાદાની પીછાણ તું શી રીતે મેલવી શકી. શીઆ તલેસમાતથી તુંએ તેનું નાંમ પારખીઊં. 'મેરબાન બાપ (શાહાઝાદી બોલી) એક અકસમાત બનાવથી અને નહી કે કોઈપણ જાદુઈ તલેસમની મદદથી એમ બનીઊંછે. ગઈ રાતે માહારી એક શાહેલી એ શાહાઝાદાના ઓરડામાં ગઈ હતી અને તે એનો ભરમ સમજી આવી હતી, પણ જેવારે મેં એ રવેશની દગલબાજીનો લાભ લઇ તેનો ખરાબ ઉપયોગ કીધો નથી તેવારે એ મને માફી બખશીઆ શીવાએ વધારે શું કરી શકે. "ખુબ રૂએ શાહાઝાદી (નોગેસનો શાહાજાદો બોલીઓ) મુંજ તરફની તાહારી આ રવેશની મેરબાનીથી ગોયા આજ દને માહારૂં સર સાતમાં આશમાનશે લાગેલુંછે, અફસોસ કરૂંચ કે જે વેલાએ તું એ રવેશે માહારી ઉપર મેરબાની વરસાવાની ગોઠવણ કરતી હશે તે વેલાએ હું તું બાબે ઘણાજ પાપી વીચાર દોરાવતો હતો ; અને તેમ કરવામાં હું એક ભયંકાર અને ઉભી કરેલી વાતથી ઠગાયો હતો; તાહારી નેકી બાબે હું ઘણો શક લઇ ગયો હતો કે જે માટે હાલ હું તું નજદીક ઉભો રહી પસતાઉછું."

તૈમુરતશનો બેટો એ મુઆફેક પોતાની દલગીરી જણાવતો હતો એટલામાં એકાએક એક બાંદી તાંહાં આવી લાગી, કે જે તે વખત સુંધી સાહાઝાદીની પછવાડે છુપાઇને ઉભી હતી તે આગલ વધી અને મોંહોંપર નો બુરખો ઉઠાવી સરવે લોકો સાંભલી શકે તેવી રીતના બુલંદ અવાજે આ મુઆફેક બોલી: શાહાઝાદી, ગઈ રાતે આ શાહાઝાદાના મેહેલમાં હું ગઈ હતી તે એટલા વાસતે નહીં કે તેનું નામ જાણવામાં લાવી તાહારી નોકરી

બજાઊં; પણ માહારા પોતાના લાભ શોધવા હું ગઈ હતી. માહારી મતલબ ગુલામગીરીમાંથી છુટવાની અને તાહારા આશક શાથ નીકલી જવાની હતી; અને તે કારણસર મેં પુરતી ગોઠવણ પણ કરી રાખી હતી; પણ માહારાં મતને શાહાઝાદો મલતો થયો નહીં તોપણ તાહારીથી એને છુટો કરવાને મેં કોઇપણ ઇલાજ બાકી રાખીઓ નહીં. તું બાબે મેં એને એવું સમજાવીઊં હતું કે તું ઘણીજ મગરૂબ અને ઘણીજ ઘાટકી હતી; એટલુંજ નહીં પણ મેં એને એવું સમજાવીઊ હતું કે તુંએ એને મારી નાખવાનો ઠરાવ કીધો હતો. આવા કાલાં કરતુકની તીલી તું ઉપર ચોંટાડવાની જે કોસેસ મેં કીધી હતી તે તદન વીઅરથ ગઇ સબબ એથી શાહાઝાદાનાં તું તરફના એકીનને જરાએ ધોકો પોંહોંચીઓ નહીં. તે જરા જોસમાં આવીઓ એટલે હું એ ઉપર ચીરડાઈને તાહારા ઓરડા તરફ પાછી ફરી. તું આગલ મેં એવું દોલ ગાલીઊં હતું કે મેં સરવે કાંઈ કીધું હતું તે તાહારેજ ખાતર હતું; અને કે તને જે મેં નામ કહીઊ હતું તે ફકત તું તરફની માહારી મોહોબત ખાતર હતું; પણ તેમ કરવામાં માહારી બાતેન મતલબ શાહાઝાદાના તાહારી શાથ નેકાહ થતા અટકાવવાની હતી; પણ જેવારે માહારી હીકમતમાં હું નીશફલ થઇછું તેવારે મુંજ પાસ બીજો કાંઈ ઇલાજ રહીઓ નથી સીવાએ આ——" એટલું બોલતાંજ પોતાના ઝભા તલે છુપાવેલું એક ખંજર બાહેર કાહાડી પોતાની છાતીમાં ભોકી તે વતે જીગર ચીરી નાખીઊં.

આ હેરત ભરેલો તમાશો જોઈ તમામ મીજલસના દલને ફમકમાત ઉપજીઓ; કાલાકની ખુશાલી ઉડી ગઇ અને શાહાઝાદી તુરાણ દોકત પોતાનાં તખ્ત ઉપરથી નીચે ઉતરી બનતાં સુધી તેનો જીવ ઊગારવાના ઉપાય અજમાવા લાગી. ખરીઓ કલમ અને કાગજ ધરી તૈયાર રહેલી શાહેલીઓ તેમજ બીજી શાહેલીઓ તેણીની મરણ પામતી લાસને આશાનીથી ઊચકી શાહાઝાદીના ઓરડામાં લઇ ગઇ જાંહાં શાહાઝાદી તેણીની પાસ બેસી રડન કરતી બોલી કે, "આદીમીઉલ, પીઆરી આદીમીઉલ,

આ તેં શું કરીશ ! શાહાઝાદા વના બીજાં કશાંથી તું ખુશી થઇ નહીં શકતે ? જો એમજ હતું તો ગઇ રાતેજ કાંય નહીં તુંએ મને તાહારાં દીલની ઉમેદથી જાણીતી કીધી, હું શાહાઝાદા સાથ લગન કરસ તો તું મોહોંત નીપજાવશ એવું મને આગમચથી કાંએ નહીં જણાવીશ. તું જેવી એક હરીફને વાસતે હું શું નહીં કરી શકતે ? અફસોસ ! અફસોસ !

એ સખુંન શાંભલતાંજ બંદીવાન શાહાજાદી પોતાની આંખ ઉઘાડી શાહાજાદા તરફ સેજસાજ જોઇ બોલી : સાહેબજાદી થઇ ચુકું, માહારા જીવ અને ખમવાનો અંત આવીઓછે. માહારાં કમતાલે ઉપર અફસોસ ના ગુજાર પણ ઓર માહારા ઉદાર ઠેરાવ માટે વખાણ ગા. મોહોંત નીપજાવી હું પોતાને બેવડી ગુલામગીરીમાંથી છુટી કરૂંછું; એકતો અલતુનખાનશાહાની બંદીમાંથી અને બીજી મોહોંબતની. મોહોંબતની બંદી શાહાની બંદી કરતાં વધારે ઘાતકી છે. મેં માવતરના દુધ સાથ ઝાક નબીનો ઉપદેશ પણ ધાવીઓ હતો. હું જેમ આવી હતી તેવીજ હાલતમાં પાછી ફરૂંછું. એટલું બોલતાંજ તે એક દચકું ખાઈ મરણ પાંમી. શાહાજાદીએ પાછું રદન ચાલુ કીધું. કાલાફ પોતાને આ દુખદાયક ખુંનનું કારણ સમજી અતીઅંત દલગીર હતો. શેહેનશાહ પણ આંખમાં આંસુ લાવી બોલીઓં કે ' રે શાહાજાદી, જો આએજ માફક તાહારૂં ખુંન કરી કાટલનસ લોકોના ખાન, તાહારા પેદરની ઓલાદના બાકી રહેલા એખલા એશીનો અંત લાવવાની હતી તો દરીઆવમાં તાહારો અંત આવતે તો બેહેતર હતું. રે શાહાજાદી, નવ ગાર પસાર કરીઆ પછે તું પેહલાજ અવતારમાં કોઈ મોટા શેનશાહને ઘર જનમ લેઇ વેહેલી પાછી ફરજે.

અલતુનખાને એ રવેશે રદન કરીઆ પછે તે શાહાઝાદીની લાસને બાદશાહી દબદબાથી દફનાવી અને એક હફતા લગે આખા શેહેરને શોક રાખવાનો હુકમ કીધો. હફતો ગુજરવા બાદ શેહેરનું રૂપ તમામ બદલાઈ ગયું અને શાહે પોતાની બેટીની શાહાઝાદી બરી ધામધુમથી

કીધી. તેણે કાલાફના પેદર તૈમુરતશને તથા તેની રાણીને એક રોકો લખી પોતાની તરફ બોલાવવાને એક કાસદ મોકલીઓ; અને કાલાફ તરફ પોતાની ખાસ મમતા માટે તે વેહવાઈની જગાએ પોતે એકલો મેહેનત કરતો, અને શાહાઝાદી તરફથી તેના વજીરો પાસ તે કામ કરાવતો હતો. થોડાક દીવસ પછે બેરલાસ તરફ રવાના કરેલો કાસદ પોતાની સાથ તૈમુરતશ અને તેની રાણીને લઇ તાંહાં આવી લાગો. તૈમુરતશ શાથ બેરલાસનો ખાન અલીનગર પણ આવીઓ હતો. કાલાફને પોતાનાં માત પીતાને આવી પોંહોંચવાની ખબર મલતાંજ સેતાબ તે તેમની તરફ ગયો અને તેમને પોતાની ગોદમાં દાબી તેમની ખબર અંતર પુછીઆમાં લાવીઓ. અલીનગર ખાન તરફ નજર પડતાંજ તે તેની આગળ ધુટણીએ બેસી પોતાના માબાપની સંભાલને માટે તેનો ઉપકાર માનવા લાગો. અલીનગરે તેને ઉઠાડીઓ અને જણાવીઉં કે તૈમુરતશ અને એલમાઝ કોણ હતાં તેથી તે અનજાણો હોવાથી તેણે તેમને યોગીઅ માન ન આપીઉં, માટે તે દલગીર હતો, અને તેટલા માટે તે તેમને ચીનાઈ સરકારનાં પાએતખત શેહેર વેર મુકવા આવીઓ હતો. એ સખુંન શાંભલી તૈમુરતશ અને તેની રાણીએ તેમનો ઉપકાર માનીઓ; બાદ અલતુનખાન શાહે તેમને એક મોટા દબદબા વાલા અએવાનમાં બાઆબરૂથી આવકાર દીધો. તેણે અકેક પછી તેમને પોતાની ગોદમાં દાબીઆં, અને ખેરઆફીઅત પુછી. એ રીતે જેવારે જાફત અને નાચરંગમાં આખો માસ ગુજારીઓ, એટલે અલતુનશાહે કેરીઝમીના પાદશાહ ઉપર તૈમુરતશનો કીનો લેવાને એક મોટી ફોજ ૭,૦૦,૦૦૦ માણસની તૈમુરતશ તથા કાલાફની સરદારી તલે મોકલી. અલીનગરખાન પણ તેનું લશકર લઈ તેમની મદદે આવીઓ હતો. કેરીઝમીના સુલતાનને એ રવેશની ખબર તેના રાજની સરહદપરના મુલકના રાજાઓથી પોંહોંચતાંજ તે પણ પોતાનું ૪,૦૦,૦૦૦ માણસનું લશકર લઈ તેમની સાંમે આવીઓ. ખોજીંદના મુલક આગલ બંધે ફોજ ભેગી થયાથી એક ખુનખાર લડાઈ શરૂ થઈ;

તેમાં કેરીઝમીઅન લોકોની તદન હાર થઇ અને તેમનો રાજા લડાઇમાં બાહાદુરી બતલાવી મારીઓ ગયો; તેથી કેરીઝમીનું રાજ પાછું તેમુરતશને અસતક થયું અને કાલાફ તાંહાંનો રાજા થયો. ચીનની શાહાજાદીએ એક બેટાને જનમ આપીઓ, કે જેને અલતુનખાનશાહે પોતાને તાંહાં રાખીઓ અને તેને અછી રેવેશની તાલીમ આપી ઉછારીઓ; તે નાહાના શાહાજાદાને પોતાની હઇઆતીમાંજ પોતાની ગાદીનો વારસ ઠરાવીઓ હતો. બાદ કેટલીક મુદતે તુરાનદોખતે એક બીજા બેટાને જનમ આપીઓ, જે કાલાફ પછે કેરીઝમીની ગાદીનો વારસ ગણાયો.

એ રેવેશે કાલાફના બરગસતે દીવશનો અંત આવીઓ. તેણે પોતાના સદગુણથી કેરીઝમી લોકોની ચાહા અને તેમની વાખવાખી સંપાદન કરી હતી. તેમુરતસ અને તેની રાણી આસતરાખાનમાં પોતાના દીવસ આ રીતે ગુજારી મોહોતના ફરેસતાને તાબે થયાં. બેરલાશનો ખાન પોતાનાં બાકી રહેલાં લશકર સાથ કાલાફ તરફથી મોટું માન મેલવી પોતાને વતન ગયો.

એ રેવેશે ફરૂખુઆઝની દાસી સતુલમીમે પોતાની તમામ વાતનો આ ઠેકાણે અંત આણીઓ, એટલે બીજી સાહેલીઓએ માશુક તરફના આશકોના ખરાં એકીન બાબે તારીફ કીધી; પણ ફરૂખુઆઝ રાખેતા મુજબ તેમની ખોડ કાહાડીઆ વના રહી નહીં. આગલ કહેલી સરવે વાતો તમામ કરતાં ૧૦૦૧ દીવસ લાગા હુતા.

કાશમીરની શાહાજાદીની દાસતાનનું સેવટ.

ફરૂખુઆઝની દાસી છેલી વાત પુરી કરી રહી તે ટાંકણે તેણીનો બાઇ શાહાજાદો ફરૂખરોઝ બીમાર પડીઓ; તેથી તોગરલબે પાદશાહ જે પોતાના બેટાને ઘણોજ ચાહાતો હતો, તેણે હીંદુસથાનની સરજમીન

તરફથી નામીચા તબીબોને બોલાવીઆ; પણ તેઓથી તે સાજો થઈ શકીઓ નહીં. એવા ધાસતી ભરેલા મંદવાડથી દરબારમાં બભરાટ ઉતપન થયો, અને તાંહાંની મોજમજાહ બંધ પડી ગઈ. કાશમીરની શાહાજાદીએ વાત સાંભળવી બંધ પાડી. તોગરલબેશાહે શીકાર કરવા જવાનું મોકુફ કીધું; દરેક શખસના વીચાર ફકત શાહાજાદા ઉપર લાગા હતા અને દરેક જણ તેની ફકર રાખતાં હતાં.

એક રોજે તોગરલબે કેશયના દેહડાંનાં વડા ગુરૂને મળવા ગયો, અને તેને પોતાના બેટાના મંદવાડથી વાકેફ કરી જણાવીઉં કે જેવારે નામીચા વઈદોનો દારૂ તે ઉપર કારગા લાગતો નથી તેવારે તને અરજ ગુજારવી પડીછે; વાસતે આશા રાખુંસ કે તું વચમાં પડી કેશયને માહારી તરફથી દેવની પરારથના કરવા અરજ કરશે? ગુરૂએ હા કહીઆથી તે પોતાના મેહેલ તરફ ગયો. બીજી સહવારે ગુરૂ તોગરલબે આગલ ગયો; જે તેને જોતાંજ બોલીઓ કે "કેમ પરેહજગાર દરવીસ, માહારા બેટાની તનદરૂસતી વીશે કેશયએ તે બુલંદ ધણીના આશીરવાદ મેલવીઆ?" ગુરૂએ હા કહેવાથી તે ખુશીમાં આવી તેને વલગી પડીઓ, અને ફરૂખરોઝના ઓરડામાં લઈ ગયો. તે દરવીસ દરદી શાહાજાદાનાં બીછાંના ઉપર બેઠો અને અચરત સરીખું કાંઈ મનતર ભણીઓ. મનતર પુરૂં કરી રહયો એટલે તરતજ શાહાજાદો જે અતીઆર સુધી બેભાન હતો તે ચોંકી બુમ પાડી ઉઠીઓ કે માહારા પીતા, ખુશી થા, કારણ કે હું સાજો થયોછું. આ રવેશના ચમતકારથી પેલા ગુરૂની આખા શેહેરમાં તારીફ થઈ રહી હતી.

ગુરૂની આ રવેશની તારીફ થતી સાંભલી શાહાજાદી ફરૂખુઆઝનો વીચાર તેની સાથ ગોફતગો કરવાનો થયો; તેથી તે પોતે તેના દેહેરા તરફ ગઈ, જાંહાં દરવાજા આગલથી કેશયના ગુરૂઓએ તેણીને અંદર દાખલ થતાં અટકાવી, તે જોઈ શાહાજાદી ચીરડાઈને પોતાના પદર આગલ ગઈ, અને પેલા ગુરૂઓ પાસેથી તેણીને અટકાવવાનું કારણ જાણ-

વા માંગીણી, તેથી પાદશાહ પોતે તેઓ આગલ ગયો એટલે તેઓ બોલી આ કે ચાહેબ, શાહાજાદી તે બુલંદ મરતબાનાં ધણીના હુકમને તાબે-દાર નથી થતી; તે મરદજાતને ધીકારેછે અને તેઓને પોતાના દુશમન તરીકે ગણેછે, તથા આલસાઈની રાહા ઉપર ફરેછે. કેશયની અમને મ-નાઇછે; પણ જો તેણીની પોતેજ પોતાના વીચાર ફેરવશે તો અગાથી બનતી તજવીજ તેણીની તરફે નમાં ચલાવશું. પાદશાહ જુઆબમાં કાંઈ બોલી શક્યો નહીં તેથી પોતાના મેહેલ તરફ પાછો ફરીઓ.

એ પછે કેટલેક દીવસે તોગરલબે દરવીસ આગલ પાછો ગયો, એ-ટલે તે બોલીઓ કે કેશયને અરજ ગુજારી શાહાજાદી શાથ વાત કરવાની પરવાનગી મેં મેલવીછે; હું પોતે તેની ભુલ ભાંજશ. પાદશાહ તે સાંભ-લી ખુશી થયો અને ફરૂખુઆઝને તેની ખબર આપવામાં લાવીઓ. શાહાજાદી બીજે દને દેહેરાંમાં ગઈ અને વડા ગુરૂને મલવા માંગીણી. એક મરદ તેણીને મહાગુરૂના હુકમથી એક દીવાનખાનાંમાં લઇ ગયો, જાંહાં તેણીને ઓતી રહેવા કહયું. તે દીવાનખાનાની દેવાલ ઉપર તરણ જુદી જુદી જગામાં એક હરણી જાલમાં સપડાયલી અને તેનો નર છો-ડવવાની યુકતીમાં રોકાયલો ચીતારેલો હતો. એક બીજી જગાએ એવો ચીતાર પાડેલો હતો કે નર જાલમાં સપડાયલો અને હરણી તેને મદદ કરીઆ વગર ઉભી રહી જોયા કરતી હતી. એ ગાફના ચીતર જોઈ શાહાજાદી અચરત થઇ અને મનમાં વમાસવા લાગી કે રે દેવ ! આ હું શું જોઉંછું, એતો તમામ માહાગ સવપનાથી ઉલટો દેખાવ આપેછે. આ તરણ હરણ પોતાથી બનતી મેહેનત હરણીને છોડવવા પાછલ કરેછ તેથી એઓ વીશે હવે હું શું વીચારૂં. અરે, બેશક, મરદો બાબેના મા-હારા વીચારમાં હું ઠગાઇછું; હું ધારતી હતી તે કરતાં તેઓ ઘણાજ વફાદાર માલમ પડેછે, અને હું દલગીરછું કે મેં તેઓને આજ સુધી નાહેક ગેરઇનસાફ આપીઓછે.

એ રવેશે શાહાજાદી વીચાર કરતી હતી, તેવામાં મહાગુરૂ તાંહાં જઈ

લાગો; તેનો દેખાવ જરા દમપરજ હતો. શાહાજાદી તેના પગ આગલ પડી નમશકાર કરવા જતી હતી, પણ તેણીને અટકાવી અને બેસાડી બોલીઓ "અએ ફરૂખુઆઝ તાહારો પીતા, તાહારો વીચાર મહાદેવના નીયમથી ઉલટો જોઇ, બહુ દલગીર રહેછે. તાહારા દેલમાં કોઇ પલીદે મુકામ કીધુંછે અને તેજ પલીદે તાહારામાં ગરદ બાબે એટો વીચાર ઉતપન કીધોછે, તેથી તાહારી ઉપર રેહેમ કરવાને મેં કેશયને વીનંતી કરીછે; પણ જો તું પોતે કોશેસ કરશે નહી, તો તેના એબલાથી તું જે અંધારાગારમાં તું ગોતાં ખાયછે તેમાંથી તદન છુટવી મુશકેલ પડશે. દરવીશે જેવારે જોયું કે તેના કહેવાથી શાહાજાદીની આંખમાંથી આંશુની ધાર વહેતી હતી તેવારે તે બોલીઓ કે, બેટી, તાહારાં આંશુ લુછીનાખ, મને જણાયછે કે હવે તાહારૂં મન ફેરવાયુંછે; હું તને હારેમનના હાથમાંથી છુટી કરવાને કબુલાત આપુંછું; પણ તે એવી સરતે કે તું માહારી સલાહ પરમાણે ચાલે. ફરખુઆઝે ગુરૂ જેમ ફરમાવે તેમ ચાલવાને સોગન લીધા અને તેના હાથને બોસો લઇ તાંહાંથી મેહેલ તરફ પાછી ફરી.

બીજે દને તે પાછી દરવીસ આગલ ગઈ, અને જેવારે તેણીની દરવીસ આગલ એબસી રહી તેવારે તે બોલીઓ કે "શાહાજાદી, આજ રાતે એક ખુઆબ મેં દીઠોછે તે મધે માહાકેશયને મેં દીઠાછે. તેવણથી મને એવી ખબર મલીછે કે તું હવે ઈનશાન બાબે ખરાબ મત ધરાવતી નથી; વાસતે હવે તેણીની એક નોજુઆન શાહાજાદા ઉપર દયા લાવશે કે જે રાત દાહાડો તેણીની ઈઆદમાં પોતાના જીગરને બાલી ભશમ કરેછે; કારણ કે એવું તે દાતારે તેના નશીબના કેતાબમાં લખેલુંછે કે તું તેની રાણી થશે." એ શખુન શાંભલી શાહાજાદી અચરત થઇ બોલી કે "જે શખશને મેં કોઈ દન દીઠો નથી તેને શી રવેશે હું દલગીરીમાંથી છુટો કરૂં" "કેશયથી મને ખબર મલીછે (ગુરૂ બોલીઓ) કે તે ઈરાનનો શાહાજાદોછે, અને ફરૂખજાદ નામ ધરાવેછે; તે એટલોતો ખુબશુરતછે કે તેનો જોડો આજ સુધી કોઇ માવતરે પેદા કરીઓ નથી" "રે બાવા

(શાહાજાદી બોલી) એ મને ઘણું અચરત લાગેછે કે જે શાહાજાદાએ મને કોઇ દન પણ દીઠી નથી તે મુજપર આશક કેમ હોય? "તે હું તને જણાવું છું (ગુરૂ બોલાઓ) કારણ કે તું એ બાબે સવાલ કરશે એવું કેશયને આગમચથી ખબર હતી તેથી તેણે મને તમામ ખોલાસો જણાવીઓછે. શાહાજાદા ફરૂખજાદે તને એકદન બાબમાં દીઠી હતી કે તું એક મેદાનમાં ફરતી હતી તારે તે તાહારી ખુબશુરતીથી એવો મોહીત થયો હતો કે તે બાબે તને તે જણાવવા જતો હતો એટલામાં તું તોછડાઇથી એવું બોલી તેની આગલથી જતી રહી કે, મરદ ઘણા બેવફા હોયછે; એ રવેશે તાહારા જવા પછે તે બાગથી બીદાર થયો. પોતાનો સવપનો પાછો ઇઆદ કીધો અને તેથી ખુશી થતો જણાયો. તે સવપનો તેનાં વીચારમાં સદા રહેછે અને તું જેવી માશુકને પોતાના હાથમાં લાવવાને ઇનતેજાર કરેછે."

ગુરૂની આ વાતથી કાશમીરની શાહાજાદીએ દેલશે એક હાય મારી અને આકાશ તરફ જોઇ તે બોલી કે "રે ખોદા, શું જે સવપનો મેં દીઠો હતો તેજ સવપનો આબેહુબ તે શાહાજાદાએ પણ દીઠો." "અશો દરવીસ (શાહાજાદી બોલી) કેશયે તને બધુ જણાવીઉ નથી. મેં વચારે એ જોયું હતું કે એક શુંદર રંગ બેરંગીત માદવવાલા બાગમાં એક ખુબરૂએ શાહાજાદાને દીઠો, તેણે મને મુજ તરફની પોતાની મોહબત વીશે જણાવીઉ પણ મેં તે ગણકારીઊ નહી; પણ જે વખતે મેં તેને અપમાન પોંહોંચાડીઉ તે પલે તે વીશે માહારા દેલમાં કાંઇ મોહોબતની અશર થતી હતી તેથી હું તાંહાંથી સેતાબી કરી નીકલી ગઇ કે રખેને તેનો નાજુક સુંદર દેખાવ મરદ તરફના માહારા ધીકારની બાબદમાં મુંજ ઉપર ફતેહ મેલવે. તોપણ હું હવે માહારી ભુલ કબુલ કરૂંછુ. અને જણાઉછું કે મરદો દોસતી લાયક ઇનશાનછે, એટલુંજ નહી પણ જો ખોદાની એવીજ મરજીછે કે તે શાહાજાદા સાથ માહારી કદ ખુદાઇ કરવામાં લાઉતો તેમ પણ કરવાને હું કબુલ છું.

શાહાજાદીના એ સ્વેશના શખુન સાંભલી ગુરૂ ઘણો ખુશી થયો, અને તેણીના એ સ્વેશના સવભાવનો લાભ લઇ બોલીઓ "બેટી, આજ રાત હું દેહરાંમાં ગુજારશ, અને તાહારી ઇચછા સમપુરણ કરવાને મારે શું ઉપાય લેવા જોઇએ તે વીશે હું કેશયને પુછશ, અને તેના જુઆબ હું કાલ રોજે તને કહેવશ." ફરૂખુઆઝ તાંહાંથી વદેઆ થઇ. તેણીનુ મન ફકત ફરૂખઝાદ ઉપરજ રોકાયલું હતું. જે સવપનાથી તે તેણીની ઉપર આશક પડીઓ હતો તે સવપનાને તે ઈઆદ કરતી રહી.

બીજે દને બામદાદ થતાંજ તે ખાબથી બીદાર થઈ અને દરવીસ પાસે ગઇ. દરવીસ તેણીને જોઇ બોલીઓ કે બેટી માહાકેશયથી મને ખબર મલીછે. તેણે મને એવું ફરમાવીઊંછે કે માહારા હુકમ પરમાણે ચાલવાને તને સોગન આપવા. શાહાજાદીએ સોગન લીધા એટલે તે બોલીઓ કે "આજ રાતે આપણને અતરેથી નીકલી જવું જોઈએ; જે શાહાજાદો તને ચાહેછે તેના મુલકમાં હું તને લઈ જવશ, તે શાહાજાદો તને કાશમીરના તાજ કરતાં ઘણુંજ કીમતી તાજ પેહેરાવશે. અલબતાં હું તને કાહારી લઇ જવા માગુંચ તેથી તું અચરત થતી હશે; પણ જાંહાં કેશયની મરજી થઇ તાંહાં તેમ થવું જોઈએ." "પણ શું તીઆરે (શાહાજાદી બોલી) માહારા બાપને ખબર કરીઆ વગર આપણે અહી-થી જતાં રહીએ?" "નહીં નહીં (ગુરૂ બોલીઓ) હું એ બાબે તોગરલ-બેની પરવાનગી મેલવશ, અને માહારી ખાતરીછે કે તે જરૂર બાહાલ રાખશે, તેથી એકીન રાખ અને જવાની તૈઆરી કર." શાહાજાદી મેહેલ તરફ પાછી ફરી.

તોગરલબે સતુલઅમીમ દાસી સાથ વાત કરતો હતો એટલામાં ગુરૂ તાંહાં જાઇ લાગો. ગુરૂને જોઈ રાજા બોલીઓ "નજદીક આવ, દરવીસ અમારી વાતમાં તુંને પણ લગતું વલગતુંછે. અમો હવડાં શાહાજાદી ફરૂખુઆઝમાં એકાએક બનેલા ફેરફાર વીશે વાત કરતાં હતાં. તેણીની મરદ બાબે ધીકાર રાખતી હતી અને તે તેણીનો એ વીચાર ફેરવાવીઓ-

છે. સતુલમીમની આટલી બધી વાતોથી જે કાંઇ બનીઉં નહી તે તાહારી સાથની એકજ વખતની વાતથી બનીઉંછે." "સાહેબ, (ફકીર બોલીઓ) અને મેં એ કરતાં પણ કાંઇ વધારે કીધુંછે. ફરૂખુઆજે મરદ તરફનો પોતાનો ધીકાર કાહાડી નાખીઓછે એટલુંજ નહીં પણ ઈરાણ શર જમીનના શાહાજાદા ઉપર તે આશક પણ પડીછે."

એ પછે તેણે પોતાની અને શાહાજાદીની વચે જે કાંઇ બનીઉં હતું તે સાથ કેશયના હુકમ બાબે તેને જણાવીઉ. તોગરલબે લગાર વીચાર કરી બોલીઓ "દરવીસ, આ રવેશે જવાની માહારી બેટીને ફરજ પડીછે તે માટે હું દલગીરછું; પણ જીઆરે કેશયની એવીજ મરજીછે તો તેમ થવુંજ જોઇએ. વલી તું તેણીની સાથે છે એટલે મને કાંઇ ફીકર નથી." એ ઉપરથી શાહાઝાદી ફરૂખુઆજ સતુલમીમ દાસીને સાથે લઈ દરવીસ સાથ તેજ રાતે કાશમીર છોડી ગઈ; કારણ કે ગુરૂએ પાદશાહને એવું સમજાવીઉ હતું કે કેશયનો એવો હુકમ હતો કે તેણીની સાથ બીજું કોઇ જાય નહીં.

આખી રાત ઘોડા ઉપર સવારી કરીઆ પછે બામદાદ થતાંજ તેઓ એક મેદાનમાં જઈ પુગાં, જેનાં ફુલ ખુશબોદાર અને ખુશનુમાં હતાં. તે મેદાન નજદીક એક મોહેલ હતો જેની દેવાલ કાલા સંગેમરમરની હતી; તેના ચોકમાં એક ફુંવારો હતો, જાંહાં તેઓ આરામએશ લેવા ઉતરીઆં. તેનો દેખાવ જોઇ તેઓ ખુશી થતાં હતાં એટલાંમાં પેલા દરવીસના મોંહોંનો રંગ ફીકો પડી ગયો. તે દલગીર થઇ બોલીઓ કે રે શાહાજાદી કોઇ દાકણ પોતાનાં મંતરથી આપણના દેલને આતરે ચલાવી લાવીછે! આ મેહલ વગેરે સરવે જે કાંઇ આપણે જોઇએ છીએ તે મેહેરેફ્જા જાદુગરણીનું રહેઠાણછે, વાસતે જો તે નાપેકારની આપણ ઉપર નજર પડશે તો મોત આવીઉં એમજ સમજવું. અફસોસ! ખોદા જાણેચ કે હું જે ધ્રુજુંછું તે ફકત તાહારે ખાતર, જો હું એકલો

હતેતો હું એક નવાઇ જેવો ચમતકાર દેખાડતે. "પણ તીઆરે (શાહાજાદી ફરૂખુઆજ બોલી) એમજ સમજ કે અમો અહીંઆં નથી અને જે કાંઈ કરવું હોય તે કર, જો આપણા નશીબમાં અતરે મરવાનું હોય તો હું મરદાનગીથી તૈયાર થવશ, અને માહારૂ ઊંચુ લોહી દેખાડી આપશ."

"ખુબશુરત શાહાજાદી (દરવીસ બોલીઓ) આ તાહારા ઉડાર કરાવથી માહારી તમાગ ખાસતી ઉડી ગઇછે, તેથી હું કીરતી મેલવવા જાઉછું અને તે મેલવવા પાછલ જીવ આપવો પડેતો તે પણ આપશ. વાસતે તમો બંધે અતરે ઉભાં રહો, અને જો હું એક કલાકમાં પાછો ન ફરૂતો એમ સમજજો કે હું માહારી મતલબમાં પાર પડીઓ નથી; એટલું કહેતાં તે પોતાનું ખંજર બાહેર કાહાડી જાદુગરણીના મેહેલમાં ગયો. તે એક કલાકમાં હસતે મુખડે શાહાજાદી તરફ પાછો ફરીઓ અને બોલીઓ કે ખોદાનો ઉપકાર માનો કે હવે પછે મેહેરેફજા કોઈને પણ ઇજા કરનાર નથી; વાસતે આ મુકામ હવે જાદુઈ તલેસમને બદલે ખુશનુમાં બાગ અને આપણને આશાએશની જગા થઈછે. પણ પરીચેહેરે શાહાજાદી, હવે માહારે તને ખુલાસો કરવો જોઇએ કે હું કોણ છું. હું કાંઇ તું ધારેચ તેમ ગુરૂ નથી પણ ફરૂખજાદ શાહાજાદા નો માનીતો છું; વાસતે તું હાલતો મેહેલમાં ચાલ એટલે હું તને તેનો અને માહારો તમામ ઇતીહાશ જણાવશ."

શાહાજાદો ફરૂખજાદ ઇરાણના મોટા શેનશાહાનો દીકરો લાગેછે. એક દીવસે તેણે ખાબમાં એવું દીઠું કે એક ઘણીજ ખુબશુરત નાજનીન એક મેદાનમાં તેની નજદીક ઉભી હતી. તેણીને જોતાંજ તે તેણીની ઉપર મોહીત પડીઓ, તેથી તેની આગલ ઘુંટણીએ બેસી તેણીને આજીજી કરી પોતાની મોહોબાત વીશે જણાવીઊં જે ઉપરથી તે ચીરડાઈને ચાલી ગઈ અને બોલી કે મરદજાત બેવફાછે કારણ કે તેણીએ એક સવપનો

દીઠો હતો કે તેમાં એક હરણી એક જાલમાંથી પોતાના નરને છોડાવીઆ પછે પોતેજ એક બીજી જાલમાં સપડાઈ અને તેણીનો નર તેણીને છોડવવાને બદલે તાંહાંથી ચાલતો થયો, અને એજ ઉપરથી તેણીએ પોતે મરદ બાબે એવો વીચાર બાંધીઓ કે તેઓ બેવફાછે. એ સ્વપ્નનો ખુઆબ દીઠા પછે શાહાજાદો બીદાર થયો અને પોતે જે નાજનીનને જોઇ હતી તેણીની ઈઆદમાં જુરવા લાગો. તે ઘણો બીમાર પડી ગયો અને મોટા મોટા તબીબો તેને શાજો કરવાની હીકમતમાં ઠાકા તીઆરે તેણે મને પોતાના ઉપલા ખુઆબથી વાકેફ કીધો. મેં તેને તે પરી રૂએની જોસતેજોમાં ગામેગામ ફરવાની સલાહ આપી અને તે માટે તેણે પોતાના પદરની રજા મુસાફરી કરવાના શોખને બાહાણે લીધી. બાદ તે મુજને લઈ અસબાબ સાથ બાહેર નીકલીઓ.

આગલ ચાલતાં ગજની શેહેરમાં અમો જઈ લાગા કે જાંહાંના પાદશાહાને ખબર પોહોંચતાંજ શાહાજાદાને એસતેકબાલ લેવા માણસો મોકલીઆં. તેણે શાહાજાદાને બાઆબરૂથી મુલકાત લીધી. પોતે બાહેર તેને શામો લેવા નહી આવીઓ તેનું કારણ એ હતું કે તેનો એક પુરો બેટો કાશમીરની શાહાજાદી ફરૂખુઆઝની મોહોબતમાં ગીરફતાર હતો તેથી તોગરલબે ઉપર તેણીની માગણી કરવા કાશદને મોકલીઓ હતો; પણ કાશદ એવો જુઆબ લઈ પાછો ફરીઓ કે શાહાજાદી મરદ બાબે ઘણા ખરાબ વીચાર રાખેછે તેથી તે પરણવા માંગતી નથી. એ જુઆબથી તે નાશીપાસ બનીઓ અને તેણીની મોહોબતમાં લેવાઇ નખાઈ જઈ આખરે મરણ પાંમીઓ.

પાદશાહના એ ખ્વેસના સખુન સાંભલી શાહાજાદાનો ચેહેરો ફીકો પડી ગયો; તે જોઇ શાહે તેને તેમ થવાનું કારણ પુછયું. જવાબમાં તે બોલીઓ કે તે તેજ ઘાટકી શાહજાદીની સોધમાં આવીઓ હતો. એ પછે શાહે એવા વીચારથી તેનું ધીઆન ફેરવવાને તેને સમજાવીઓ; પણ

તેથી કાંઈ તેના મનપર અસર થઇ નહીં; પણ ઓર તેનું દીલ વધારે માહોબતથી ઉસકેરાયું તે જોઈ શાહે તેને હીંમત આપી. શાહાજાદો ફરૂખઝાદ એ પછે માહારી નજદીક આવીઓ અને પોતાના તથા રાજાના દરમીઆનમાં ચાલેલી તમામ ગોફતેગોથી મને વાકેફ કીધો તે સાંભળી શેહેરે કાસમીર તરફ જઈ તે શાહાજાદીને લઇ આવવાને મેં એખલાએ મનપર લીધું; અને શાહાજાદાને, પાદશાહની દરબારમાં રેહેવા જણાવીને, બાદ મેં કાશમીર તરફ મોહો ધરીને, કેટલીએક મંજલ કાપીઆ પછે રાહમાં આએ મેહેલ મારી નજરે પડીઓ એટલે આસાએસ લેવાને એક ઝાડ તલે હું જઇ બેઠો. મને જોતાંજ માહારી નજદીક કેટલાંએક ખુબસુરત હરણ દોડતાં આવીઆં, તેઓથી હું ગમત મેલવવા લાગો; પણ તાજુબી એ લાગી કે તે હરણ આંખમાંથી આંસુ પાડી રડતાં હતાં. મેહેલ તરફ જોતાં માહારી નજર એક ખુબસુરત ઓરત ઉપર પડી, એટલે તેણીએ મને અસારત કરી બોલાવીઓ, તેથી હું મેહેલ તરફ ચાલીઓ. મને જતાં જોઇ પેલાં હરણો પોતાનાં દાંત વડે માહારો જબ્બો પકડી મને અટકાવવાં લાગાં; પણ તેઓની મતલબ હું કાંઈ સમજીઓ નહીં, તેથી તે મેહેલમાં ગીઓ, કે જાંહાં એક ઓરડાની અંદર ભાત ભાતનાં પકવાન મેલેલાં હતાં તે ખાવા તેણીએ મને બેસાડીઓ. પુરતું ખાઈ રહીઓ નહીં એટલામાં તે ચીરડાઇને માહારી તરફ ધસી આવી અને કંઈ મંતર ભણીને બોલી કે, અએ બેઅદબ મરદ તારૂં ખરૂં ઈનસાનીઅત રૂપ છોડી દે, અને એક હરણ બની જા. તારી બોલવાની વાચા બંધ થજો પણ તાહારી સમજ શકતી કાએમ રેહજો કે જેથી તારા કમનસીબના દુઃખનો ચટકો તને લાગે. તેણીના માહોંમાથી આ બોલ નીકલતાંજ હું હરણ બની ગીઓ, એટલે મને પેલાં હરણોની આગલ ખેતરમાં હાંકી કાઢીઓ. એટલું છતાં માહારી સમજ શકતીને કાંઇ પણ અલવાર આવી નહીં; તેથી ઈરાણના શાહાઝાદા વીશે હું બહુ દલગીર થયો, અને મન સાથ

બોલીઓ કે અફસોસ સાહજાદા તારૂં હવે શું થશે. હવે તારી ઇંછા કેઇ રીતે પાર પડશે તું તો હવડે એવી આશા રાખતો હશે કે હું તાહારી માસુકની સોધમાં જતો હોવસ પણ માહારી તો આવી વલે થઇછે.

એ રવેસે હરણના રૂપમાં કેટલાએક રોજ ગુજરી ગીઆ એટલે એક દીવસ કેટલીએક સાહેલીઓ ફરતી ફરતી તાંહાં આવી લાગી. તેઓમાંની વડી સાહેલી બધાં હરણ તરફ નજર કરી બોલી કે માહારી બેહેન મેહેરૈફ્ઝા કેવી નીરદયછે; હમો બધે બેહેનો જાદુ હુનર સારી રવેસે જાણીએ છીએ પણ તેણીની એ હુનરનો હમેશાં માઠો ઉપયોગ કરેછે તેથી તેણીએ કેટલાએક મરદોને હરણના રૂપમાં બદલી નાંખીઆછે, વાસતે માહારી નેકમા (એક સાહેલી તરફ જોઇને બોલી) સેતાબીથી જા અને આએ હરણમાંથી એકને માહારી નજદીક લાવ કે હું તેને પાછો માણસ બનાઊં. તેણીના હુકમથી પેલી સાહેલી હમારી નજદીક આવી અને સારા ભાયગે મનેજ પકડીને લઇ ગઇ એટલે તે માહારા મોહોડાપર પાણી છાંટી કાંઇ મંતર ભણી બોલી કે અએ જવાન મરદ, આએ હરણનું રૂપ તું છોડી દે અને તાહારો ખુદરતી આકાર તું પાછો લે. એટલું બોલતાંજ હું જેવો હતો તેહેવો માણસ બની ગયો અને પેલી નેક બાનુંના પગ આગલ પડી તેનો ઉપકાર માનવા લાગો. તેણીએ માહારો હેવાલ જાણવા માંગીઓ એટલે હું કોણ હતો તથા શું કામે જતો હતો તે તમામ તેણીને જણાવીઊ.

એ રવેસે માહારો હેવાલ સાંભલીઆ પછી તે બોલી કે હું કાશમીરની ફએરીના એક ઉમરાવની બેટી છું અને ગુલનાજ નામ ધરાઊંછું. માહારી બેહેન મેરેફ્ઝા એક જાદુગરણછે અને માહારા શીવાએ કોઇ પણ તને છોડવી શખતે નહીં, એટલુંજ નહી પણ એક બીજો ઉપકાર તું ઉપર હું કરવા માગુ છઊ; તે એકે શાહજાદા ફરૂખઝાદના કામમાં તુંને હું કીમતી મદદ આપશ તેથી જે સલાહ હું તને આપુ છઊ તે પરમાંણે તું ચાલજે. એટલું બોલતાંજ તેણીની એક બીજા ઓરડામાં ગઇ અને પોતા-

ના હાથમાં એક ફકીરી લેબાસ તથા એક તસબીર અને અબનુસના લાકડાંનો એક દાબડો લેઇ આવી. એ ચીજો માહારા હાથમાં મુકી તે બોલી કે લે અને શેહેરે કાશમીર તરફ જા. તે શેહેર અહીથી ઘણુ દુર નથી. પણ શેહેરમાં દાખલ થાએ તે આગમચ તારો પોશાક તું કાહાડી નાખ જે અને આ દાબડામાં જે મલમછે તે તાહારા આખાં દીલે લગાડજે, પછી આ ફકીરી લેબાશ પેહરજે અને આ તસબીર તાહારા ગલામાં ઓલવજે. શેહેરમાં દાખલ થયા પછે કોઈબી ચોકીબાન તુંને પુછે કે રે બાવા તું કયાંથી આવીઓ તો તેના જવાબમાં તું એટલું બોલજે કે હું એક સાધુ છું અને છેક અગરેબ તરફથી આવું છઉ કે માહા કેશયના દરશન કરૂં. તે બોલી કે કેશય એક માહાદેવછે. તાહારે મોહોડેથી એ રવેશના સખુનો તેઓ સાંભલશે તીઆરે તેઓ તને તોગરલબે પાદશાહ આગલ લેઇ જશે અને તે તુંને દેહેગનાં મોહોટા ગુરૂ આગલ મોકલશે. માહાકેશયના દેહેરાંમાં એક ફરતી ગરમ પાણીની ચરછે તેની વચોવચમાં તે દેવનું મુકામછે. મુકામને ફરતો એક પોલાદનો માચરો બાંધેલોછે કે જે હમેશાં આતસની માફક બલતો રેહેછે, તેથી તાંહાં કોઈથી જવાઈ શકાતુ નથી.

સઘલા ગુરૂઓ તુંને તાંહાં જવાને અટકાવશે અને કેહશે કે માહ કેશયને માંટે જે કાંઇ માનતા લાવીઓ હોએ તે મુકીને ચાલીઓ જા પણ જો કેશયના દરશન કરવાની તાહારી મરજીજ હોએતો આએ ગરમ પાણીની ચરમાંથી તથા આએ બલતા પેલાદના માચગપરથી પસાર થઈ જા. એ સખુન સાંભલતાંજ તું તરતજ ચરમાં ઉતરજે. જે મલમ તું તાહારા શરીરને લગાડશે તેમાં એવી ખુબીછે કે પાણીને પથરની માફક કઠણ કરી નાંખે અને તેથી કરીને તાહરૂં શરીર દાહાજસે નહી. કેશયના દરશન કરીને આઓ દાહાડો તાંહાં પુજા કરજે એટલે મહાગુરૂ તુંને પોતાનો દતપુતર કરીને રાખસે. એ પછી પંદર દીવશ ગુજરે એટલે જે હું

તને સફેદ ભુકી આપું તે જેઆરે તે ગુરૂ ઊંઘમાં પડે તીઆરે તેને નાકે લગાડજે જેથી તેનો વાસ લેતાંજ તે મરણ પામસે એટલે તેની જગા તું ને મલશે. એ પછી કાશમીરનો શાહજાદો જે હવડાં ઘણો બીમારછે તેની મુલાકાતે તું જજે અને હું એક મનતર આપુંછું તે ભણી પાછો આવજે એટલે તે સાજો થશે. એ ઉપરથી આખા હીંદુસતાનમાં તાહારી તારીફ થશે અને શાહજાદી ફરૂખુઆઝ પણ તાહારી મુલાકાતે આવશે. એથી વધારે કંઇ કહેવાની જરૂર જણાતી નથી કારણકે બાકીનું તો તાહારી હુશીઆરી ઉપર આધાર રાખેછે.

એ પછે શાહાજાદી ગુલનારે માહારા હાથમાં કંઇ સફેદ ભુકીનું પડીકું તથા કાંઈ મનતર લખેલું એક કાગજ આપીઊં અને તે બોલી કે આએ જગાએથી જેમ બને તેમ જલદીથી તું નીકલી જા, નહીંતો માહારી બેહેન આવી લાગશે તો પાછો ધાસતીમાં તું પડશે. એ સખુન સાંભલી હું તેણીનો ઉપકાર માની અહીથી નીકલી પડીઓ. હમો બંધે જને એકએકની સાથે ઘણી ખુસીથી એવી રૂવેસે વખત ગુજારીઓ કે જો મેહેરફ્જાની ધાસતી ન હતે તો હમો કદી પણ જુદાં પડતે નહીં.

કાશમીર આગલ જઈ પોહોંચતાંજ મેં મારો પોશાક કાઢી નાંખીઓ, અને પેલો મલમ આખાં શરીરે લગાડીઆ પછી ફકીરી લેબાશ પેહેરીઓ એટલે પોહોરેગીરો મને પાદશાહ આગલ લેઈ ગીઆ, તાંહાંથી પાદશાહે મને કેશયના દેહેરાંનાં વડા ગુરૂ આગલ મોકલીઓ. ગરમ પાણીની ચર તથા પોલાદી માચરો પસાર કરીઆ પછે કેશયના દરશણ કરીઆં અને આખો દહાડો તેની ભકતી કીધી એટલે વડા ગુરૂએ મને પોતાનો દતપુતર કરી રાખીઓ. બાદ પંદર દીવસે જીઆરે તે ઊંઘમાં પડેલો હતો તીઆરે તેના નાકે પેલી સફેત ભુકી લગાડી કે જેના વાસથી તે મરણ પાંમીઓ, અને તેની જગામાં હું દેહેરાંનો વડો ગુરૂ થયો. પાદશાહનો છોકરો બીમાર હતો અને મોટા મોટા વઈદોએ તેની આશા મુ-

ફી તેથી તે માહારી નજદીક આવીઓ. હું શાહાજાદાની મુલાકા-
ત ગીઓ, અને તેના બીછાણા ઉપર બેસીને પેલું મનતર ભણી-
ઓ એટલે શાહજાદો સાજો થયો. બાકીના હેવાલથી આએ શાહાઝાદી
તું તદન જાણીતીછે વાસતે ફરીથી જણાવવાની જરૂર જણાતી નથી.

તને તથા સતુલમીમને લઇને અતરે આવીઆ પછે હું અંદર
ગયો અને મેહેરેફરૂઝાને માહારા ખંજર વતે મેં ઠાર કીધી; વાસતે હવે
ચાલો આપણે અંદર જઈએ અને તાંહાં આશાએશ લઈએ. શાહાજાદી
ગુલનાજ પણ હવડાં આવી લાગશે. તેઓ અંદર ગયા પછે શાહાજાદી
ગુલનાજ અને સાહેલીઓ તાંહાં આવી લાગી. તેણીને પોતાની ચંડાલ
બેહેનના મરણની ખબર પોહોંચતાંજ તે તાંહાં આવી પોંહોંચી અને શાહ-
જાદી ફરૂખુઆજ તથા તેને લઈ જનારની મુલાકાત બાઆબરૂથી લીધા
પછે તેઓને વાસતે તૈયાર કરાવેલાં મકાનમાં તેમને લઈ ગઈ જાંહાં તેમને
માટે સુફરો તૈયાર રખાવેલો હતો. ખાણું ખાઇ ફારેગ થવા પછે તેઓ
પેલા મેદાનમાં ફરવા નીકલીઆં કે જાંહાં સંખીઆબંધ હરણ તેમની
નજદીક જારી કરતાં આવીઆં તેઓને જોતાજ ગુલનાજને દયા આવી-
આથી તેણીએ પાણી મંગાવી કાંઈ મનતર ભણી તેમનીપર છાંતી તેમને
પાછાં ઈનશાન બનાવીઆં, એટલે તાંહાં ઘણાંએક મરદ ઓરતોની મોટી
સંખીઆની ઠઠ ગલી. તેઓમાં ચીની, તાતારી, ઈરાણી, હીંદી વગેરે જા-
તોનાં લોક હતાં, પણ ફરૂખુઆઝના લાવનારને વધારે તાજુબી એ લાગી
કે તેઓ મધે કોણને તે જોય કે ઈરાણનો શાહાજાદો ફરૂખજાદ પણ હતો;
તેથી તેની તરફ દોડી જઈ પગ આગલ નડી બોલીઓ કે માહારા શાહા-
જાદા, શું તું પણ અતરે આવી ફશીઓ હતો કે? "અહો માહારા જાણી
(શાહાજાદો બોલીઓ) માહારો શાઈમોરગ તું પોતે છે કે?" "હા મેર-
બાન (માનીતો બોલીઓ) અને વલી તાહારી ખુશાલીમાં વધારો કરવા
વધાઇ આપુછું કે તાહારી માશુક કાશમીરની શાહાજાદીને પણ અતરે

લઈ આવીઓ છું." એ પછે શાહાજાદાને તે ફરૂખુઆજ આગલ લઈ ગયો. શાહાજાદી ફરૂખુઆજે તુરત તેને પીછાણીઓ કે જે શાહાજાદાને તેણીએ ખાબમાં દીઠો હતો તે તેજ હતો; અને તેણે પણ તેણીનો ચેહેરો જોતાંજ જાણીઉં કે જે શાહાજાદીને તેણે ખુઆબમાં જોઈ હતી તે તેજ હતી.

ઈરાણનો શાહાજાદો જે વેલાએ કાશમીરની શાહાઝાદી સાથ પોતાને મળેલી ખુશાલીની વાત કરતો બેઠો હતો તે વેલાએ ગુલનાજ મેદાનગાં ગઈ અને કેટલાંક બીજાં હરણો ઉપર મનતર ભણી, એટલે તેઓએ પોતાનું અસલી ઘોડાનું રૂપ પકડીઉં. તે જોઈ સરવે લોકો અચરત થઇ ખુશી થયાં અને ગુલનાજને હજારો હજાર દુવા દેઇ પોતાના ઘોડા ઉપર સવાર થઈ પોતાને વતન ગયાં. પછે મેહેલમાં ફરૂખુઆજ, ગુલનાજ, શતુલમીગ, શાહાજાદો અને તેનો માનીતો માતર રહીઆં. તેઓ તાંહાં થોડાક દીવસ રહેવા પછે ગઝની તરફ ગયાં. તાંહાંના રાજાને કાંઈ ફરઝંદ ન હોવાથી શાહાજાદાને તે એટલો ચાહાતો હતો કે તેને પોતાના બેટાની માફક ગણતો હતો; તેથી તેને પાછો સહી સલામત આવી પુગેલો જોઇ તે અતીઅંત ખુશી થયો અને આખાં શેહેરમાં તેણે રોશની કરાવી અને જાહેર ઉજાણી કરવાનો હુકમ ફેરવીઓ. તેણે શાહાજાદાની ફરૂખુઆજ શાથ અને માનીતાની ગુલનાજ સાથ શેહાદી કરી આપી.

એમ કરતાં કેટલાક દીવસ ગુજરી ગયા પછે ગઝનીનો પાદશાહ અતીશય બીમાર પડીઓ, અને પોતાને મોહોતની અણીપર જોઈ એક ધંઘેરો શેહેરમાં ફેરવીઓ કે જેની ખુબીથી શાહાજાદો ફરૂખઝાદ તેનો વારસ ગણાયો. એ રીતે જેવારે તે મરણ પાંમીઓ તેવારે તે તેની ગાદી ઉપર આવીઓ. તે શાહાજાદાને પોતાને વતન જવાનો વીચાર થવાથી તેણે સાઈમારગને ગાદી ઉપર બેસાડીઓ અને પોતે ફરૂખુઆઝ સાથ ઈરાણ ગયો. ઇરાણનો શાહ તેનો પદર ગોયા તેના આવી પોહોંચવા સારૂં બોતી રહીઓ હોય તેમ તેને મલીઆ પછે અજલના ફરેસતાને તાબે થયો જેથી ફરૂખઝાદ તાંહાંનો શેનશાહ થયો.

સર્વ સંપૂર્ણ ને સમામ સહી;
સ્વિકારો સજનો સલામ સહીત.

શોભાયમાન સીનગાર ને સુભાષીત સાર,
સેહેલ ને શીરીન શબ્દનો સમુદા;

શ્યાનપણુને સમજણના સિદ્ધાંત સુમાર,
સદ વિદ્યા સગડ સાચવજો સુસાર.

શ્રમ સોષી સંહારી સંભી સર્વસ
સીપારસને સહાય બીન શોધ્યો શુજશ.

કર્તા.

મુંબઈ ઇમ્પીરિયલ પ્રેસમાં નવરોજી ફરદુંનજીએ છાપ્યું છે.